કલિકાલસર્વજ્ઞ શ્રી હેમચંદ્રાચાર્ય વિરચિત

શ્રી સિદ્ધહેમ શબ્દાનુશાસનમ્

(લઘુવૃતિ વિવરણ)

ભાગ–૬

(અધ્યાય–૩ : પાદ–૨)

સમાસ પ્રકરણ

: સંપાદિકા :
પૂ.સા. પરમયશાશ્રીજી

: પ્રકાશક :
આ. શ્રી વિજયનીતિસૂરિ જૈન
તત્ત્વજ્ઞાન પાઠશાળા –અમદાવાદ

ચિત્રકૂટ-રૈવતાદિ તીર્થોદ્ધારક
પ. પૂ. આચાર્ય ભગવંત
શ્રી નીતિસૂરીશ્વરજી મ.સા.

ગચ્છાધિપતિ શાસનપ્રભાવક
પ. પૂ. આચાર્ય ભગવંત
શ્રી હેમપ્રભસૂરીશ્વરજી મ.સા.

પૂ.સા. શ્રી મહિમાશ્રીજી મ.સા.

પૂ.સા. શ્રી નિરુપમાશ્રીજી મ.સા.

પૂ.સા. શ્રી કલ્પલતાશ્રીજી મ.સા.

॥ શાસનપતિ શ્રી મહાવીરાય નમઃ ॥ ॥ શ્રી ગૌતમસ્વામીને નમઃ ॥
॥ ૐ હ્રીં અર્હં શ્રી સીમંધરસ્વામિને નમઃ ॥
॥ કલિકાલસર્વજ્ઞ શ્રી હેમચન્દ્રાચાર્યાય નમઃ ॥ ॥ નમો નમો ગુરુ શ્રી નીતિસૂરયે ॥
॥ શ્રી નીતિ-હર્ષ-મહેન્દ્ર-મંગલપ્રભ-અરિહંતસિદ્ધ-હેમપ્રભસૂરિગુરુભ્યો નમઃ ॥

કલિકાલસર્વજ્ઞ-શ્રીહેમચંદ્રાચાર્ય-વિરચિત

શ્રી-સિદ્ધહેમચન્દ્રશબ્દાનુશાસન લઘુવૃત્તિ વિવરણ

ભાગ-૬

અધ્યાય-૩, પાદ-૨
સમાસ પ્રકરણ

: દિવ્યકૃપાધારા :
ગિરનારાદિ તીર્થોદ્ધારક પ.પૂ.આ.ભ.
શ્રીમદ્વિજય **નીતિસૂરીશ્વરજી** મહારાજા

: આશીર્વાદધારા :
જીરાવલાતીર્થ પ્રતિષ્ઠાચાર્ય-રાયણવૃક્ષ ક્ષીરાભિષિક્ત
ગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ. શ્રીમદ્વિજય **હેમપ્રભસૂરીશ્વરજી** મહારાજા

: પ્રેરક :
પ.પૂ.આ.ભ. શ્રીમદ્વિજય **મુક્તિનિલયસૂરીશ્વરજી** મ.સા.
પૂ. પંન્યાસ શ્રી **હેમનિલયવિજયજી** મ.સા.

: સંપાદિકા :
પૂ.સા. શ્રી **પરમયશાશ્રીજી**

: પ્રકાશક :
આ. શ્રી વિજય નીતિસૂરિ જૈન તત્ત્વજ્ઞાન પાઠશાળા
અમદાવાદ

પ્રાપ્તિસ્થાન

સુરત

- **આ. શ્રી વિજય નીતિસૂરિ આરાધના ભવન**
  C/o. જીતુભાઈ ઝવેરી, કતારગામ, સુરત (M) 93745 14860
- **રાજુભાઈ બી. શેઠ**
  કલ્પવૃક્ષ જ્વેલર્સ, 176, કુબેરનગર-1, કતારગામ દરવાજા, સુરત
  ફોન : 0261-2534863/64 (M) 94268 54714

અમદાવાદ

- **આ. શ્રી વિજય નીતિસૂરિ આરાધના ભવન**
  લુહારની પોળ, માણેકચોક, અમદાવાદ
  (M) 93740 51080, પેઢી : 079-2214 0494

- **ઉપેન્દ્રભાઈ એચ. શાહ**
  ઈ-19, આયોજનનગર સોસાયટી, શ્રેયસ રેલ્વે ક્રોસીંગ પાસે,
  નવા શારદા મંદિર રોડ, પાલડી, અમદાવાદ-7
  (M) 93270 13814

- **દીપકભાઈ જીતમલજી બાગરેચા**
  ડી-104, મલ્લિનાથ એપાર્ટમેન્ટ, જૈન કોલોની સામે,
  શાહીબાગ, અમદાવાદ
  (M) 93740 51080 (રહે.) 079-3042 3313

પાટણ

- **આ. શ્રી વિજય નીતિસૂરિ તત્ત્વજ્ઞાન પાઠશાળા**
  સાગર ઉપાશ્રય બહાર, ઘીવટો, પાટણ (ઉ.ગુ.)
  વિક્રમભાઈ - (M) 94270 60603

મુંબઈ

- **સંજયભાઈ શાહ**
  S. R. ક્રીએશન્સ, 227-B, ઝવેરબાગ, પહેલે માળ, ઓફિસ નં.૧૬, નર
  નારાયણ વાડી, કાલબાદેવી રોડ, મુંબઈ-400002 (M) 98202 29419

મુદ્રક : **જય જિનેન્દ્ર ગ્રાફિક્સ** (નીતિનભાઈ-જય જિનેન્દ્ર)
30, સ્વાતિ સોસાયટી, નવરંગપુરા, અમદાવાદ
જય જિનેન્દ્ર : 98250 24204 • કુશ : 99256 17992

સાદર સમર્પણ

જેના શાસનનાં કારણે જ્ઞાનનું મહત્ત્વ મળ્યું
તેવા **શ્રી મહાવીરપ્રભુ**

પ્રભુનાં જ્ઞાનને પામી શકાય તેવી ભાષાની પ્રાપ્તિ થઈ
તેવા કલિકાલસર્વજ્ઞ
શ્રી હેમચંદ્રાચાર્યજી ભગવંત

જેમની કૃપાના કારણે ભાષાને યત્કિંચિત્ સમજી શક્યા
તેવા ગચ્છાધિપતિ
શ્રી વિજય **હેમપ્રભસૂરીશ્વરજી** મહારાજા

વાત્સલ્ય દ્વારા સિંચન કરીને રત્નત્રયીને
વૃદ્ધિંગત બનાવનાર
પૂ.સા.શ્રી **નિરૂપમાશ્રીજી** મ.સા.

જ્ઞાનગંગાનું અમૃતપાન કરાવનાર
પૂ.સા.શ્રી **કલ્પલત્તાશ્રીજી** મ.સા.ના
ચરણકમલમાં

સાદર સમર્પણ

''युष्मदीयं युष्मभ्यं समर्पयामि''

ગ્રંથ લાભાર્થી

ગિરનાર, ચિત્તોડ, તારંગા જેવા અનેક પ્રાચીન તીર્થોદ્ધારક

પરમ પૂજ્ય આચાર્યદેવ શ્રીમદ્

વિજય **નીતિસૂરીશ્વરજી** મહારાજા દ્વારા

ગિરનાર તીર્થોદ્ધારક શતાબ્દી વર્ષ અનુમોદનાર્થે

નિકટભવ મોક્ષગામી ગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ. શ્રીમદ્

વિજય **હેમપ્રભસૂરીશ્વરજી** મહારાજાના સદુપદેશથી

શ્રી આદિનાથ તપાગચ્છ શ્વેતામ્બર જૈન સંઘ

આચાર્ય શ્રી વિજય નીતિસૂરિ આરાધના ભવન

કતારગામ, સુરત તથા

પૂ.સા.શ્રી **નિરૂપમાશ્રીજી** મ.સા.

પૂ.સા.શ્રી **નંદીયશાશ્રીજી** મ.સા.ની પ્રેરણાથી

ઇંદિરાબેન સેવંતીલાલ શાહ પરિવાર

(પાટણવાળા) તરફથી તથા

પ.પૂ.આ. શ્રી વિજય **અર્હપ્રભસૂરીશ્વરજી મ.સા.**ના શિષ્યરત્ન

પ.પૂ. મુનિશ્રી **સોહંપ્રભવિજયજી મ.સા.**ની પ્રેરણાથી

રજનીકાંતભાઈ ચીમનલાલ શાહ પરિવાર

(રાજપુરવાળા) તરફથી

ગિરનાર તીર્થોદ્ધારક પરમ પૂજ્ય આચાર્ય ભગવંત
શ્રીમદ્ વિજય નીતિસૂરીશ્વરજી મહારાજાનું

જીવનદર્શન

સામાન્ય વ્યક્તિત્ત્વનું સર્જન સમય કરે છે. વિરલ વ્યક્તિત્ત્વ તો સમયનું સર્જન કરે છે. અખંડ વહેતો કાળખંડ હવે એમના નામથી ઓળખાણ પામે છે. એવા જ એક મહાપુરૂષ ગિરનાર તીર્થોદ્ધારક પરમ પૂજ્ય આચાર્યદેવ શ્રીમદ્ **વિજય નીતિસૂરીશ્વરજી મહારાજા**

વિદ્વાન, ગીતાર્થ, શાસનસમર્પિત અને પુણ્યપ્રભાવક આ મહાપુરુષના જીવન-કવનને ત્રણ શબ્દોમાં વર્ણવવું હોય તો તે છે - પોથી, પંડિત અને પ્રતિમા.

પોથી : પૂજ્યશ્રીને જ્ઞાન સાથે અનહદ લગાવ હતો. પોતાના સાધુઓને સાત-સાત કલાક વાચના આપવી, પ્રાચીન જ્ઞાનભંડારોનાં જીર્ણોદ્ધાર કરવા, પોતે પણ સતત અધ્યયન-અધ્યાપનમાં વ્યસ્ત રહેવું એ પૂજ્યશ્રીનાં પોથી (જ્ઞાન) પ્રેમનું ઉદાહરણ છે.

પંડિત : દીર્ઘદૃષ્ટા પૂજ્યશ્રી સમજતા હતા કે માત્ર સાધુ સંસ્થા જ જૈનશાસનના બધાં અંશો સુધી નહિ પહોંચી શકે. શાસનસમર્પિત પંડિતોની એના માટે અનિવાર્ય જરૂરત રહેશે. એટલે એમને તેજસ્વી બાળકો અને આશાસ્પદ યુવા પંડિતોને તૈયાર કરવામાં ખંતપૂર્વક પ્રયત્ન આદર્યો. એની ફળશ્રુતિ પણ બહુ જ ભવ્ય પ્રાપ્ત થઈ. પંન્યાસપ્રવર શ્રી ચંદ્રશેખરવિજયજી મ.સા.ના વિદ્યાગુરુ પંડિતવર્ય શ્રી પ્રભુદાસ બેચરદાસ, પંડિતવર્ય શ્રી ભગવાનદાસ હરખચંદ એવા મૂર્ધન્ય પંડિતો પ્રભુશાસનને પૂજ્યશ્રીની કૃપાથી પ્રાપ્ત થયા.

પ્રતિમા : આ મહાપુરૂષે નવનિર્માણ કરવા જીર્ણોદ્ધાર ઉપર વધુ લક્ષ્ય આપ્યું. શ્રી ગિરનારજી, ચિત્તોડ, તારંગા જેવા પ્રાચીન તીર્થોનાં સ્થાપત્યનો એવી રીતે જીર્ણોદ્ધાર કરાવ્યો કે તે તીર્થોની ઊર્જાને પૂજ્યશ્રીએ જીવંત રાખી આપણા ઉપર ઉપકાર વરસાવ્યો છે.

જન્મ : સં. ૧૯૩૦, પોષ સુદ-૧૧, વાંકાનેર
દીક્ષા : સં. ૧૯૪૯, અષાઢ સુદ-૧૧, મહેરવાડા
વડીદીક્ષા : સં. ૧૯૫૦, મહા સુદ-૪, સીમોર
ગણિપદ : સં. ૧૯૬૧, માગસર સુદ-૫, સુરત
પંન્યાસપદ : સં. ૧૯૬૨, કારતક વદ-૧૧, પાલીતાણા
આચાર્યપદ : સં. ૧૯૭૬, માગસર સુદ-૧૧, અમદાવાદ
કાળધર્મ : ૧૯૯૮, પોષ વદ-૩, એકલિંગજી (ઉદેપુર)

- સ્વહસ્તે દીક્ષા ગ્રહણ કરી જગતના જવાહીર બન્યા.
- બ્રહ્મનિષ્ઠ ગુરુદેવે અનેકને બ્રહ્મચારી-વ્રતધારી બનાવ્યા.
- અનેક રાજા-મહારાજા-નવાબને પ્રતિબોધ કર્યા.
- ૧ કરોડ સૂરિમંત્ર સાધના દ્વારા જિનશાસનની અદ્‌ભુત સેવા કરી.
- જૂનાગઢ-રાધનપુર-ચિત્તોડ જેવા અનેક સ્થળે ગુરુકુળ સ્થાપ્યા.
- સ્વસમુદાય-પરસમુદાયના અનેક મહાત્માઓને યોગોદ્વહન કરાવ્યા. પદવી પ્રદાન કરી.
- વચનસિદ્ધપુરુષના વચનથી સિદ્ધિ મળતી.
- ૯ સ્થાનકવાસી સંપ્રદાયના ૩૫ વર્ષ જેવા પર્યાયી સાધુને સંવેગીદીક્ષા આપી સત્યમાર્ગે લાવ્યા.

●●●

સદ્‌ગુરુ વચનામૃત

અધ્યાત્મ માર્ગની આધારશિલા છે : સ્વાનુભૂતિની અનન્ય ઝંખના. 'હું કોણ છું'નો જવાબ જ્યાં સુધી મુમુક્ષુને નથી મળતો, ત્યાં સુધી એ જંપીને બેસી નથી શકતો. પણ અધ્યાત્મની કેડીઓ અદીઠ છે, ગુહ્ય છે. સદ્‌ગુરુના ઈશારા વિના એમને જાણવી અશક્યપ્રાયઃ છે.

આપણા સદ્‌ભાગ્યે આપણે ત્યાં એવા બહુ બધા અનુભૂતિવાન મહાપુરૂષો થયા છે. જેમણે **'भव्यजनहिताय'** અનુભવરસને શબ્દોમાં કંડારવાનો પ્રયત્ન કર્યો છે. પણ એ ગ્રંથો, જેમાં આ અનુભવ માર્ગના સંકેતો છે, મહદંશે સંસ્કૃત અને પ્રાકૃતમાં નિબદ્ધ છે.

એટલે મુમુક્ષુએ સંસ્કૃતમાં સજ્જતા કેળવવી અત્યંત આવશ્યક બની જાય છે. સંસ્કૃતમાં પારંગત થવા માટે વ્યાકરણનું અધ્યયન અનિવાર્ય છે. **કલિકાલસર્વજ્ઞ શ્રી હેમચંદ્રાચાર્ય** ભગવંતે એના માટે જ **"શ્રી સિદ્ધહેમ વ્યાકરણ"** જેવા સાંગોપાંગ સંપૂર્ણ વ્યાકરણની રચના કરી છે.

પણ એ વ્યાકરણમાં સેંકડો નહીં પરંતુ હજારો સૂત્રોમાં મંદગતિ છાત્ર ક્યારેક અટવાઈ પણ જાય છે. અને થાકીને

વ્યાકરણ ભણવાનું જ મૂકી દે. એવું ન થાય એ માટે પૂ.સા.શ્રી **નિરૂપમાશ્રીજી** મ.સા.ના શિષ્યા પૂ.સા.શ્રી **આર્યયશાશ્રીજી** મ.સા.એ ભણતી વખતે નોટ્સ બનાવી હતી. તેને છપાવવાનું આ કાર્ય વ્યાકરણ પઠન-પાઠન પરંપરાની સેવા છે. પૂર્વે પણ આવી પુસ્તકો છપાઈ છે. જેમાં નિયમો, સાધનિકાઓને ગુજરાતીમાં સરળ રીતે બતાવ્યા છે, તો'ય ભિન્ન-ભિન્ન કક્ષાના વિદ્યાર્થીઓ માટે ભિન્ન-ભિન્ન આયામ, ભિન્ન દૃષ્ટિથી આલેખાયેલ પુસ્તકો વધુ સહાયક બની શકે છે. પ્રભુની અનહદ કૃપાને ઝીલવા અને એમના શબ્દ સામ્રાજ્યમાં પ્રવેશવા માટેની ઝંખના ધરાવતા મુમુક્ષુઓ, જિજ્ઞાસુઓને આ પુસ્તક યત્કિંચિત્ પણ મદદરૂપ થાય તો પ્રકાશન સફળ છે.

સાધ્વીજી મ.સા.ની સરસ મહેનત બદલ અનુમોદના. પંડિતવર્ય શ્રી ચંદ્રકાંતભાઈ, ચિરાગભાઈ આદિને સાથ-સહકાર માટે ધન્યવાદ.

- હેમપ્રભસૂરિના ધર્મલાભ

प्रास्तविकम्

કલિકાલ સર્વજ્ઞ પ.પૂ. આચાર્યદેવ શ્રી **હેમચંદ્રસૂરીશ્વરજી** મહારાજા દ્વારા શ્રી સિદ્ધહેમશબ્દાનુશાસનમ્થી જગતમાં મહાન ઉપકાર કરાયો છે. વ્યાકરણનાં મૂળ સૂત્રોને સમજવા સરળ બને તે માટે કલિકાલસર્વજ્ઞ પૂજ્યશ્રીએ સિદ્ધહેમશબ્દાનુશાસનમ્ વ્યાકરણ સૂત્ર ઉપર લઘુવૃત્તિ, મધ્યમવૃત્તિ અને બૃહદ્વૃત્તિ બનાવવા દ્વારા બાલજીવો ઉપર ઘણો-ઘણો ઉપકાર કર્યો છે. પૂજ્યશ્રીની જૈનશાસનને આ અદ્ભુત ભેટ છે કે, જેના દ્વારા આપણને સંસ્કૃત ભાષાનું વિશિષ્ટ જ્ઞાન પ્રાપ્ત થાય છે.

પૂજ્યશ્રીએ આટલી સરળ વૃત્તિની રચના કરી છતાં પણ અત્યારનાં જીવો માટે કઠિન ગ્રંથ બન્યો છે. કારણકે સૂત્રો બહુ જ નાના હોય. અર્થ બહુગહન હોય. બાલજીવો માટે અઘરું બની રહે.

દા.ત. નામ્નિ ૩.૨.૧૬ સૂત્ર બહું નાનું છે. તેમાં ઉપરના સૂત્રમાંથી मनसः टः उत्तरपदे लुब् न - અનુવૃત્તિથી આખા સૂત્રનો અર્થ સમજાય.

કલિકાલના સર્વજ્ઞ ભગવંતે થોડા શબ્દોમાં ઘણું સમજાવવાનો અદ્ભુત પ્રયાસ કર્યો છે. આવી અદ્ભુત રચનાને લોકભોગ્ય બનાવવી બહુ જ મહેનત માંગી લે છે.

વ્યાકરણમાં દશ પ્રકારના સૂત્રો આપ્યા છે.

(૧) સંજ્ઞા સૂત્ર - औदन्ताः स्वराः । १.१.४ (૨) પરિભાષા સૂત્ર - सरो-ऽनो-ऽश्मा-ऽयसो जाति-नाम्नोः । ७.३.११५ (૩) અધિકાર સૂત્ર - घुटि । १.४.६८ (૪) વિધિસૂત્ર - नाम्यन्तस्था-कवर्गात्पदान्तः कृतस्य सः शिड्नातरेऽपि । २.३.१५ (૫) પ્રતિષેધ સૂત્ર - न स्तं मत्वर्थे । १.१.२३ (૬) નિયમ સૂત્ર - नाम सिदय्व्यञ्जने । १.१.२१ (૭) વિકલ્પ સૂત્ર - सौ नवेतौ । १.२.३८ (૮) સમુચ્ચય સૂત્ર - शसोऽसश्च नः पुंसि । १.४.४९ (૯) અતિદેશ સૂત્ર - प्राग्वत् ३.३.७४ (૧૦) અનુવાદ સૂત્ર - तयोः समुहवच्च बहुषु । ७.३.३

આના ઉપરથી કલિકાલ સર્વજ્ઞશ્રીની જૈન શાસનને કંઈક આપવાની તેમજ જગત ઉપર ઉપકાર કરવાની બુદ્ધિ, પરોપકાર વૃત્તિનો ખ્યાલ આવે છે.

सिद्धिः स्याद्वादात् દ્વારા જૈન શાસનના હાર્દને પણ પૂજ્યશ્રીએ જણાવ્યું છે.

સંસ્કૃત સાહિત્યમાં સમાસનું બહુ જ મહત્ત્વ આંકેલું છે. થોડા શબ્દોમાં - વાક્યોને ભેગા કરી રચના ટૂંકી કરવી. એ ભાષાને અલંકારિત કરવા જેવી સુંદર શૈલી છે.

શ્રી સિદ્ધહેમ શબ્દાનુશાસનમ્માં કલિકાલ સર્વજ્ઞશ્રીએ આઠ અધ્યાય ૩૨ પાદ દ્વારા સંસ્કૃત-પ્રાકૃતનું પૂરું જ્ઞાન આપી દીધું છે. તેને ભણવું તીવ્ર બુદ્ધિવાળાનું કામ છે. સમય અને મહેનતનું ફળ વ્યાકરણ ભણવાની સિદ્ધિ કરી આપે છે. અને આવા સમયનો ભોગ આપી મહેનત કશ બની અનેક જિજ્ઞાસુઓ વ્યાકરણના જ્ઞાનની સિદ્ધિને વર્યા છે.

આ ગ્રંથ અતિ સરળ અને અલ્પબુદ્ધિવાળા પણ થોડી મહેનત કરી ભણી શકે તે ભાવનાને હૃદયમાં ધરી તીર્થોદ્ધારક પ.પૂ. આચાર્યદેવ શ્રીમદ્ વિજય નીતિસૂરીશ્વરજી મહારાજાના સમુદાયનાં વર્તમાન

ગચ્છાધિપતિ પ.પૂ. આચાર્યદેવ શ્રીમદ્ વિજય હેમપ્રભસૂરીશ્વરજી મહારાજાના આજ્ઞાનુવર્તિની પ્રવર્તિની પૂ. સાધ્વીશ્રી નિરૂપમાશ્રીજી મ.સા.ના શિષ્યા પૂ. સાધ્વીશ્રી કલ્પલત્તાશ્રીજી મ.સા.ના પ્રશિષ્યા પૂ. સાધ્વીશ્રી પરમયશાશ્રીજી મ.સા.એ અપૂર્વ મહેનત કરી ખૂબ જ સરળ ગ્રંથ બનાવવા પ્રયત્ન કરેલ છે. તેમની આ મહેનત પ્રશંસનીય છે.

વ્યાકરણની ટીકા વિદ્યાર્થી પોતાની બુદ્ધિથી ખોલે તે શ્રેષ્ઠ જ છે અને તે જ રીતે ખોલીને આગળ વધવું જોઈએ. અટકે ત્યાં વિચારવું જોઈએ. ભણાવનાર ગુરુની મદદ લેવી જોઈએ. એ જ શ્રેષ્ઠ માર્ગ છે. છતાં અત્યારના જીવો માટે આ ગ્રંથ બહુ જ ઉપયોગી બનશે એવી શ્રદ્ધા છે. થોડા સમયમાં આ ગ્રંથની મદદથી ઘણો અભ્યાસ કરી શકાશે, એ ચોક્કસ વાત છે.

ઘણા જીવો આ ગ્રંથની મદદ લઈ વિદ્વત્તાને વરે અને સાધ્વીજી મ.સા.ની મહેનત સફળ બને એજ અભ્યર્થના.

ગચ્છાધિપતિ પ.પૂ. આ.શ્રી વિ.
હેમપ્રભસૂરીશ્વર-પાદ-પદ્મરેણુ
આ.શ્રી વિ. પ્રશમેશપ્રભસૂરિ

પ્રકાશકીય નિવેદન

શ્રી સિદ્ધહેમશબ્દાનુશાસન સમુદ્ર જેવો છે. મરજીવા બનીને ડુબકી લગાવો તો મોતી હાથમાં આવે જ. કલિકાલસર્વજ્ઞ શ્રી હેમચંદ્રાચાર્ય ભગવંતની આ અનુપમ કૃતિ ઉપર આજ સુધી અનેક ટીકાઓ, વિવેચન પ્રકાશિત થયા છે અને થતાં રહેશે. આ જ આ મહાગ્રંથની શોભા પણ છે.

એ જ પાવન પરંપરામાં એક મણકો આ પ્રકાશનથી ઉમેરાઈ રહ્યો છે. ગચ્છાધિપતિ પ.પૂ. આચાર્ય શ્રી વિજય **હેમપ્રભસૂરીશ્વરજી** મહારાજાના આજ્ઞાનુવર્ત્તિની પૂ.સા.શ્રી નિરૂપમાશ્રીજી મ.સા.ના પ્રશિષ્યા પૂ.સા.શ્રી આર્યયશાશ્રીજી મ.સા.ના પ્રશિષ્યા પૂ.સા.શ્રી પરમયશાશ્રીજી મ.સા.એ ખૂબ જહેમત અને ખંતપૂર્વક આ બાલભોગ્ય છતાંય વિદ્વત્માન્ય વિવેચન તૈયાર કર્યું છે.

આ વિવેચન શ્રી સિદ્ધહેમના પ્રેમીજનોને અંતઃસંતોષ આપનાર બનશે. અમારી સંસ્થા આ ગ્રંથનું પ્રકાશન કરતાં ગૌરવ અનુભવે છે.

આ ગ્રંથના પ્રકાશનમાં શ્રી આદિનાથ તપાગચ્છ શ્વેતામ્બર જૈન સંઘ આચાર્ય શ્રી વિજય નીતિસૂરી આરાધના ભવન કતારગામ-સુરતના જ્ઞાનનિધિમાંથી તથા ઈંદિરાબેન સેવંતીલાલ શાહ પરિવાર (પાટણવાળા) તથા રજનીકાંતભાઈ ચીમનલાલ શાહ પરિવાર (રાજપુરવાળા) તરફથી સાધારણ ખાતામાં લાભ લીધો છે. તેઓના અમે ઋણી છીએ.

લિ.
આ. શ્રી વિજય નીતિસૂરિ
જૈન તત્ત્વજ્ઞાન પાઠશાળા
અમદાવાદ

વિ.સં.૨૦૭૮
ચૈત્ર સુદ-૫

સંપાદકીય નિવેદન

કલિકાલસર્વજ્ઞ શ્રીહેમચંદ્રાચાર્ય ભગવંતે શ્રી સિદ્ધરાજ જયસિંહની વિનંતીથી માત્ર એક વર્ષમાં જ સવા લાખ શ્લોક પ્રમાણ જે શ્રીસિદ્ધહેમચન્દ્રશબ્દાનુશાસનની રચના કરી તે ખરેખર અદ્વિતીય છે. આ સમુદ્ર એવો છે કે, જેનાં પેટાળમાં અઢળક રત્નો ભર્યા છે. મરજીવા બનીને તે રત્નોને પામવાનો જે યત્કિંચિત્ પ્રયાસ થયો છે. તેનાં પરિણામ સ્વરૂપે પાંચમો ભાગ પ્રકાશિત થઈ રહ્યો છે. જે ખરેખર તત્ત્વત્રયીની કૃપા વિના શક્ય નથી.

આ ગ્રંથની વિવેચનયાત્રા, વિવરણની સામાન્ય વિશેષતાઓ, ધન્યવાદ, ઋણસ્વીકાર, સંદર્ભગ્રંથ સૂચિ વિ. પ્રથમ ભાગમાં જણાવેલ છે. જેની નૂતન વાચક વર્ગે ખાસ મુલાકાત લેવી.

તથા આ ભાગમાં, દરેક વિધિનું સારાંશ કોષ્ટક દર્શાવેલ છે. જે તે વિધિની પૂર્ણાહુતિમાં જ છે. પરિશિષ્ટ-૧ વિવેચન અંતર્ગત ન્યાયનાં અર્થ તથા, પરિશિષ્ટ-૨માં વિવેચન અંતર્ગત વિશેષતા

અને જિજ્ઞાસાનાં સંદર્ભસ્થાનો પ.પૂ. આચાર્ય શ્રી વિજય લાવણ્યસૂરીશ્વરજી મ.સા. દ્વારા સંપાદિત બૃહન્ન્યાસ વગેરે ટીકાથી યુક્ત શ્રી સિદ્ધહેમશબ્દાનુશાસનમ્ પુસ્તકાધારે લખેલ છે.

અત્યંત સહકાર આપનાર પંડિતવર્ય શ્રી ચિરાગભાઈ, તથા પંડિતવર્ય શ્રી અક્ષયભાઈ અને શીઘ્રાતિશીઘ્ર સુંદર રીતે મુદ્રણ કરી આપનાર જય જિનેન્દ્ર ગ્રાફિક્સ (નિતીનભાઈ-જય જિનેન્દ્ર)ને ખૂબ ખૂબ ધન્યવાદ.

જિનાજ્ઞા વિરુદ્ધ કંઈપણ લખાયું હોય તો

ક્ષ. નિરૂપમ-કલ્પ-આર્ય-સૌરભ શિશુ
સા. પરમયશાશ્રી

વિષયાનુક્રમ

ક્રમ	વિષય	પત્રક્રમ
૧.	સ્યાદિ વિભક્તિનો આમ્ આદેશ (૩.૨.૧)	૧
૨.	સ્યાદિ વિભક્તિનો અમ્ આદેશ (૩.૨.૨ થી ૩.૨.૫)	૪
૩.	સ્યાદિ વિભક્તિનો લોપ (૩.૨.૬, ૩.૨.૮, ૩.૨.૨૯)	૧૧,૧૬,૫૬
૪.	સ્યાદિનો અલોપ (૩.૨.૯ થી ૩.૨.૩૮)	૧૯
૫.	અલુપ્ સમાસનું કોષ્ટક	૭૨
૬.	દ્વન્દ્વમાં આ કાર - ઈ કારનું વિધાન (૩.૨.૩૯ થી ૩.૨.૪૭)	૭૫
૭.	શ-ષસ આદિ નિપાતન (૩.૨.૪૮)	૮૭
૮.	પુંવત્ભાવ (૩.૨.૪૯ થી ૩.૨.૫૨)	૯૦
૯.	પુંવત્ભાવનો નિષેધ (૩.૨.૫૩ થી ૩.૨.૫૬)	૧૦૨
૧૦.	પુંવત્ભાવ અને હ્રસ્વ (૩.૨.૬૩)	૧૨૩
૧૧.	પુંવત્ભાવનું કોષ્ટક	૧૨૯
૧૨.	હ્રસ્વવિધાન - (૩.૨.૬૪ થી ૩.૨.૬૭)	૧૩૦
૧૩.	મહત્ નાં અન્ત્યનો ડા (૩.૨.૬૮ થી ૩.૨.૭૦)	૧૩૬
૧૪.	મહત્ નાં ડા નો નિષેધ (૩.૨.૭૧)	૧૪૧
૧૫.	આ-અને દીર્ઘનું વિધાન (૩.૨.૭૨)	૧૪૨
૧૬.	દીર્ઘનું વિધાન (૩.૨.૭૩ થી ૩.૨.૯૦)	૧૪૩
૧૭.	એકાદશ વગેરે નિપાતન (૩.૨.૯૧)	૧૭૦

૧૮. પૂર્વપદનાં અન્ત્ય સ્વરમાં હ્રસ્વ - દીર્ઘદિશનું કોષ્ટક ૧૭૩
૧૯. દ્વિ વગેરેનાં દ્વા વગેરે આદેશ (૩.૨.૯૨ થી ૩.૨.૯૩) ૧૭૬
૨૦. હૃદયનો હૃદ્ આદેશ (૩.૨.૯૪) ૧૭૯
૨૧. પાદનો પદ આદેશ (૩.૨.૯૫) ૧૮૧
૨૨. પાદનો પદ્ આદેશ (૩.૨.૯૬ થી ૩.૨.૯૮) ૧૮૩
૨૩. નાસિકાનો નસ્ આદેશ (૩.૨.૯૯ થી ૩.૨.૧૦૦) ૧૮૮
૨૪. શિરસ્નો શીર્ષન્ આદેશ (૩.૨.૧૦૧ થી ૩.૨.૧૦૨) ૧૯૦
૨૫. શિરસ્નો શીર્ષ આદેશ (૩.૨.૧૦૩) ૧૯૩
૨૬. ઉદકનો ઉદ આદેશ (૩.૨.૧૦૪ થી ૩.૨.૧૦૭) ૧૯૪
૨૭. લોપનું વિધાન (૩.૨.૧૦૮) ૨૦૦
૨૮. અપ્નો ઈપ્ આદેશ (૩.૨.૧૦૯) ૨૦૧
૨૯. અપ્નો ઉપ્ આદેશ (૩.૨.૧૧૦) ૨૦૩
૩૦. મ્ અન્ત અને હ્રસ્વ આદેશ (૩.૨.૧૧૧) ૨૦૪
૩૧. મ્ આગમ (૩.૨.૧૧૨ થી ૩.૨.૧૧૮) ૨૦૭
૩૨. દ્ આગમ (૩.૨.૧૧૯ થી ૩.૨.૧૨૧) ૨૧૬
૩૩. ઙ્દ્રિ આગમ (૩.૨.૧૨૨) ૨૨૦
૩૪. પૂર્વપદનાં અન્તે આગમનું કોષ્ટક ૨૨૨
૩૫. સહ-સમ્નો સધ્રિ અને સમિ આદેશ (૩.૨.૧૨૩) ૨૨૩
૩૬. તિરસ્નો તિરિ આદેશ (૩.૨.૧૨૪) ૨૨૪
૩૭. નઞ્નો અ આદેશ (૩.૨.૧૨૫ થી ૩.૨.૧૨૬) ૨૨૫
૩૮. નઞ્નાં અનો નિષેધ (૩.૨.૧૨૭ થી ૩.૨.૧૨૮) ૨૨૭

૩૯. નञ્‌નાં अन् આદેશ (૩.૨.૧૨૯) ૨૨૯
૪૦. कुનો कद् આદેશ (૩.૨.૧૨૭ થી ૩.૨.૧૩૨) ૨૨૭
૪૧. कत्रि નિપાતન (૩.૨.૧૩૩) ૨૩૨
૪૨. कुનો का આદેશ (૩.૨.૧૩૪ થી ૩.૨.૧૩૬) ૨૩૩
૪૩. कुનું का-कव આદેશ (૩.૨.૧૩૭) ૨૩૭
૪૪. લોપનું વિધાન (૩.૨.૧૩૮ થી ૩.૨.૧૪૧) ૨૩૮
૪૫. તીરનો તાર આદેશ (૩.૨.૧૪૨) ૨૪૨
૪૬. ઉત્તરપદવિધિનું કોષ્ટક ૨૪૪
૪૭. સહનો स આદેશ (૩.૨.૧૪૩ થી ૩.૨.૧૪૭) ૨૪૫
૪૮. સહનાં સનો નિષેધ (૩.૨.૧૪૮) ૨૫૦
૪૯. સમાનનો स આદેશ (૩.૨.૧૪૯ થી ૩.૨.૧૫૧) ૨૫૨
૫૦. અન્ય વગેરેમાં आत्त्व આદેશ (૩.૨.૧૫૨) ૨૫૫
૫૧. પૂર્વપદનાં અન્ત્ય વર્ણનાં આદેશનું કોષ્ટક ૨૫૬
૫૨. इदम्.किम्નો ईत्-की આદેશ (૩.૨.૧૫૩) ૨૫૮
૫૩. क्त्वાનો चप् આદેશ (૩.૨.૧૫૪) ૨૫૯
૫૪. પૃષોદર વગેરે નિપાતન (૩.૨.૧૫૫) ૨૬૧
૫૫. અવ વગેરેનો व વગેરે આદેશ (૩.૨.૧૫૬) ૨૬૩
૫૬. પૂર્વપદનાં સંપૂર્ણ આદેશનું કોષ્ટક ૨૬૫
૫૭. અભ્યાસ-૧ ૨૬૯
૫૮. અભ્યાસ-૨ ૨૭૧
૫૯. પરિશિષ્ટ-૧ : ન્યાયનાં અર્થ ૨૭૩
૬૦. પરિશિષ્ટ-૨ : સંદર્ભસ્થાનો ૨૭૬

સંકેતસૂચિ

અ.અ.સૂ.	:	અન્વય અનુવૃત્તિ સૂત્ર
સ.	:	સમાસ
ઉદા.	:	ઉદાહરણ
પ્ર.ઉદા.	:	પ્રતિ ઉદાહરણ
વિ.	:	વિશેષતા
જિ.	:	જિજ્ઞાસા
સમા.	:	સમાધાન
શ્લો.	:	શ્લોક
પ્ર.	:	પ્રથમા વિભક્તિ
દ્વિ.	:	દ્વિતીયા વિભક્તિ
તૃ.	:	તૃતીયા વિભક્તિ
ચ.	:	ચતુર્થી વિભક્તિ
પં.	:	પંચમી વિભક્તિ
ષ.	:	ષષ્ઠી વિભક્તિ
સ.	:	સપ્તમી વિભક્તિ
સં.	:	સંબોધન
એ.વ.	:	એકવચન
દ્વિ.વ.	:	દ્વિવચન
બ.વ.	:	બહુવચન
પરસ્મૈ.	:	પરસ્મૈપદ
આત્મને.	:	આત્મનેપદ
ન્યાય.	:	ન્યાય
સં.સૌ.	:	સંગ્રહ સૌરભ. (પરિશિષ્ટ પુસ્તિકા)
મ.વૃ.	:	મધ્યમવૃત્તિ
બૃ.વૃ.	:	બૃહદ્વૃત્તિ
બૃ.ન્યા.	:	બૃહન્ન્યાસ
લ.ન્યા.	:	લઘુન્યાસ

॥ ॐ ह्रीँ श्रीँ अर्हँ नमः ॥
॥ श्री पंचासरा पार्श्वनाथाय नमः ॥

तृतीयेऽध्याये द्वितीयः पादः

समास प्रकरणम्

परस्परा-ऽन्योऽन्येतरेतरस्याम् स्यादेर्वाऽपुंसि ३.२.१

अ.अ.सू. : अपुंसि परस्परा-ऽन्योऽन्येतरेतरस्य स्यादेः आम् वा।

અર્થ : પુંલિંગ સિવાયનાં લિંગમાં પ્રયોગ કરાતાં પરસ્પર, અન્યોન્ય અને ઇતરેતર સંબંધી સ્યાદિ વિભક્તિનો આમ્ આદેશ વિકલ્પે થાય છે.

સ. (૧) **अपुंसि** = न पुमानिति अपुमान्, तस्मिन्निति।

(૨) **परस्परा-ऽन्योऽन्येतरेतरस्य** = परस्परं च अन्योन्यं च इतरेतरं चेति परस्पराऽन्योन्येतरेतरम्।

ઉદા. (૧) **इमे सख्यौ परस्परां/परस्परम् अन्योन्याम्/अन्योन्यम् इतरेतराम्/इतरेतरं भोजयतः** = આ બે સખીઓ પરસ્પર એકબીજાને જમાડે છે.

★ અહીં પરસ્પર વગેરે શબ્દ સ્ત્રીલિંગમાં વર્ત્તતાં હોવાથી આ સૂત્રથી સ્યાદિ વિભક્તિનો વિકલ્પે આમ્ આદેશ થાય છે. તથા વિકલ્પ પક્ષે कर्मणि ૨.૨.૪૦ સૂત્રથી अम् થયો છે.

(૨) **इमे कुले परस्परां/परस्परम् अन्योन्याम्/अन्योन्यम्/इतरेतराम्/इतरेतरं भोजयतः** = આ બે કુળો પરસ્પર એકબીજાને જમાડે છે.

(૩) **आभिः सखीभिः परस्परां/परस्परेण अन्योन्याम्/अन्योन्येन इतरेतराम्/इतरेतरेण भोज्यते** = આ સખીઓ વડે પરસ્પર સાથે એકબીજાને જમાડાય છે.

(૪) **एभिः कुलैः परस्परां/परस्परेण अन्योन्याम्/अन्योन्येन इतरेतराम्/इतरेतरेण भोज्यते** = આ કુળો વડે પરસ્પર સાથે એકબીજાને જમાડાય છે.

પ્ર.ઉદા. **अपुंसीति किम्? इमे नराः परस्परं भोजयन्ति** = આ પુરુષો પરસ્પર એકબીજાને જમાડે છે.

★ આ સૂત્રમાં પુંલિંગમાં વર્ત્તતાં परस्पर વગેરેનો નિષેધ હોવાથી અહીં આ સૂત્રથી परस्परથી પર રહેલ સ્યાદિ વિભક્તિનો વિકલ્પે आम् આદેશ થયો નહીં. પરંતુ कर्मणि ૨.૨.૪૦ સૂત્રથી अम् થયેલ છે.

વિશેષતા :

(૧) અહીં સૂત્રનાં નિર્દેશાનુસારે જો ભિન્ન રીતે સંધિ-વિચ્છેદાદિ કરવામાં આવે તો અન્ય પણ બે અર્થ થાય છે. તે આ પ્રમાણે છે :

(a) परस्परा-ऽन्योऽन्येतरेतरस्य अम् स्यादेः वा अपुंसि = પુંલિંગ સિવાયનાં લિંગમાં પ્રયોગ કરાતાં परस्पर વગેરે શબ્દ સંબંધી સ્યાદિ વિભક્તિનો अम् આદેશ વિકલ્પે થાય છે. જેમકે, इमे सख्यौ परस्परं/परस्परस्य स्मरतः।

(b) परस्परा-ऽन्योऽन्येतरेतरस्य आम् स्यादेः वा पुंसि = પુંલિંગમાં પ્રયોગ કરાતાં પરસ્પર વગેરે શબ્દ સંબંધી સ્યાદિ વિભક્તિનો અમ્ આદેશ વિકલ્પે થાય છે. જેમકે, इमौ नरौ परस्परस्य/परस्परं स्मरतः।

(૨) અહીં સૂત્રનિર્દિષ્ટ અન્યોન્ય અને ઇતરેતર શબ્દ સ્વરાદિ અકારાન્ત છે. તથા પરસ્પર અને ઇતરેતરની અપેક્ષાએ અન્યોન્ય શબ્દ અલ્પસ્વરી છે. તેથી લઘ્વક્ષરા૦ ૩.૧.૧૬૦ સૂત્ર દ્વારા અન્યોન્યનાં પૂર્વનિપાતની પ્રાપ્તિ છે. પરંતુ અહીં સૂત્રમાં ભિન્ન ક્રમનો નિર્દેશ કર્યો હોવાથી અર્થાત્ સૂત્રકારનાં નિર્દેશ બળથી જ પરસ્પર શબ્દ धर्मार्थादिषु०૩.૧.૧૫૯ સૂત્રમાં દર્શાવેલ ધર્માર્થાદિ ગણમાં સમાવિષ્ટ હોય તેવું અનુમાન કરવું.

(૩) અહીં સૂત્રમાં અપુંસિ એ પ્રમાણે પર્યુદાસનઞ્નો આશ્રય કર્યો છે. તેથી નિષેધમુખે પણ તત્સદૃશ તદ્ભિન્નતયા લિંગનું જ ગ્રહણ થતાં નુપંસકલિંગ અને સ્ત્રીલિંગનું જ ગ્રહણ કરવું.

(૪) અહીં સૂત્રગત પરસ્પર વગેરે શબ્દો સ્વભાવથી જ પુંલિંગ એકવચનમાં રહેનારાં અને કર્મવ્યતિહાર વિષય-વાળાં છે. પરંતુ જ્યારે તેનું વિશેષ્ય સ્ત્રીલિંગ કે નપુંસકલિંગમાં પ્રયુક્ત હોય ત્યારે તે સ્ત્રીલિંગ કે નુપંસકલિંગમાં પ્રયુક્ત થયેલ કહેવાય છે. જેનો આ સૂત્રમાં અપુંસિ તરીકે નિર્દેશ છે.

(૫) અહીં સૂત્રમાં પરસ્પર, અન્યોન્ય અને ઇતરેતર એ પ્રમાણે નિર્દેશ કર્યો હોવાથી પર, અન્ય અને ઇતર સર્વનામનું દ્વિત્વ, સ્ આગમ આદિ સૂત્રસામર્થ્યથી જ નિપાતન કરાય છે.

अमव्ययीभावस्याऽतोऽपञ्चम्याः ३.२.२

અ.અ.સૂ. : अतः अव्ययीभावस्य स्यादेः अम्, अपञ्चम्याः।

અર્થ : અકારાન્ત એવા અવ્યયીભાવ સમાસ સંબંધી સ્યાદિ વિભક્તિનો અમ્ આદેશ થાય છે. પણ પંચમી વિભક્તિનો થતો નથી.

સ. **अपञ्चम्याः** = न पञ्चमीति अपञ्चमी, तस्या इति।

ઉદા. (૧) **उपकुम्भमस्ति** = ઘડાની સમીપ છે. कुम्भस्य समीपमिति।
વિભક્તિ-સમીપ૦૩.૧.૩૯થી **સમાસ** તથા,
પ્રથમોક્તં૦૩.૧.૧૪૮થી उप અવ્યયનો **પૂર્વનિપાત**→ **उप**+कुम्भ
પ્રથમા સિ વગેરે→उपकुम्भ+**स्**
આ સૂત્રથી સિનો अम्→उपकुम्भ+**अम्**
समानादमो૦૧.૪.૪૬થી **અનો લોપ**→उपकुम्भम्।

(૨) **उपकुम्भं धेहि** = ઘડાંની પાસે ધારણ કર.
આ ઉદા.ની સાધનિકા પૂર્વપ્રમાણે જાણવી.

પ્ર.ઉદા.(૧) **अव्ययीभावस्येति किम्? प्रियोपकुम्भोऽयम्** = ઘડાંની સમીપતા પ્રિય છે જેને એવો આ (વ્યક્તિ).
प्रियमुपकुम्भं यस्य स इति।
एकार्थं૦૩.૧.૨૨થી બહુવ્રીહિ **સમાસ** તથા,
प्रिय૦૩.૧.૧૫૭થી પ્રિયનો **પૂર્વનિપાત**→प्रिय+उपकुम्भ
પ્રથમા સિ વગેરે→प्रियोपकुम्भः।

★ આ સૂત્રની પ્રવૃત્તિ અવ્યયીભાવ સમાસ સંબંધી સ્યાદિ વિભક્તિને વિશે જ થાય છે. જ્યારે અહીં બહુવ્રીહિ

સમાસ સંબંધી સ્યાદિ વિભક્તિ છે. માટે આ સૂત્રથી અમ્ આદેશ થયો નહીં.

(૨) **अत इति किम् ? अधिस्त्रि** = સ્ત્રીને વિશે. स्त्रियामिति।
વિભક્તિ-સમીપ૦૩.૧.૩૯થી **સમાસ** તથા,
પ્રથમોક્તં૦૩.૧.૧૪૮થી અધિનો **પૂર્વનિપાત→અધિ**+સ્ત્રી
પ્રથમા સિ→અધિ+સ્ત્રી+**સ્**
અનતો લુપ્ ૩.૨.૬થી સિનો લોપ→અધિસ્ત્રી
દ્વન્દ્વૈકત્વાવ્યયીભાવ૦૩/૯ લિંગાનુ.થી **નપુંસકલિંગ,**
ક્લીબે ૨.૪.૯૭થી હ્રસ્વ→અધિ**સ્ત્રિ**।

★ આ સૂત્રની પ્રવૃત્તિ અકારાન્તસમાસથી પર રહેલ સ્યાદિ વિભક્તિને વિશે થાય છે. જ્યારે અહીં ઇકારાન્ત સમાસ હોવાથી આ સૂત્રથી અમ્ આદેશ થયો નહીં.

(૩) **अपञ्चम्या इति किम् ? उपकुम्भात्** = ઘડાંની પાસેથી.

● આ ઉદા.ની સાધનિકા પૂર્વપ્રમાણે જાણવી. પરંતુ આ સૂત્રથી ડસિનો અમ્ આદેશ ન કરતાં ડેર્ડસ્યો૦૧.૪.૬થી આત્ આદેશ કરવો.

★ આ સૂત્રમાં પંચમી વિભક્તિનું વર્જન હોવાથી અહીં આ સૂત્રથી અમ્ આદેશ થયો નહીં.

વિશેષતા :

(૧) સૂત્રમાં અપञ्चम्याः એ પ્રમાણે પર્યુદાસ નઞ્નો આશ્રય કર્યો છે. તેથી તદ્ભિન્ન તત્સદૃશતયા પંચમીથી ભિન્ન એવી સ્યાદિ વિભક્તિનું જ ગ્રહણ થાય છે.

(૨) અહીં પ્રથમાથી લઈને સપ્તમી સુધીની સ્યાદિ વિભક્તિમાં પંચમીનો જ નિષેધ કર્યો છે. પરંતુ તૃતીયા

અને સપ્તમીનાં વિષયમાં આગળ વિકલ્પદર્શક સૂત્ર હોવાથી આ સૂત્રનો વિષય માત્ર પ્રથમા, દ્વિતીયા, ચતુર્થી અને ષષ્ઠી વિભક્તિ જ બને છે.

(૩) અહીં अव्ययीभावस्य એ પ્રમાણે તત્સંબંધી સ્યાદિ વિભક્તિનો લોપ દર્શાવેલ છે. તેથી બહુવ્રીહ્યાદિ સમાસ દ્વારા જેનો નિર્દેશ પરપ્રાધાન્યવાળો છે એવા प्रियोपकुम्भः વગેરે અન્ય સંબંધી પ્રયોગમાં આ સૂત્રથી સ્યાદિ વિભક્તિનો अम् આદેશ થશે નહીં. આ વાત अव्ययस्य ૩.૨.૭ સૂત્ર સુધી જાણવી.
यद्यपि પૂર્વસૂત્રમાં પણ ષષ્ઠી વિભક્તિનો નિર્દેશ છે. પરંતુ परस्परा-ऽन्योन्येतरेतरस्य એ પ્રમાણે શબ્દોનો જ નિર્દેશ હોવાથી ત્યાં તત્સંબંધી-પરસંબંધી વિવક્ષાને અવકાશ જ નથી.

वा तृतीयायाः ૩.૨.૩

અ.અ.સૂ. : अतः अव्ययीभावस्य स्यादेः तृतीयायाः अम् वा।

અર્થ : અકારાન્ત અવ્યયીભાવ સમાસ સંબંધી સ્યાદિ એવી તૃતીયા વિભક્તિનો अम् આદેશ વિકલ્પે થાય છે.

ઉદા. (૧) **किं नः उपकुम्भम्/उपकुम्भेन** = ઘડાંની સમીપતા વડે અમારે શું?
પૂર્વપ્રમાણે સમાસ વગેરે→उप+कुम्भ
कृताद्यैः ૨.૨.૪૭થી પ્રાપ્ત તૃતીયાનો टा→उपकुम्भ+**आ**
આ સૂત્રથી टાનો વિકલ્પે अम्→उपकुम्भ+**अम्**
समानादमो०૧.૪.૪૬થી અનો લોપ→उपकुम्भम्

विकल्पे : આ સૂત્રથી अम् ન થાય ત્યારે,
ટાઙસો૦૧.૪.૫થી ટાનો इन→उपकुम्भ+**इन**
अवर्णस्ये૦૧.૨.૬થી ए→उपकुम्भेन।

પ્ર.ઉદા. **अव्ययीभावस्येत्येव→प्रियोपकुम्भेन** = ઘડાંની સમીપતા પ્રિય છે જેને તેના વડે.
આ ઉદા.ની સાધનિકા પૂર્વસૂત્ર નિર્દિષ્ટ प्रियोपकुम्भः પ્રમાણે જાણવી.

★ આ સૂત્રની પ્રવૃત્તિ અવ્યયીભાવ સમાસ સંબંધી સ્યાદિ વિભક્તિને વિશે થાય છે. જ્યારે અહીં બહુવ્રીહિ સમાસ સંબંધી સ્યાદિ વિભક્તિ હોવાથી આ સૂત્રથી વિકલ્પે अम् આદેશ થયો નહીં.

વિશેષતા :

(૧) પૂર્વસૂત્રથી અહીં નિત્ય अम् આદેશની પ્રાપ્તિ હતી. તેને વિકલ્પે કરવા આ સૂત્રનો નિર્દેશ છે. તેથી આ સૂત્ર अमव्ययी૦૩.૨.૨.નું અપવાદ સૂત્ર છે. આ વાત આગામી સૂત્રમાં પણ જાણવી.

सप्तम्या वा ૩.૨.૪

અ.અ.સૂ. : अतः अव्ययीभावस्य सप्तम्याः अम् वा।

અર્થ : અકારાન્ત અવ્યયીભાવ સમાસ સંબંધી સ્યાદિ એવી સપ્તમી વિભક્તિનો अम् આદેશ વિકલ્પે થાય છે.

ઉદા. **उपकुम्भम्/उपकुम्भे धेहि** = કુંભની સમીપમાં ધારણ કર.

પૂર્વપ્રમાણે સમાસ વગેરે→उपकुम्भ
सप्तम्य०२.२.९५थी પ્રાપ્ત સપ્તમીનો ङि→उपकुम्भ+**इ**
આ સૂત્રથી વિકલ્પે अम्→उपकुम्भ+**अम्**
समानाद०१.४.४६थी **अनो लोप**→उपकुम्भम्।
વિકલ્પે : આ સૂત્રથી अम् ન થાય ત્યારે, उपकुम्भ+इ
अवर्णस्ये०१.२.६थी ए→उपकुम्भे।

પ્ર.ઉદા. **अव्ययीभावस्येत्येव→प्रियोपकुम्भे** = કુંભની સમીપતા પ્રિય છે જેને વિશે.
આ ઉદા.ની સાધનિકા ૩.૨.૨ સૂત્ર નિર્દિષ્ટ प्रियोप-कुम्भः પ્રમાણે જાણવી.

★ આ સૂત્રની પ્રવૃત્તિ અવ્યયીભાવ સમાસ સંબંધી સ્યાદિ વિભક્તિને વિશે થાય છે. જ્યારે અહીં બહુવ્રીહિ સમાસ સંબંધી સ્યાદિ વિભક્તિ હોવાથી આ સૂત્રથી વિકલ્પે अम् આદેશ થયો નહીં.

વિશેષતા :

(૧) પૂર્વસૂત્ર કરતાં આ સૂત્રનો પૃથક્‌નિર્દેશ सप्तम्याः‌નો અધિકાર ઉત્તરસૂત્રમાં લઈ જવા માટે છે. અન્યથા [1]**सन्नियोगशिष्टानामेकापाये ऽन्यतरस्याऽप्यपायः१/३०** ન્યાયાનુસારે तृतीयायाः અને सप्तम्याः બંનેનો અધિકાર ઉત્તરસૂત્રમાં આવવાની આપત્તિ આવે.

---

૧. દરેક ન્યાયોનાં અર્થ પરિશિષ્ટ-૩માંથી જોવા. તેમજ વિશેષ અર્થ માટે સં.સૌ.માં જોવું.

ऋद्ध-नदी-वंश्यस्य ३.२.५

અ.અ.સૂ. : **ऋद्ध-नदी-वंश्यस्य अतः अव्ययीभावस्य स्यादेः सप्तम्याः अम्।**

અર્થ : ઋદ્ધવાચી, નદીવાચી અને વંશવાચી એવા અકારાન્ત અવ્યયીભાવ સમાસ સંબંધી સ્યાદિ એવી સપ્તમી વિભક્તિનો अम् આદેશ થાય છે.

સ. **ऋद्ध-नदी-वंश्यस्य** = ऋद्धश्च नदी च वंश्यश्चेति ऋद्ध-नदीवंश्यम्, तस्येति।

ઉદા. (૧) **ऋद्धवाची→सुमगधम्** = મગધદેશની સમૃદ્ધિને વિશે.
मगधानां समृद्धिरिति सुमगधम्, तस्मिन्निति।
વિભક્તિ-સમીપ૦૩.૧.૩૯થી **સમાસ** તથા,
પ્રથમોક્તં૦૩.૧.૧૪૮થી સુનો પૂર્વનિપાત→**सु**+મગધ
સપ્તમી ङि→સુમગધ+**इ**
આ સૂત્રથી ङિનો अम्→સુમગધ+**अम्**
સમાનાદ૦૧.૪.૪૬થી **અનો લોપ**→સુમગધમ્।

(૨) **નદીવાચી→उन्मत्तगङ्गम्** = દેશ વિશેષને વિશે.
उन्मत्ता गङ्गा यस्मिन् स इति उन्मत्तगङ्गम्, तस्मिन्निति।
નદીભિર્ના૦૩.૧.૨૭થી **સમાસ** તથા,
પ્રથમોક્તં૦૩.૧.૧૪૮થી उन्मत्तानो પૂર્વનિપાત→
उन्मत्ता+गङ्गा
પરતઃ સ્ત્રી૦૩.૨.૪૯થી પુંવદ્ભાવ→उन्मत्त+गङ्गा
દ્વન્દ્વૈકત્વાऽव्ययीભાવ૦૩/૧ લિંગાનુ.થી **નપુંસકલિંગ.**
ક્લીબે ૨.૪.૯૭થી હ્રસ્વ→उन्मत्त+गङ्ग

सप्तमी ङि→उन्मत्तगङ्ग+**इ**
आ सूत्रथी ङिनो अम् वगेरे→उन्मत्तगङ्गम्।

(૩) **वंशवाची→एकविंशतिभारद्वाजं वसति** = એકવીશ ભારદ્વાજ વંશ્ય. एकविंशतिर्भारद्वाजाः (वंश्याः अस्येति) एकविंशतिभारद्वाजम्, तस्मिन्निति।
वंश्येन०૩.૧.૨૯થી **समास** तथा,
प्रथमोक्तं०૩.૧.૧૪૮થી संख्यावाचीनो **पूर्वनिपात→ एकविंशति**भारद्वाज
सप्तमी ङि वगेरे→एकविंशतिभारद्वाजम्।

विशेषता :

(૧) અહીં પૂર્વસૂત્ર દ્વારા વિકલ્પે अम् આદેશની પ્રાપ્તિ હતી. તેથી નિત્ય પ્રવૃત્તિ કરવા માટે આ સૂત્રનો નિર્દેશ છે.

(૨) પ્રસ્તુત સૂત્રમાં **लक्षण-प्रतिपदोक्तयोः प्रतिपदोक्तस्यैव १/१५** ન્યાયાનુસારે નદી શબ્દનાં ઉચ્ચારણ દ્વારા સમાસ પામેલાં પદોથી પર સપ્તમી વિભક્તિનો अम् આદેશ વિકલ્પે થાય છે. તેથી उपगङ्गे, उपयमुने વગેરે પ્રયોગોમાં सप्तम्या वा ૩.૨.૪ સૂત્રથી વિકલ્પે अम् આદેશ થાય છે.
અહીં તાત્પર્ય એ છે કે, જે સૂત્રમાં નદી શબ્દનું ગ્રહણ કર્યું હોય તે સૂત્રથી વિહિત સમાસ નદી શબ્દનાં ઉચ્ચારણપૂર્વક કરેલો સમાસ હોવાથી નદી શબ્દની અપેક્ષાએ પ્રતિપદોક્ત કહેવાય છે. અને જે સૂત્રમાં નદી શબ્દનું ગ્રહણ ન કર્યું હોય તે સૂત્રથી વિહિત

સમાસ નદી પદની અપેક્ષાએ લાક્ષણિક કહેવાય છે. આમ, उन्मत्तगङ्गम् વગેરે પ્રયોગમાં નદીભિ૦૩.૧.૨૭ સૂત્ર દ્વારા કરેલો સમાસ પ્રતિપદોક્ત છે. અને उपगङ्गे વગેરે પ્રયોગમાં વિભક્તિ-સમીપ૦૩.૧.૩૯ સૂત્ર દ્વારા સમીપ અર્થમાં કરેલો અવ્યયીભાવ સમાસ લાક્ષણિક છે. અને **लक्षण-प्रतिपदोक्तयोः प्रतिपदोक्तस्यैव ૧/૧૫** ન્યાયાનુસારે આ સૂત્રની પ્રવૃત્તિ પ્રતિપદોક્તમાં જ થતી હોવાથી उन्मत्तगङ्गम् વગેરે પ્રયોગમાં સપ્તમી વિભક્તિનો નિત્ય अम् આદેશ થાય છે. જ્યારે उपगङ्गे પ્રયોગમાં सप्तम्या વા ૩.૨.૪ સૂત્રથી વિકલ્પે अम् આદેશ થાય છે.

अनतो लुप् ૩.૨.૬

અ.અ.સૂ. : अनतः अव्ययीभावस्य स्यादेः लुप्।

અર્થ : અકારાન્ત સિવાયનાં અવ્યયીભાવ સમાસ સંબંધી સ્યાદિ વિભક્તિનો લોપ થાય છે.

સ. **अनतः** = न अत इति अनत्, तस्येति।

ઉદા. (૧) **उपवधु** = વહુની સમીપ. वध्वां समीपमिति।
વિભક્તિ-સમીપ૦૩.૧.૩૯થી **સમાસ** તથા,
પ્રથમોક્તં૦૩.૧.૧૪૮થી उप નો **પૂર્વનિપાત**→उप+वधू
પ્રથમા સિ વગેરે→उप+वधू+**स्**
આ સૂત્રથી સિનો લોપ→उपवधू
द्वन्द्वैकत्वाव्ययी૦૩/૧ લિંગાનુ.થી **નપુંસકલિંગ.**
ક્લીબે ૨.૪.૯૭થી હ્રસ્વ→उपव**धु**।

(૨) **उपकर्तृ** = કર્ત્તાની સમીપ. कर्तुः समीपमिति।
આ ઉદા.ની સાધનિકા પૂર્વપ્રમાણે જાણવી.

પ્ર.ઉદા.(૧) **अनत इति किम् ? उपकुम्भात्** = કુંભની સમીપથી.
આ ઉદા.ની સાધનિકા ૩.૨.૨ સૂત્રમાં દર્શાવેલી છે.

★ આ સૂત્રની પ્રવૃત્તિ અકારાન્ત સિવાયનાં અવ્યયીભાવ સમાસથી થાય છે. જ્યારે અહીં અકારાન્ત અવ્યયીભાવ સમાસ હોવાથી આ સૂત્રથી ङसिનો લોપ થયો નહીં.

(૨) **अव्ययीभावस्येत्येव→प्रियोपवधुः** = પ્રિય છે વહુની સમીપતા જેને તે. प्रियमुपवधु यस्य स इति।
આ ઉદા.ની સાધનિકા ૩.૨.૨ સૂત્રમાં નિર્દિષ્ટ प्रियोप-कुम्भः પ્રમાણે જાણવી.

★ આ સૂત્રની પ્રવૃત્તિ અવ્યયીભાવ સમાસ સંબંધી સ્યાદિ વિભક્તિને વિશે થાય છે. જ્યારે અહીં બહુવ્રીહિ સમાસ સંબંધી સ્યાદિ વિભક્તિ છે. માટે આ સૂત્રથી સિનો લોપ થયો નહીં.

વિશેષતા :

(૧) અહીં अनतः એ પ્રમાણે પદ પૂર્વસૂત્રથી અનુવૃત્ત अव्ययीभावस्यનું વિશેષણ છે. તેથી विशेषणमन्तः ૭.૪.૧૧૩ પરિભાષાનુસારે તેનો અર્થ तदन्त થાય છે. તથા न अत इति अनतः એ પ્રમાણે અહીં પર્યુદાસ નञ્નો નિર્દેશ હોવાથી तद्भिन्न तत्सदृशतया અકારાન્તથી ભિન્ન એવા અવ્યયીભાવ સમાસનું જ ગ્રહણ કરવું. પણ અન્યનું નહીં.

अव्ययस्य ३.२.७

અ.અ.સૂ. : अव्ययस्य स्यादेः लुप्।

અર્થ : અવ્યય સંબંધી સ્યાદિ વિભક્તિનો લોપ થાય છે.

ઉદા. (૧) **स्वः** = સ્વર્ગ. स्वर्+सि।
આ સૂત્રથી સિનો લોપ→स्वर्
प्रत्ययलोपेऽपि प्रत्ययलक्षणं कार्यं विज्ञायते ३/९ ન્યાયાનુસારે,
तदन्तं०१.१.२०થી स्वर्ને **पदसंज्ञा.**
रः पदान्ते०१.३.५३થી र्નો વિસર્ગ→स्वः।

(૨) **प्रातः** = સવાર. प्रातर्+सि।
આ ઉદા.ની સાધનિકા પૂર્વપ્રમાણે જાણવી.

પ્ર.ઉદા. **अव्ययस्येति किम्? अत्युच्चैसः** = ઊંચાઈને ઓળંગી જનારાઓ. उच्चैरतिक्रान्ता इति
प्रात्यव-परि०३.१.४७થી **समास** તથા,
प्रथमोक्तं०३.१.१४८થી अतिનો પૂર્વનિપાત→अति+उच्चैस्
પ્રથમા जस्→अत्युच्चैस्+**अस्**
सो रुः २.१.७२થી स्નો रु→अत्युच्चैसर्
रः पदान्ते०१.३.५३થી વિસર્ગ→अत्युच्चैसः।

★ આ સૂત્રની પ્રવૃત્તિ અવ્યયસંબંધી સ્યાદિ વિભક્તિને વિશે થાય છે. જ્યારે અહીં અવ્યયસંબંધી સ્યાદિ વિભક્તિ નથી. માટે આ સૂત્રથી તેનો લોપ થયો નહીં.

વિશેષતા :

(૧) અવ્યયની વ્યાખ્યા :

सदृशं त्रिषु लिङ्गेषु, सर्वासु च विभक्तिषु,
कारकेषु च सर्वेषु यन्न व्येति तदव्ययम् ॥

ત્રણે લિંગમાં, સર્વ વિભક્તિઓમાં અને સર્વ કારકોમાં જે સમાન હોય છે, જેનો ક્યારેય ફેરફાર થતો નથી. તેને અવ્યય કહેવાય છે.

(૨) આ સૂત્ર દ્વારા અવ્યયથી પર સ્યાદિ વિભક્તિનો લોપ થાય છે. અને તે લોપનાં વિધાનથી જ અહીં સ્યાદિ વિભક્તિનું અનુમાન પણ કરાય છે. તેથી **प्रत्ययलोपेऽपि प्रत्ययलक्षणं कार्यं विज्ञायते ૩/૧** ન્યાયાનુસારે પદસંજ્ઞા આદિ કાર્યો થયાં છે. જેમકે, अथो स्वस्ते गृहम्, अथोच्चैर्मे गृहम् ઇત્યાદિ વાક્યમાં स्वर्, उच्चैस् स्વરૂપ અવ્યયથી પર સ્યાદિ વિભક્તિનું અનુમાન કરાતાં तदन्तं०૧.૧.૨૦થી પદસંજ્ઞા થાય છે. અને सपूर्वाद०૨.૧.૩૨ સૂત્રથી तव વગેરેનાં તે વગેરે આદેશો થયા છે.

(૩) અહીં પણ અવ્યયીભાવસ્યની જેમ જ અવ્યયસ્ય એ પ્રમાણે ષષ્ઠી વિભક્ત્યન્ત નિર્દેશ જાણવો. તેથી બહુવ્રીહ્યાદિ સમાસ દ્વારા જેનો નિર્દેશ પરપ્રાધાન્યવાળો છે, એવા अत्युच्चैसः વગેરે અન્ય સંબંધી પ્રયોગમાં આ સૂત્ર દ્વારા સ્યાદિ વિભક્તિનો લોપ થશે નહીં. અહીં તાત્પર્ય એ છે કે, अत्युच्चैसः વગેરે પ્રયોગમાં અતિક્રમણ કરનાર વ્યક્તિનું પ્રાધાન્ય હોવાથી

વિશેષણપરક અર્થનો બોધ થાય છે. જે અન્ય પદાર્થની પ્રધાનતાવાળો છે. અને તેની સાથે લિંગ અને સંખ્યાનો પણ યોગ થાય છે. માટે તેમાં **सदृशं त्रिषु** આદિ રૂપે કહેવાયેલું અવ્યયપણું ઘટતું નથી. અને તેથી તેવા સ્થાને તેની સ્યાદિ વિભક્તિ તત્સંબંધી અર્થાત્ અવ્યયસંબંધી ન રહેતાં આ સૂત્રની પ્રવૃત્તિ થતી નથી.

(૪) અહીં ધ્યાનમાં લેવું કે, સૂત્રમાં अव्ययस्य એ પ્રમાણે વિશેષણપરક નિર્દેશ પણ હોવાથી परमोच्चैः વગેરે તદન્ત પ્રયોગોને પણ અવ્યયસંજ્ઞા થતાં આ સૂત્રની પ્રવૃત્તિ થાય છે. યદ્યપિ અહીં આ સૂત્રમાં કોઈ વિશેષ્યનો નિર્દેશ કર્યો નથી તથા પૂર્વસૂત્રથી અનુવૃત્ત પણ નથી. પરંતુ અધ્યાહારથી नाम એ પ્રમાણે વિશેષ્યનું ગ્રહણ કરતાં વિશેષણપરક નિર્દેશ પણ સિદ્ધ થાય છે.

(૫) અહીં કેટલાંક વ્યાકરણકારો અવ્યયીભાવ સમાસને પણ અવ્યયસંજ્ઞક માને છે. તેથી તેઓનાં મતે આ સૂત્ર દ્વારા જ સ્યાદિ વિભક્તિનો લોપ કરાય છે. તથા अमव्ययी०૩.૨.૨ સૂત્રની જેમ જ પંચમી વિભક્તિનો લોપ કરનારું સૂત્ર પણ પૃથક્ દર્શાવાય છે. તેથી અન્ય સૂત્રથી પંચમી વર્જિત સ્યાદિ વિભક્તિનો લોપ થતો હોવાથી અકારાન્ત નામનાં વિષયમાં આ સૂત્રથી પણ પંચમી સંબંધી સ્યાદિ વિભક્તિનો લોપ થતો નથી.
તથા, એ જ પ્રમાણે તૃતીયા અને સપ્તમીનાં વિકલ્પનાં વિષયમાં પણ જાણવું. અને તેમ કરતાં अनतो०૩.૨.૬ સૂત્રનો નિર્દેશ કરવાની આવશ્યક્તા રહેતી નથી.

જ્યારે સ્વમતે અવ્યયીભાવ સમાસની અવ્યયસંજ્ઞા ઇષ્ટ નથી. તેથી અનતો લુપ્ ૩.૨.૬ સૂત્રનો નિર્દેશ કર્યો છે. આમ, અન્ત્તતોગત્વા પ્રયોગની દૃષ્ટિએ સર્વત્ર સમન્વય જ થાય છે.

ऐकार्थ्ये ३.२.८

અ.અ.સૂ. : ऐकार्थ्ये स्यादेः लुप्।

અર્થ : ઐકાર્થ્ય = એકપદપણું. ઐકાર્થ્યનાં નિમિત્તભૂત સ્યાદિ વિભક્તિનો લોપ થાય છે.

ઉદા. (૧) चित्रगुः = કાબરચીતરી ગાયવાળો.

चित्रा गौः यस्य स इति।

एकार्थं०૩.૧.૨૨થી **સમાસ** તથા, આ સૂત્રથી **સ્યાદિ વિભક્તિનો લોપ.**

विशेषण-सर्वादि०૩.૧.૧૫૦થી चित्रा નો **पूर्वनिपात**→ **चित्रा**+गो

परतः स्त्री०૩.૨.૪૯થી चित्रानो पुंवद्भाव→**चित्र**गो

गोश्चान्ते०૨.૪.૯૬થી હ્રસ્વ→चित्र**गु**

प्रथमा सि वगेरे→चित्रगुः।

(૨) **पुत्रीयति** = તે પુત્રને ઇચ્છે છે. पुत्रमिच्छतीति।

अमाव्ययात्०૩.૪.૨૩થી क्यन्→पुत्र+अम्+**य**

આ સૂત્રથી સ્યાદિ વિભક્તિનો લોપ→पुत्र+य

क्यनि ૪.૩.૧૧૨થી દીર્ઘ ई→**पुत्रीय**

वर्त्तमाना०૩.૩.૬થી तिव्→पुत्रीय+**ति**

कर्त्तर्यनद्०३.४.७१थी शव्→पुत्रीय+**अ**+ति
लुगस्यादे०२.१.११३थी अनो लोप→पुत्रीयति।

(૩) **औपगवः** = ગોવાળનું સંતાન.
उपगोरपत्यमिति।
ङसोऽपत्ये ६.१.२८थी अण्→उपगु+ङस्+**अ**
આ સૂત્રથી સ્યાદિ વિભક્તિનો લોપ→उपगु+अ
वृद्धिः स्वरेष्वा०७.४.१थी वृद्धि→**औपगु**+अ
अस्वयंभुवो०७.४.७०थी उनो अव्→**औपगव**
પ્રથમા સિ વગેરે→औपगवः।

પ્र.ઉદા. **ऐकार्थ्य इति किम्? चित्रा गावो यस्येत्यादि वाक्ये मा भूत्** = કાબરચીતરી ગાયો છે જેની પાસે તે.

★ આ સૂત્રની પ્રવૃત્તિ એકપદપણું જ્યાં જણાતું હોય ત્યાં જ થાય છે. જ્યારે અહીં સમાસની વિવક્ષા ન હોવાથી ઐકાર્થ્ય જણાતું નથી. માટે આ સૂત્રથી સ્યાદિ વિભક્તિનો લોપ થયો નહીં.

વિશેષતા :

(૧) **अत एव लुब्विधानाद् नाम नाम्नै०३.१.१८ इति उक्तावपि स्याद्यन्तानां समासः स्यात्** = नाम नाम्नै० ૩.૧.૧૮ સૂત્રમાં नाम નામ્ના સહ સમસ્યતે એ પ્રમાણે નિર્દેશ હોવાથી अधातु-विभक्ति०१.१.२८ સૂત્રનાં નિર્દેશાનુસારે જે વિભક્ત્યન્ત ન હોય તેવા નામસંજ્ઞક શબ્દનો જ અન્ય નામની સાથે સમાસ થવાની પ્રાપ્તિ છે. પરંતુ **न केवलाः प्रकृतिः प्रयोक्तव्या नापि प्रत्ययः ૩/૧૩** ન્યાયાનુસારે તથા આ સૂત્રમાં સ્યાદિનાં લોપનું

વિધાન હોવાનાં કારણે નામનો અર્થ 'સ્યાદ્યન્ત' એવો કરીને 'સ્યાદ્યન્ત નામ સ્યાદ્યન્ત નામની સાથે સમાસ પામે છે.' એવું જ તાત્પર્ય જાણવું.

(૨) અહીં ધ્યાનમાં લેવું કે, ઐકાર્થ્યે એ પ્રમાણે નિમિત્ત સપ્તમીનો નિર્દેશ હોવાથી એકપદપણાંને સહકારી કારણ રૂપે જાણવું અને **कार्यनियतपूर्ववृत्तेरेव कारणत्वात्** નિયમાનુસારે એકપદપણાંનાં પૂર્વ કાળમાં રહેલ સ્યાદિ વિભક્તિ સાથે જ તેનું સહકારીકારણપણું ઘટે છે. પણ ઉત્તરકાળભાવી સમુદાયથી ઉત્પન્ન થયેલ વિભક્તિ સાથે નહીં. તેથી આ સૂત્રથી માત્ર પૂર્વકાળમાં થયેલી વિભક્તિનો જ લોપ થાય છે. પણ ઐકાર્થ્યોત્તરકાલીન સમુદાયોત્પન્ન સ્યાદિ વિભક્તિનો નહીં.

(૩) ઐકાર્થ્ય અર્થાત્ એકપદપણું. તે ચારમાં હોય છે.

(a) **સમાસ** : चित्रा गावो यस्य स इति चित्रगुः→અહીં चित्रा અને गो શબ્દની સ્યાદિ વિભક્તિનો લોપ.

(b) **નામધાતુ** : पुत्रमिच्छतीति पुत्रीयति→અહીં पुत्र સંબંધી સ્યાદિ વિભક્તિનો લોપ.

(c) **કૃદન્ત** : कुम्भं करोतीति कुम्भकारः→અહીં कुम्भ સંબંધી સ્યાદિ વિભક્તિનો લોપ.

(d) **તદ્ધિત** : उपगोरपत्यमिति औपगवः→અહીં उपगु સંબંધી સ્યાદિ વિભક્તિનો લોપ.

न नाम्येकस्वरात् खित्युत्तरपदेऽमः ३.२.९

અ.અ.સૂ. : खित्युत्तरपदे नाम्येकस्वरात् अमः लुप् न।

અર્થ : સમાસને આરંભ કરનારું અન્ત્ય પદ તે ઉત્તરપદ. खित् પ્રત્યયાન્ત ઉત્તરપદ પર છતાં એકસ્વરવાળાં નામ્યન્ત પૂર્વપદથી પર રહેલાં વિભક્તિનાં अम् પ્રત્યયનો લોપ થતો નથી.

સ. **नाम्येकस्वरात्** = नामी च एकस्वरश्चेति नाम्येकस्वरम्, तस्मादिति।

ઉદા. (૧) **स्त्रियंमन्यः** = પોતાને સ્ત્રી માનનાર.
स्त्रियमात्मानं मन्यते इति।
कर्तुः खश् ५.१.११७થી खश्→स्त्री+अम्+मन्+**अ**
दिवादेः०३.४.७२થી श्य→स्त्री+अम्+मन्+**य**+अ
लुगस्यादे०२.१.११३થી અનો લોપ→स्त्री+अम्+मन्य
ઐકાર્થ્યે ૩.૨.૮થી પ્રાપ્ત अम्નાં લોપનો આ સૂત્રથી **નિષેધ.**
પ્રથમા સિ વગેરે→स्त्रियंमन्यः।

(૨) **नावंमन्यः** = પોતાને નાવડી માનનાર.
नावमात्मानं मन्यते इति।
આ ઉદા.ની સાધનિકા પૂર્વપ્રમાણે જાણવી.

પ્ર.ઉદા.(૧) **नामीति किम्? क्ष्मंमन्यः** = પોતાને પૃથ્વી માનનાર.
क्ष्मामात्मानं मन्यते इति।
પૂર્વપ્રમાણે खश् વગેરે→क्ष्माम्+**मन्य**
ઐકાર્થ્યે ૩.૨.૮થી अम्નો લોપ→क्ष्मा+मन्य
खित्यनव्यया०३.२.११થી આનો અ અને મ્ આગમ→ क्ष्**मं**मन्य

प्रथमा सि वगेरे→क्ष्मंमन्यः।

★ આ સૂત્રની પ્રવૃત્તિ નામ્યન્ત એકસ્વરી પૂર્વપદથી પર થાય છે. જ્યારે અહીં क्ष्मा નામ્યન્ત નામ નથી. માટે આ સૂત્રથી વિભક્તિનાં લોપનો નિષેધ થયો નહીં.

(૨) **एकस्वरादिति किम्? वधूंमन्या** = પોતાને વહુ માનનારી. वधूमात्मानं मन्यते इति।
આ ઉદા.ની સાધનિકા પૂર્વપ્રમાણે જાણવી. અને आत् ૨.૪.૧૮થી आप् પ્રત્યય લગાડવો.

★ આ સૂત્રની પ્રવૃત્તિ એકસ્વરી પૂર્વપદથી પર થાય છે. જ્યારે અહીં બેસ્વરી પૂર્વપદ છે. માટે આ સૂત્રથી વિભક્તિનાં લોપનો નિષેધ થયો નહીં.

(૩) **खितीति किम्? स्त्रीमानी** = પોતાને સ્ત્રી માનનાર. स्त्रियमात्मानं मन्यते इति।
मन्याण्णिन् ૫.૧.૧૧૬થી णिन्→स्त्री+अम्+मन्+**इन्**
नामिनोऽ०४.३.५१थी वृद्धि→स्त्री+अम्+**मा**निन्
ङस्युक्तं०३.१.४९थी **समास** तथा,
प्रथमोक्तं०३.१.१४८थी स्त्रीनो **पूर्वनिपात**→स्त्री+अम्+मानिन्
ऐकार्थ्ये ३.२.८थी अम्नो लोप→स्त्रीमानिन्
प्रथमा सि वगेरे→स्त्रीमानी।

★ આ સૂત્રની પ્રવૃત્તિ खित् પ્રત્યયાન્ત ઉત્તરપદ પર છતાં થાય છે. જ્યારે અહીં खित् પ્રત્યયાન્ત ઉત્તરપદ નથી. માટે આ સૂત્રથી વિભક્તિનાં લોપનો નિષેધ થયો નહીં.

વિશેષતા :

(૧) ઐકાર્થ્યે ૩.૨.૮થી અહીં અમ્નાં લોપની પ્રાપ્તિ હતી, પરંતુ તેનો આ સૂત્ર દ્વારા નિષેધ કર્યો તેથી આ સૂત્ર ઐકાર્થ્યે ૩.૨.૮નું અપવાદ સૂત્ર છે.

(૨) અહીં स्त्रियंमन्यः, नावंमन्यः વગેરે ઉદા.માં कर्तुः खश् ૫.૧.૧૧૭ સૂત્ર દ્વારા मन् ધાતુથી खश् પ્રત્યયનો નિર્દેશ હોવાથી ઉદા.ગત પ્રયોગ કૃદન્ત રૂપે છે. માટે कर्मणि कृतः ૨.૨.૮૬ સૂત્ર દ્વારા કૃદન્તનાં કર્મને ષષ્ઠી વિભક્તિ કરવાની પ્રાપ્તિ છે. પરંતુ આ સૂત્રમાં अम् પ્રત્યયનાં નિર્દેશનાં સામર્થ્યબળથી જ આ સૂત્રનાં વિષયમાં कर्मणि૦૨.૨.૮૬થી ષષ્ઠી વિભક્તિ ન થતાં દ્વિતીયા વિભક્તિ જ થાય છે.

(૩) અહીં કેટલાંક વ્યાકરણકારો श्रियंमन्यं कुलम् વગેરે પ્રયોગનાં વિષયમાં શ્રી શબ્દને પણ કુલમ્નાં સમાનાધિકરણથી નપુંસકપણું સ્વીકારીને આ સૂત્રથી લોપનો નિષેધ હોવા છતાં પણ નપુંસકલિંગનાં કાર્ય સ્વરૂપ क्लीबे ૨.૪.૯૭થી હ્રસ્વત્વ અને अनतो लुप् ૧.૪.૫૯ થી અમ્નો લોપ કરીને श्रिमन्यं कुलम् વગેરે પ્રયોગો સ્વીકારે છે.

વસ્તુતઃ જેમ ધવનાં યોગમાં પ્રષ્ઠ વગેરે શબ્દનું લિંગપરિવર્તન થાય છે. તે જ પ્રમાણે અહીં કુલ સ્વરૂપ વિશેષ્યનાં યોગથી શ્રી શબ્દમાં પણ નપુંસકપણું ગ્રહણ કરવામાં આવ્યું છે. પરંતુ શ્રી શબ્દ આવિષ્ટ[૧]-

૧. વિશેષ્યનાં યોગથી પણ જે પોતાનાં લિંગને બદલે નહીં તે આવિષ્ટલિંગવાળાં શબ્દો કહેવાય છે.

લિંગવાળો હોવાથી ગ્રંથકારશ્રીનાં મતે તેવો પ્રયોગ ન થતાં શ્રિયંમન્યઃ પ્રયોગ જ જાણવો.

જિ. : અહીં સૂત્રમાં માત્ર અમ્ પ્રત્યયનો જ નિર્દેશ કર્યો છે. અને જેમ અમ્ પ્રત્યયનો લોપ પૂર્વસૂત્રથી થાય છે, તેમ નપુંસકલિંગનાં વિષયમાં અનતો૦૧.૪.૫૯થી પણ થાય છે. તો અહીં તે નપુંસકલિંગ વિષયક અમ્નાં લોપનો નિષેધ શા માટે નથી થયો ?

સમા. : સૂત્રમાં ખિત્યુત્તરપદે એ પ્રમાણે ઉત્તરપદનું ગ્રહણ કર્યું છે. તેથી આ સૂત્રનું કાર્ય ઉત્તરપદ પર છતાં જ થાય છે. અને તે ઉત્તરપદ સમાસમાં જ વર્ત્તે છે. માટે અહીં અનંતર પૂર્વસૂત્રમાં નિર્દેશ કરેલાં લોપનો જ નિષેધ થાય છે. પણ અનતો૦૧.૪.૫૯ સૂત્રથી થતાં લોપનો નિષેધ થતો નથી.

असत्त्वे ङसेः ३.२.१०

અ.અ.સૂ. : **असत्त्वे ङसेः उत्तरपदे लुप् न।**

અર્થ : અસત્ત્વમાં કરાયેલ ઙસિ (પં.એ.વ.) પ્રત્યયનો ઉત્તરપદ પર છતાં લોપ થતો નથી.

સ. **असत्त्वे** = न सत्त्वमिति असत्त्वम्, तस्मिन्निति।

ઉદા. (૧) **स्तोकान्मुक्तः** = થોડાથી મુકાયેલો. स्तोकात् मुक्त इति। क्तेनाऽ०૩.૧.૭૪થી **સમાસ** તથા,
પ્રથમોક્તં૦૩.૧.૧૪૮થી સ્તોકનો **પૂર્વનિપાત**→स्तोक+ङसि+मुक्त

ऐकार्थ्ये ૩.૨.૮થી પ્રાપ્ત ङसिનાં લોપનો આ સૂત્રથી **નિષેધ.**

પ્રથમા સિ વગેરે→स्तोकान्मुक्तः।

પ્ર.ઉદા.(૧) **असत्त्व इति किम् ? स्तोकभयम्** = થોડા (પ્રાણી)થી ભય.

स्तोकात् भय इति।

પञ्चमी भयाद्यैः ૩.૧.૭૩થી **સમાસ** તથા,

પ્રથમોક્તં૦૩.૧.૧૪૮થી પંચમ્યન્તનો **પૂર્વનિપાત**→

स्तोक+भय

પ્રથમા સિ વગેરે→स्तोकभयम्।

★ આ સૂત્રની પ્રવૃત્તિ અસત્ત્વમાં કરાયેલ ङસિનાં વિષયમાં થાય છે. જ્યારે અહીં સત્ત્વવાચી શબ્દ હોવાથી અસત્ત્વમાં કરાયેલ ङસિ પ્રત્યય નથી. માટે આ સૂત્રથી લોપનો નિષેધ થયો નહીં.

(૨) **उत्तरपद इत्येव→निःस्तोकः** = થોડામાંથી નીકળેલું.

स्तोकात् निर्गत इति।

પ્રાત્યવ-પરિ૦૩.૧.૪૭થી **સમાસ** તથા,

પ્રથમોક્તં૦૩.૧.૧૪૮થી निर्નો **પૂર્વનિપાત**→निःस्तोक

પ્રથમા સિ વગેરે→निःस्तोकः।

★ આ સૂત્રની પ્રવૃત્તિ ङસિથી પર ઉત્તરપદ હોય તો થાય છે. જ્યારે અહીં ઉત્તરપદ પરમાં નથી. માટે આ સૂત્રથી લોપનો નિષેધ થયો નહીં.

વિશેષતા :

(૧) યદ્યપિ અહીં स्तोकात् मुक्त इति स्तोकान्मुक्तः એ પ્રમાણે સ્વપદ વિગ્રહ વાક્ય અને સમાસ બંને એક સમાન જ

થાય છે. પરંતુ સમાસમાં એકપદપણું પ્રાપ્ત થતાં તદ્ધિત નિમિત્તક આદિ સ્વરની વૃદ્ધિ પૂર્વપદનાં આદિ સ્વરનાં વિષયમાં પ્રાપ્ત થાય છે. જેમકે, સ્તૌકાન્મુક્તિ રિતિ।

(૨) અહીં ધ્યાનમાં લેવું કે, સ્તોકાન્મુક્તસ્ય અપત્યમિતિ સ્તૌકાન્મુક્તિઃ ઈત્યાદિ પ્રયોગમાં તદ્ધિત સંબંધી ઐકાર્થ્ય પણ વર્ત્તે છે. પરંતુ ઙસિ પ્રત્યય સમાસ કાર્યમાં નિમિત્તભૂત છે. પણ તદ્ધિતકાર્યમાં નહીં. અને આ સૂત્ર સમાસ નિમિત્તક ઙસિ પ્રત્યયનાં વિષયમાં પ્રવર્ત્તે છે. તેથી તદ્ધિત નિમિત્તક ઐકાર્થ્યને આશ્રયીને આ સૂત્ર દ્વારા ઙસિ પ્રત્યયનો લોપ થાય નહીં.

ब्राह्मणाच्छंसी ३.२.११

અ.અ.સૂ. : ब्राह्मणाच्छंसी (निपात्यते)।

અર્થ : બ્રાહ્મણાચ્છંસી પ્રયોગમાં ઙસિ પ્રત્યયનાં લોપનો અભાવ નિપાતન કરાય છે.

ઉદા. (૧) **ब्राह्मणाच्छंसिनौ** = બ્રાહ્મણ ગ્રંથમાંથી કહેનાર.
ब्राह्मणात् शंसिनौ इति।
વ્રતા-ઽઽ ૫.૧.૧૫૭થી णिन्→ब्राह्मण+ङसि+शंस्+**इन्**
ङस्युक्तं०૩.૧.૪૯થી **સમાસ** તથા,
प्रथमोक्तं०૩.૧.૧૪૮થી પંચમ્યન્તનો **પૂર્વનિપાત**→
ब्राह्मण+ङसि+शंसिन्
આ સૂત્રથી ઙસિનાં લોપનો અભાવ **નિપાતન.**
પ્રથમા औ વગેરે→ब्राह्मणाच्छंसिनौ।

વિશેષતા :

(૧) અહીં બ્રાહ્મણાચ્છંસિનૌ પ્રયોગમાં બ્રાહ્મણાત્ કમપિ વિષયમાદાય શંસતિ યો સઃ એ પ્રમાણે ઉપાત્ત અપાદાનનાં વિષયમાં પંચમી થઈ હોવાથી બ્રાહ્મણ શબ્દનો અર્થ બ્રાહ્મણ 'જાતિ વિશેષ' ન કરતાં 'ગ્રંથ' એવો કરવો. તેથી વેદાદિ ગ્રંથમાં કહેલાં મંત્રોમાં વિનિયોગ કરનાર અને કર્મનાં સ્વરૂપને જણાવનાર જે બ્રાહ્મણ હોય તે બ્રાહ્મણાચ્છંસી કહેવાય છે.
અને તે બ્રાહ્મણ મંત્રગ્રંથોનાં વિષયમાં 'વેદનામધેય' એ પ્રમાણે પ્રસિદ્ધ છે. તે જણાવવા માટે લઘુવૃત્તિમાં **निपातनाद् ऋत्विग्विशेषादन्यत्र लुबेव-ब्राह्मणशंसिनी स्त्री** પંક્તિ દર્શાવી છે.
અહીં નિપાતન સામર્થ્યથી અન્ય અર્થમાં રહેલ પદમાં ઙસિ પ્રત્યયનો લોપ થાય છે.

ओजो-ऽञ्सः-सहो-ऽम्भस्-तमस्-तपसष्टः ३.२.१२

અ.અ.સૂ. : ओजोऽ-ञ्सः-सहो-ऽम्भस्-तमस्-तपसः टः उत्तरपदे लुब् न।

અર્થ : ઓજસ્, અઞ્જસ્, સહસ્, અમ્ભસ્, તમસ્ અને તપસ્ થી પર રહેલ ટા પ્રત્યયનો ઉત્તરપદ પર છતાં લોપ થતો નથી.

સ. **ओजो-ऽञ्सः-सहो-ऽम्भस्-तमस्-तपसः** = ओजाश्च अञ्जाश्च सहाश्च अम्भाश्च तमाश्च तपाश्चेति ओजो-ऽञ्सः सहो-ऽम्भस्-तमस्-तपस्, तस्मादिति।

ઉદા. (૧) **ओजसाकृतम्** = આંતરિક બળ (તેજ) વડે કરેલું.
ओजसा कृतमिति।
कारकं कृता ૩.૧.૬૮થી **સમાસ** તથા,
प्रथमोक्तं०૩.૧.૧૪૮થી ओजस्નો **पूर्वनिपात**→ओजस्+**टा**+कृत
ऐकार्थ्ये ૩.૨.૮થી પ્રાપ્ત ટાનાં લોપનો આ સૂત્રથી **નિષેધ.**
પ્રથમા સિ વગેરે→ओजसाकृतम्।

(૨) **अञ्जसाकृतम्** = કોમળતાથી કરેલું. अञ्जसा कृतमिति।

(૩) **सहसाकृतम्** = સહનશક્તિથી કરેલું. सहसा कृतमिति।

(૪) **तमसाकृतम्** = અંધકાર વડે કરેલું. तमसा कृतमिति।

(૫) **तपसाकृतम्** = તપ વડે કરેલું. तपसा कृतमिति।

આ ઉદા.ની સાધનિકા પૂર્વપ્રમાણે જાણવી.

પ્ર.ઉદા. **ट इति किम्? ओजोभावः** = તેજપણું.
ओजसो भाव इति।
षष्ठ्ययत्ना०૩.૧.૭૬થી **સમાસ** તથા,
प्रथमोक्तं०૩.૧.૧૪૮થી ओजस्નો **पूर्वनिपात**→
ओजस्+भाव
પ્રથમા સિ વગેરે→ओजोभावः।

★ આ સૂત્રથી વિભક્તિનાં ટા પ્રત્યયનો લોપ થાય છે. જ્યારે અહીં ષષ્ઠીનો ઙસ્ પ્રત્યય છે, માટે અહીં આ સૂત્રથી વિભક્તિનાં લોપનો નિષેધ થયો નહીં.

વિશેષતા :

(૧) આ સૂત્રમાં પૂર્વસૂત્રથી ઉત્તરપદેનો અધિકાર આવતો હોવાથી ઉત્તરપદ પર છતાં સૂત્ર પ્રવૃત્તિ થાય છે.

તેથી અહીં પૂર્વપદ સ્વરૂપ ઓજસ્ વગેરેની સ્યાદિ વિભક્તિનાં લોપનું વિધાન જાણવું. પણ પૂર્વપદ કે મધ્યમપદ સ્વરૂપે હોય તો નહીં. જેમકે, સતત-**नैशतमोवृत**मन्यतः (किरातार्जुनकाव्यम्) એવા પ્રયોગમાં तमसा वृत्तम् એ પ્રમાણે ઉત્તરપદ પર છતાં પણ સતતં नैशेन तमसा वृत्तम् એ પ્રમાણે પૂર્વપદ સાથે સમાસ હોવાથી तमस् શબ્દ પૂર્વપદ રૂપે ન બનતાં મધ્યમ પદ રૂપે થાય છે. તેથી આ સૂત્રની પ્રવૃત્તિ કરવી નહીં.

(૨) કેટલાંક વ્યાકરણકારો तमस्થી પર રહેલાં टાનાં લોપનો નિષેધ ઇચ્છતાં નથી તો અન્ય કેટલાંક વ્યાકરણકારો तपस्થી પર રહેલાં टાનાં લોપનો નિષેધ ઇચ્છતાં નથી.

पुंजनुषोऽनुजा-ऽन्धे ३.२.१३

અ.અ.સૂ. : पुं-जनुषः टः अनुजा-ऽन्धे उत्तरपदे लुब् न।

અર્થ : પુમ્સ્ અને जनुष् સંબંધી टા પ્રત્યયનો अनुज અને अन्ध ઉત્તરપદ પર છતાં લોપ થતો નથી.

સ. (૧) **पुंजनुषः** = पुमांश्च जनुश्चेति पुंजनुः, तस्मादिति।

(૨) **अनुजा-ऽन्धे** = अनुजश्च अन्धश्चेति अनुजा-ऽन्धम्, तस्मिन्निति।

ઉદા. (૧) **पुंसाऽनुजः** = પુરુષ વડે કરેલો નાનો ભાઈ.
पुंसा (करणेन) अनुज इति।
कारकं कृता ૩.૧.૬૮થી **સમાસ** તથા,
प्रथमोक्तं०૩.૧.૧૪૮થી पुम्स्નો **पूर्वनिपात**→पुम्स्+**टा**+अनुज

ऐकार्थ्ये ૩.૨.૮થી પ્રાપ્ત ટાનાં લોપનો આ સૂત્રથી **નિષેધ.**

પ્રથમા સિ વગેરે→पुंसानुजः।

(૨) **जनुषान्धः** = જન્મ વડે અંધ. जनुषा अन्ध इति।
આ ઉદા.ની સાધનિકા પૂર્વપ્રમાણે જાણવી. પરંતુ ऊनार्थ०૩.૧.૬૯થી સમાસ કરવો.

પ્ર.ઉદા. **ट इत्येव→पुमनुजा** = પુરુષની પછી જન્મેલો.
पुमांसमनुजाता इति।
ङस्युक्तं०૩.૧.૪૯થી **સમાસ** તથા,
प्रथमोक्तं०૩.૧.૧૪૮થી पुम्स्નો **पूर्वनिपात**→पुम्स्+अनुजा
पदस्य ૨.૧.૮૯થી स्નો લોપ→पुमनुजा
प्रथमा सि વગેરે→पुमनुजा।

★ આ સૂત્રથી વિભક્તિનાં ટા પ્રત્યયનો લોપ થાય છે. જ્યારે અહીં દ્વિતીયાનો अम् પ્રત્યય છે. માટે આ સૂત્રથી વિભક્તિનાં લોપનો નિષેધ થયો નહીં.

વિશેષતા :

(૧) સૂત્રગત पुंजनुषः અને अनुजा-ऽन्धे એ પ્રમાણે બંને પદ સમાન વચન અને સમાન સંખ્યાવાળાં હોવાથી **यथासङ्ख्यमनुदेशः समानाम् ૧/૧૦** ન્યાયાનુસારે તે બંને વચ્ચે અનુક્રમની પ્રાપ્તિ થાય છે.

(૨) અહીં કેટલાંક વ્યાકરણકારો जनुष् શબ્દનાં સ્થાને जतु શબ્દને સ્વીકારે છે. તેથી તેઓનાં મતે जतुनान्ध એ પ્રમાણે પ્રયોગ થાય છે.

आत्मनः पूरणे ३.२.१४

अ.अ.सू. : आत्मनः टः पूरणे उत्तरपदे लुब् न।

अर्थ : आत्मन् संबंधी टा प्रत्ययनो पूरण प्रत्ययान्त उत्तरपद પર છતાં લોપ થતો નથી.

ઉદા. (૧) **आत्मनाद्वितीयः** = આત્મા વડે કરાયેલો બીજો.
आत्मना द्वितीय इति।
तृतीया तत्०૩.૧.૬૫થી **समास** तथा,
प्रथमोक्तं०૩.૧.૧૪૮થી आत्मन्નો **पूर्वनिपात**→आत्मन्+टा+द्वितीय
ऐकार्थ्ये ૩.૨.૮થી પ્રાપ્ત टાનાં લોપનો આ સૂત્રથી **निषेध.**
પ્રથમા સિ વગેરે→आत्मनाद्वितीयः।

(૨) **आत्मनाषष्ठः** = આત્મા વડે કરાયેલો છઠ્ઠો.
आत्मना षष्ठ इति।
આ ઉદા.ની સાધનિકા પૂર્વપ્રમાણે જાણવી.

વિશેષતા :

(૧) અહીં आत्मना द्वितीय इति आत्मनाद्वितीयः ઇત્યાદિ પ્રયોગની જેમ **जनार्दनस्त्वात्मचतुर्थ एव** એ પ્રમાણે आत्मचतुर्थः વગેરે પ્રયોગ પણ પ્રાપ્ત થાય છે. પરંતુ તેવા પ્રયોગમાં आत्मा चतुर्थोऽस्येति એ પ્રમાણે બહુવ્રીહિ સમાસ થતાં તૃતીયા વિભક્તિનો टા પ્રત્યય ન હોવાથી આ સૂત્રની પ્રવૃત્તિ થતી નથી.

જિ. : અહીં સૂત્રમાં માત્ર પૂરણે પદનું જ ગ્રહણ કર્યું છે. જેનો અર્થ પૂરણ પ્રત્યય એટલો જ થાય છે. યદ્યપિ એ ઉત્તરપદનું વિશેષણ બને છે. તેથી विशेषणमन्तः ૭.૪.૧૧૩ પરિભાષાનુસારે તદન્તવિધિનું ગ્રહણ થાય છે. પરંતુ **संज्ञोत्तरपदाधिकारे प्रत्ययग्रहणे प्रत्ययमात्रस्यैव ग्रहणम्, न तदन्तस्य ૨/૧૭** ન્યાયાનુસારે અહીં પૂરણ પ્રત્યયાન્તનું ગ્રહણ ન થવું જોઈએ તો પણ તદન્તનું ગ્રહણ શી રીતે કર્યું?

સમા. : અહીં પૂરણ શબ્દ અનુવૃત ઉત્તરપદનાં વિશેષણ સ્વરૂપે પ્રયુક્ત થયું છે. પરંતુ પૂરણાર્થક પ્રત્યયો ઉત્તરપદ તરીકે સંભવતાં નથી. તેથી આ સૂત્રનાં વિધાન સામર્થ્યથી જ **संज्ञोत्तरपदाधिकारे૦૨/૧૭** ન્યાયનો બાધ થઈ અહીં તદન્ત વિધિનું ગ્રહણ થાય છે. અન્યથા આ સૂત્ર વ્યર્થ જવાની આપત્તિ આવે.

मनसश्चाऽऽज्ञायिनि ૩.૨.૧૫

અ.અ.સૂ. : **मनसः च (आत्मनः) टः आज्ञायिनि उत्तरपदे लुब् न।**

અર્થ : મનસ્ અને આત્મન્ સંબંધી ટા પ્રત્યયનો આજ્ઞાયિન્ ઉત્તરપદ પર છતાં લોપ થતો નથી.

ઉદા. (૧) **मनसाऽऽज्ञायी** = મન વડે બધું જાણનાર.
मनसा आज्ञातुं शीलमस्येति। [ज्ञांश् अवबोधने-૧૫૪૦]
अजातेः૦૫.૧.૧૦૪થી णिन् વગેરે→**आज्ञायिन्**
ङस्युक्तं૦૩.૧.૪૯થી **સમાસ** તથા,

પ્રથમોક્તં૦૩.૧.૧૪૮થી મનસ્નો **પૂર્વનિપાત**→મનસ્+ટા+આજ્ઞાયિન્

ઐકાર્થ્યે૦૩.૨.૮થી પ્રાપ્ત વિભક્તિનાં લોપનો આ સૂત્રથી **નિષેધ.**

પ્રથમા સિ વગેરે→મનસાઽઽજ્ઞાયી।

(૨) **આત્મનાઽઽજ્ઞાયી** = આત્મા વડે બધું જાણનાર.

આત્મના આજ્ઞાતું શીલમસ્યેતિ।

આ ઉદા.ની સાધનિકા પૂર્વપ્રમાણે જાણવી.

વિશેષતા :

(૧) યદ્યપિ સૂત્રગત મનસ્નાં અધિકારથી પૂર્વસૂત્રથી અનુવૃત્ત આત્મન્નો અધિકાર અટકી જાય છે. પરંતુ સૂત્ર નિર્દિષ્ટ ચકાર દ્વારા **चकारो यस्मात्परस्तत्सजातीयमेव समुच्चिनोति ૨/૬૧** ન્યાયાનુસારે પૂર્વસૂત્રગત સજાતીય આત્મન્નો અધિકાર ગ્રહણ કરેલ છે.

તેમજ, **चानुकृष्टं नाऽनुवर्त्तते ૨/૬૨** ન્યાયાનુસારે તે અધિકાર ઉત્તરસૂત્રમાં જશે નહીં.

(૨) અહીં કેટલાંક વ્યાકરણકારો આત્મન્ શબ્દથી પર આ સૂત્રની પ્રવૃત્તિ ઈચ્છતાં નથી. તેથી તેઓનાં મતે આત્માજ્ઞાયી પ્રયોગ જ સિદ્ધ થાય છે.

જિ. : આ સૂત્રથી ટા પ્રત્યયનાં લોપનો નિષેધ થતાં મનસાજ્ઞાયી આવું રૂપ થાય છે. અને ટા પ્રત્યયનો લોપ કરીએ તો પણ સ્વર-વ્યંજન પાસે-પાસે આવતાં મનસાજ્ઞાયી આવું જ રૂપ થાય. તો આ સૂત્રનાં કાર્યનું પ્રયોજન શું છે?

સમા. : જો આ સૂત્ર દ્વારા લોપનો નિષેધ ન કરવામાં આવે તો **प्रत्ययलोपेऽपि प्रत्ययलक्षणं कार्यं विज्ञायते ३/९** ન્યાયાનુસારે મનસ્ને પદસંજ્ઞા થવાથી અનુક્રમે સો રુઃ ૨.૧.૭૨, રોર્યઃ ૧.૩.૨૬ અને સ્વરે વા ૧.૩.૨૪ સૂત્ર લાગીને મનસાજ્ઞાયી આવા પ્રયોગ થવાની આપત્તિ આવે. તેનું વારણ કરવા માટે આ સૂત્રનો નિર્દેશ છે.

नाम्नि ३.२.१६

અ.અ.સૂ. : मनसः टः नाम्नि उत्तरपदे लुब् न।

અર્થ : મનસ્ સંબંધી ટા પ્રત્યયનો સંજ્ઞાનાં વિષયમાં ઉત્તરપદ પર છતાં લોપ થતો નથી.

ઉદા. **मनसादेवी** = નામ વિશેષ. મનસા દેવીતિ।
કારકં કૃતા ૩.૧.૬૮થી **સમાસ** તથા,
પ્રથમોક્તં૦૩.૧.૧૪૮થી મનસ્નો **પૂર્વનિપાત**→મનસ્+ટા+દેવી
ઐકાર્થ્યે ૩.૨.૮થી પ્રાપ્ત વિભક્તિનાં લોપનો આ સૂત્રથી **નિષેધ.**
પ્રથમા સિ વગેરે→મનસાદેવી।

પ્ર.ઉદા. **नाम्नीति किम्? मनोदत्ता कन्या** = મન વડે અપાયેલી કન્યા. મનસા દત્તા ઇતિ।
આ ઉદા.ની સાધનિકા પૂર્વપ્રમાણે જાણવી. પરંતુ ઐકાર્થ્યે ૩.૨.૮થી વિભક્તિનો લોપ કરવો.

★ આ સૂત્રની પ્રવૃત્તિ સંજ્ઞાનાં વિષયમાં થાય છે. જ્યારે અહીં સંજ્ઞાનો વિષય જણાતો નથી. માટે આ સૂત્રથી ટાનાં લોપનો નિષેધ થયો નહીં.

परा-ऽऽत्मभ्यां ङेः ३.२.१७

અ.અ.સૂ. : परा-ऽऽत्मभ्यां ङेः नाम्नि उत्तरपदे लुब् न।

અર્થ : પર અને આત્મન્ સંબંધી ङे પ્રત્યયનો સંજ્ઞાનાં વિષયમાં ઉત્તરપદ પર છતાં લોપ થતો નથી.

સ. **परा-ऽऽत्मभ्याम्** = परश्च आत्मा चेति परा-ऽऽत्मानौ, ताभ्यामिति।

ઉદા. (૧) **परस्मैपदम्** = ધાતુની સંજ્ઞા. परस्मै पदमिति।
हितादिभिः ૩.૧.૭૧થી **સમાસ** તથા,
प्रथमोक्तं०૩.૧.૧૪૮થી **पूर्वनिपात**→पर+ङे+पद
ऐकार्थ्ये०૩.૨.૮થી પ્રાપ્ત વિભક્તિનાં લોપનો આ સૂત્રથી **નિષેધ.**
પ્રથમા सि વગેરે→परस्मैपदम्।

(૨) **आत्मनेपदम्** = ધાતુની સંજ્ઞા. आत्मने पदमिति।
આ ઉદા.ની સાધનિકા પૂર્વપ્રમાણે જાણવી.

વિશેષતા :

(૧) આ સૂત્રમાં नाम्नि એ પ્રમાણે સંજ્ઞાનો અધિકાર આવે છે. તે અનાદિકાલીન સંજ્ઞાનાં વિષય રૂપે જાણવું. તેથી પરહિત વગેરે કોઈ વ્યક્તિ વિશેષનું નામ હોય તો આ સૂત્ર દ્વારા તેનો બાધ થતો નથી.

अद्व्यञ्जनात् सप्तम्या बहुलम् ३.२.१८

અ.અ.સૂ. : अद्व्यञ्जनात् सप्तम्याः उत्तरपदे नाम्नि बहुलं लुब् न।

અર્થ : અકારાન્ત અને વ્યંજનાન્ત નામથી પર રહેલી સપ્તમી વિભક્તિનો ઉત્તરપદ પર છતાં સંજ્ઞાનાં વિષયમાં બહુલતાએ લોપ થતો નથી.

સ. **अद्व्यञ्जनात्** = अच्च व्यञ्जनं चेति अद्व्यञ्जनम्, तस्मादिति।

ઉદા. (૧) **अरण्येतिलकाः** = સંજ્ઞા વિશેષ. अरण्ये तिलका इति।
नाम्नि ૩.૧.૯૪થી **સમાસ** તથા,
प्रथमोक्तं०૩.૧.૧૪૮થી अरण्यनो **पूर्वनिपात**→अरण्य+ङि+तिलका
ऐकार्थ्ये०૩.૨.૮થી પ્રાપ્ત વિભક્તિનાં લોપનો આ સૂત્રથી **નિષેધ.**
પ્રથમા जस् વગેરે→अरण्येतिलकाः।

(૨) **युधिष्ठिरः** = પાંડવોનાં મોટા ભાઈ. युधि स्थिर इति। આ ઉદા.ની સાધનિકા પૂર્વપ્રમાણે જાણવી. પરંતુ गवि-युधेः ૨.૩.૨૫થી સ્થિરનાં સ્નો ષ્ કરવો.

પ્ર.ઉદા.(૧) **अद्व्यञ्जनादिति किम्? भूमिपाशः** = સંજ્ઞા વિશેષ. भूमौ पाश इति। આ ઉદા.ની સાધનિકા પૂર્વપ્રમાણે જાણવી. પરંતુ આ સૂત્રની પ્રવૃત્તિ કરવી નહીં.

★ આ સૂત્રની પ્રવૃત્તિ પૂર્વપદ અકારાન્ત કે વ્યંજનાન્ત નામ હોય તો જ થાય છે. જ્યારે અહીં ઇકારાન્ત

પૂર્વપદ હોવાથી આ સૂત્રથી સપ્તમી વિભક્તિનાં લોપનો નિષેધ થયો નહીં.

(૨) **नाम्नीत्येव→तीर्थकाकः** = તીર્થમાં કાગડાં જેવો.
तीर्थे काक इव इति।
काकाद्यैः૦૩.૧.૯૦થી **સમાસ** તથા,
प्रथमोक्तं૦૩.૧.૧૪૮થી તીર્થનો **પૂર્વનિપાત**→तीर्थ+काक
પ્રથમા સિ વગેરે→तीर्थकाकः।

★ આ સૂત્રની પ્રવૃત્તિ સંજ્ઞાનાં વિષયમાં થાય છે. જ્યારે અહીં સંજ્ઞાનો વિષય નથી. માટે આ સૂત્રથી વિભક્તિનાં લોપનો નિષેધ થયો નહીં.

વિશેષતા :

(૧) સૂત્રમાં बहुलम्નો નિર્દેશ હોવાથી ક્યાંક આ સૂત્રની પ્રવૃત્તિ વિકલ્પે થાય છે. त्वचिसारः, त्वक्सारः અને ક્યાંક આ સૂત્રની પ્રવૃત્તિ ન થતાં નિત્ય લોપ થાય છે. जलकुक्कुटः।

(૨) અહીં ધ્યાનમાં લેવું કે, સૂત્રમાં अद्व्यञ्जनात् એ પ્રમાણે સમાહાર સમાસનો નિર્દેશ હોવાથી આ આખું પદ એક જ વિશેષ્યનું વિશેષણ બનવું જોઈએ, પરંતુ એક જ પદમાં અકારાન્તપણું અને વ્યંજનાન્તપણું બંને એકી સાથે સંભવતાં ન હોવાથી ભિન્ન-ભિન્ન પદોને વિશે તેનું વિશેષણપણું જાણવું.

જિ. : અહીં અકારાન્ત અને વ્યંજનાન્ત નામથી પર સપ્તમીનાં લોપનો નિર્દેશ છે. અને गो શબ્દનો તેમાં સમાવેશ થતો નથી. તો गविष्ठिरः પ્રયોગ કેવી રીતે સિદ્ધ થાય?

સમા. : બિદાદે૦૬.૧.૪૧ સૂત્રનિર્દિષ્ટ બિદાદિ ગણપાઠમાં गविष्ठिरः પ્રયોગનો નિર્દેશ કરેલો છે તથા गवि-युधेः૦ ૨.૩.૨૫ સૂત્રમાં गवि એ પ્રમાણે નિર્દેશ કરેલો હોવાથી गविष्ठिरः પ્રયોગમાં આ સૂત્રની પ્રવૃત્તિ જાણવી.

યદ્યપિ અહીં गो શબ્દનાં ઓનો अव् આદેશ અંતરંગ કાર્ય છે. અને વિભક્તિનો લોપ બહિરંગ કાર્ય છે. તેથી **अन्तरङ्गं बहिरङ्गात् ૧/૪૨** ન્યાયાનુસારે કાર્યની સિદ્ધિ થતાં બિદાદિ ગણપાઠનો અને गवि-युधे૦ ૨.૩.૨૫ સૂત્રનો અહીં નિર્દેશ કરવાની આવશ્યકતા નથી. પરંતુ **अन्तरङ्गानपि विधीन् बहिरङ्गा लुब् बाधन्ते ૨/૨૨** ન્યાયાનુસારે લોપવિધિની પ્રબળતા હોવાથી અંતરંગ કાર્ય એવા अव् આદેશની પૂર્વે જ વિભક્તિનો લોપ થતાં अव् આદેશની પ્રાપ્તિ રહેતી નથી. અને તેથી વ્યંજનાન્તપણું ઘટતું નથી. માટે આ સૂત્રની પ્રવૃત્તિ થઈ શકે નહીં.

અન્યથા नदी+ङि અવસ્થામાં પણ ङિનો आम् અને અન્ત્યનો य् આદેશ થતાં नदी શબ્દમાં પણ વ્યંજનાન્તપણાંની પ્રાપ્તિ થાય છે. અને ત્યાં પણ આ સૂત્ર પ્રવૃત્તિ થવાની આપત્તિ આવે. તેથી, ઉપરોક્ત કથનાનુસારે બિદાદિ ગણપાઠનો તથા गवि-युधेः૦ ૨.૩.૨૫ સૂત્રનો આશ્રય લીધો છે.

प्राक्कारस्य व्यञ्जने ३.२.१९

અ.અ.સૂ. : प्राक्कारस्य नाम्नि अद्व्यञ्जनात् सप्तम्याः व्यञ्जने उत्तरपदे लुब् न।

અર્થ : રાજ્ય વડે પ્રાપ્ત કરવા યોગ્ય રક્ષણ માટેનો વેરો એટલે કાર પ્રાચ્ય દેશ સંબંધી કારની સંજ્ઞા જણાતે છતે અકારાન્ત અને વ્યંજનાન્ત નામથી પર રહેલ સપ્તમી વિભક્તિનો વ્યંજનાદિ ઉત્તરપદ પર છતાં લોપ થતો નથી.

સ. **प्राक्कारस्य** = प्राचां कार इति प्राक्कारः, तस्येति।

ઉદા. (૧) **मुकुटेकार्षापणः** = મુગટ દીઠ સોનામહોર આપવાનો કરવિશેષ. मुकुटे कार्षापण इति।
આ ઉદા.ની સાધનિકા પૂર્વપ્રમાણે જાણવી. પરંતુ સપ્તમીનાં લોપનો નિષેધ આ સૂત્રથી કરવો.

(૨) **समिधिमाषकः** = લાકડાંનાં ભાર દીઠ એક માષ સોનામહોર આપવાનો કર વિશેષ. समिधि माषक इति।

પ્ર.ઉદા.(૧) **प्रागिति किम्? यूथपशुः उदीचामयं न प्राचाम्** = પશુનાં એક સમૂહદીઠ એક પશુ આપવાનો ઉત્તરદેશનો કર વિશેષ.
આ ઉદા.ની સાધનિકા પૂર્વપ્રમાણે જાણવી. પરંતુ આ સૂત્રથી વિભક્તિનાં લોપનો નિષેધ કરવો નહીં.

★ આ સૂત્રની પ્રવૃત્તિ પ્રાચ્યદેશ સંબંધી કારની સંજ્ઞા હોય તો થાય છે. જ્યારે અહીં ઉત્તરદેશ સંબંધી કારની સંજ્ઞા છે માટે આ સૂત્રથી વિભક્તિનાં લોપનો નિષેધ નહીં થાય.

(૨) **कार इति किम् ? अभ्यर्हितपशुः** = પૂજન માટે અપાતો પશુ. अभ्यर्हिते पशु इति।
આ ઉદા.ની સાધનિકા પૂર્વપ્રમાણે જાણવી.

★ આ સૂત્રની પ્રવૃત્તિ कारની संज्ञानां વિષયમાં થાય છે. જ્યારે અહીં कारની संज्ञा નથી. માટે આ સૂત્રથી વિભક્તિનાં લોપનો નિષેધ થયો નહીં.

(૩) **व्यञ्जन इति किम् ? अविकटोरणः** = ઘેટાનાં સમૂહ દીઠ એક ઘેંટો આપવાનો કર વિશેષ.
अविकटे ऊरण इति।
આ ઉદા.ની સાધનિકા પૂર્વપ્રમાણે જાણવી.

★ આ સૂત્રની પ્રવૃત્તિ વ્યંજનાદિ ઉત્તરપદ પર છતાં થાય છે. જ્યારે અહીં સ્વરાદિ ઉત્તરપદ છે. માટે આ સૂત્રથી વિભક્તિનાં લોપનો નિષેધ થયો નહીં.

વિશેષતા :

જિ. : અકારાન્ત અને વ્યંજનાન્ત નામથી પર રહેલ સપ્તમી વિભક્તિનો अलुप् પૂર્વસૂત્રથી સિદ્ધ જ હતો, તો આ સૂત્રનો નિર્દેશ શા માટે કર્યો ?

સમા. : અહીં **सिद्धे सत्यारम्भो नियमार्थः ૧/૨૫** ન્યાયની પ્રવૃત્તિ થઈ છે. તેથી ત્રણ પ્રકારે નિયમ થયાં છે.

(૧) પ્રાચ્ય દેશ સંબંધી જ कारની संज्ञानां વિષયમાં આ સૂત્રની પ્રવૃત્તિ કરવી. અન્યથા નહીં.

(૨) પ્રાચ્ય દેશ સંબંધી कारની જ संज्ञानां વિષયમાં આ સૂત્રની પ્રવૃત્તિ કરવી. અન્યથા નહીં.

(૩) પ્રાચ્ય દેશ સંબંધી કારની સંજ્ઞાનાં વિષયમાં વ્યંજનાદિ ઉત્તરપદ પર છતાં જ આ સૂત્રની પ્રવૃત્તિ કરવી. અન્યથા નહીં.

તેથી, સંજ્ઞાનાં વિષયમાં અન્યદેશ સંબંધી કારનો વિષય હોય અથવા પ્રાચ્ય દેશ સંબંધી કાર સિવાય અન્યનો વિષય હોય અથવા વ્યંજનાદિ ઉત્તરપદ પરમાં ન હોય તો પૂર્વસૂત્રથી પણ વિભક્તિનો અલુપ્ થશે નહીં. જે પ્ર.ઉદા. દ્વારા પણ જણાય છે.

तत्पुरुषे कृति ३.२.२०

અ.અ.સૂ. : अद्-व्यञ्जनात् सप्तम्याः कृति उत्तरपदे तत्पुरुषे लुब् न।

અર્થ : અકારાન્ત અને વ્યંજનાન્ત નામથી પર રહેલ સપ્તમી વિભક્તિનું કૃદંત એવું ઉત્તરપદ પર છતાં તત્પુરુષ સમાસમાં લોપ થતો નથી.

ઉદા. (૧) स्तम्बेरमः = હાથી. स्तम्बे रम इति।
शोकापनुद०५.१.१४૩થી क વગેરે→रमः
સપ્તમી शौण्डा०૩.१.८८થી **સમાસ** તથા,
प्रथमोक्तं०૩.१.१४८થી સ્તમ્બનો **પૂર્વનિપાત**→स्तम्ब+ ङि+रम
ऐकार्थ्ये०૩.२.८થી પ્રાપ્ત વિભક્તિનાં લોપનો આ સૂત્રથી **નિષેધ.**
પ્રથમા सि વગેરે→स्तम्बेरमः।

(૨) **भस्मनिहुतम्** = રાખમાં હોમ્યા જેવું. भस्मनि हुतमिव इति। આ ઉદા.ની સાધનિકા પૂર્વપ્રમાણે જાણવી. પરંતુ क्त-

क्तवतू ५.१.१७४थी क्त अने क्तेन ३.१.९२ सूत्रथी समास करवो.

प्र.उदा.(१) **तत्पुरुष इति किम्? धन्वकारकः** = धन्वन देशमां करनारां छे जेनां ते.
धन्वनि कारका यस्य स इति।
उष्ट्रमुखा०३.१.२३थी बहुव्रीहि **समास** तथा,
विशेषण०३.१.१५०थी विशेषणनो **पूर्वनिपात**→
धन्वन्+कारक
नाम्नो नो०२.१.९१थी न्नो लोप→धन्वकारक
प्रथमा सि वगेरे→धन्वकारकः।

★ आ सूत्रनी प्रवृत्ति तत्पुरुष समासमां ज थाय छे. ज्यारे अहीं बहुव्रीहि समास छे माटे आ सूत्रथी विभक्तिनां लोपनो निषेध थयो नहीं.

(२) **अद्व्यञ्जनादित्येव→कुरुचरः** = कुरु देशमां फरनार.
कुरुषु चर इति।
आ उदा.नी साधनिका पूर्वप्रमाणे जाणवी.

★ आ सूत्रनी प्रवृत्ति अकारान्त अने व्यंजनान्त नामथी थाय छे. ज्यारे अहीं उकारान्त नाम होवाथी आ सूत्रथी विभक्तिनां लोपनो निषेध थयो नहीं.

विशेषता :

(१) अहीं तत्पुरुषेनुं ग्रहण करवाथी अने पृथक् सूत्रनां निर्देशथी पूर्वसूत्रथी अनुवृत्त नाम्निनो अधिकार अटकी गयो.

(૨) અહીં अद्व्यञ्जनात्०૩.૨.૧૮ સૂત્રમાંથી बहुलम्નો અધિકાર અનુવૃત્ત હોવાથી આ સૂત્રની પ્રવૃત્તિ ક્યારેક વિકલ્પે થાય છે. જેમકે, खेचरः/खचरः, वनेचरः/वनचरः, पङ्केरुहम्/पङ्करुहम्, सरसिरुहम्/सरोरुहम्, दिविषत्/द्युसत् ક્યારેક પ્રાપ્તિ હોવા છતાં પણ સૂત્ર પ્રવૃત્તિ થતી નથી. જેમકે, मद्रचरः, ग्रामकारकः ક્યારેક અન્યથી પણ થાય છે. જેમકે, गोषुचरः તથા, ક્યારેક અન્ય જ પ્રક્રિયા થાય છે. જેમકે, हृदयं स्पृशतीति हृदिस्पृक् અહીં આ સૂત્રની પ્રવૃત્તિનાં સામર્થ્યથી જ દ્વિતીયાનાં અર્થમાં સપ્તમી વિભક્તિ થઈ છે. અને તેથી હૃદયનો હૃદ્ આદેશ થયો છે.

જિ. : ઉત્તમકારકે ઇત્યાદિ સમાસમાં ઉત્તમે કારકે એ પ્રમાણે વિગ્રહવાક્યમાં સપ્તમી વિભક્તિનો જ નિર્દેશ કરેલો છે. તો ત્યાં આ સૂત્ર દ્વારા વિભક્તિનાં લોપનો નિષેધ શા માટે થયો નહીં?

સમા. : વસ્તુતઃ સમાનાધિકરણ કર્મધારય તત્પુરુષ સમાસનો વિગ્રહ બે પ્રકારે થાય છે.

(૧) परमश्चासौ कारकश्चेति परमकारकः, तस्मिन्निति એ પ્રમાણે પ્રથમાન્ત વિભક્તિ વિગ્રહ.

(૨) परमे कारके इति परमकारके એ પ્રમાણે પરિનિષ્ઠિત વિભક્તિ વિગ્રહ. ત્યાં પ્રથમ પક્ષે સમાધાન આ પ્રમાણે છે : કોઈપણ કાર્યમાં પ્રથમા વિભક્તિ પ્રથમ ઉપસ્થિત થતી હોવાથી પ્રથમા વિભક્તિ અંતરંગ વિભક્તિ છે. તેથી વિગ્રહ વાક્ય પણ પ્રથમા વિભક્તિમાં જ ઉપસ્થિત

થાય છે. અને ત્યારબાદ સપ્તમી વિભક્તિનો નિર્દેશ કરાય છે. આમ, સપ્તમી વિભક્તિની ઉપસ્થિતિ જ ન હોવાથી આ સૂત્રની પ્રવૃત્તિ થતી નથી. અને ઐકાર્થ્યે ૩.૨.૮ દ્વારા પ્રથમાનો લોપ થાય છે.

તથા, દ્વિતીય પક્ષે સમાધાન આ પ્રમાણે છે : સૂત્રગત કૃતિ પદ દ્વારા લોપનાં વિષયનું નિમિત્ત જણાવ્યું છે. તેથી પ્રત્યાસત્તિ ભાવ દ્વારા સપ્તમી વિભક્તિ પણ લોપનાં નિમિત્તવાળી જાણવી. અને કૃદન્ત નિમિત્તક સપ્તમી વિભક્તિનાં લોપનો આ સૂત્ર દ્વારા નિષેધ કરવામાં આવે છે. અર્થાત્ જ્યારે ઉત્તમે કારકે વગેરે ઉદા.માં તિષ્ઠતિ આદિ ક્રિયાપદ જણાતાં વિગ્રહ નિર્દિષ્ટ સપ્તમી વિભક્તિ તિષ્ઠતિ વગેરે ક્રિયાપદ નિમિત્તક છે, પણ કૃદંત નિમિત્તક નહીં તેથી ઉપરોક્ત શરત ન ઘટતાં આ સૂત્રની પ્રવૃત્તિ થતી નથી. અને વિભક્તિનો લોપ થાય છે.

मध्या-ऽन्ताद् गुरौ ३.२.२१

અ.અ.સૂ. : मध्या-ऽन्ताद् सप्तम्याः गुरौ उत्तरपदे लुब् न।

અર્થ : મધ્ય અને અન્ત પદથી પર રહેલ સપ્તમી વિભક્તિનો ગુરુ ઉત્તરપદ પર છતાં લોપ થતો નથી.

સ. **मध्याऽन्तात्** = मध्यश्च अन्तश्चेति मध्या-ऽन्तम्, तस्मिन्निति।

ઉદા. (૧) **मध्येगुरुः** = મધ્યમાં ગુરુ (અક્ષર). मध्ये गुरुरिति અથવા મધ્યમાં ગુરુ અક્ષરવાળો (છંદ) मध्ये गुरुः यस्य स इति।

सप्तमी०૩.૧.૮૮થી/उष्ट्रमुखा०૩.૧.૨૩થી **समास.**
प्रथमोक्तं०૩.૧.૧૪૮થી મધ્યેનો **पूर्वनिपात**→मध्य+ङि+गुरु
ऐकार्थ्ये०૩.૨.૮થી પ્રાપ્ત વિભક્તિનાં લોપનો આ સૂત્રથી **निषेध.**
પ્રથમા સિ વગેરે→मध्येगुरुः।

(૨) **अन्तेगुरुः** = અન્તે ગુરુ (અક્ષર)/અન્તે ગુરુ અક્ષરવાળો (છંદ). अन्ते गुरुरिति/अन्ते गुरुर्यस्य स इति।
આ ઉદા.ની સાધનિકા પૂર્વપ્રમાણે જાણવી.

વિશેષતા :

(૧) અહીં સૂત્રમાં गुरौ એ પ્રમાણે નિર્દેશ હોવાથી પૂર્વસૂત્રથી આવતાં कृतिनां અધિકારનો નિષેધ થાય છે. તથા, આ સૂત્રનો પૂર્વસૂત્રથી પૃથક્ નિર્દેશ કર્યો હોવાથી તત્પુરુષેનો અધિકાર પણ અટકી જાય છે. તેથી આ સૂત્રની પ્રવૃત્તિ સમાસ સામાન્યમાં થાય છે. માટે मध्ये गुरुर्यस्य स इति मध्येगुरुः એ પ્રમાણે બહુવ્રીહિ સમાસમાં પણ લોપનો નિષેધ થઈ જાય છે. અને मध्ये गुरुः इति मध्येगुरुः એ પ્રમાણે તત્પુરુષ સમાસમાં પણ આ સૂત્રની પ્રવૃત્તિ થાય છે.

(૨) यद्यपि સમાસ પ્રકરણનાં સૂત્રોમાં મધ્ય અને અન્ત નામનો ગુરુ નામની સાથે સપ્તમી તત્પુરુષ સમાસ કરવાનું સૂત્ર જણાતું નથી. તથા सप्तमी०૩.૧.૮૮ સૂત્ર અંતર્ગત शौण्डादि ગણમાં પણ ગુરુ શબ્દનો નિર્દેશ

કર્યો નથી. પરંતુ આ સૂત્રનાં નિર્દેશ દ્વારા તત્રનિર્દિષ્ટ આકૃતિગણ વડે સમાસની સિદ્ધિ જાણવી.

(૩) અહીં પાણિની વ્યાકરણકારો વિકલ્પનો નિર્દેશ કરે છે. જ્યારે કેટલાંક અન્ય વ્યાકરણકારોનાં મતે બહુલમ્નાં અધિકારથી આ સૂત્રપ્રવૃત્તિ વિકલ્પે થાય છે. તેથી मध्यगुरुः, मध्येगुरुः એવા બંને પ્રયોગો સિદ્ધ થાય છે.

(૪) અહીં પૂર્વસૂત્રથી 'अद्व्यञ्जनात्'નો અધિકાર આવી રહ્યો છે. અને પરસૂત્રમાં પણ તેનું ગ્રહણ છે. પરંતુ મધ્ય અને અન્ત પદ અકારાન્ત જ હોવાથી તે તેને અવ્યભિચારી છે. અને તેઓમાં વ્યંજનાન્તપણું સંભવતું જ નથી. તેથી **संभवे व्यभिचारे च विशेषणमर्थवत्** ૨/૫૭ ન્યાયાનુસારે સૂત્રાર્થમાં 'अद्व्यञ्जनात्' પદની અનુવૃત્તિ ગ્રહણ કરી નથી.

अमूर्द्ध-मस्तकात्-स्वाङ्गादकामे ३.२.२२

અ.અ.સૂ. : अमूर्द्ध-मस्तकात् अद्व्यञ्जनात् स्वाङ्गात् सप्तम्याः अकामे उत्तरपदे लुब् न।

અર્થ : મૂર્દ્ધન્ અને મસ્તક સિવાયનાં અકારાન્ત અને વ્યંજનાન્ત સ્વાંગવાચી નામથી પર રહેલ સપ્તમી વિભક્તિનો કામ સિવાયનો ઉત્તરપદ પર છતાં લોપ થતો નથી.

સ. **अमूर्द्ध-मस्तकात्** = मूर्द्धा च मस्तकं चेति मूर्द्धमस्तकम्, न मूर्द्धमस्तकम् इति अमूर्द्ध-मस्तकम्, तस्मादिति।

ઉદા. (૧) **कण्ठेकालः** = કંઠમાં વિષ છે જેને તે.
कण्ठे कालो यस्य स इति।

उष्ट्रमुखा०૩.૧.૨૩થી **समास** तथा,
विशेषण०૩.૧.૧૫૦થી कण्ठनो **पूर्वनिपात**→कण्ठ+ङि+काल
प्रथमा सि वगेरे→कण्ठेकालः।

प्र.ઉદા.(૧) अमूर्द्धमस्तकादिति किम् ?

(a) **मूर्द्धशिखः** = મસ્તકે છે શિખા જેને એવો તે.
मूर्ध्नि शिखा यस्य स इति।
આ ઉદા.ની સાધનિકા પૂર્વપ્રમાણે જાણવી.

(b) **मस्तकशिखः** = મસ્તકે શિખાવાળો.
मस्तके शिखा यस्य स इति।

★ આ સૂત્રમાં मूर्धन् અને मस्तक શબ્દનું વર્જન હોવાથી અહીં તેનાથી પર રહેલ સપ્તમી વિભક્તિનાં લોપનો નિષેધ થતો નથી.

(૨) **अकाम इति किम् ? मुखकामः** = મુખમાં છે ઇચ્છા જેને તે. मुखे कामो यस्य स इति।
આ ઉદા.ની સાધનિકા પૂર્વપ્રમાણે જાણવી.

★ આ સૂત્રમાં ઉત્તરપદ તરીકે कामનું વર્જન હોવાથી અહીં આ સૂત્રથી સપ્તમી વિભક્તિનાં લોપનો નિષેધ થયો નથી.

વિશેષતા :

(૧) સૂત્રમાં बहुलम्નો અધિકાર હોવાથી करकमलम्, गलरोगः, गलव्रणः વગેરે પ્રયોગો સિદ્ધ થાય છે.

यद्यपि करस्थं कमलम् इति करकमलम् ઇત્યાદિ વિગ્રહ દ્વારા આ સમાસો शाकपार्थिवः વગેરેની જેમ મધ્યમપદ લોપી તત્પુરુષ સમાસ તરીકે સિદ્ધ થઈ શકે છે. પરંતુ करे कमलम् ઇત્યાદિ રૂપે જ્યારે સપ્તમી વિભક્તિનો આશ્રય લેવામાં આવે ત્યારે પણ આ સૂત્રની પ્રવૃત્તિ ન થાય તે માટે અહીં બહુલમ્નો આશ્રય લીધેલ છે.

(૨) **સ્વાંગનું લક્ષણ :**

अविकारोऽद्रवं मूर्त्तं, प्राणिस्थं स्वाङ्गमुच्यते ।
च्युतं च प्राणिनस्तद्, तन्निभं च प्रतिमादिषु ॥

જે વિકાર રૂપે ન હોય, દ્રવરૂપે ન હોય, મૂર્ત્ત હોય અને પ્રાણીમાં રહેલું હોય તે સ્વાંગ કહેવાય છે. તે પ્રાણીમાંથી છૂટું પડેલું હોય અથવા તેની સમાન પ્રતિમા વગેરેમાં હોય તો પણ સ્વાંગ કહેવાય છે.

જિ. : અહીં સૂત્રગત મૂર્ધન્ અને મસ્તક શબ્દ સમાનાર્થવાળાં છે. તો સમાનામર્થે૦૩.૧.૧૧૮ સૂત્રથી એકશેષ ન કરતાં દ્વન્દ્વ સમાસનો શા માટે નિર્દેશ કર્યો?

સમા. : વસ્તુતઃ અહીં મૂર્ધન્ અને મસ્તક પદ 'મસ્તક' અર્થપરક ગ્રહણ કરવો નહીં પરંતુ મૂર્ધન્ અને મસ્તક એ પ્રમાણે પદ શબ્દોને જણાવનારાં શબ્દ સ્વરૂપનાં બોધક ગ્રહણ કરવાં. તેથી મૂર્ધન્ પદનો અર્થ 'મૂર્ધન્ શબ્દ' અને 'મસ્તક પદનો અર્થ 'મસ્તક શબ્દ' એ પ્રમાણે ભિન્ન અર્થ થાય છે. માટે સમાનામર્થે૦૩.૧.૧૧૮ સૂત્રની પ્રવૃત્તિ થવાનો અવકાશ નથી.

बन्धे घञि नवा ३.२.२३

અ.અ.સૂ. : अद्व्यञ्जनात् सप्तम्याः घञि बन्धे उत्तरपदे लुब् नवा न।

અર્થ : અકારાન્ત અને વ્યંજનાન્ત નામથી પર રહેલ સપ્તમી વિભક્તિનો घञ् પ્રત્યયાન્ત બન્ધ ઉત્તરપદ પર છતાં વિકલ્પે લોપ થતો નથી.

ઉદા. (૧) **हस्तेबन्धः/हस्तबन्धः** = હાથમાં બંધન છે જેને તે.
हस्ते बन्धो यस्य स इति।

(૨) **चक्रेबन्धः/चक्रबन्धः** = ચક્રમાં બંધન છે જેને તે.
चक्रे बन्धो यस्य स इति।
આ ઉદા.ની સાધનિકા પૂર્વપ્રમાણે જાણવી. પરંતુ વિભક્તિનો अलुप् આ સૂત્રથી વિકલ્પે કરવો.

પ્ર.ઉદા. **घञिति किम्? अजन्ते-हस्तबन्धः** = હાથમાં બાંધનાર.
हस्ते बन्ध इति।
सप्तमी०૩.૧.૮૮થી **समास** તથા,
प्रथमोक्तं०૩.૧.૧૪૮થી હસ્તનો **पूर्वनिपात**→हस्त+बन्ध
प्रथमा सि વગેરે→हस्तबन्धः।

★ આ સૂત્રની પ્રવૃત્તિ घञ् પ્રત્યયાન્ત બન્ધ શબ્દ પર છતાં થાય છે. જ્યારે અહીં अच् પ્રત્યયાન્ત બન્ધ શબ્દ હોવાથી આ સૂત્રથી વિભક્તિનાં લોપનો નિષેધ થયો નહીં.

વિશેષતા :

(૧) અહીં સ્વાંગવાચી અને અસ્વાંગવાચીનો નિર્દેશ નહીં હોવાથી કોઈપણ પદથી પર ઘञ્ પ્રત્યયાન્ત બન્ધ ઉત્તરપદમાં હોતે છતે સપ્તમી વિભક્તિનો લોપ વિકલ્પે થાય છે.

(૨) અહીં ધ્યાનમાં લેવું કે, चक्रबन्धः, हस्तबन्धः ઈત્યાદિ સમાસમાં અનુક્રમે तत्पुरुषे कृति ૩.૨.૨૦ અને अमूर्ध० ૩.૨.૨૨ સૂત્ર દ્વારા લોપનો નિત્ય નિષેધ થવાની પ્રાપ્તિ છે. પરંતુ પ્રસ્તુત સૂત્રમાં ઘञ્ પ્રત્યયાન્ત બન્ધ શબ્દ પર છતાં વિભક્તિનાં લોપનો વિકલ્પે નિર્દેશ હોવાથી ઘञન્ત સિવાયનાં બન્ધ શબ્દ પરમાં હોય તો આ સૂત્રની પ્રવૃત્તિનો નિષેધ થાય છે. અને એ નિષેધનાં બળથી અન્ય તત્પુરુષ०૩.૨.૨૦ આદિ સૂત્રનો પણ નિષેધ થાય છે. અન્યથા ઘञિ એ પ્રમાણે નિર્દેશ વ્યર્થ જવાની આપત્તિ આવે.

कालात् तन-तर-तम-काले ૩.૨.૨૪

અ.અ.સૂ. : अद्व्यञ्जनात् कालात् सप्तम्याः तन-तर-तम-काले उत्तरपदे लुब् नवा न।

અર્થ : અકારાન્ત અને વ્યંજનાન્ત કાલવાચી સપ્તમી વિભક્તિ-નો તનટ્, તરપ્, તમપ્ પ્રત્યય કે કાલવાચી નામ ઉત્તરપદમાં હોતે છતે લોપ વિકલ્પે થતો નથી.

સ. **तन-तर-तम-काले** = तनश्च तरश्च तमश्च कालश्चेति तनतरतमकालम्, तस्मिन्निति।

ઉદા. (૧) **पूर्वाह्णेतनः/पूर्वाह्णतनः** = દિવસનાં પૂર્વભાગમાં થયેલ. पूर्वाह्णे भव इति।

पूर्वाह्णा०૬.૩.૮૭થી तनट्→पूर्वाह्णे+**तन**

ऐकार्थ्ये०૩.૨.૮થી પ્રાપ્ત સપ્તમીનાં લોપનો આ સૂત્રથી **નિષેધ.**

પ્રથમા સિ વગેરે→पूर्वाह्णेतनः।

વિકલ્પે : આ સૂત્રથી નિષેધ ન થાય ત્યારે, पूर्वाह्णतनः।

(૨) **पूर्वाह्णेतराम्/पूर्वाह्णतरे** = બેમાંથી સારા પૂર્વાહ્નમાં. द्वयोः प्रकृष्टे पूर्वाह्णे इति।

द्वयोर्विभज्ये०૭.૩.૬થી तरप्→पूर्वाह्णे+**तर**

किंत्याद्ये०૭.૩.૮થી अनो आम्→पूर्वाह्णेत**राम्**

આ સૂત્રથી વિભક્તિનાં લોપનો **નિષેધ.**

વિકલ્પે : આ સૂત્રથી નિષેધ ન થાય ત્યારે, पूर्वाह्णतरे।

(૩) **पूर्वाह्णेतमाम्/पूर्वाह्णतमे** = બધાથી સારાં પૂર્વાહ્નમાં. बहुषु प्रकृष्टे पूर्वाह्णे इति।

આ ઉદા.ની સાધનિકા પૂર્વપ્રમાણે જાણવી. પરંતુ तमप् પ્રત્યય प्रकृष्टे०૭.૩.૫થી લાગે છે.

(૪) **पूर्वाह्णेकाले/पूर्वाह्णकाले** = દિવસનાં પૂર્વભાગ રૂપ કાળમાં. पूर्वाह्णे च काले चेति।

विशेषणं-विशेष्ये०૩.૧.૯૬થી **સમાસ** તથા,

प्रथमोक्तं०૩.૧.૧૪૮થી पूर्वाह्णનો **पूर्वनिपात**→

पूर्वाह्णे+काले

આ સૂત્રથી વિભક્તિનાં લોપનો વિકલ્પે **निषेध**→ पूर्वाह्णेकाले/पूर्वाह्णकाले।

પ્ર.ઉદા.(૧) **कालादिति किम्? शुक्लतरे** = બેમાં અધિક શ્વેત. द्वयोः प्रकृष्टे शुक्ले इति।
આ ઉદા.ની સાધનિકા પૂર્વાહ્ણતરે પ્રમાણે જાણવી.
આ સૂત્રની પ્રવૃત્તિ કાલવાચી નામથી પર રહેલ સપ્તમી વિભક્તિને વિશે થાય છે. જ્યારે અહીં ગુણવાચી નામ હોવાથી આ સૂત્રથી વિભક્તિનાં લોપનો નિષેધ થયો નથી.

(૨) **अद्व्यञ्जनादित्येव→रात्रितरायाम्** = બેમાંથી શ્રેષ્ઠ રાત્રિમાં. द्वयोः प्रकृष्टा रात्रिरिति।
આ ઉદા.ની સાધનિકા પૂર્વપ્રમાણે જાણવી.

★ આ સૂત્રની પ્રવૃત્તિ અકારાન્ત અને વ્યંજનાન્ત નામથી પર થાય છે. જ્યારે અહીં ઇકારાન્ત નામ હોવાથી આ સૂત્રથી વિભક્તિનાં લોપનો નિષેધ થયો નથી.

વિશેષતા :

(૧) અહીં સૂત્રમાં तन-तर-तम પદો દ્વારા तनोति, तरति, ताम्यति આદિ વડે નિર્દિષ્ટ ધાતુઓનું પણ ગ્રહણ થઈ શકે. પરંતુ **प्रत्ययाऽप्रत्ययोः प्रत्ययस्यैव ૨/૨** ન્યાયાનુસારે અહીં तनट् વગેરે પ્રત્યયનું જ ગ્રહણ થાય છે.

(૨) અહીં ધ્યાનમાં લેવું કે, સૂત્રમાં દર્શાવેલ तन-तर-तम प्रत्ययो प्रत्ययः प्रकृत्यादेः ૭.૪.૧૧૫ પરિભાષાનુસારે પ્રકૃતિનું વિશેષણ બનતાં હોવાથી विशेषणमन्तः

૭.૪.૧૧૩ પરિભાષાનુસારે સૂત્રાર્થમાં તદન્ત પ્રકૃતિનો નિર્દેશ થવો જોઈએ. પરંતુ અહીં ઉત્તરપદનો અધિકાર ચાલી રહ્યો છે તેથી **संज्ञोत्तरपदाधिकारे प्रत्ययग्रहणे प्रत्ययमात्रस्यैव ग्रहणम्, न तु तदन्तस्य ૨/૧૭** ન્યાયાનુસારે અહીં માત્ર પ્રત્યયનું જ ગ્રહણ કરવામાં આવ્યું છે. અને આ જ વાત જણાવવાં માટે પણ આ જ પ્રકરણનાં આગામી સૂત્ર નવા ખિત્૦૩.૨.૧૧૭માં અન્ત પદનો નિર્દેશ પણ કર્યો છે.

(૩) અહીં સૂત્રમાં कालात् અને काले એમ બે વખત કાલ પદનો નિર્દેશ કર્યો છે. ત્યાં ઉત્તરપદમાં નિર્દિષ્ટ કાલ પદ તન, તર અને તમનાં સાહચર્યથી સ્વરૂપ-માત્રગ્રાહી જણાવ્યું છે. અને તેથી પૂર્વ અને ઉત્તર બંને પદમાં કાલ પદનું જ ગ્રહણ ન થઈ જાય તે માટે 'कालात्' એ પ્રમાણે પૂર્વપદમાં નિર્દિષ્ટ કાલ પદ શબ્દગ્રાહી ન જાણતાં અર્થપરક અર્થ કર્યો છે. તેથી पूर्वाह्णेकाले पूर्वाह्णकालः આદિ પ્રયોગ સિદ્ધ થાય છે.

(૪) સૂત્રગત તર, તમ પ્રત્યયો પ્રકૃષ્ટ અર્થમાં લાગે છે. તેથી पूर्वाह्णेतमाम् વગેરે ઉદાહરણમાં પૂર્વ-પૂર્વ સમયનો પ્રકર્ષ જાણવો. અહીં તાત્પર્ય એ છે કે, મધ્યાહ્ન સમયની અપેક્ષાએ સૂર્યોદય સુધીનો કાળ પૂર્વાહ્ણ છે. પરંતુ તેમાં પણ પછી-પછીનાં સમયની અપેક્ષાએ પૂર્વ-પૂર્વનો સમય પ્રકૃષ્ટ પૂર્વાહ્ણ છે. જે તમ પ્રત્યય વડે જણાવાય છે. અને આ રીતે અન્ય ઉદાહરણમાં પણ યથાયોગ્ય વિચારણા જોડવી.

शय-वासि-वासेष्वकालात् ३.२.२५

अ.अ.सू. : अकालात् अद्व्यञ्जनात् सप्तम्याः शय-वासि-वासेषु उत्तरपदे लुब् नवा न।

અર્થ : કાલવાચી સિવાયનાં અકારાન્ત અને વ્યંજનાન્ત નામથી પર રહેલ સપ્તમી વિભક્તિનો शय, वासिन् અને वास ઉત્તરપદ પર છતાં લોપ વિકલ્પે થતો નથી.

સ. (૧) **शय-वासि-वासेषु** = शयश्च वासी च वासश्चेति शयवासि-वासाः, तेष्विति।

(૨) **अकालात्** = न काल इति अकालः, तस्मादिति।

ઉદા. (૧) **बिलेशयः/बिलशयः** = બિલમાં સૂનાર (સાપ).
बिले शय इति।
सप्तमी शौण्डा०૩.૧.૮૮થી **समास** તથા,
प्रथमोक्तं०૩.૧.૧૪૮થી બિલનો **पूर्वनिपात**→बिल+ङि+शय
આ સૂત્રથી વિભક્તિનાં લોપનો વિકલ્પે **निषेध**.
પ્રથમા સિ વગેરે→बिलेशयः/बिलशयः।

(૨) **वनेवासी/वनवासी** = વનમાં વસનાર. वने वासी इति।

(૩) **ग्रामेवासः/ग्रामवासः** = ગામમાં રહેનાર.
ग्रामे वास इति।
આ ઉદા.ની સાધનિકા પૂર્વપ્રમાણે જાણવી.

પ્ર.ઉદા. **अकालादिति किम्? पूर्वाह्णशयः** = દિવસનાં પૂર્વ-ભાગમાં સૂનાર. पूर्वाह्णे शय इति।

આ ઉદા.ની સાધનિકા પૂર્વપ્રમાણે જાણવી. પરંતુ વિભક્તિનાં લોપનો નિષેધ ન કરવો.

★ આ સૂત્રમાં કાલવાચી નામનું વર્જન હોવાથી અહીં આ સૂત્રથી વિભક્તિનાં લોપનો નિષેધ થયો નથી.

વિશેષતા :

(૧) અહીં બહુલમ્‌નાં અધિકારથી मनसिशयः, कुशेशयम् એ પ્રમાણે નિત્ય લોપનાં અભાવવાળા પ્રયોગો અને हृच्छयः, चित्तशयः એ પ્રમાણે નિત્ય લોપવાળાં પ્રયોગો પણ થાય છે.

वर्ष-क्षर-वरा-ऽप्-सरः-शरोरो-मनसो जे ३.२.२६

અ.અ.સૂ. : वर्ष-क्षर-वरा-ऽप्-सरः-शरोरो-मनसः सप्तम्याः जे उत्तरपदे लुब् नवा न।

અર્થ : વર્ષ, ક્ષર, વર, અપ્, સરસ્, શર, ઉરસ્ અને મનસ્થી પર રહેલ સપ્તમી વિભક્તિનો જ ઉત્તરપદ પર છતાં વિકલ્પે લોપ થતો નથી.

સ. **वर्ष-क्षर-वरा-ऽप्-सरः-शरोरो-मनसः** = वर्षश्च क्षरश्च वरश्च आपश्च सरश्च शरश्च उरश्च मनश्चेति वर्ष-क्षर-वरा-ऽप्-सरः शरोरो-मनः, तस्मादिति।

ઉદા. (૧) **वर्षेजः/वर्षजः** = વરસાદમાં થયેલ (દેડકાં વગેરે).
वर्षे जात इति।
ङस्युक्तं०૩.૧.૪૯થી **સમાસ** તથા,
प्रथमोक्तं०૩.૧.૧૪૮થી વર્ષનો **પૂર્વનિપાત**→वर्ष+ङि+ज
આ સૂત્રથી વિભક્તિનાં લોપનો વિકલ્પે **નિષેધ.**
પ્રથમા સિ વગેરે→वर्षेजः/वर्षजः।

(૨) **क्षरेजः/क्षरजः** = પાણીમાં થનાર. क्षरे जात इति।

(૩) **वरेजः/वरजः** = શ્રેષ્ઠમાં થનાર. वरे जात इति।

(૪) **अप्सुजम्/अब्जम्** = પાણીમાં થયેલ (કમળ). अप्सु जातमिति।

(૫) **सरसिजम्/सरोजम्** = સરોવરમાં થયેલ (કમળ). सरसि जातमिति।

(૬) **शरेजः/शरजः** = ઘાસમાં થયેલ. शरे जात इति।

(૭) **उरसिजः/उरोजः** = ઉરમાં થયેલ. उरसि जात इति।

(૮) **मनसिजः/मनोजः** = મનમાં થયેલ (કામદેવ). मनसि जात इति।

આ ઉદા.ની સાધનિકા પૂર્વપ્રમાણે જાણવી.

द्यु-प्रावृड्-वर्षा-शरत्-कालात् ३.२.२७

અ.અ.સૂ. : द्यु-प्रावृड्-वर्षा-शरत्-कालात् सप्तम्याः जे उत्तरपदे लुब् न।

અર્થ : द्यु, प्रावृष्, वर्षा, शरत् અને काल શબ્દથી પર રહેલ સપ્તમી વિભક્તિનો જ ઉત્તરપદ પર છતાં લોપ થતો નથી.

સ. **द्यु-प्रावृड्-वर्षा-शरत्-कालात्** = द्यौश्च प्रावृट् च वर्षा च शरच्च कालश्चेति द्यु-प्रावृड्-वर्षा-शरत्-कालम्, तस्मादिति।

ઉદા. (૧) **दिविजः** = સ્વર્ગમાં થયેલ (દેવો). दिवि जात इति।

(૨) **प्रावृषिजः** = વરસાદમાં થયેલ. प्रावृषि जात इति।

(૩) **वर्षासुजः** = વરસાદમાં થયેલ. वर्षासु जात इति।

(૪) **शरदिजः** = शरदृऋतुमां थयेल. शरदि जात इति।

(૫) **कालेजः** = કાલમાં થયેલ. काले जात इति।
આ ઉદા.ની સાધનિકા પૂર્વપ્રમાણે જાણવી.

વિશેષતા :

(૧) પૂર્વસૂત્રથી આ સૂત્રનો પૃથક્ નિર્દેશ કર્યો તેથી નવાનો અધિકાર અટકી ગયો.

अपो य-योनि-मति-चरे ३.२.२८

અ.અ.સૂ. : अपः सप्तम्याः य-योनि-मति-चरे उत्तरपदे लुब् न।

અર્થ : અપ્ શબ્દથી પર રહેલ સપ્તમી વિભક્તિનો य પ્રત્યય, તથા યોનિ, મતિ અને चर ઉત્તરપદ પર છતાં લોપ થતો નથી.

સ. **य-योनि-मति-चरे** = यश्च योनिश्च मतिश्च चरश्चेति य-योनि-मति-चरम्, तस्मिन्निति।

ઉદા. (૧) **अप्सव्यः** = પાણીમાં રહેનાર. अप्सु भव इति।
दिगादि०४.३.१२४थी य→अप्सु+**य**
આ સૂત્રથી વિભક્તિનાં લોપનો **નિષેધ**.
अस्वयंभुवो०७.४.७०थी उनो अव्→अ**प्सव्य**
પ્રથમા સિ વગેરે→अप्सव्यः।

(૨) **अप्सुयोनिः** = પાણીમાં યોનિ (ઉત્પત્તિસ્થાન) છે જેની તે. अप्सु योनिर्यस्य स इति।
उष्ट्रमुखा०३.१.२३थी **સમાસ** તથા,
विशेषण०३.१.१५०थी अप्નો **પૂર્વનિપાત**→अप्सु+योनि

આ સૂત્રથી વિભક્તિનાં લોપનો **નિષેધ.**
પ્રથમા સિ વગેરે→अप्सुयोनिः।

(૩) **अप्सुमतिः** = પાણીમાં મતિ છે જેની તે (ધીવર).
अप्सु मतिर्यस्य स इति।
આ ઉદા.ની સાધનિકા પૂર્વપ્રમાણે જાણવી.

(૪) **अप्सुचरः** = પાણીમાં ફરનાર. अप्सु चर इति।
આ ઉદા.ની સાધનિકા ૩.૧.૨૭ નિર્દિષ્ટ वर्षेजः પ્રમાણે જાણવી.

વિશેષતા :

(૧) અહીં **स्वं रूपं शब्दस्याशब्दसंज्ञा ૧/૧** ન્યાયાનુસારે સૂત્રગત યોનિ-મતિ-ચર પદ દ્વારા માત્ર તે શબ્દોનું જ ગ્રહણ થાય છે. પણ તદર્થક અન્ય શબ્દોનું નહીં.

(૨) અહીં પાણિનીય વ્યાકરણમાં अपो योनियन्मतुषु ૬.૩.૧૮ એ પ્રમાણે સૂત્રનિર્દેશ હોવાથી મતિ શબ્દનાં સ્થાને मतुः એ પ્રમાણે પાઠ દર્શાવ્યો છે. તેથી તેઓનાં મતે मतुप् પ્રત્યયનું ગ્રહણ થતાં अप्सुमान् આદિ પ્રયોગો થાય છે. અને ત્યાં अप्सुमन्तावाज्यभागी એ પ્રમાણે ઉદાહરણ પણ દર્શાવ્યું છે.

नेन्-सिद्ध-स्थे ૩.૨.૨૯

અ.અ.સૂ. : इन्-सिद्ध-स्थे उत्तरपदे सप्तम्याः लुप् न न।

અર્થ : इन् પ્રત્યયાન્ત નામ તથા સિદ્ધ અને સ્થ ઉત્તરપદ પર છતાં સપ્તમી વિભક્તિનો લોપ ન થાય તેવું થતું નથી. અર્થાત્ લોપ થાય જ છે.

સ. **इन्-सिद्ध-स्थे** = इन् च सिद्धश्च स्थाश्चेति इन्सिद्धस्थम्, तस्मिन्निति।

ઉદા. (૧) **स्थण्डिलवर्त्ती** = નિર્વદ્ય સ્થાનમાં રહેનાર.
स्थण्डिले वर्त्तते इत्येवंशील इति।
व्रता-ऽऽभीक्ष्ण्ये ૫.૧.૧૫૭થી इन् વગેરે→**वर्त्तिन्**
ङस्युक्तं०૩.૧.૪૯થી સમાસ વગેરે કાર્યો પૂર્વપ્રમાણે જાણવા. પરંતુ અહીં વિભક્તિનો લોપ કરવો.

(૨) **साङ्काश्यसिद्धः** = સાંકાશ્ય દેશમાં સિદ્ધ.
साङ्काश्ये सिद्ध इति।
सप्तमी०૩.૧.૮૮થી **સમાસ** તથા,
प्रथमोक्तं०૩.૧.૧૪૮થી साङ्काश्यનો **पूर्वनिपात**→
साङ्काश्ये+सिद्ध
આ સૂત્રથી સપ્તમી વિભક્તિનો લોપ→साङ्का**श्य**सिद्ध
પ્રથમા सि વગેરે→साङ्काश्यसिद्धः।

(૩) **समस्थः** = સમાન સ્થાનમાં રહેનાર. समे तिष्ठतीति।
આ ઉદા.માં ङस्युक्तं० ૩.૧.૪૯થી સમાસ વગેરે કાર્યો પૂર્વ પ્રમાણે જાણવા.

વિશેષતા :

જિ. : અહીં સૂત્રમાં માત્ર इन् પ્રત્યયનો જ નિર્દેશ કર્યો છે. અને **संज्ञोत्तरपदाधिकारे प्रत्ययग्रहणे प्रत्ययमात्रस्यैव ग्रहणम्, न तदन्तस्य ૨/૧૭** ન્યાયથી વિશેષણમન્तः ૭.૪.૧૧૩ પરિભાષાનો પણ પ્રયોગ થતો નથી. તેથી માત્ર इन् પ્રત્યય એ પ્રમાણે સ્વરૂપનો જ નિર્દેશ

થવો જોઈએ, તો इन् પ્રત્યયાન્તનું ગ્રહણ કેવી રીતે થાય?

સમા. : અહીં સૂત્રમાં 'સપ્તમ્યન્ત નામથી પર' એ પ્રમાણે જણાવ્યું છે. અને એકલો इन् પ્રત્યય ક્યારેય સપ્તમ્યન્ત નામથી પર સંભવતો જ નથી. માટે આવા પ્રકારનાં વિધાનસામર્થ્યથી જ અહીં **संज्ञोत्तरपदाधिकारे० २/१७** ન્યાય અનિત્ય થાય છે. અને સૂત્રગત इन् પ્રત્યયથી इन् પ્રત્યયાન્ત નામનું જ ગ્રહણ થાય છે. તેમજ,

इन् પ્રત્યય બે પ્રકારનો છે. (a) કૃદન્ત વિષયક, (b) તદ્ધિત વિષયક. ત્યાં કૃદંતનો इन् પ્રત્યય ધાતુથી થાય છે. તેથી સૂત્રનિર્દિષ્ટ 'સપ્તમ્યન્ત નામથી પર' વિશેષણ ઘટતું ન હોવાથી તેનું ગ્રહણ થતું નથી. તથા, તદ્ધિત વિષયક इन् પ્રત્યય મત્વર્થીય હોવાથી પ્રથમાન્ત નામથી પર થાય છે. તેથી એ પણ સપ્તમ્યન્ત નામથી પર સંભવતો નથી. માટે તેનું પણ ગ્રહણ ન થતાં સપ્તમ્યન્ત નામથી પર 'इन् પ્રત્યયાન્ત પદ' એ પ્રમાણે જ તાત્પર્ય જાણવું.

षष्ठ्याः क्षेपे ३.२.३०

અ.અ.સૂ. : **उत्तरपदे क्षेपे षष्ठ्याः लुब् न।**

અર્થ : ઉત્તરપદ પર છતાં ક્ષેપ અર્થ જણાતે છતે ષષ્ઠી વિભક્તિનો લોપ થતો નથી.

ઉદા. **चौरस्यकुलम्** = ચોરનું કુળ. चौरस्य कुलमिति।

षष्ठ्ययत्ना०૩.૧.૭૬થી **સમાસ** તથા,
પ્રથમોક્તં०૩.૧.૧૪૮થી चौरનો **પૂર્વનિપાત**→चौरस्य+कुल
આ સૂત્રથી વિભક્તિનાં લોપનો **નિષેધ.**
પ્રથમા સિ વગેરે→चौरस्यकुलम्।

વિશેષતા :

જિ. : चौरकुलम्, दासभार्या, वृषलीपति વગેરે સમાસમાં પણ चौर વગેરે ક્ષેપાર્થક શબ્દો છે. તો આ સૂત્રની પ્રવૃત્તિ શા માટે થતી નથી?

સમા. : વસ્તુતઃ चौरकुलम् વગેરે પ્રયોગોમાં ક્ષેપ અર્થ નથી. પણ ચોરનું કુળ, દાસની પત્ની ઇત્યાદિ રૂપે માત્ર પરિસ્થિતિનું જ નિદર્શન છે. અર્થાત્ યથાસ્થિત તત્ત્વનું જ આખ્યાન છે. તેથી તેવા પ્રયોગોમાં આ સૂત્રની પ્રવૃત્તિ થતી નથી.

पुत्रे वा ૩.૨.૩૧

અ.અ.સૂ. : पुत्रे उत्तरपदे क्षेपे षष्ठ्याः लुब् न वा।

અર્થ : પુત્ર ઉત્તરપદ પર છતાં ક્ષેપ અર્થ જણાતો હોય તો ષષ્ઠી વિભક્તિનો લોપ વિકલ્પે થતો નથી.

ઉદા. **दास्याःपुत्रः/दासीपुत्रः** = દાસીપુત્ર.
આ ઉદા.ની સાધનિકા પૂર્વપ્રમાણે જાણવી. પરંતુ વિભક્તિના લોપનો નિષેધ આ સૂત્રથી વિકલ્પે કરવો.

વિશેષતા :

(૧) યદ્યપિ પૂર્વસૂત્રથી આ પ્રયોગો સિદ્ધ જ હતાં. પણ વિકલ્પે વિધાન કરવા આ સૂત્રનો નિર્દેશ છે.

જિ. : અહીં અક્ષેપ અર્થમાં દાસીપુત્ર એ પ્રમાણે અલુપ્ સમાસ થાય છે. અને આ સૂત્રથી ક્ષેપ અર્થમાં પણ વિકલ્પે દાસીપુત્ર પ્રયોગ પ્રાપ્ત થાય છે. તો કયા પ્રયોગમાં ક્ષેપ અર્થ છે અને કયા પ્રયોગમાં અક્ષેપ અર્થ છે તે કેવી રીતે જણાય?

સમા. : પ્રકરણનાં વિષયભૂત અને પૂર્વાપરમાં અર્થબોધથી કયાં ક્ષેપ અથવા કયાં અક્ષેપ અર્થનો નિર્ણય કરી શકાય છે. યદ્યપિ અહીં કેટલાંક વ્યાકરણકારોનાં મતે ક્ષેપ અર્થમાં પુત્ર ઉત્તરપદ પર છતાં આ સૂત્રની પ્રવૃત્તિ હોવાથી અક્ષેપ અર્થમાં જ્યારે સમાસ કરવો હોય ત્યારે દાસીસુત ઈત્યાદિ પુત્ર સિવાયનાં જ ઉત્તરપદ દ્વારા સમાસનો પ્રયોગ કરી શકાય. પરંતુ સ્વમતે તો ક્ષેપાક્ષેપ અર્થનું પ્રકરણ ગમ્યપણું હોવાથી અક્ષેપ અર્થમાં દાસીપુત્રઃ પ્રયોગ પણ અનુચિત નથી.

पश्यद्-वाग्-दिशो हर-युक्ति-दण्डे ३.२.३२

અ.અ.સૂ. : पश्यद्-वाग्-दिशः षष्ठ्याः हरयुक्तिदण्डे उत्तरपदे लुब् न।

અર્થ : પશ્યત્, વાગ્ અને દિશ્ નામથી પર રહેલ ષષ્ઠી વિભક્તિનો અનુક્રમે હર, યુક્તિ અને દણ્ડ ઉત્તરપદ પર છતાં લોપ થતો નથી.

સ. (૧) **पश्यद्-वाग्-दिशः** = पश्यंश्च वाग् च दिग् चेति पश्यद्वाग्दिक्, तस्मादिति।

(૨) **हर-युक्ति-दण्डे** = हरश्च युक्तिश्च दण्डश्चेति हरयुक्तिदण्डम्, तस्मिन्निति।

ઉદા. (૧) **पश्यतोहरः** = જોવા છતાં ચોરી કરનાર.
(जनं) पश्यन्तं (अनादृत्य) हर्त्ता इति।
षष्ठ्यर्थयत्ना०૩.૧.૭૬થી **समास** તથા,
प्रथमोक्तं०૩.૧.૧૪૮થી पश्यद्નો **पूर्वनिपात**→पश्यतः+हर
ऐकार्थ्ये०૩.૨.૮થી પ્રાપ્ત વિભક્તિનાં લોપનો આ સૂત્રથી **નિષેધ.**
પ્રથમા સિ વગેરે→पश्यतोहरः।

(૨) **वाचोयुक्तिः** = વાણીની યુક્તિ. वाचः युक्तिरिति।

(૩) **दिशोदण्डः** = દિશાનો દંડ. दिशः दण्ड इति।
આ ઉદા.ની સાધનિકા પૂર્વપ્રમાણે જાણવી.

વિશેષતા :

(૧) અહીં ઉદા.ગત पश्यतोहरः પ્રયોગમાં जनं पश्यन्तं अनादृत्य हर्त्ता (લોક જોતે છતે તેમની અવગણના કરીને હરનારો) એ પ્રમાણે षष्ठी वा०૨.૨.૧૦૮ સૂત્રથી અનાદર ષષ્ઠીનો પ્રયોગ જાણવો.

(૨) સૂત્રગત पश्यद्-वाग्-दिशः અને हर-युक्ति-दण्डे પદનાં સંખ્યા અને વચન સમાન હોવાથી **यथासङ्ख्यमनुदेशः समानाम् ૧/૧૦** ન્યાયાનુસારે તે બંને વચ્ચે અનુક્રમની પ્રાપ્તિ થાય છે.

अदसोऽकञायनणोः ३.२.३३

અ.અ.સૂ. : अदसः षष्ठ्याः अकञायनणोः उत्तरपदयोः लुब् न।

અર્થ : અદસ્થી પર રહેલ ષષ્ઠી વિભક્તિનો અકઞ્નાં વિષયવાળો ઉત્તરપદ તેમજ આયનણ્ પ્રત્યય પર છતાં લોપ થતો નથી.

સ. **अकञायनणोः** = अकञ् च आयनण् चेति अकञायनणौ, तयोरिति।

ઉદા. (૧) **आमुष्यपुत्रिका** = આ પુત્રને વિશે થનાર.
अमुष्य पुत्रस्य भव इति।
षष्ठ्यर्थात्ना०૩.૧.૭૬થી **समास** તથા,
प्रथमोक्तं०૩.૧.૧૪૮થી अमुष्यનો **पूर्वनिपात**→अमुष्य+पुत्र
चौरादेः०૭.૧.૩૩થી अकञ्→अमुष्य+पुत्र+**अक**
આ સૂત્રથી વિભક્તિનાં લોપનો **નિષેધ.**
वृद्धिःस्वरेष्वा०૭.૪.૧થી વૃદ્ધિ→**आ**मुष्यपुत्र+अक
अवर्णेवर्ण०૭.૪.૬૮થી અનો લોપ→आमुष्यपुत्रक
आत् ૨.૪.૧૮થી आप्→आमुष्यपुत्रक+**आ**
समानानां०૧.૨.૧થી દીર્ઘ→आमुष्यपुत्र**का**
द्व्येष-पुत्र०૨.૪.૧૦૯થી અનો इ→आमुष्यपुत्रि**का**
પ્રથમા સિ વગેરે→आमुष्यपुत्रिका।

(૨) **आमुष्यायणः** = આનું સંતાન. अमुष्याऽपत्यमिति।
नडादिभ्यः०૬.૧.૫૩થી आयनण्→अमुष्य+**आयन**
वृद्धिःस्वरेष्वा०૭.૪.૧થી વૃદ્ધિ→**आ**मुष्य+आयन

अवर्णेवर्ण०७.४.६८थी अनो लोप→आमुष्यायन
र-वृवर्णान्नो०२.३.६३थी न्नो ण्→आमुष्यायण
प्रथमा सि वगेरे→आमुष्यायणः।

विशेषता :

जि. : अहीं सूत्रमां अकञायनणोः એ प्रमाणे अकञ् प्रत्यय अने आयनण् प्रत्ययनो सामान्यतया निर्देश कर्यो छे. तो अकञ् प्रत्यय विषयक उत्तरपद पर छतां अने आयनण् प्रत्यय पर छतां એ प्रमाणे भिन्न-भिन्न अर्थ केम जणाव्यां छे?

समा. : वस्तुतः अहीं उत्तरपदनो अधिकार चालतो होवाथी **संज्ञोत्तरपदाधिकारे० २/१७** न्यायथी प्रत्यय मात्रनुं ज ग्रहण थवानी प्राप्ति हती, परंतु पूर्वे नेन् सिद्ध० ३.२.२९ सूत्रमां जणाव्या मुजब ज्यां विवक्षित प्रकृतिथी पर प्रत्ययनी संभावना न होय त्यां तत्प्रत्ययान्त पदनुं पण ग्रहण थाय छे माटे अहीं भिन्नार्थनी प्रतीति आपोआप थई जाय छे.
अहीं तात्पर्य એ छे के, आ सूत्रमां अदस् सर्वनामथी पर उपरोक्त प्रत्ययोनो निर्देश कर्यो छे. परंतु अदस् सर्वनामथी अनंतर परमां आयनण् प्रत्ययनुं ज विधान होवाथी तदन्तवाळुं उत्तरपद संभवतुं ज नथी. तेथी 'आयनण् प्रत्यय पर छतां' એम अर्थ प्राप्त थाय छे. तथा अकञ् प्रत्यय अदस् सिवाय अन्य नामथी ज पर विहित होवाथी 'तदन्तवाळुं उत्तरपद पर छतां' એम अर्थ प्राप्त थाय छे. आम, बंने प्रत्ययोनां

વિષય ભિન્ન-ભિન્ન હોવાથી સમાન નિર્દેશ હોવા છતાં પણ ભિન્ન-ભિન્ન અર્થની પ્રાપ્તિ થાય છે.

देवानांप्रियः ३.२.३४

અ.અ.સૂ. : देवानांप्रियः षष्ठ्याः लुब् न (निपात्यते)।

અર્થ : દેવાનાંપ્રિય એ પ્રમાણે પ્રયોગમાં ષષ્ઠી વિભક્તિનાં લોપનો નિષેધ નિપાતન કરાય છે.

ઉદા. **देवानांप्रियः** = મૂર્ખ, સરળ. देवानां प्रिय इति।
षष्ठ्यर्थत्ना०૩.૧.૭૬થી **समास** તથા,
प्रथमोक्तं०૩.૧.૧૪૮થી देवनो **पूर्वनिपात**→देवानाम्+प्रिय
આ સૂત્રથી ષષ્ઠી વિભક્તિનાં લોપનો **નિષેધ**.
પ્રથમા સિ વગેરે→देवानांप्रियः।

વિશેષતા :

(૧) અહીં ધ્યાનમાં લેવું કે देवानांप्रियः એ પ્રમાણે ષષ્ઠી વિભક્તિ-અલુપ્ સમાસનું નિપાતન છે. ત્યાં કોઈ વચનનો નિર્દેશ નથી. તેથી देवस्य प्रियः, देवयोःप्रियः ઇત્યાદિ એકવચન અને દ્વિવચન વિષયક વિગ્રહ વાક્યમાં પણ આ પ્રયોગ થાય છે.

(૨) અહીં કેટલાંક વ્યાકરણકારોનાં મતે देवानांप्रियः પ્રયોગમાં નિપાતન હોવાથી અર્થવિશેષની પ્રાપ્તિ થાય છે. તેઓનાં મતે જેમણે પોતાનું આત્મસ્વરૂપ જાણ્યું નથી, તેવાં મૂર્ખજનનાં વિષયમાં આ શબ્દનો પ્રયોગ થાય છે. અને શ્રુતિ આદિમાં તેવાં પ્રયોગ પણ જણાવ્યા

છે. તથા તેઓનાં મતે આ પ્રયોગ માત્ર ષષ્ઠી બહુવચનનાં વિષયમાં જ થાય છે. એકવચન કે દ્વિવચનનાં વિષયમાં નહીં.

शेप-पुच्छ-लाङ्गूलेषु नाम्नि शुनः ३.२.३५

અ.અ.સૂ. : शुनः षष्ठ्याः शेप-पुच्छ-लाङ्गूलेषु उत्तरपदे नाम्नि लुब् न।

અર્થ : श्वन् શબ્દથી પર રહેલ ષષ્ઠી વિભક્તિનો શેપ, પુચ્છ અને લાઙ્ગૂલ ઉત્તરપદ પર છતાં સંજ્ઞાનાં વિષયમાં લોપ થતો નથી.

સ. **शेप-पुच्छ-लाङ्गूलेषु** = शेपश्च पुच्छश्च लाङ्गूलश्चेति शेप-पुच्छलाङ्गूलम्, तेष्विति।

ઉદા. (૧) **शुनःशेपः** = संज्ञा विशेष.
शुनः शेपमिव शेपं यस्य स इति।
उष्ट्रमुखा०૩.૧.૨૩થી **સમાસ** તથા,
विशेषण-सर्वादि०૩.૧.૧૫૦થી **पूर्वनिपात**→शुनः+शेप
આ સૂત્રથી ષષ્ઠી વિભક્તિનાં લોપનો **નિષેધ.**
પ્રથમા સિ વગેરે→शुनःशेपः।

(૨) **शुनःपुच्छः** = संज्ञा विशेष. शुनः पुच्छमिव पुच्छं यस्य स इति।

(૩) **शुनोलाङ्गूलः** = संज्ञा विशेष. शुनः लाङ्गूलमिव लाङ्गूलं यस्य स इति।
આ ઉદા.ની સાધનિકા પૂર્વપ્રમાણે જાણવી.

વિશેષતા :

(૧) અહીં ધ્યાનમાં લેવું કે शेपस् એ પ્રમાણે સ્કારાન્ત શબ્દ પણ વિદ્યમાન છે. પણ અહીં અકારાન્ત शेप શબ્દનું જ ગ્રહણ કરવું.

(૨) અહીં સૂત્રમાં બહુવચન અન્ય વ્યાકરણકારોનાં મતનો સંગ્રહ કરવાં માટે છે. તેઓનાં મતે सिंहस्यशेपम् सिंहस्यपुच्छम्, सिंहस्यलाङ्गूलम् ઇત્યાદિ અસંજ્ઞાનાં વિષયમાં પણ આ સૂત્રની પ્રવૃત્તિ થાય છે.

वाचस्पति-वास्तोष्पति-दिवस्पति-दिवोदासम् ३.२.३६

અ.અ.સૂ. : वाचस्पति-वास्तोष्पति-दिवस्पति-दिवोदासं नाम्नि षष्ठ्याः लुब् न (निपात्यन्ते)।

અર્થ : સંજ્ઞાનાં વિષયમાં વાચસ્પતિ, વાસ્તોષ્પતિ, દિવસ્પતિ અને દિવોદાસમ્ પ્રયોગમાં ષષ્ઠી વિભક્તિનો અલુપ્ નિપાતન કરાય છે.

સ. **वाचस्पति-वास्तोष्पति-दिवस्पति दिवोदासम्** = वाचस्पतिश्च वास्तोष्पतिश्च दिवस्पतिश्च दिवोदासश्चेति।

ઉદા. (૧) **वाचस्पतिः** = બૃહસ્પતિ. वाचः पतिरिति।
षष्ठ्यत्ना०૩.૧.૭૬થી **સમાસ** તથા,
प्रथमोक्तं०૩.૧.૧૪૮થી वाच्નો **પૂર્વનિપાત**→वाचस्+पति
આ સૂત્રથી વિભક્તિનાં લોપનો **નિષેધ** નિપાતન.
પ્રથમા सि વગેરે→वाचस्पतिः।

(૨) **वास्तोष्पतिः** = દેવ વિશેષ. वास्तोः पतिरिति।
આ ઉદા.ની સાધનિકા પૂર્વપ્રમાણે જાણવી. પરંતુ આ સૂત્રનાં નિપાતનસામર્થ્યથી સ્નો ષ્ કરવો.

(૩) **दिवस्पतिः** = ઇન્દ્ર. दिवः पतिरिति।
આ ઉદા.ની સાધનિકા પૂર્વપ્રમાણે જાણવી.

(૪) **दिवोदासम्** = ચંદ્રવંશીય કાશી દેશનો રાજા.
दिवः दासमिति।
આ ઉદા.ની સાધનિકા પૂર્વપ્રમાણે જાણવી.

ऋतां विद्यायोनिसम्बन्धे ३.२.३७

અ.અ.સૂ. : विद्यायोनिसम्बन्धे ऋतां षष्ठ्याः विद्यायोनिसम्बन्धे उत्तरपदे लुब् न।

અર્થ : વિદ્યા અને યોનિકૃત સંબંધ રૂપ હેતુ હોતે છતે પ્રવર્ત્તતાં નામથી પર ષષ્ઠી વિભક્તિનો એ જ હેતુ (વિદ્યા અને યોનિકૃત સંબંધરૂપ હેતુ) હોતે છતે પ્રવર્ત્તેલાં ઉત્તરપદ પર છતાં લોપ થતો નથી.

સ. **विद्यायोनिसम्बन्धे** = विद्या च योनिश्चेति विद्यायोनी, विद्यायोनिभ्यां सम्बन्ध इति विद्यायोनिसम्बन्धम्, तस्मिन्निति।

ઉદા. (૧) होतुःपुत्रः = હોમ કરનારનો પુત્ર. होतुः पुत्र इति।
षष्ठ्यया॰૩.૧.૭૬થી **સમાસ** તથા,
प्रथमोक्तं॰૩.૧.૧૪૮થી होतृનો **पूर्वनिपात**→होतुस्+पुत्र
આ સૂત્રથી વિભક્તિનાં લોપનો **નિષેધ.**
પ્રથમા સિ વગેરે→होतुःपुत्रः।
અહીં होतृ શબ્દ વિદ્યાકૃત નિમિત્તથી અને पुत्र શબ્દ યોનિકૃત નિમિત્તથી પ્રવર્ત્તેલો હોવાથી આ સૂત્રથી વિભક્તિનાં લોપનો નિષેધ થતો નથી.

(૨) **पितुःपुत्रः** = પિતાનો પુત્ર. पितुः पुत्र इति।

(૩) **पितुरन्तेवासी** = પિતાનો શિષ્ય. पितुः अन्तेवासीति।
આ ઉદા.ની સાધનિકા પૂર્વપ્રમાણે જાણવી.

પ્ર.ઉદા.(૧) **ऋतामिति किम्? आचार्यपुत्रः** = આચાર્યનો પુત્ર. आचार्यस्य पुत्र इति।
આ ઉદા.ની સાધનિકા પૂર્વપ્રમાણે જાણવી. પરંતુ અહીં વિભક્તિનો લોપ કરવો.

★ આ સૂત્રની પ્રવૃત્તિ ઋકારાન્ત નામથી પર રહેલ ષષ્ઠી વિભક્તિને વિશે થાય છે. જ્યારે અહીં ઋકારાન્ત નામ નથી. માટે આ સૂત્રથી વિભક્તિનાં લોપનો નિષેધ થયો નહીં.

(૨) **विद्यायोनिसम्बन्ध इति किम्? भर्तृगृहम्** = સ્વામીનું ઘર.
આ ઉદા.ની સાધનિકા પૂર્વપ્રમાણે જાણવી.

★ આ સૂત્રની પ્રવૃત્તિ વિદ્યા અને યોનિકૃત સંબંધ નિમિત્તક ઋકારાન્ત નામથી પર વિદ્યાયોનિ સંબંધ નિમિત્તક પ્રવર્ત્તેલું પદ હોય તો થાય છે. જ્યારે અહીં વિદ્યાયોનિ સંબંધ નિમિત્તક ઋકારાન્ત નામ ઉત્તરપદ નથી. માટે આ સૂત્રથી વિભક્તિનાં લોપનો નિષેધ થયો નહીં.

વિશેષતા :

(૧) અહીં સૂત્રગત વિદ્યા અને યોનિ પદનાં દ્વન્દ્વ સમાસમાં યોનિ શબ્દ ઇકારાન્ત હોવાથી લઘ્વક્ષરા૦૩.૧.૧૬૦ સૂત્રથી યોનિ શબ્દનો પૂર્વનિપાત થવાની પ્રાપ્તિ હતી.

પરંતુ યોનિકૃત સંબંધ કરતાં વિદ્યાકૃત સંબંધ વધુ પૂજ્ય હોવાથી એ જ સૂત્ર દ્વારા વિદ્યા શબ્દનો પૂર્વનિપાત થયો છે.

(૨) અહીં ધ્યાનમાં લેવું કે, સૂત્રગત होतुःपुत्रः અને पितुरन्तेवासी ઉદા.માં અનુક્રમે વિદ્યા અને યોનિકૃત સંબંધ હોય તેવું જણાય છે. કારણકે હોતૃત્વ એ વિદ્યાને આધીન છે. અને પિતૃત્વ એ યોનિકૃત સંબંધને આધીન છે. તેથી होतुःपुत्र એટલે કે હોતાનો શિષ્યરૂપ પુત્ર અને पितुरन्तेवासी એટલે પિતાનો પુત્ર રૂપ અંતેવાસી એ પ્રમાણે તત્સંબંધ પ્રધાન અર્થની પ્રાપ્તિ થાય છે. પરંતુ અહીં દર્શાવેલ સમાસ તત્પુરુષ હોવાથી ઉત્તરપદનું પ્રાધાન્ય હોય છે. અને તેના વડે જ એ સંબંધની વિવક્ષા કરવી યોગ્ય છે. તેથી होतुःपुत्रः સમાસમાં પુત્ર પદની પ્રધાનતાએ યોનિકૃત સંબંધની વિવક્ષા જાણવી. અને पितुरन्तेवासी પ્રયોગમાં અંતેવાસીપણું વિદ્યાકૃતિ સંબંધને સાપેક્ષ હોવાથી વિદ્યાકૃત સંબંધની વિવક્ષા જાણવી. માટે અનુક્રમે હોતાનો પુત્ર અને પિતાનો અંતેવાસી આમ સ્વાભાવિક જ અર્થ કરવો.
અથવા સંબંધ બંને પદને સાપેક્ષ હોવાથી કોઈપણ એક પદની અપેક્ષાએ તેની વિચારણા ન કરી શકાય. પરંતુ અહીં શબ્દ પ્રવૃત્તિનાં નિમિત્તની વિવક્ષા હોવાથી બંને પદથી પ્રાપ્ત સંબંધની વિચારણા કરવી નહીં. આમ, જ્યાં પિત્રાદિ શબ્દોનો પ્રયોગ હોય ત્યાં સર્વત્ર યોનિકૃત સંબંધની અને જ્યાં હોત્રાદિ શબ્દોનો પ્રયોગ હોય ત્યાં સર્વત્ર વિદ્યાકૃત સંબંધની વિવક્ષા જાણવી.

(૩) સૂત્રમાં વિદ્યાયોનિસમ્બન્ધે પદનો એક જ વાર નિર્દેશ કર્યો હોવા છતાં પણ **देहलीदीपकः** ન્યાય દ્વારા અથવા આવૃત્તિ વડે તેનો સંબંધ બે વાર થાય છે.

(a) **ऋकारान्त पदनी साथे :** તેથી વિદ્યાયોનિકૃત સંબંધ હોતે છતે પ્રવર્ત્તતાં ઋકારાન્ત શબ્દ સંબંધી. તથા,

(b) **अनुवृत्तिथी आवतां उत्तरपदेनी साथे :** તેથી વિદ્યા-યોનિકૃત સંબંધનાં નિમિત્તમાં વર્ત્તતાં ઉત્તરપદ પર છતાં એ પ્રમાણે અર્થ પ્રાપ્ત થાય છે.

(૪) અહીં સૂત્રમાં 'વિદ્યાયોનિકૃત સંબંધમાં પ્રવર્ત્તમાન એવા ઋકારાન્ત શબ્દો' એ પ્રમાણે બે સ્થાન અને 'વિદ્યા-યોનિકૃત સંબંધ' એ પ્રમાણે બે નિમિત્ત વિદ્યમાન છે. તે બંનેની વચ્ચે યથાસંખ્ય ન્યાયની પ્રવૃત્તિ ન થાય તે માટે સૂત્રમાં 'ऋताम्' એ પ્રમાણે બ.વ.નો નિર્દેશ કરવામાં આવ્યો છે.

स्वसृ-पत्योर्वा ३.२.३८

અ.અ.સૂ. : विद्यायोनिसम्बन्धे ऋतां षष्ठ्याः विद्यायोनिसम्बन्धयोः स्वसृ-पत्योः उत्तरपदयोः लुब् न वा।

અર્થ : વિદ્યા અને યોનિકૃત સંબંધ રૂપ હેતુ હોતે છતે પ્રવર્ત્તતાં ઋકારાન્ત નામથી પર ષષ્ઠી વિભક્તિનો એ જ હેતુ (યોનિકૃત સંબંધરૂપ હેતુ) હોતે છતે પ્રવર્ત્તેલાં સ્વસૃ અને પતિ ઉત્તરપદ પર છતાં લોપ થતો નથી.

સ. **स्वसृ-पत्योः** = स्वसा च पतिश्चेति स्वसृपती, तयोरिति।

ઉદા. (૧) **होतुःस्वसा/होतृस्वसा** = હોતાની બહેન. होतुः स्वसा इति।
षष्ठ्ययत्ना०૩.૧.૭૬થી **સમાસ** તથા,
प्रथमोक्तं०૩.૧.૧૪૮થી होतृનો **पूर्वनिपात**→होतुः+स्वसृ
આ સૂત્રથી વિભક્તિનાં લોપનો **નિષેધ.**
પ્રથમા સિ વગેરે→होतुःस्वसा
વિકલ્પે : નિષેધ ન થાય ત્યારે, होतृस्वसा।

(૨) **स्वसुःपतिः/स्वसृपतिः** = બહેનનો પતિ. स्वसुः पतिरिति।
આ ઉદા.ની સાધનિકા પૂર્વપ્રમાણે જાણવી.

પ્ર.ઉદા. **विद्यायोनिसम्बन्ध इत्येव→भर्तृस्वसा** = માલિકની બહેન. भर्तृः स्वसा इति।
આ ઉદા.ની સાધનિકા પૂર્વપ્રમાણે જાણવી. પરંતુ વિભક્તિનો લોપ કરવો.

★ આ સૂત્રની પ્રવૃત્તિ વિદ્યાકૃત અને યોનિકૃત સંબંધ નિમિત્તક ઋકારાન્ત નામથી પર થાય છે. જ્યારે અહીં भर्तृ શબ્દ તાદૃશ નિમિત્તક નથી. માટે આ સૂત્રથી વિભક્તિનાં લોપનો નિષેધ થયો નહીં.

(૨) **होतृपतिः** = હોતાનો સ્વામી. होतुः पतिरिति।

વિશેષતા :

(૧) અહીં પૂર્વસૂત્રથી તમામ અધિકારની અનુવૃત્તિ આવે છે તેથી स्वसृ-पत्योः દ્વિવચનાન્ત હોવાથી પૂર્વસૂત્રથી અનુવૃત્તિ રૂપે આવતાં उत्तरपदे विद्यायोनि सम्बन्धे આદિ વિશેષણો એકવચનાન્ત હોવા છતાં પણ દ્વિવચનાન્ત પણે પરિણામ પામે છે.

અલુપ્ સમાસનું કોષ્ટક

કઈ વિભક્તિ-નો અલુપ્	પૂર્વપદ	ઉત્તરપદ	અન્ય નિમિત્ત	વિકલ્પે/નિત્ય	સૂત્ર	ઉદા.
દ્વિતીયા-અમ્	નામ્યન્ત એકસ્વરી	ખિત્ પ્રત્યયાન્ત	-	નિત્ય	ન નામ્યેકસ્વરાત્૦	સ્ત્રિયંમન્યઃ।
તૃતીયા-ટા	ઓજસ્, અઙ્ગસ્ સહ, અમ્ભસ્, તમસ્, તપસ્	-	-	નિત્ય	ઓજો-ઽઙ્ગ૦૧૨	ઓજસાકૃતમ્।
તૃતીયા-ટા	પુમ્સ્, જનુષ્	અનુજ, અન્ધ	-	નિત્ય	પુંજનુષો૦૧૩	પુંસાઽનુજઃ।
તૃતીયા-ટા	આત્મન્	પૂરણ પ્રત્યયાન્ત	-	નિત્ય	આત્મનઃ પૂરણે ૧૪	આત્મનાદ્વિતીયઃ।
તૃતીયા-ટા	મનસ્, આત્મન્	આજ્ઞાયિન્	-	નિત્ય	મનસશ્ચા૦૧૫	મનસાઽઽજ્ઞાયી।
તૃતીયા-ટા	મનસ્	-	સંજ્ઞાનો વિષય	નિત્ય	નામ્નિ ૧૬	મનસાદેવી।
ચતુર્થી-ઙે	પર, આત્મન્	-	સંજ્ઞાનો વિષય	નિત્ય	પરા-ઽઽત્ત્મ૦૧૭	પરસ્મૈપદમ્।
પંચમી-ઙસિ	અસત્ત્વવાચી	-	-	નિત્ય	અસત્ત્વે૦૧૦	સ્તોકાન્મુક્તઃ।
પંચમી-ઙસિ	બ્રાહ્મણ	શંસિન્	નિપાતન	નિત્ય	બ્રાહ્મણા૦૧૧	બ્રાહ્મણાચ્છંસિનૌ।
ષષ્ઠી	-	-	ક્ષેપ અર્થ	નિત્ય	ષષ્ઠ્યાઃ૦૩૦	ચૌરસ્યકુલમ્।
ષષ્ઠી	-	પુત્ર	ક્ષેપ અર્થ	નિત્ય	પુત્રે વા ૩૧	દાસ્યાઃપુત્રઃ/ દાસીપુત્રઃ।

કઈ વિભક્તિ-નો અલુપ્	પૂર્વપદ	ઉત્તરપદ	અન્ય નિમિત્ત	વિકલ્પે/ નિત્ય	સૂત્ર	ઉદા.
ષષ્ઠી	पश्यत्, वाग्, दिश्	हर, युक्ति, दण्ड	-	નિત્ય	पश्यद् वाग्०३२	पश्यतोहरः।
ષષ્ઠી	अदस्	अकञ् विषयक, आयनण् प्रत्यय	-	નિત્ય	अदसोऽ०३३	आमुष्यपुत्रिका।
ષષ્ઠી	देव	प्रिय	निपातन	નિત્ય	देवानां०३४	देवानांप्रियः।
ષષ્ઠી	श्वन्	शेप, पुच्छ, लाङ्गूल	संज्ञानो विषय	નિત્ય	शेप-पुच्छ०३५	शुनःशेपः।
ષષ્ઠી	वाच्, वास्तु, दिवस्, दिव्	पति, दास	-	નિત્ય	वाचस्पति०३६	वाचस्पतिः।
ષષ્ઠી	विद्यायोनिकृत संबंध निमित्तक ऋकारान्त	विद्यायोनिकृत संबंध निमित्तक	-	નિત્ય	ऋतां विद्या०३७	होतुःपुत्रः।
ષષ્ઠી	विद्यायोनिकृत संबंध निमित्तक ऋकारान्त	स्वसृ-पति	-	વિકલ્પે	स्वसृ-पत्यो०३८	होतुःस्वसा/ होतृस्वसा।
સપ્તમી	अकारान्त, व्यंजनान्त	-	-	બહુલતા	अद्-व्यञ्जनात्०१८	अरण्येतिलकाः।
સપ્તમી	अकारान्त, व्यंजनान्त	व्यंजनादि	प्राच्य देशनां करनी संज्ञा	નિત્ય	प्राक्कारस्य०१९	मुकुटेकार्षापणः।
સપ્તમી	अकारान्त, व्यंजनान्त	कृदन्त	तत्पुरुष समास	નિત્ય	तत्पुरुषे०२०	स्तम्बेरमः।

કઈ વિભક્તિ-નો અલુપ્	પૂર્વપદ	ઉત્તરપદ	અન્ય નિમિત્ત	વિકલ્પે/ નિત્ય	સૂત્ર	ઉદા.
સપ્તમી	मध्य, अन्त	गुरु	-	नित्य	मध्या-ऽन्ता०२१	मध्येगुरुः।
સપ્તમી	મૂર્દ્ધ, મસ્તક સિવાયનાં અકારાન્ત, વ્યંજનાન્ત સ્વાંગવાચી	काम સિવાયનો	-	नित्य	अमूर्द्ध-मस्तका०२२	कण्ठेकालः।
સપ્તમી	अकारान्त, व्यंजनान्त	घञन्त बन्ध	-	विकल्पे	बन्धे घञि०२३	हस्तेबन्धः/ हस्तबन्धः।
સપ્તમી	अकारान्त, व्यंजनान्त कालवाची	तनट्, तरप्, तमप् प्रत्यय अने काल शब्द	-	विकल्पे	कालात् तन०२४	पूर्वाह्णेतनः/ पूर्वाह्णतनः।
સપ્તમી	अकालवाची, अकारान्त, व्यंजनान्त	शय, वासि, वास	-	विकल्पे	शय-वासि०२५	बिलेशयः/। बिलशयः।
સપ્તમી	वर्ष, क्षर, वर, अप्, सरस्, शर, उरस्, मनस्	ज	-	विकल्पे	वर्ष-क्षर०२६	वर्षेजः/वर्षजः।
સપ્તમી	द्यु, प्रावृट्, वर्षा, शरत्, कालात्	ज	-	नित्य	द्यु-प्रावृड्०२७	दिविजः।
સપ્તમી	अप्	य प्रत्यय, योनि, मति, चर	-	नित्य	अपो य०२८	अप्सव्यः।

आ द्वन्द्वे ३.२.३९

अ.अ.सू. : विद्यायोनिसम्बन्धे ऋतां द्वन्द्वे उत्तरपदे आः।

अर्थ : વિદ્યા અને યોનિકૃત સંબંધરૂપ હેતુ હોતે છતે પ્રવર્ત્તતાં ઋકારાન્ત નામોનાં દ્વન્દ્વ સમાસમાં ઉત્તરપદ પર છતાં પૂર્વપદનાં અન્ત્યનો આ થાય છે.

ઉદા. (૧) **होतापोतारौ** = હવન કરનાર અને (તેને) સહાય કરનાર. होता च पोता चेति।
चार्थे द्वन्द्वः०૩.૧.૧૧૭થી **समास** તથા,
लघ्वक्षरा०૩.૧.૧૬૦થી પૂજ્યવાચી होतृનો **पूर्वनिपात**→ होतृ+पोतृ
આ સૂત્રથી ऋનો आ→हो**ता**पोतृ
પ્રથમા औ વગેરે→होतापो**तारौ**।

(૨) **मातापितरौ** = माता અને પિતા. माता च पिता चेति।
આ ઉદા.ની સાધનિકા પૂર્વપ્રમાણે જાણવી.

પ્ર.ઉદા.(૧) **ऋतामित्येव→गुरुशिष्यौ** = ગુરુ અને શિષ્ય.
આ ઉદા.ની સાધનિકા પૂર્વપ્રમાણે જાણવી. પરંતુ પૂર્વપદનાં અન્ત્યનો આ કરવો નહીં.

★ આ સૂત્રની પ્રવૃત્તિ ઋકારાન્ત નામથી થાય છે. જ્યારે અહીં ઋકારાન્ત નામ નથી. માટે આ સૂત્રથી અન્ત્યનો આ થયો નહીં.

(૨) **विद्यायोनिसम्बन्ध इत्येव→कर्तृकारयितारौ** =
કરનાર અને કરાવનાર. कर्त्ता च कारयिता चेति।
આ ઉદા.ની સાધનિકા પૂર્વપ્રમાણે જાણવી.

★ આ સૂત્રની પ્રવૃત્તિ વિદ્યાકૃત અને યોનિકૃત સંબંધ નિમિત્તક ઋકારાન્ત નામથી થાય છે. જ્યારે અહીં તાદૃશ સંબંધ નિમિત્તક નામ નથી. માટે આ સૂત્રથી અન્ત્યનો આ થયો નહીં.

વિશેષતા :

(૧) અહીં ધ્યાનમાં લેવું કે, જ્યારે ત્રણ કે તેથી વધુ ઋકારાન્ત પદોનો દ્વન્દ્વ સમાસ થયો હોય ત્યારે અન્ત્ય પદ તે ઉત્તરપદ સ્વરૂપે રહે છે. તેથી અન્ત્ય પદની પૂર્વે રહેલાં પદનાં જ અન્ત્ય ઋનો આ થાય છે. પણ તેની પૂર્વનાં પદોનો નહીં. જેમકે, होता च पोता च नेष्टा च उद्गाता चेति होतृपोतृनेष्टोद्गातारः। પરંતુ જો અહીં અલગ-અલગ દ્વન્દ્વ સમાસ કરવામાં આવે તો આ સૂત્ર દ્વારા તમામ પદોમાં પણ અન્ત્ય આ થવાની પ્રાપ્તિ છે. જેમકે,
पोता च नेष्टोद्गातारौ चेति पोतानेष्टोद्गातारः અને
होता च पोतानेष्टोद्गातारश्चेति होतापोतानेष्टोद्गातारः।

(૨) અહીં પરસ્પર બંને પદને આશ્રયીને વિદ્યાયોનિસંબંધની વિવક્ષા છે. તેથી, જે ઋકારાન્ત નામોમાં બંને પદની અપેક્ષાએ તે સંબંધ જણાતો હોય તો જ તે નામોનાં વિષયમાં આ સૂત્રની પ્રવૃત્તિ થશે. પણ સમાસગત પદને છોડીને અન્ય કોઈપણ નામની સાથે વિદ્યા-યોનિ સંબંધ જણાતે છતે આ સૂત્રની પ્રવૃત્તિ થશે નહીં. જેમકે, चैत्रस्य स्वसृदुहितरौ (ચૈત્રની બહેન અને પુત્રી) અહીં સમાસગત स्वसृ અને दुहितृ પદનો પરસ્પર

વિદ્યા કે યોનિકૃત સંબંધ નથી. કારણકે ચૈત્રની બહેન અને પુત્રીનો સ્વસૃત્વ અને દુહિતૃત્વ ચૈત્રની અપેક્ષાએ છે પણ પરસ્પરની અપેક્ષાએ નહીં.

જોકે અહીં કેટલાંક વ્યાકરણકારો स्वसादुहितरौ એ પ્રમાણે પ્રયોગ પણ ઇચ્છે છે. અને તે જ પ્રમાણે જો કોઈપણ એક પદનો જ અન્ય પદની સાથે સંબંધ હોય તો પણ પ્રવૃત્તિ થતી નથી. જેમકે, चैत्रस्य पितृभ्रातरौ। અહીં ચૈત્રનાં પિતૃથી જનિત હોવાથી ભ્રાતૃનો પિતા સાથે સંબંધ છે પણ પિતાનો ભ્રાતૃ સાથે સંબંધ નથી. તથા, માતાપિતરૌ, હોતાપોતરૌ પ્રયોગમાં પણ અનુક્રમે પ્રજનન અને યજ્ઞ સ્વરૂપ ક્રિયામાં સાથે જ વર્ત્તતાં હોવાથી પરસ્પર અનુક્રમે યોનિ અને વિદ્યાકૃત સંબંધ જણાય છે.

पुत्रे ३.२.४०

અ.અ.સૂ. : पुत्रे उत्तरपदे विद्यायोनिसम्बन्धे ऋतां द्वन्द्वे आः।

અર્થ : પુત્ર ઉત્તરપદમાં હોતે છતે વિદ્યા અને યોનિકૃત સંબંધ હેતુ રૂપ હોતે છતે પ્રવર્ત્તતાં ઋકારાન્ત નામોનાં દ્વન્દ્વસમાસનાં (પૂર્વપદનાં) અન્ત્ય સ્વરનો આ થાય છે.

ઉદા. (૧) **मातापुत्रौ** = માતા અને પુત્ર. माता च पुत्रश्चेति।
ચાર્થે૦૩.૧.૧૧૭થી દ્વન્દ્વ **સમાસ** તથા,
લઘ્વક્ષરા૦૩.૧.૧૬૦થી પૂજ્યવાચી માતૃનો **પૂર્વનિપાત**→
માતૃ+પુત્ર

આ સૂત્રથી ઋનો આ→**माता**पुत्र
પ્રથમા औ વગેરે→માતાપુત્રૌ।

(૨) **होतापुत्रौ** = ગોર મહારાજા અને પુત્ર. होता च पुत्रश्चेति। આ ઉદા.ની સાધનિકા પૂર્વપ્રમાણે જાણવી.

વિશેષતા :

(૧) અહીં પૂર્વસૂત્રમાં માત્ર ઋકારાન્ત નામોનાં જ દ્વન્દ્વ સમાસમાં જ પ્રવૃત્તિ વિવક્ષિત હોવાથી પિતાપુત્રૌ વગેરે પ્રયોગમાં પ્રવૃત્તિ થતી ન હતી. તેવા સ્થાનોમાં પણ પૂર્વપદનાં ઋકારનો આ કરવા માટે આ સૂત્રનો નિર્દેશ છે.

वेदसहश्रुताऽवायुदेवतानाम् ३.२.४१

અ.અ.સૂ. : वेदसहश्रुताऽवायुदेवतानां द्वन्द्वे उत्तरपदे आः।

અર્થ : વેદમાં સાથે સંભળાયેલાં વાયુ સિવાયનાં દેવતાવાચી નામોનાં દ્વન્દ્વ સમાસમાં ઉત્તરપદ પર છતાં અન્ત્યવર્ણનો આ થાય છે.

સ. (૧) **वेदसहश्रुता-ऽवायुदेवतानाम्** = वेदे सह श्रुता इति वेदसहश्रुताः, न वायवो इति अवायवः, अवायवश्च ता देवताश्चेति अवायुदेवताः, वेदसहश्रुताश्च अवायुदेवताश्चेति वेदसहश्रुताऽवायुदेवताः, तासामिति।

ઉદા. (૧) **इन्द्रासोमौ** = ઇન્દ્ર અને સોમદેવતા. इन्द्रश्च सोमश्चेति। चार्थे०૩.૧.૧૧૭થી દ્વન્દ્વ **સમાસ** તથા, लघ्वक्षरा०૩.૧.૧૬૦થી સ્વરાદિ અકારાન્ત ઇન્દ્રનો **પૂર્વનિપાત.**

આ સૂત્રથી અનો આ→इन्द्रासोम
પ્રથમા औ વગેરે→इन्द्रासोमौ।

પ્ર.ઉદા.(૧) **वेदेति किम् ? ब्रह्मप्रजापती** = બ્રહ્મા અને પ્રજાપતિ દેવતા.
ब्रह्मा च प्रजापतिश्चेति।
આ ઉદા.ની સાધનિકા પૂર્વપ્રમાણે જાણવી. પરંતુ ब्रह्मन्‌નાં अन्त्यનો આ સૂત્રથી આ કરવો નહીં.

★ આ સૂત્રની પ્રવૃત્તિ વેદમાં સાથે સંભળાતાં નામોને વિશે થાય છે. જ્યારે અહીં ब्रह्मन् અને પ્રજાપતિ અમર-કોષમાં સાથે સંભળાતાં નામો છે પણ વેદમાં નહીં. માટે આ સૂત્રથી પૂર્વપદનાં अन्त्यનો આ થયો નહીં.

(૨) **सहेति किम् ? विष्णुशक्रौ** = વિષ્ણુ અને ઇન્દ્ર.
विष्णुश्च शक्रश्चेति।
આ ઉદા.ની સાધનિકા પૂર્વપ્રમાણે જાણવી.

★ આ સૂત્રની પ્રવૃત્તિ સાથે સંભળાતાં નામોને વિશે થાય છે. જ્યારે અહીં બંને નામ વેદમાં સાથે સંભળાતાં નથી. પણ ભિન્ન-ભિન્ન સંભળાય છે. માટે આ સૂત્રથી વિષ્ણુનાં उનો આ થયો નહીં.

(૩) **श्रुतेति किम् ? चन्द्रसूर्यौ** = ચન્દ્ર અને સૂર્યદેવતા.
चन्द्रश्च सूर्यश्चेति।
આ ઉદા.ની સાધનિકા પૂર્વપ્રમાણે જાણવી.

★ આ સૂત્રની પ્રવૃત્તિ વેદમાં સાથે પ્રખ્યાતિને પામેલાં નામથી થાય છે. જ્યારે અહીં चन्द्रसूर्य વેદમાં चन्द्रमस् અને સૂર્ય સ્વરૂપે સાથે સંભળાય છે. માટે આ સૂત્રથી चन्द्रનાં अन्त्यનો આ થયો નહીં.

(૪) **वायुवर्जनं किम् ? वाय्वग्नी** = વાયુ અને અગ્નિદેવતા.
वायुश्च अग्निश्चेति।
આ ઉદા.ની સાધનિકા પૂર્વપ્રમાણે જાણવી.

★ આ સૂત્રમાં વાયુ નામનું વર્જન હોવાથી અહીં આ સૂત્રથી અન્ત્યનો આ થયો નહીં.

(૫) **देवतानामिति किम् ? यूपचषालौ** = યજ્ઞમાં સ્થાપન કરાતાં લાકડું વિશેષ અને મદિરાનું પાત્ર વિશેષ.
यूपश्च चषालश्चेति।
આ ઉદા.ની સાધનિકા પૂર્વપ્રમાણે જાણવી.

★ આ સૂત્રની પ્રવૃત્તિ દેવતાવાચી નામોથી પર થાય છે. જ્યારે અહીં દેવતાવાચી નામ નથી. માટે આ સૂત્રથી અન્ત્યનો આ થયો નહીં.

ई षोम-वरुणेऽग्नेः ३.२.४२

અ.અ.સૂ. : वेदसहश्रुताऽवायुदेवतानां द्वन्द्वे षोम-वरुणे उत्तरपदे अग्नेः ईः।

અર્થ : વેદમાં સાથે સંભળાયેલાં વાયુ સિવાયનાં દેવતાવાચી નામોનાં દ્વન્દ્વ સમાસમાં षोम અને वरुण ઉત્તરપદ પર છતાં अग्निનાં इ નો ई થાય છે.

સ. **षोम-वरुणे** = षोमश्च वरुणश्चेति षोम-वरुणम्, तस्मिन्निति।

ઉદા. (૧) **अग्नीषोमौ** = અગ્નિદેવતા અને સોમદેવતા.
अग्निश्च सोमश्चेति।
चार्थे०૩.૧.૧૧૭થી **समास** તથા,

लघ्वक्षरा०३.१.१४८थी इकारान्त अग्निनो **पूर्वनिपात.** आ सूत्रथी दीर्घ ई अने स्नो ष्→अग्नी+**षोम** प्रथमा औ वगेरे→अग्नीषोमौ।

(२) **अग्नीवरुणौ** = अग्निदेवता अने वरुणदेवता. अग्निश्च वरुणश्चेति।
आ उदा.नी साधनिका पूर्वप्रमाणे जाणवी.

प्र.उदा. **देवताद्वन्द्व इत्येव→अग्निसोमौ बटू** = अग्नि अने सोम नामनां बे बाळको. अग्निश्च सोमश्चेति।
आ उदा.नी साधनिका पूर्वप्रमाणे जाणवी. परंतु आ सूत्रनी प्रवृत्ति न करवी.

★ आ सूत्रनी प्रवृत्ति देवतावाची द्वन्द्व समासमां थाय छे. जयारे अहीं देवतावाची द्वन्द्व समास नथी. माटे आ सूत्रथी अग्निनां अन्त्यनो ई थयो नहीं.

विशेषता :

(१) **षोमेति निर्देशाद् ईयोगे षत्त्वं च** = अहीं सूत्रमां ई षोम एम प्रमाणे सोम शब्दनो करायेलां ष्वाळो निर्देश छे. तथा ईनां योगमां दर्शाव्यो होवाथी ए ष् ते ईनां योगमां ज थशे. पण अन्य वर्णनां योगमां नहीं. अन्यथा **सन्नियोगशिष्टानामेकापायेऽन्यतरस्याप्यऽपायः १/३०** न्यायानुसारे ई सिवायनां वर्णनां योगमां आ सूत्रनी प्रवृत्ति न थतां स्नो ष् पण थशे नहीं. जेमके, अग्निसोमौ माणवकौ।

इर्वृद्धिमत्यविष्णौ ३.२.४३

અ.અ.સૂ. : अविष्णौ वृद्धिमति उत्तरपदे देवताद्वन्द्वे अग्नेः इः।

અર્થ : વિષ્ણુ સિવાયનાં વૃદ્ધિવાળાં ઉત્તરપદ પર છતાં દેવતાવાચી નામોનાં દ્વન્દ્વ સમાસમાં પૂર્વપદમાં રહેલાં અગ્નિનાં અન્ત્યનો इ થાય છે.

સ. **अविष्णौ** = न विष्णुरिति अविष्णुः, तस्मिन्निति।

ઉદા. (૧) **आग्निवारुणीमनड्वाहीमालभेत** = અગ્નિ અને વરુણ દેવતા સંબંધી ગાયનું બલિદાન કરવું જોઈએ.
अग्निश्च वरुणश्चेति अग्नीवरुणौ, अग्नीवरुणौ देवतेऽस्या इति आग्निवारुणी तामिति।
चार्थे०૩.૧.૧૧૭થી **સમાસ** તથા,
लघ्वक्षरा०૩.૧.૧૪૮થી અગ્નિનો **पूर्वनिपात**→अग्नीवरुणौ
અને ई षोम०૩.૨.૪૨થી અગ્નિનો **इ दीर्घ.**
देवता ૬.૨.૧૦૧થી अण्→अग्नीवरुण+**अ**
देवतानामा०૭.૪.૨૮થી વૃદ્ધિ→**आग्नीवा**रुणी+अ
अवर्णेवर्ण०૭.૪.૬૮થી અનો લોપ→आग्नीवारुण
આ સૂત્રથી અગ્નિનાં અન્ત્યનો इ→**आग्नि**वारुण
अणजेये०૨.૪.૨૦થી ङी→आग्निवारुण+**ई**
अस्य ङ्यां०૨.૪.૮૬થી અનો લોપ→आग्निवारुणी
દ્વિતીયા अम् વગેરે→आग्निवारुणीम्।

પ્ર.ઉદા.(૧) वृद्धिमतीति किम्? अग्नीवरुणौ = અગ્નિ અને વરુણ દેવતા. अग्निश्च वरुणश्चेति।

આ ઉદા.ની સાધનિકા પૂર્વસૂત્રમાં દર્શાવેલ છે.

★ આ સૂત્રની પ્રવૃત્તિ વૃદ્ધિવાળું ઉત્તરપદ પર છતાં થાય છે. જ્યારે અહીં વૃદ્ધિ વાળું ઉત્તરપદ નથી. માટે આ સૂત્રથી અગ્નિનાં અન્ત્યનો इ થયો નહીં.

(૨) **अविष्णाविति किम् ? आग्नावैष्णवं चरुं निर्वपेत्** = અગ્નિ અને વરુણ દેવતા સંબંધી ચરુને વાવવું જોઈએ.

अग्निश्च विष्णुश्चेति अग्नाविष्णू, अग्नाविष्णू देवतेऽस्या इति आग्नावैष्णवः, तामिति।

चार्थे०૩.૧.૧૧૭થી द्वन्द्व **समास** तथा,

लघ्वक्षरा०૩.૧.૧૬૦થી અગ્નિનો **पूर्वनिपात**→

अग्नि+विष्णु

वेदसहश्रुता०૩.૨.૪૧થી इનો आ→अ**ग्ना**विष्णु

प्रथमा औ वगेरे→अग्नाविष्**णू**

देवता ૬.૨.૧૦૧થી अण्→अग्नाविष्णु+**अ**

देवतानामा०૭.૪.૨૮થી वृद्धि→**आग्ना**वैष्णु+अ

अस्वयं भुवो०૭.૪.૭૦થી अव्→आग्नावै**ष्णाव**

द्वितीया अम्→आग्नावैष्णवम्।

★ આ સૂત્રમાં વિષ્ણુનું વર્જન હોવાથી અહીં આ સૂત્રથી અગ્નિનાં અન્ત્યનો इ થયો નહીં.

વિશેષતા :

(૧) આ સૂત્ર પૂર્વનાં બે સૂત્રથી થનારાં આકાર અને ઈકારનાં અપવાદ સ્વરૂપે છે.

दिवो द्यावा ३.२.४४

અ.અ.સૂ. : देवताद्वन्द्वे दिवः उत्तरपदे द्यावा।

અર્થ : દેવતાવાચી નામોનાં દ્વન્દ્વ સમાસમાં વર્ત્તતાં दिव् નામનો ઉત્તરપદ પર છતાં द्यावा આદેશ થાય છે.

ઉદા. (૧) **द्यावाभूमी** = સ્વર્ગ અને પૃથ્વી દેવતા.
द्यौश्च भूमिश्चेति।
चार्थे०૩.૧.૧૧૭થી દ્વન્દ્વ **સમાસ** તથા,
लघ्वक्षरा०૩.૧.૧૬૦થી પૂજ્યવાચી दिव्નો **पूर्वनिपात**→
दिव्+भूमि
આ સૂત્રથી दिव्નો द्यावा આદેશ→**द्यावा**+भूमि
પ્રથમા औ વગેરે→द्यावा**भूमी**।

વિશેષતા :

(૧) અહીં ઉદા.ગત द्यावानक्ते પ્રયોગમાં नक्त શબ્દ नक्तम् અવ્યયથી ભિન્ન અકારાન્ત અનવ્યય પ્રકૃતિ છે.

दिवस्-दिवः पृथिव्यां वा ३.२.४५

અ.અ.સૂ. : देवताद्वन्द्वे दिवः पृथिव्यां उत्तरपदे दिवस्-दिवः वा।

અર્થ : દેવતાવાચી નામનાં દ્વન્દ્વ સમાસમાં दिव् નામનો પૃથિવી ઉત્તરપદ પર છતાં दिवस् અને दिव् વિકલ્પે થાય છે.

સ. **दिवस्-दिवः** = दिवश्च दिवश्चेति। [પ્રથમા औ, સૂત્રત્વાત્ लोपः।]

ઉદા. (૧) **दिवस्पृथिव्यौ/दिवःपृथिव्यौ/द्यावापृथिव्यौ** = સ્વર્ગ અને પૃથ્વી. द्यौश्च पृथिवी च इति।

चार्थे द्वन्द्व०૩.૧.૧૧૭થી **द्वन्द्व समास** तथा,
लघ्वक्षरा०૩.૧.૧૬૦થી પૂજ્યવાચી दिव्નો **पूर्वनिपात**→ दिव्+पृथिवी
આ સૂત્રથી दिव्નો दिवस्, दिवः અને द्यावा આદેશ→ **दिवस्**पृथिवी/**दिवः**पृथिवी/**द्यावा**पृथिवी
પ્રથમા औ વગેરે→दिवस्पृथिव्यौ/दिवःपृथिव्यौ/द्यावापृथिव्यौ।

વિશેષતા :

(૧) અહીં સૂત્રમાં दिवः એ પ્રમાણે વિસર્ગાન્ત નિર્દેશ હોવાથી વૈકલ્પિક પક્ષે જ્યારે આદેશ નહીં થાય ત્યારે दिवस्નાં અન્ત્ય स्નો પૃથિવી ઉત્તરપદ પર છતાં रः पदान्ते०૧.૩.૫૩ સૂત્રથી વિસર્ગ થશે નહીં. આમ, અહીં दिवस् એ પ્રમાણે એક જ આદેશનો सકારાન્ત અને વિસર્ગાન્ત એમ બે નિર્દેશ કર્યા હોવાથી અને પૂર્વસૂત્રથી द्यावा આદેશ પણ પ્રાપ્ત થતાં ઉદા.ગત ત્રણ-ત્રણ પ્રયોગ સિદ્ધ થાય છે.

उषासोषसः ૩.૨.૪૬

અ.અ.સૂ. : देवताद्वन्द्वे उषसः उत्तरपदे उषासा।

અર્થ : દેવતાવાચી નામનાં દ્વન્દ્વ સમાસમાં उषस्નો ઉત્તરપદ પર છતાં उषासा આદેશ થાય છે.

ઉદા. (૧) **उषासासूर्यम्** = પ્રાતઃકાળ અને સૂર્ય. उषाश्च सूर्यश्चेति।
चार्थे द्वन्द्व०૩.૧.૧૧૭થી **समास** तथा,
लघ्वक्षरा०૩.૧.૧૬૦થી લઘ્વક્ષરી उषस् નો **पूर्वनिपात**→ उषस्+सूर्य

આ સૂત્રથી ઉષસ્નો ઉષાસા આદેશ→**उषासा**सूर्य।
પ્રથમા સિ વગેરે→ઉષાસાસૂર્યમ્।

વિશેષતા :

(૧) અહીં કેટલાંક વ્યાકરણકારો સૂર્ય શબ્દનો પણ આ સૂત્ર દ્વારા ઉષાસા આદેશ ઇચ્છે છે. તેથી તેઓનાં મતે સૂર્યશ્ચ સોમશ્ચેતિ ઉષાસાસોમૌ એવો પ્રયોગ પણ સિદ્ધ થાય છે.

मातरपितरं वा ३.२.४७

અ.અ.સૂ. : मातरपितरं (निपात्यते) वा।

અર્થ : માતૃ અને પિતૃનાં દ્વન્દ્વ સમાસમાં ઋનો અર્ વિકલ્પે નિપાતન થાય છે.

ઉદા. (૧) मातरपितरयोः/मातापित्रोः = માતા અને પિતાનું.
माता च पिता चेति मातापितरौ, तयोरिति।
चार्थे द्वन्द्वे०૩.૧.૧૧૭થી દ્વન્દ્વ **સમાસ** તથા,
लघ्वक्षरा०૩.૧.૧૬૦થી પૂજ્યવાચી માતૃનો **પૂર્વનિપાત**→
માતૃ+પિતૃ
આ સૂત્રથી ઋનો અર્→**मातरपितर**
ષષ્ઠી ઓસ્ વગેરે→मातरपितरयोः।
વિકલ્પે : આ દ્વન્દ્વે ૩.૨.૩૯થી ઋનો આ→**मातापित्रोः**।

વિશેષતા :

(૧) અહીં સૂત્રમાં मातरपितरौ એ પ્રમાણે સ્વાભાવિક પુંલિંગ નિર્દેશ ન કરતાં मातरपितरम્ એ પ્રમાણે જે નપુંસકલિંગ

નિર્દેશ કર્યો છે. તે ઉત્તરપદમાં પણ અર્ આદેશ દર્શાવવા માટે છે. અન્યથા જો પુંલિંગ નિર્દેશ કર્યો હોત તો એ અર્ડૌ ચ ૧.૪.૪૯ સૂત્રથી થયેલ છે કે આ સૂત્ર દ્વારા નિપાતન કરેલ છે. તેનો નિર્ણય થઈ શકે નહીં.

(૨) અહીં કૈયટ વગેરે કેટલાંક વ્યાકરણકારો ઉત્તરપદમાં અર્ આદેશ ઇચ્છતાં નથી. તેઓનાં મતે માતરપિતરા-વુદીચામ્ ૬.૩.૨૩ એ પ્રમાણે પાણિની સૂત્રમાં નિર્દિષ્ટ ઉત્તરપદમાં અર્નો નિર્દેશ ઋતોઙિસર્વનામસ્થા૦ ૭.૪.૧૧૦ પાણિની સૂત્રથી થયેલ ગુણ સ્વરૂપ છે. જે સિદ્ધહેમ અનુસારે અર્ડૌ ચ ૧.૪.૪૯ સૂત્રનાં વિષયરૂપે છે.

(૩) આ સમાસનાં વિષયમાં વિકલ્પે એક શેષ પ્રક્રિયા પણ થતાં પિતરૌ પ્રયોગ પણ પ્રાપ્ત થાય છે.

वर्चस्कादिष्वस्करादयः ३.२.४८

અ.અ.સૂ. : वर्चस्कादिषु अवस्करादयः (निपात्यन्ते)।

અર્થ : વર્ચસ્ક વગેરે અર્થમાં કરાયેલાં શ્, ષ્, સ્ છે આદિમાં જેને એવા ઉત્તરપદવાળાં અવસ્કર વગેરે સમાસો નિપાતન કરાય છે.

સ. (૧) **वर्चस्कादिषु** = वर्चस्क आदिर्येषां ते इति वर्चस्कादयः, तेष्विति।

(૨) **अवस्करादयः** = अवस्कर आदिर्येषां ते इति।

ઉદા. (૧) **अवस्करोऽन्नमलम्** = એંઠવાડ. अवकीर्यत इति।
गतिक्वन्य०૩.૧.૪૨થી **समास**→अव+कर
यु-वर्ण०૫.૩.૨૮થી अल् વગેરે→कृ+**अल्**→कर
આ સૂત્રથી स् આગમ નિપાતન→अव**स्कर**
પ્રથમા સિ વગેરે→अवस्करः।
અન્ય અર્થમાં अवकरः પ્રયોગ સિદ્ધ થાય છે.

(૨) **अपस्करः** = રથનું અંગ. अपकीर्यते इति।
આ ઉદા.ની સાધનિકા પૂર્વપ્રમાણે જાણવી.
અન્ય અર્થમાં अपकरः પ્રયોગ સિદ્ધ થાય છે.

વિશેષતા :

(૧) **વર્ચસ્કાદિ અર્થમાં અવસ્કરાદિ ગણથી સિદ્ધ થતાં પ્રયોગો :**

अवस्कर = એંઠવાડ
प्रतिष्कश = સહાય
अपस्कर = રથનું અંગ
प्रस्कण्व = ઋષિનું નામ
कुस्तुम्बरु = ઔષધિ વિશેષ
अवरस्परा/अपरस्परा = સતત જવું
आस्पदम् = પ્રતિષ્ઠા
आश्चर्य = અદ્‌ભુત.
हरिश्चन्द्र = હરિશ્ચન્દ્ર-ઋષિનું નામ
मस्कर = વાંસડો અથવા દંડ
आस्कथ = નગરનું નામ
तस्कर = ચોર
बृहस्पति = દેવનું નામ

प्रायश्चित्त = મુનિજનોએ કે ગમે તે મનુષ્યે પાપની શુદ્ધિ માટે કરેલું ચિંતન-આલોચન-પ્રતિક્રમણ વગેરે

शष्कुली = કરેલું અન્ન

मस्करी = ક્રિયાનો નિષેધ કરનાર-પરિવ્રાજક

कास्तीर = નગરનું નામ

अजस्तुन्द = નગરનું નામ

कारस्कर = વૃક્ષ

वनस्पति = વનસ્પતિ

करस्कर = પહાડનું નામ અથવા વૃક્ષ

पारस्कर = દેશનું નામ

रथस्पा = નદીનું નામ

किष्कुरु = પ્રહાર કરવાનું એક હથિયાર

किष्कु = વેંતનું કે હાથનું પ્રમાણ

किष्किधा = ગુફાનું નામ

किष्किध = પર્વતનું નામ

गोष्पदम् = જ્યાં ગાયો બેસતી હોય એવો ગામની પાસેનો ભાગ-પાદર અથવા ગાયના એક પગલાથી પડેલ ખાડાની ઊંડાઈ જેટલું માપ-ગાયના પગલાના માપ જેટલું ક્ષેત્ર-જમીનનો ઘણો થોડો ભાગ

अगोष्पद = જ્યાં ગાયોનાં પગલાં હોવાનો સંભવ જ નથી અર્થાત્ જ્યાં ગાયો હોવાનો બિલકુલ સંભવ નથી એવું અરણ્ય.

જિ. : સૂત્રમાં गोष्पदम् પ્રયોગનાં નિષેધાત્મક સ્વરૂપને આશ્રયીને अगोष्पदम् પ્રયોગ પણ સિદ્ધ જ હતો. તો અહીં અવસ્કરાદિ ગણમાં गोष्पदम् અને अगोष्पदम् પ્રયોગ શા માટે દર્શાવ્યાં?

સમા. : તમારી વાત સાચી છે. પરંતુ કોઈપણ નામનો નિષેધાત્મક પ્રયોગ તેનાં વિધેયાત્મક સ્વરૂપની સંભાવનાવાળાં સ્થાને થાય છે. અર્થાત્ જે દ્રવ્યમાં શુક્લ વર્ણની સંભાવના હશે તે જ દ્રવ્યને શુક્લતાનાં અભાવમાં અશુક્લઃ કહી શકાશે. પણ આત્મા, આકાશાદિને નહીં.

તેમજ, અગોષ્પદમ્ પ્રયોગ પણ જ્યાં ગાયનાં પગલાંની સંભાવના હશે ત્યાં જ તેનાં અભાવમાં પ્રયુક્ત થાય. પરંતુ અહીં ગણપાઠમાં પુનઃ નિર્દેશ કરીને ગ્રંથકારશ્રી જણાવે છે કે, જ્યાં ગાયનાં પગલાંની સંભાવના ન હોય તેવા અરણ્ય આદિનાં વિષયમાં પણ અગોષ્પદમ્ પ્રયોગનો ઉપયોગ થઈ શકે છે.

તથા ન વિદ્યતે ગૌઃ પદં યત્ર ઇતિ એ પ્રમાણે જ્યારે ત્રિપદ બહુવ્રીહિ સમાસ કરવામાં આવે ત્યારે અગોપદમ્ એવું રૂપ ન કરતાં અગોષ્પદમ્ એવું જ રૂપ કરવું. તેમ પણ આ ગણપાઠનાં નિર્દેશથી સૂચિત થાય છે.

परतः स्त्री पुंवत् स्त्र्येकार्थेऽनूङ् ३.२.४९

અ.અ.સૂ. : परतः स्त्री स्त्र्येकार्थे उत्तरपदे पुंवत्, अनूङ्।

અર્થ : પરતઃ અર્થાત્ વિશેષ્યનાં વશથી સ્ત્રીલિંગ થયેલ નામ, સ્ત્રીલિંગમાં વર્ત્તતું એકાર્થક ઉત્તરપદ પર છતાં પુંવત્ થાય છે. જો તે ઊઙ્ પ્રત્યયાન્ત ન હોય તો.

સ. (૧) **स्त्र्येकार्थे** = स्त्रियामेकार्थमिति स्त्र्येकार्थम्, तस्मिन्निति।

(૨) **अनूङ्** = न ऊङ् इति।

ઉદા. (૧) **दर्शनीयभार्यः** = સુંદર પત્નીવાળો.
दर्शनीया भार्या यस्य स इति।
एकार्थं चा०૩.૧.૨૨થી **समास** તથા,
विशेषण-सर्वादि०૩.૧.૧૫૦થી दर्शनीया નો **पूर्वनिपात**→
दर्शनीया+भार्या
આ સૂત્રથી दर्शनीयાનો **पुंवत्भाव**→दर्शनीयभार्या
गोश्चान्ते०૨.૪.૯૬થી **ह्रस्व**→दर्शनीयभार्य
प्रथमा सि વગેરે→दर्शनीयभार्यः।

પ્ર.ઉદા.(૧) **परत इति किम्? द्रोणीभार्यः** = દ્રોણી જાતિની ભાર્યાવાળો. द्रोणी भार्या यस्य स इति।
આ ઉદા.ની સાધનિકા પૂર્વપ્રમાણે જાણવી. પરંતુ આ સૂત્રથી પુંવત્ભાવ કરવો નહીં.

★ આ સૂત્રની પ્રવૃત્તિ વિશેષ્યનાં વશથી સ્ત્રીલિંગ થયેલ નામને વિશે થાય છે. જ્યારે અહીં द्रोणी શબ્દ સ્વાભાવિક સ્ત્રીલિંગ છે. માટે આ સૂત્રથી તેનો પુંવત્ભાવ થયો નહીં.

(૨) **स्त्रीति किम्? खलपुदृष्टिः** = ખળું સાફ કરનારની દૃષ્ટિ છે જેની તે. खलपु दृष्टिः यस्य स इति।
આ ઉદા.ની સાધનિકા પૂર્વપ્રમાણે જાણવી.

★ આ સૂત્રની પ્રવૃત્તિ સ્ત્રીલિંગ પૂર્વપદથી પર થાય છે. જ્યારે અહીં નપુંસકલિંગમાં વર્ત્તતું નામ છે. માટે આ સૂત્રથી પુંવત્ભાવ થયો નહીં.

(૩) **स्व्येकार्थ इति किम्?**

(a) **गृहिणीनेत्रः** = પત્નીની આંખે જોનાર.

गृहिण्येव नेत्रं यस्य स इति।
આ ઉદા.ની સાધનિકા પૂર્વપ્રમાણે જાણવી.

(b) **कल्याणीमाता** = કલ્યાણીની માતા.
कल्याण्यां माता इति।
षष्ठ्ययत्ना०૩.૧.૭૬થી **समास** તથા,
प्रथमोक्तं०૩.૧.૧૪૮થી कल्याणीનો **पूर्वनिपात**→
कल्याणी+मातृ
प्रथमा सि વગેરે→कल्याणीमाता।

★ આ સૂત્રની પ્રવૃત્તિ એકાર્થક એવું ઉત્તરપદ પર છતાં થાય છે. જ્યારે અહીં એકાર્થક ઉત્તરપદ નથી. માટે આ સૂત્રથી ગૃહિણીનો અને કલ્યાણીનો પુંવત્ભાવ થયો નથી.

(૪) **अनूङिति किम् ? करभोरूभार्यः** = ઊંટના સાથળ જેવાં સાથળવાળી ભાર્યાવાળો. करभोरूः भार्या यस्य स इति।
एकार्थं०૩.૧.૨૨થી **समास** તથા,
विशेषण-सर्वादि०૩.૧.૧૫૦થી करभोरूનો **पूर्वनिपात**→
करभोरूभार्या
गोश्चान्ते०૨.૪.૯૬થી હ્રસ્વ→करभोरूभार्य
प्रथमा सि વગેરે→करभोरूभार्यः।

★ આ સૂત્રમાં ऊङ् પ્રત્યયનું વર્જન હોવાથી અહીં આ સૂત્રથી પુંવત્ભાવ થયો નહીં.

વિશેષતા :

(૧) અહીં ધ્યાનમાં લેવું કે, पट्वी च मृद्वी चेति पट्वीमृद्व्यौ, તે भार्येऽस्येति એ પ્રમાણે વિગ્રહથી પ્રાપ્ત થતાં બહુવ્રીહિ

સમાસમાં पट्वीमृदुभार्यः द्विवचनમાં રહેલ मृदु શબ્દનો द्विवचनમાં રહેલ भार्या શબ્દ સાથે સમાનાધિકરણ થતાં આ સૂત્રની પ્રવૃત્તિ થાય છે. તેથી पट्वीमृदुभार्यः એ પ્રમાણે પ્રયોગ પ્રાપ્ત થાય છે. તથા, मृदु પદનું વ્યવધાન હોવાથી पट्वी શબ્દનો પુંવદ્ભાવ થતો નથી.

क्यङ्मानिपित्तद्धिते ३.२.५०

અ.અ.સૂ. : क्यङ्मानिपित्तद्धिते उत्तरपदे परतः अनुङ् स्त्री पुंवत्।

અર્થ : क्यङ् પ્રત્યય, मानिन् ઉત્તરપદ તથા प् ઈત્વાળાં તદ્ધિત પ્રત્યય પર છતાં વિશેષ્યનાં વશથી થયેલ સ્ત્રીલિંગ નામ પુંવત્ થાય છે. જો તે ऊङ् પ્રત્યયાન્ત ન હોય તો.

સ. **क्यङ्-मानि-पित्तद्धिते** = प् इत् यस्य स इति पित्, पित्त्वासौ तद्धितश्चेति पित्तद्धितः, क्यङ् च मानी च पित्तद्धितश्चेति क्यङ्मानीपित्तद्धितः, तस्मिन्निति।

ઉદા. (૧) **श्येतायते** = સફેદ વર્ણવાળી સ્ત્રીની જેમ આચરણ કરે છે.
श्येनी इव आचरतीति।
क्यङ्३.४.२९થી क्यङ्→श्येनी+**य**
આ સૂત્રથી **पुंवत्भाव** તથા,
सन्नियोगशिष्टाना०१/३० ન્યાયાનુસારે ङीની સાથે न्नी નિવૃત્તિ→श्येत+य
दीर्घश्च्व्य०४.३.१०८થી आ→श्येत**ाय**
તે વગેરે→श्येतायते।

(૨) **दर्शनीयमानी** = પોતાને દર્શનીય માનનારી.
दर्शनीयां मन्यते इति।

मन्यात्०५.१.११६थी णिन् वगेरे→**मानिन्**
ङस्युक्तं०३.१.४९थी समास→दर्शनीया+मानिन्
आ सूत्रथी पुंवत्भाव→**दर्शनीय**मानिन्
प्रथमा सि वगेरे→दर्शनीयमानी।

(३) **अजथ्यं यूथम्** = બકરી માટે હિતકારી સંઘ.
अजायै हितमिति।
तस्मै हिते ७.१.३५नी सहायथी,
अव्यजात्०७.१.३८थी थ्यप्→अजा+**थ्य**
आ सूत्रथी अजानो पुंवत्भाव→**अज**थ्य
प्रथमा सि वगेरे→अजथ्यम्।

विशेषता :

(१) अहीं मानिन् એ प्रमाणे नाम मात्रनो निर्देश कर्यो होवाथी **नामग्रहणे लिङ्गविशिष्टस्याऽपि ग्रहणम् १/२९** न्यायानुसारे सर्व लिंगमां आ सूत्रनी प्रवृत्ति थाय छे. तेथी दर्शनीयं मन्यते अयं यस्या इति दर्शनीयमानी अने दर्शनीयमानिनीयमस्या એ प्रमाणे पुलिंग अने स्त्रीलिंगमां आ सूत्रनी प्रवृत्ति थाय छे.

(२) अहीं उत्तरपदनां विषयमां क्यङ्-मानि-पित्तद्धिते अव्ययनुं विधान छे अने मानिन् सिवायनां उत्तरपदमां स्त्रीलिंग अने एकार्थता घटतां न होवाथी तथा, मानिन्नां विषयमां पूर्वसूत्रथी ज सिद्ध होवाथी आ सूत्रमां स्त्र्येकार्थेनी अनुवृत्ति ग्रहण करी नथी.

(३) अहीं स्त्र्येकार्थ रहित प्रयोगमां पण सूत्रनी प्रवृत्ति करवा माटे सूत्रमां मानिन् पदनुं ग्रहण करवामां आव्युं

છે. અહીં દર્શનીયમાની વગેરે પ્રયોગમાં ङस्युक्तं० ૩.૧.૪૯ સૂત્રથી ઉપપદ તત્પુરુષ સમાસ થયો છે. અને તે સમાસમાં એકાર્થતાની અપેક્ષા ન હોવાથી જે કોઈક પુરુષ કોઈક સ્ત્રીને દર્શનીય માનનારો છે. તે પુરુષનાં વિષયમાં દર્શનીયમાની એ પ્રમાણે જણાવનાર છે. આમ, અહીં દર્શનીય પદ સ્ત્રીવાચી અને માની પદ પુરુષવાચી હોવાથી સામાનાધિકરણ્યભાવ નથી અને એકાર્થતા પણ નથી. તથા, તે જ પ્રમાણે દર્શનીયમાનીની પ્રયોગમાં અન્ય સ્ત્રી બીજી સ્ત્રીને દર્શનીય માને છે એવી વિવક્ષા છે. તેથી અહીં સ્ત્રીલિંગ હોવા છતાં પણ એકાર્થતા નથી. પરંતુ આ સૂત્રમાં માનિન્ પદનાં ગ્રહણ દ્વારા એકાર્થ વિના પણ પુંવદ્ભાવ થાય છે.

અન્યથા આત્માનં દર્શનીયં મન્યતે એ પ્રમાણે સ્વયંને દર્શનીય માનનારી સ્ત્રીનાં વિષયમાં તો પૂર્વસૂત્રથી પણ પુંવદ્ભાવની પ્રાપ્તિ હતી. જો કે આ સૂત્ર પર હોવાથી અને માનિન્ એ પ્રમાણે પ્રતિપદોક્ત કહેવાયેલું હોવાથી તેવાં પ્રયોગમાં પણ આ સૂત્ર દ્વારા[1] જ પુંવદ્ભાવ કરવો.

---

૧. યદ્યપિ અહીં બૃ.વૃ.માં 'पूर्वेणैव भवति અર્થાત્ પૂર્વસૂત્રથી જ થાય છે' એ પ્રમાણે પાઠનો નિર્દેશ છે. જો આ સૂત્રમાં માનિન્ પદનું ગ્રહણ ન કર્યું હોત તો પૂર્વસૂત્રથી જ આ પ્રયોગ સિદ્ધ થાત એવો સમન્વય કરવો. (ન્યાસાનુસંધાન)

જિ. : पट्विका, मृद्विका વગેરે પ્રયોગમાં પણ कप् પ્રત્યય લાગ્યો છે. તે पित् પ્રત્યય હોવાથી ત્યાં પણ આ સૂત્રની પ્રવૃત્તિ થવાની પ્રાપ્તિ છે. તો શા માટે પુંવત્ભાવ થયો નથી?

સમા. : ङ्यादीदूतः કે ૨.૪.૧૦૪ સૂત્ર દ્વારા પટ્વિકા વગેરે પ્રયોગમાં હ્રસ્વ કરવામાં આવ્યું છે. અને તે સૂત્રમાં ङी પ્રત્યયનું ગ્રહણ કર્યું છે. તે ङी પ્રત્યયનાં વિધાન સામર્થ્યથી જ આ સૂત્રની પ્રવૃત્તિનો આવા પ્રયોગોમાં નિષેધ થાય છે.

जातिश्च णि-तद्धितयस्वरे ३.२.५१

અ.અ.સૂ. : **परतः स्त्री जातिः च (अजातिः) णि-तद्धितयस्वरे पुंवत्, अनूङ्।**

અર્થ : વિશેષ્યનાં વશથી સ્ત્રીલિંગ થયેલ સામાન્ય સ્ત્રીલિંગ નામ તથા જાતિવાચી સ્ત્રીલિંગ નામ णि પ્રત્યય પર છતાં તેમજ यकारादि અને સ્વરાદિ તદ્ધિત પ્રત્યયનાં વિષયમાં પુંવત્ થાય છે. જો તે ऊङ् પ્રત્યયાન્ત ન હોય તો.

સ. **णितद्धितयस्वरे** = यश्च स्वरश्चेति यस्वरौ, तद्धितश्च तौ यस्वरौ चेति तद्धितयस्वरौ, णिश्च तद्धितयस्वरौ चेति णितद्धितयस्वरम्, तस्मिन्निति।

ઉદા. (૧) **पटयति** = હોંશિયાર સ્ત્રીને કહે છે.
पट्वीमाचष्टे इति।
णिज्बहुलं०૩.૪.૪૨થી णिच्→पट्वी+**इ**

આ સૂત્રથી પટ્વીનો પુંવત્ભાવ થતાં ङीની નિવૃત્તિ→ **पटु**+इ
નામિનોऽ०४.३.५१थी વૃદ્ધિ→**पटौ**+इ
ત્રન્ત્યસ્વરા०७.४.४૩થી औનો લોપ→પટિ
તિવ્ વગેરે→પટયતિ।

(૨) **एत्यः** = સફેદ વર્ણવાળી સ્ત્રીને વિશે સજ્જન.
એન્યાં સાધુરિતિ।
તત્ર સાધૌ ૭.૧.૧૫થી ય→એની+**य**
આ સૂત્રથી પુંવત્ભાવ થતાં ङીની નિવૃત્તિ તથા, **सन्नियोगशिष्टाना०१/३०** ન્યાયાનુસારે न्ની પણ નિવૃત્તિ→**एत**+ય
અવર્ણેવર્ણ०७.४.६८થી અનો લોપ→એત્ય
પ્રથમા સિ વગેરે→એત્યઃ।

(૩) **भावत्कम्** = આપનો પુત્ર. भवत्या इदमिति।
भवतोरिक०६.३.૩०થી इकण्→भवत्+**इक**
वृद्धिः स्वरे०७.४.१थी વૃદ્ધિ→**भा**वत्+इक
ऋवर्णो०७.४.७१थी इનો લોપ→ભાવત્ક
પ્રથમા સિ વગેરે→ભાવત્કમ્।

(૪) **दारद्यः** = દરત્ ઋષિનાં પુત્રને વિશે સજ્જન.
દરદિ સાધુ ઇતિ। દરદઃ અપત્યં સ્ત્રીતિ અર્થમાં,
પુરુમગધ०६.१.११६થી અણ્→દરદ્+**अ**
દ્રેરઞ્ ६.१.१२૩થી સ્ત્રીલિંગમાં અણ્નો લોપ→દરદ્
આમ્, દરત્ 'ગોત્રં ચ ચરણૈઃ સહ' વચનાનુસારે જાતિવાચી બનતાં,

तत्र साधौ ७.१.१५थी य→दरद्+**य**
आ सूत्रथी पुंवत्भाव थतां अण्नुं आगमन→
दरद्+**अ**+य
वृद्धिः स्वरेष्वा०७.४.१थी वृद्धि→**दा**रद+य
अवर्णेवर्ण०७.४.६८थी अनो लोप→दारद्य
प्रथमा सि वगेरे→दारद्यः।

(५) **गार्ग्यः** = गर्ग ऋषिनी प्रपौत्रीनुं दुष्ट संतान.
गार्ग्यायण्याः कुत्सितमपत्यमिति।
वृद्धः स्त्रियाः ६.१.८७थी ण→गार्ग्यायणी+**अ**
आ सूत्रथी पुंवत्भाव तेथी,
यञो०२.४.६७थी प्राप्त ङीनी तथा,
सन्नियोगशिष्टाना०१/३० न्यायानुसारे आयनण्नी पण निवृत्ति→**गार्ग्य**+अ
अवर्णेवर्ण०७.४.६८थी अनो लोप→गार्ग्य
प्रथमा सि वगेरे→गार्ग्यः।

प्र.उदा.(१) **तद्धितेति किम् ? हस्तिनीयति** = हाथणीने ईच्छे छे.
हस्तिनीमिच्छतीति।
अमाव्ययात्०३.४.२३थी क्यन्→हस्तिनी+**य**
तिव् वगेरे→हस्तिनीयति।

(२) **हस्तिन्यः** = हाथणीओ. हस्तिनी+जस्
इवर्णादे०१.२.२३थी ईनो य→हस्तिन्यस्
पदसंज्ञा वगेरे→हस्तिन्यः।

★ आ सूत्रनी प्रवृत्ति तद्धितनो य अने स्वरादि प्रत्ययनां विषयमां थाय छे. ज्यारे अहीं प्रथम

ઉદા.માં નામધાતુનો અને બીજા ઉદા.માં સ્યાદિ એવો સ્વરાદિ પ્રત્યય પરમાં હોવાથી આ સૂત્રથી પુંવત્ભાવ થયો નહીં.

વિશેષતા :

(૧) અહીં जातिश्च એ પ્રમાણે ચકાર દ્વારા જાતિવાચી સ્ત્રીલિંગ નામ અને તદ્ભિન્ન સામાન્ય સ્ત્રીલિંગ નામનું પણ ગ્રહણ કરવામાં આવ્યું છે.

(૨) અહીં પુંવત્ભાવની પ્રવૃત્તિ પણ અનિત્ય થાય છે. તેથી यौवतम्, कौण्डिन्यम्, मानाय्यः, सापत्नः વગેરે પ્રયોગમાં યકારાદિ અને સ્વરાદિ તદ્ધિત પ્રત્યયનાં વિષયમાં પણ પુંવત્ભાવ થયો નથી.

જિ. : વિશેષ્યનાં વશથી થતાં સામાન્ય સ્ત્રીલિંગ નામમાં જાતિવાચક સ્ત્રીલિંગ નામનું પણ ગ્રહણ થઈ જાય છે. તો સૂત્રમાં जातिश्च એ પ્રમાણે તેનું પૃથક્ ઉપાદાન શા માટે કર્યું?

સમા. : સ્વાઙ્ગાન્ડી૦૩.૨.૫૬ સૂત્રમાં જાતિવાચક પદનાં વિષયમાં પુંવત્ભાવનો નિષેધ કરવામાં આવ્યો છે અને તે સૂત્રની પ્રવૃત્તિનો નિષેધ કરવા માટે જાતિ પદનું પૃથક્ ઉપાદાન કરવામાં આવ્યું છે. તેથી यકારાદિ અને સ્વરાદિ તદ્ધિત પ્રત્યયનાં વિષયમાં જાતિવાચક નામનો સ્વાઙ્ગાન્ડી૦ ૩.૨.૫૬ સૂત્રથી પણ પુંવત્ભાવનો નિષેધ થશે નહીં.

(૩) અહીં સૂત્રમાં તદ્ધિતયસ્વરે એ પ્રમાણે વિષય સપ્તમીનો પ્રયોગ કર્યો છે તેથી સપ્તમ્યા આદિઃ ૭.૪.૧૧૪ પરિભાષાનુસારે 'યકારાદિ અને તદ્ધિત પ્રત્યય પર છતાં' એવો અર્થ ન કરતાં 'યકારાદિ અને તદ્ધિત પ્રત્યયનાં વિષયમાં' એવો અર્થ પ્રાપ્ત થાય છે. આમ કરવાથી પટ્વ્યાઃ ભાવ ઇતિ પાટવમ્ વગેરે પ્રયોગોમાં પટ્વી શબ્દ તદ્ધિત પ્રત્યયની ઉત્પત્તિ પૂર્વે જ આ સૂત્રથી પુંવત્ થતાં પટુ એમ લઘુસ્વરાદિવાળી પ્રકૃતિ પ્રાપ્ત થાય છે. જેને ય્વૃવર્ણા૦૭.૧.૬૯ સૂત્રથી અણ્ પ્રત્યય થઈ શકે છે. જો અહીં સપ્તમીનો 'પર છતાં' એવો અર્થ ગ્રહણ કરવામાં આવે તો પ્રત્યયોત્પત્તિ પૂર્વે પુંવત્ભાવ ન થતાં પટ્વી શબ્દ લઘુસ્વરવાળો ન હોવાથી અણ્ની પણ પ્રાપ્તિ થાય નહીં.

एयेऽग्नायी ३.२.५२

અ.અ.સૂ. : तद्धिते एये परतः स्त्री अग्नायी पुंवत्।

અર્થ : તદ્ધિત સંબંધી એય પ્રત્યય પર છતાં વિશેષ્યનાં વશથી થયેલ સ્ત્રીલિંગ અગ્નાયી નામ જ પુંવત્ થાય છે.

ઉદા. **आग्नेयः** = અગ્નિની સ્ત્રીનો પુત્ર.
अग्नाय्याः अपत्यमिति।
कल्यग्ने०६.१.१७થી एयण्→अग्नायी+**एय**
આ સૂત્રથી અગ્નાયીનો **પુંવત્ભાવ** થતાં ङીની નિવૃત્તિ તથા, **सन्नियोगशिष्टाना०१/३०**થી ઐની નિવૃત્તિ→ **अग्नि**+एय

वृद्धिः स्वरेष्वा०७.४.१थी वृद्धि→**आ**ग्नि+एय
अवर्णेवर्ण०७.४.६८थी इनो लोप→आग्नेय
प्रथमा सि वगेरे→आग्नेयः।

विशेषता :

(१) અહીં પ્રયોજનનો અભાવ હોવાથી પૂર્વસૂત્રથી णितद्धि-तयस्वरे અને जातिश्च પદોની અનુવૃત્તિ આવતી નથી. यद्यपि સૂત્રાર્થમાં 'तद्धित संबंधी एय प्रत्यय पर छतां' એ પ્રમાણે નિર્દેશ કર્યો છે. પરંતુ એય પ્રત્યય માત્ર તદ્ધિતમાં જ હોવાથી ત્યાં રહેલું 'तद्धित' વિશેષણ વ્યાવર્ત્તક બનતું નથી. માટે અનાવશ્યક છે. અને તેથી જ 'તે પૂર્વસૂત્રથી અનુવૃત્ત છે. તેવું ન જાણતાં માત્ર સ્વાભાવિકતયા જ નિર્દેશ કરેલ છે.' એમ સમજવું.

(૨) यद्यपि અહીં સૂત્રગત આગ્નેયી શબ્દ નિત્ય સ્ત્રીલિંગ હોવાથી તેનું સ્ત્રીત્વ વિશેષ્યવશાત્ આવતું નથી. પરંતુ તેનો મૂળ શબ્દ અગ્નિ શબ્દનો પુંલિંગમાં નિર્દેશ છે. ધવ યોગ રૂપ નિમિત્તથી જેનો સ્ત્રીલિંગમાં પ્રયોગ થાય છે. અને તેનાં પરિણામ સ્વરૂપે જ અગ્નાયી પ્રયોગની પ્રાપ્તિ થાય છે. તેથી અગ્નાયી પ્રયોગને પરતઃ સ્ત્રીલિંગે માનવામાં કોઈ આપત્તિ આવતી નથી.

જિ. : તદ્ધિત સંબંધી એય પ્રત્યય સ્વરાદિ હોવાથી પૂર્વસૂત્રથી અગ્નાયીનો પુંવત્ભાવ સિદ્ધ જ હતો તો આ સૂત્રનો નિર્દેશ શા માટે કર્યો?

સમા. : **पूर्वेण सिद्धे नियमार्थमिदम्**→અહીં **सिद्धे सत्यारम्भो-नियमार्थः** ૧/૨૫ ન્યાયની પ્રવૃત્તિ થઈ છે. તેથી નિયમ થયો કે, એય પ્રત્યય પર છતાં અગ્નાયી શબ્દનો જ પુંવત્ભાવ થાય છે. અન્ય શબ્દનો નહીં. તેથી श्यैनेयः પ્રયોગમાં પૂર્વસૂત્રથી પણ પુંવત્ભાવ થતો નથી.

જિ. : અહીં અગ્નાયી શબ્દનો એય પ્રત્યય પર છતાં જ પુંવત્ભાવ થાય છે. અન્ય પ્રત્યય પર છતાં નહીં. એવો વિપરીત નિયમ પ્રાપ્ત થવાની પણ સંભાવના છે. તેનો વિરોધ શી રીતે કર્યો?

સમા. : જો એય ભિન્ન પ્રત્યય પર છતાં અગ્નાયી શબ્દનો પુંવત્ભાવ ન કરવાનો આશય હોય તો આ સૂત્રનો અગ્નાયી અનેયે એ પ્રમાણે નિષેધમુખી નિર્દેશ કરવામાં આવે અથવા તો आग्नेय्यम् એ પ્રમાણે સૂત્રનો નિર્દેશ કરીને તેનાં નિયમ સ્વરૂપે ઉપરોક્ત નિયમનું ગ્રહણ કરવામાં આવે. પરંતુ એવું ન કરતાં એયેઽગ્નાયી એવો સૂત્રનો નિર્દેશ કર્યો છે. તે નિર્દેશ સામર્થ્યથી જ તમે જણાવેલાં વિપરીત નિયમનું ગ્રહણ થશે નહીં.

नाऽप्-प्रियादौ ૩.૨.૫૩

અ.અ.સૂ. : **स्त्र्येकार्थे उत्तरपदे अप्-प्रियादौ परतः स्त्री पुंवत् न।**

અર્થ : સ્ત્રીલિંગમાં વર્ત્તતું એકાર્થક ઉત્તરપદ એવું અપ્ પ્રત્યયાન્ત નામ તથા પ્રિય વગેરે નામ પર છતાં વિશેષ્યનાં વશથી થયેલ સ્ત્રીલિંગ નામ પુંવત્ થાય છે.

સ. **अप्-प्रियादौ** = प्रिय आदिर्यस्य स इति प्रियादिः, अप् च प्रियादिश्चेति अप्प्रियादिः, तस्मिन्निति।

ઉદા. (૧) **कल्याणीपञ्चमा रात्रयः** = કલ્યાણકારી પાંચમી રાત્રિ-વાળી રાત્રિઓ.
कल्याणी पञ्चमी यासु ता इति।
एकार्थं०૩.૧.૨૨થી **समास** તથા,
विशेषण-सर्वादि०૩.૧.૧૫૦થી कल्याणीનો **पूर्वनिपात**→
कल्याणी+पञ्चमी
पूरणीभ्यस्त०૭.૩.૧૩૦થી अप्→कल्याणी+पञ्चमी+**अ**
अवर्णेवर्ण०૭.૪.૬૮થી ईનો લોપ→कल्याणीपञ्चम
આ સૂત્રથી कल्याणीનાં પુંવત્ભાવનો **નિષેધ.**
પ્રથમા जस् વગેરે→कल्याणीपञ्चमाः।

(૨) **कल्याणीप्रियः** = કલ્યાણકારી પ્રિયાવાળો.
कल्याणी प्रिया यस्य स इति।
एकार्थं०૩.૧.૨૨થી **समास** તથા,
विशेषण-सर्वादि०૩.૧.૧૫૦થી कल्याणीનો **पूर्वनिपात**→
कल्याणी+प्रिया
गोश्चान्ते ૨.૪.૯૬થી **ह्रस्व**→कल्याणीप्रिय
આ સૂત્રથી પુંવત્ભાવનો **નિષેધ.**
પ્રથમા सि વગેરે→कल्याणीप्रियः।

પ્ર.ઉદા. **अप्प्रियादाविति किम् ? कल्याणपञ्चमीकः पक्षः** =
કલ્યાણી છે પાંચમ તિથિ જેમાં એવો પક્ષ.
कल्याणी पञ्चमी यस्मिन् स इति।
પૂર્વ પ્રમાણે સમાસ વગેરે→कल्याणी+पञ्चमी

परतः स्त्री०૩.૨.૪૯થી **पुंवत्भाव**→कल्याणीपञ्चमी
ऋन्नित्य०૭.૩.૧૭૧થી कच्→कल्याणपञ्चमी**क**
प्रथमा सि वगेरे→कल्याणपञ्चमीकः।

★ આ સૂત્રની પ્રવૃત્તિ अप् પ્રત્યયાન્ત નામ તથા પ્રિય વગેરે નામ ઉત્તર પદમાં હોતે છતે જ થાય છે. જ્યારે અહીં अप् પ્રત્યયાન્ત કે પ્રિય વગેરે નામ ઉત્તરપદમાં નથી. માટે આ સૂત્રથી પુંવત્ભાવનો નિષેધ થયો નહીં.

વિશેષતા :

(૧) **પ્રિયાદિ ગણ :** प्रिया, मनोज्ञा, कल्याणी, सुभगा, दुर्भगा, स्वा, क्षान्ता, कान्ता, वामना, समा, सचिवा, चपला, बाला, तनया, दुहितृ, भक्ति (૧૬)

(૨) કેટલાંક અન્ય વ્યાકરણકારો પ્રિયાદિ ગણમાં वामा એ પ્રમાણે શબ્દ પણ ઈચ્છે છે. તેથી તેમના મતે प्रियावामः પ્રયોગ સિદ્ધ થાય છે.

(૩) અહીં दृढभक्तिः, स्थिरभक्तिः વગેરે પ્રયોગમાં दृढं भक्ति-रस्य એ પ્રમાણે પૂર્વપદમાં રહેલ दृढ વગેરે શબ્દ સ્ત્રીલિંગમાં નહીં હોવાથી આ સૂત્રની પ્રવૃત્તિનો અવકાશ રહેતો નથી.

(૪) અહીં સૂત્રગત પ્રિયાદૌ પદમાં **प्रत्यया-ऽप्रत्ययोः प्रत्ययस्यैव ૨/૨** ન્યાયાનુસારે अप् પ્રત્યયનું જ ગ્રહણ થાય છે. અન્યનું નહીં. यद्यपि नञ्-सु-व्युप्० ૭.૩.૧૩૧ સૂત્રથી चतुर् વગેરે શબ્દાન્તવાળાં બહુવ્રીહિ સમાસથી પણ अप् પ્રત્યય થતાં अप् પ્રત્યયાન્ત તરીકે તેનું પણ ગ્રહણ થવાની પ્રાપ્તિ છે. પરંતુ અહીં

સ્ત્યેકાર્થેનો અધિકાર હોવાથી વિશેષ્યભૂત સ્ત્રીલિંગમાં રહેલ અપ્ પ્રત્યયાન્ત શબ્દનું જ ગ્રહણ થાય છે. અને તેઓને પૂરણીભ્યસ્તત્૦૭.૩.૧૩૦ સૂત્રથી અપ્ પ્રત્યય થાય છે.

तद्धिताककोपान्त्यपूरण्याख्याः ३.२.५४

અ.અ.સૂ. : परतः स्त्री तद्धिताककोपान्त्यपूरण्याख्याः पुंवत् न।

અર્થ : વિશેષ્યનાં વશથી સ્ત્રીલિંગ થયેલાં એવા તદ્ધિત પ્રત્યય સંબંધી અને અક પ્રત્યય સંબંધી ક ઉપાન્ત્યવાળાં નામો, પૂરણ પ્રત્યયાન્ત નામો તથા સંજ્ઞાવાચી નામો પુંવત્ થતાં નથી.

સ. **तद्धिताककोपान्त्यपूरण्याख्याः** = तद्धितश्च अकश्चेति तद्धिताकौ, तद्धिताकयोः क इति तद्धिताकक:, तद्धिताकक उपान्त्यो येषां ते इति तद्धिताककोपान्त्याः, तद्धिताक-कोपान्त्याश्च पूरण्यश्च आख्याश्चेति।

ઉદા. (૧) **मद्रिकाभार्यः** = મદ્રિકાદેશમાં રહેનારી ભાર્યાવાળો.
मद्रिका भार्या यस्य स इति।
અહીં वृजिमद्रात्૦६.૩.૩८થી मद्रने क प्रत्यय लाग्यो छे. तेथी आ सूत्रथी पुंवत्भाव थयो नहीं.

(૨) **कारिकाभार्यः** = કરનારી પત્નીવાળો.
कारिका भार्या यस्य स इति।
અહીં णक-तृचौ ५.१.४८થી कृ धातुने अक प्रत्यय लाग्यो छे. तेथी आ सूत्रथी पुंवत्भावनो निषेध थयो.

(૩) **पञ्चमीभार्यः** = પાંચમી પત્નીવાળો.
પञ्चमी भार्या यस्य स इति। અહીં पञ्चन्ने नो मट् ७.१.१५९થી मट् પ્રત્યય લાગ્યો છે. તેથી આ સૂત્રથી પુંવત્ભાવનો નિષેધ થયો.

(૪) **दत्ताभार्यः** = દત્તા નામની પત્નીવાળો.
दत्ता भार्या यस्य स इति। અહીં दत्ता સંજ્ઞાવાચી હોવાથી આ સૂત્રથી પુંવત્ભાવનો નિષેધ થયો.
આ ચાર ઉદા.ની સાધનિકામાં સમાસ વગેરે કાર્યો પૂર્વસૂત્ર નિર્દિષ્ટ कल्याणीप्रियः પ્રમાણે જાણવા.

પ્ર.ઉદા. **तद्धिताकेति किम् ? पाकभार्यः** = રાંધનારી પત્નીવાળો.
पाका भार्या यस्य स इति।
આ ઉદા.ની સાધનિકા ૩.૨.૪૯ નિર્દિષ્ટ दर्शनीयभार्यः પ્રમાણે જાણવી.

★ આ સૂત્રની પ્રવૃત્તિ તદ્ધિત સંબંધી क પ્રત્યયાન્ત નામથી પર થાય છે. જ્યારે અહીં घञ् પ્રત્યયાન્ત નામ છે. માટે આ સૂત્રથી પુંવત્ભાવનો નિષેધ થયો નહીં.

तद्धितः स्वरवृद्धिहेतुररक्तविकारे ३.२.५५

અ.અ.સૂ. : अरक्तविकारे स्वरवृद्धिहेतुः तद्धितः परतः स्त्री पुंवत् न।

અર્થ : વિશેષ્યનાં વશથી સ્ત્રીલિંગ થયેલ રક્ત અને વિકારથી અન્ય અર્થવાળાં, સ્વરની વૃદ્ધિનાં હેતુભૂત તદ્ધિત પ્રત્યય અંતે છે, જેને એવું નામ પુંવત્ થતું નથી.

સ. (૧) **स्वरवृद्धिहेतुः** = स्वरस्य वृद्धिरिति स्वरवृद्धिः, स्वरवृद्धेर्यो हेतुरिति।

(૨) **अरक्तविकारे** = रक्तश्च विकारश्चेति रक्तविकारम्, न रक्त-विकारमिति अरक्तविकारम्, तस्मिन्निति।

ઉદા. (૧) **माथुरीभार्यः** = મથુરામાં રહેનારી ભાર્યા વાળો.
माथुरी भार्या यस्य स इति।
અહીં મથુરાને भवे ६.૩.૧૨૩થી अण् થતાં તેનાં આદિ સ્વરની વૃદ્ધિ થઈ છે. માટે આ સૂત્રથી પુંવત્ભાવનો નિષેધ થયો છે.
આ ઉદા.ની સાધનિકા ૩.૨.૫૪ નિર્દિષ્ટ कल्याणीप्रियः પ્રમાણે જાણવી.

પ્ર.ઉદા.(૧) **स्वर इति किम्? वैयाकरणभार्यः** = વ્યાકરણને ભણનારની પત્નીવાળો. वैयाकरणी भार्या यस्य स इति।
અહીં વ્યાકરણને तद्वेत्य०६.२.११७થી ण् પ્રત્યય થતાં य्वः०७.४.૫થી ऐ આગમ થાય છે.

- આ ઉદા.ની સાધનિકા ૩.૨.૪૯ નિર્દિષ્ટ दर्शनीयभार्यः પ્રમાણે જાણવી.

★ આ સૂત્રની પ્રવૃત્તિ સ્વરની વૃદ્ધિનાં હેતુભૂત તદ્ધિત પ્રત્યયાન્ત નામથી થાય છે. જ્યારે અહીં अण् પ્રત્યયથી વૃદ્ધિ સંજ્ઞક ऐનું આગમ થાય છે. પણ સ્વરનાં સ્થાને વૃદ્ધિ થતી નથી. માટે આ સૂત્રથી પુંવત્ભાવનો નિષેધ થયો નહીં.

(૨) **वृद्धिहेतुरिति किम्? अर्द्धप्रस्थभार्यः** = અર્દ્ધપ્રસ્થામાં થનારી ભાર્યવાળો.

અહીં અર્દ્ધપ્રસ્થા શબ્દને ભવે ૬.૩.૧૨૩થી અણ્ થતાં અર્દ્ધાત્૦૭.૪.૨૦થી વૃદ્ધિનો નિષેધ થયો છે.

આ ઉદા.ની સાધનિકા ૩.૨.૪૯ નિર્દિષ્ટ દર્શનીયભાર્યઃ પ્રમાણે જાણવી.

★ આ સૂત્રની પ્રવૃત્તિ વૃદ્ધિનાં હેતુભૂત તદ્ધિત પ્રત્યયાન્ત નામને વિશે થાય છે. જ્યારે અહીં વૃદ્ધિનાં હેતુભૂત તદ્ધિત પ્રત્યયાન્ત નામ નથી. માટે આ સૂત્રથી પુંવત્ભાવનો નિષેધ થયો નહીં.

(૩) **अरक्तविकार इति किम्?**

(a) **काषायबृहतिकः** = લાલ રંગથી રંગાયેલો ઉત્તરીય વસ્ત્રવાળો. काषायी बृहतिका यस्य स इति।

આ ઉદા.ની સાધનિકા ૩.૨.૪૯ નિર્દિષ્ટ દર્શનીયભાર્યઃ પ્રમાણે જાણવી. પરંતુ काषायी શબ્દ कषायेन रक्त અર્થમાં रागाट्टो०૬.૨.૧થી अण् લાગીને બનેલ જાણવો.

(b) **लौहेषः** = લોઢાના ઈષાથી બનાવેલ હળ. लौही ईषा यस्य स इति।

આ ઉદા.ની સાધનિકા ૩.૨.૪૯ નિર્દિષ્ટ દર્શનીયભાર્યઃ પ્રમાણે જાણવી. પરંતુ लौही શબ્દ लोहस्य विकार અર્થમાં विकारे ૬.૨.૩૦થી अण् લાગીને બનેલ જાણવો.

★ આ સૂત્રમાં रक्त અને विकार અર્થમાં થતાં તદ્ધિત પ્રત્યયનો નિષેધ હોવાથી અહીં આ સૂત્રથી પુંવત્-ભાવનો નિષેધ થયો નહીં.

વિશેષતા :

(૧) અહીં કેટલાંક વ્યાકરણકારો स्वरवृद्धिहेतुः પદ દ્વારા વૃદ્ધિ રૂપ ક્રિયાને ગ્રહણ ન કરતાં વૃદ્ધિસંજ્ઞક સ્વરોનું જ ગ્રહણ કરે છે. તેથી તેઓનાં મતે वैयाकरणीभार्यः પ્રયોગમાં આગમ સ્વરૂપે પણ વૃદ્ધિસંજ્ઞક સ્વર આવ્યો હોય તો પણ આ સૂત્રની પ્રવૃત્તિ થતાં वैयाकरणीभार्यः એ પ્રમાણે પ્રયોગ સિદ્ધ થાય છે.

स्वाङ्गान्ङीर्जातिश्चाऽमानिनि ३.२.५६

અ.અ.સૂ. : परतः स्त्री स्वाङ्गात् ङीः, जातिः च पुंवत् न, अमानिनि ।

અર્થ : વિશેષ્યનાં વશથી સ્ત્રીલિંગ થયેલ ङ्यन्त સ્વાંગવાચી નામ તથા જાતિવાચી નામ પુંવત્ થતું નથી. જો માનિન્ શબ્દ ઉત્તરપદમાં ન હોય તો.

સ. **अमानिनि** = न मानिनिति अमानिन्, तस्मिन्निति।

ઉદા. (૧) **दीर्घकेशीभार्यः** = લાંબા વાળવાળી સ્ત્રી છે ભાર્યા જેની તે. दीर्घाः केशाः यस्याः सा इति दीर्घकेशी
(असह-नञ्०२.४.३८થી ङी થયેલ છે)
હવે, दीर्घकेशी भार्या यस्य स इति।
एकार्थं चा०३.१.२२થી **समास**
विशेषण०३.१.१५०થી दीर्घकेशीનો **पूर्वनिपात**→
दीर्घकेशी+भार्या
गोश्चान्ते०२.४.९६થી ह्रस्व→ दीर्घकेशीभार्य

परतः०૩.૨.૪૯થી પ્રાપ્ત પુંવદ્‌ભાવનો આ સૂત્રથી **નિષેધ.**

પ્રથમા સિ વગેરે→दीर्घकेशीभार्यः।

(૨) **कठीभार्यः** = કઠ ઋષિએ ઉપદેશેલી વેદની શાખાને ભણનારી પત્નીવાળો. कठी भार्या यस्य स इति।

આ ઉદા.માં સમાસ વગેરે કાર્યો પૂર્વ પ્રમાણે જાણવા.

★ અહીં कठ શબ્દને तद्वेत्यधीते ૬.૨.૧૧૭ સૂત્રથી अण् થઈને તેનો प्रोक्तात् ૬.૨.૧૨૯થી લોપ થયો છે. આમ, આ ગોત્ર અને ચરણવાચી બનવાથી આકૃતિગ્રહણા... પરિભાષામાં આવતી **"गोत्रं च चरणैः सह"** પંક્ત્યનુસારે જાતિવાચી નામ બને છે. માટે આ સૂત્રથી પુંવત્‌ભાવનો નિષેધ થાય છે.

(૩) **शूद्राभार्यः** = શૂદ્ર જાતિની પત્નીવાળો.

शूद्रा भार्या यस्य स इति।

આ ઉદા.ની સાધનિકા પૂર્વપ્રમાણે જાણવી.

પ્ર.ઉદા.(૧) **स्वाङ्गादिति किम्? पटुभार्यः** = હોંશિયાર સ્ત્રીવાળો. पटवी भार्या यस्य स इति।

આ ઉદા.ની સાધનિકા પૂર્વપ્રમાણે જાણવી.

★ આ સૂત્રની પ્રવૃત્તિ ङ्‌યન્ત એવા સ્વાંગવાચી નામથી થાય છે. જ્યારે અહીં સ્વાંગવાચી નામ નથી. માટે આ સૂત્રથી પુંવત્‌ભાવનો નિષેધ થયો નહીં.

(૨) **अमानिनीति किम्? दीर्घकेशमानिनी** = બીજી સ્ત્રીને લાંબા વાળવાળી માનનારી.

(स्वभिन्ना कांचिद्) दीर्घकेशी मन्यते इति।

આ ઉદા.ની સાધનિકા ૩.૨.૫૦માં દર્શાવેલ દર્શનીયમાની પ્રમાણે જાણવી.

★ આ સૂત્રમાં માનિન્ ઉત્તરપદનું વર્જન હોવાથી અહીં આ સૂત્રથી ક્યङ्मानि०૩.૨.૫૦થી પ્રાપ્ત પુંવત્ભાવનો નિષેધ થયો નહીં.

વિશેષતા :

(૧) અહીં સૂત્રમાં **नामग्रहणे लिङ्गविशिष्टस्याऽपि ग्रहणम् १/१६** ન્યાયાનુસારે માનિન્નાં નિષેધથી માનિનીનો પણ નિષેધ થાય છે. તેથી દીર્ઘકેશમાનિની પ્રયોગમાં આ સૂત્રની પ્રવૃત્તિ થતી નથી. અને ક્યङ्मानि०૩.૨.૫૦ સૂત્ર દ્વારા પુંવત્ભાવ થાય છે.

(૨) **સ્વાંગનું લક્ષણ :**

अविकारोऽद्रवं मूर्त्तं, प्राणिस्थं स्वाङ्गमुच्यते ।
च्युतं च प्राणिनस्तद् तन्निभं च प्रतिमादिषु ॥

અર્થ : જે વિકાર રૂપે ન હોય, દ્રવરૂપે ન હોય, મૂર્ત્ત હોય અને પ્રાણીમાં રહેલું હોય, તે સ્વાંગ કહેવાય છે. તે પ્રાણીમાંથી છૂટું પડેલું હોય અથવા તેનાં સમાન પ્રતિમા વગેરેમાં હોય તો પણ સ્વાંગ કહેવાય છે.

(૩) **જાતિનું લક્ષણ :**

आकृतिग्रहणा[૧] जातिर्लिङ्गानां च न सर्वभाक्[૨] ।
सकृदाख्याजातिर्निगाह्या, गोत्रं[૩] च चरणैः सह ॥

(૧) આકૃતિવિશેષથી જે પ્રસિદ્ધ હોય તેવી જાતિ. જેમકે, कुक्कुट

(૨) કોઈ એક વ્યક્તિનાં વિષયમાં કહેવા છતાં પણ અનેક વ્યક્તિઓનો બોધ કરાવવા માટે સક્ષમ હોય અને વિશેષણતયા સર્વલિંગમાં વપરાતું ન હોય તે. જેમકે, એક વ્યક્તિને વૃષલ કહેવાથી અન્ય તેના જેવામાં પણ વૃષલપણાનો બોધ થાય છે.

(૩) અપત્ય પ્રત્યયાન્ત નામ તેમજ, ચરણવાચી અર્થાત્ વેદશાખાનું અધ્યયન કરનારનું વાચક નામ જાતિવાચક કહેવાય છે. જેમકે, કઠ, નાડાયન વગેરે.

(૪) અહીં કેટલાંક વ્યાકરણકારો જાતિની અન્ય વ્યાખ્યા પણ રજૂ કરે છે.

आकृतिग्रहणाजातिरत्रिलिङ्गा च यान्विता ।
आजन्मनाशमर्थानां सामान्यमपरे विदुः ॥

(૧) જે આકૃતિથી ગ્રહણ કરી શકાય તે જાતિ.

(૨) જે ત્રણે લિંગમાં ન હોય તે જાતિ.

(૩) પદાર્થનાં જન્મથી નાશ સુધી રહે તે જાતિ.

અહીં ઉપરોક્ત શ્લોકમાં ત્રણ વ્યાકરણકારોનાં મત જણાવ્યા છે. ત્યાં આકૃતિ ગ્રહણવાળો પ્રથમ મત સ્વમતે પણ સંમત છે. તેથી, कुमारीभार्यः પ્રયોગ સિદ્ધ થાય છે.

તથા દ્વિતીય મતાનુસારે જે ત્રણે લિંગમાં ન રહેતું હોય અને આકૃતિથી ગ્રહણ એમ બંને પદ ભિન્ન લક્ષણ સ્વરૂપે જ મૂક્યા છે. તેથી આકૃતિગ્રહણ અને અત્રિલિંગતા થતી હોય તેવું નામ જાતિવાચક થાય છે. પરંતુ તેઓનાં મતે નદી વગેરે શબ્દો જાતિતયા સિદ્ધ થતાં નથી.

તૃતીય મતાનુસારે કેટલાંક વ્યાકરણકારો જે જન્મથી મરણ સુધી સાથે રહેતું હોય અને આકૃતિથી ગ્રહણ કરી શકાય તેવું હોય તેને જાતિવાચક કહે છે. પરંતુ તેઓનાં મતે કુમારત્વ વગેરે મૃત્યુ સુધી સાથે રહેનાર ન હોવાથી જાતિસ્વરૂપે ગ્રહણ થતું નથી.

જિ. : અહીં સૂત્રમાં ङी અને જાતિવાચી નામની સાથે અન્વય હોવાથી સહોક્તિ જણાય છે. તો દ્વન્દ્વ સમાસ શા માટે ન કર્યો? તથા स्वाङ्गात्, ङी, जातिः च अमानिनि એ પ્રમાણે સંપૂર્ણ સૂત્રનો અસમસ્ત નિર્દેશ શા માટે કર્યો?

સમા. : સુખપૂર્વક અર્થબોધ થાય તે માટે અહીં અસમસ્તનો નિર્દેશ કરવામાં આવ્યો છે. જો स्वाङ्गङीजात्यमानिनी આટલાં જ સૂત્રનો નિર્દેશ કરવામાં આવે તો સ્થાની, નિમિત્ત વગેરેનો યથાર્થ બોધ થઈ શકે નહીં.

पुंवत् कर्मधारये ३.२.५७

અ.અ.સૂ. : **परतः स्त्री कर्मधारये स्त्र्येकार्थे उत्तरपदे पुंवत्, अनूङ्।**

અર્થ : વિશેષ્યનાં વશથી સ્ત્રીલિંગ થયેલ નામ કર્મધારય સમાસમાં સ્ત્રીલિંગમાં વર્ત્તતું એકાર્થક ઉત્તરપદ પર છતાં પુંવત્ થાય છે. જો તે સ્ત્રીલિંગ નામ ઊङ્ પ્રત્યયાન્ત ન હોય તો.

ઉદા. (૧) **कल्याणप्रिया** = કલ્યાણી પ્રિયા.
कल्याणी चासौ प्रिया चेति।

विशेषणं·विशेष्ये०૩.૧.૯૬થી **समास** तथा,
प्रथमोक्तं०૩.૧.૧૪૮થી कल्याणीनो **पूर्वनिपात**→
कल्याणी+प्रिया
આ સૂત્રથી कल्याणीनो पुंवत्भाव→**कल्याण**प्रिया
प्रथमा सि वगेरे→कल्याणप्रिया।

(૨) **मद्रकभार्या** = મદ્રપ્રદેશમાં રહેનારી પત્ની.
मद्रिका चासौ भार्या चेति।

(૩) **माथुरवृन्दारिका** = મથુરામાં રહેનાર ટોળી.
माथुरी चासौ वृन्दारिका चेति।
આ ઉદા.ની साधनिका पूर्वप्रमाणे જાણવી.

(૪) **चन्द्रमुखवृन्दारिका** = ચંદ્ર જેવા મુખવાળી ટોળી.
આ ઉદા.ની साधनिका कल्याणप्रिया प्रमाणे જાણવી.

પ્ર.ઉદા. **अनूङित्येव→ब्रह्मबन्धूवृन्दारिका** = બ્રહ્મબંધૂ જાતિની સ્ત્રીની ટોળી. ब्रह्मबन्धूश्चासौ वृन्दारिका चेति।
આ ઉદા.ની साधनिका कल्याणप्रिया प्रमाणे જાણવી.
પરંતુ આ સૂત્રની प्रवृत्ति કરવી નહીં.

★ આમાં ऊङ् प्रत्ययनું વર્જન હોવાથી અહીં આ સૂત્રથી पुंवत्भाव થયો નહીં.

વિશેષતા :

(૧) यद्यपि અહીં पुंवत्भावनું प्रकरण चाली रह्युं छे. પણ पूर्वसूत्रथी प्रतिषेधनो अधिकार आवतो होवाथी पुनः पुंवत्नुं ग्रहण કરવામાં આવ્યું છે.

તથા, પરતઃ સ્ત્રી૦૩.૨.૪૯ સૂત્ર દ્વારા આ સૂત્રની પ્રવૃત્તિ સિદ્ધ હતી. પરંતુ ના-ઽઽપ્-પ્રિયાદૌ ૩.૨.૫૩ વગેરે સૂત્ર દ્વારા જે નિષેધ દર્શાવ્યો છે. તેનો પણ નિષેધ કરીને કર્મધારય સમાસમાં પુંવત્ભાવ કરવા માટે આ સૂત્રનો નિર્દેશ છે.

(૨) અહીં પરતઃ સ્ત્રી૦૩.૨.૪૯ સૂત્રથી આવતો અનૂઙ્નાં અધિકારમાં પ્રસજ્ય નઞ્ સ્વરૂપ પ્રતિષેધ જાણવો પણ પર્યુદાસ સ્વરૂપ નહીં. તેથી ઊઙ્ સિવાયનાં સ્ત્રીલિંગ પ્રત્યયનું ગ્રહણ ન કરતાં ઊઙ્નો અભાવ માત્ર ગ્રહણ થાય છે. તેનાં પરિણામ સ્વરૂપે ઇડવિડોઽપત્યં સ્ત્રી એવા અર્થમાં અઞ્ પ્રત્યય લાગ્યા બાદ સ્ત્રીલિંગમાં તે જ અઞ્ પ્રત્યયનો લોપ થાય છે. અને ત્યારબાદ ઇડ્વિડ્ ચાસૌ ભાર્યા ચેતિ એ પ્રમાણે કર્મધારય તત્પુરુષ સમાસ થાય છે. તથા, અહીં ઊઙ્ સિવાયનાં અન્ય પણ કોઈ સ્ત્રીલિંગ પ્રત્યય વિદ્યમાન ન હોવા છતાં પુંવત્ભાવ થવાથી સ્ત્રીત્વનાં અભાવમાં પુનઃ અઞ્ પ્રત્યયની પ્રાપ્તિ થાય છે. તેથી ઐડ્વિડભાર્યઃ એ પ્રમાણે પ્રયોગ સિદ્ધ થાય છે.

રિતિ ૩.૨.૫૮

અ.અ.સૂ. : પરતઃ સ્ત્રી રિતિ પ્રત્યયે પુંવત્, અનૂઙ્।

અર્થ : વિશેષ્યનાં વશથી સ્ત્રીલિંગ નામ ર્ ઇત્વાળાં પ્રત્યય પર છતાં પુંવત્ થાય છે. જો તે સ્ત્રીલિંગ નામ ઊઙ્ પ્રત્યયાન્ત ન હોય તો.

સ. **રિતિ** = ર્ ઇત્ યસ્ય સ ઇતિ રિત્, તસ્મિન્નિતિ।

ઉદા. (૧) **पटुजातीया** = હોંશિયાર સ્ત્રી પ્રકાર છે જેની એવી જાતિ. पट्वी प्रकारोऽस्या इति।
પ્રકારે ૭.૨.૭૫થી जातीयर्→पट्वी+**जातीय**
આ સૂત્રથી पट्वीનો **पुंवत्भाव** થતાં,
स्वरादुतो०૨.૪.૩૫થી થયેલ ङीનો નિષેધ→**पटु**+जातीय
आत् ૨.૪.૧૮થી आप्→पटु+जातीय+**आ**
समानानां०૧.૨.૧થી દીર્ઘ→पटुजातीया
પ્રથમા સિ વગેરે→पटुजातीया।

(૨) **कठदेशीया** = કઠ ઋષિએ ઉપદેશેલ વેદની શાખામાં ભણેલી સ્ત્રી જેવી. ईषदपरिसमाप्ता कठीति।
अतमबादे०૭.૩.૧૧થી देशीयर्→कठी+**देशीय**
આ સૂત્રથી પુંવત્ભાવ વગેરે કાર્યો પૂર્વપ્રમાણે જાણવા.

વિશેષતા :

જિ. : આ સૂત્રનાં વિષયભૂત जातीयर् અને देशीयर् એમ બે જ પ્રત્યય જણાય છે. તો તે બે પ્રત્યયને जातीयप् અને देशीयप् पित् સ્વરૂપે દર્શાવી क्यङ्मानि०૩.૨.૫૦ સૂત્રથી જ પુંવત્ભાવનો નિર્દેશ શા માટે ન કર્યો?

સમા. : क्यङ्मानि०૩.૨.૫૦ સૂત્રથી ૫૨ तद्धितः स्वरवृद्धि० ૩.૨.૫૫ સૂત્ર દ્વારા વૃદ્ધિનાં હેતુભૂત पित् પ્રત્યય ૫૨ છતાં પુંવત્ભાવનો નિષેધ કરવામાં આવે છે. અને તેથી તેમ કરતાં पटुजातीया અને कठदेशीया પ્રયોગો

સિદ્ધ થઈ જાય, પરંતુ માથુરજાતીયા વગેરે વૃદ્ધિ પ્રાપ્ત પ્રયોગોમાં પુંવત્‌ભાવનો નિષેધ થવાની આપત્તિ આવે જે ઇષ્ટ નથી. તેથી, પૃથક્ સૂત્ર નિર્દેશ દ્વારા પરસૂત્રતયા તદ્ધિતઃ સ્વર૦૩.૨.૫૫ સૂત્રનો બાધ થાય છે. અને માથુરજાતીયા પ્રયોગ પણ સિદ્ધ થાય છે.
અને તેથી ક્યઙ્માનિ૦૩.૨.૫૦ સૂત્રમાં જ રિત્‌નું પણ ગ્રહણ કરવું યોગ્ય નથી.

त्व-ते गुणः ३.२.५९

અ.અ.સૂ. : परतः स्त्री गुणः त्व-ते पुंवत्, अनूङ्।

અર્થ : વિશેષ્યનાં વશથી સ્ત્રીલિંગ થયેલ ગુણવચનવર્ત્તિ નામ ત્વ અને તલ્ પ્રત્યય પર છતાં પુંવત્ થાય છે. જો તે ઊઙ્ પ્રત્યયાન્ત ન હોય તો.

સ. **त्व-ते** = त्वश्च तश्चेति त्वतम्, तस्मिन्निति।

ઉદા. (૧) **पटुत्वम्** = હોંશિયાર સ્ત્રીનો સ્વભાવ. पट्व्याः भाव इति।
ભાવે ત્વ૦૭.૧.૫૫થી ત્વ→પટ્વી+**ત્વ**
આ સૂત્રથી **પુંવત્‌ભાવ** થવાથી,
સ્વરાદુતો૦૨.૪.૩૫થી થયેલ ડીની નિવૃત્તિ→**પટુ**+ત્વ
પ્રથમા સિ વગેરે→પટુત્વમ્।

(૨) **पटुता** = હોંશિયાર સ્ત્રીનો સ્વભાવ.
આ ઉદા.ની સાધનિકા પૂર્વપ્રમાણે જાણવી. પરંતુ ત્વનાં સ્થાને તલ્ પ્રત્યય તેમજ, આત્ ૨.૪.૧૮થી આપ્ પ્રત્યય લગાડવો.

પ્ર.ઉદા.(૧) **गुण इति किम् ? कठीत्वम्** = કઠઋષિએ કહેલી વેદની શાખાને ભણનારીનો સ્વભાવ. कठ्याः भाव इति। આ ઉદા.ની સાધનિકા पटुत्वम् પ્રમાણે જાણવી. પરંતુ આ સૂત્રથી પુંવત્ભાવ કરવો નહીં.

★ આ સૂત્રની પ્રવૃત્તિ ગુણવચનમાં વર્ત્તતાં નામથી થાય છે. જ્યારે અહીં कठी શબ્દ ગુણવચન નથી, પણ જાતિવાચી છે. માટે આ સૂત્રથી પુંવત્ભાવ થયો નહીં.

વિશેષતા :

(૧) અહીં કેટલાંક વ્યાકરણકારોનાં મતે માત્ર ગુણવચન નહીં પણ જાતિવાચક સિવાયનાં કોઈપણ વિશેષણ નામને આ સૂત્રનાં વિષયભૂત બનાવતાં પુંવત્ભાવ થાય છે. તેથી તેઓનાં મતે पाचिकाया भाव इति पाचकत्वम्, पाचकता આવા પ્રયોગો સિદ્ધ થાય છે.

(૨) અહીં **प्रत्यया-ऽप्रत्यययोः प्रत्ययस्यैव ग्रहणम् ૨/૨** ન્યાયાનુસારે સૂત્રગત त्व-ते પદ દ્વારા भावे त्व-तल् ૭.૧.૫૫ સૂત્રથી થતાં પ્રત્યયનું જ ગ્રહણ કરવું.

(૩) અહીં સૂત્રમાં गुणः એ પ્રમાણે ગુણવાચી પદનો નિર્દેશ કર્યો છે. પરંતુ સાક્ષાત્ ગુણવાચી પદમાં ક્યારેય સ્ત્રીત્વ સંભવતું જ નથી. આ જ વાત લિંગાનુશાસનનાં **शुक्लादयो गुणाः पुंसि गुणिलिङ्गास्तु तद्वति** એ પ્રમાણેનાં વચનથી પણ જણાય છે. તેથી અહીં ગુણીમાં રહેતું ગુણવાચી પદ ગ્રહણ કરવું. અર્થાત્ જે ગુણવાચક

પદ પૂર્વે ગુણ સ્વરૂપે જણાવ્યું હોય. પરંતુ વર્તમાનમાં ગૌણભાવે ગુણનો અને પ્રધાનભાવે દ્રવ્યનો વાચક હોય તેવું પદ ગ્રહણ કરવું. અને આ પ્રમાણે તેમાં પરતઃ સ્ત્રીત્વ ઘટી શકે છે.

च्वौ क्वचित् ३.२.६०

અ.અ.સૂ. : परतः स्त्री च्वौ क्वचित् पुंवत्, अनूङ्।

અર્થ : વિશેષ્યનાં વશથી સ્ત્રીલિંગ થયેલ નામ च्वि પ્રત્યય પર છતાં ક્યારેક પુંવત્ થાય છે. જો તે સ્ત્રીલિંગ નામ ઊङ્ પ્રત્યયાન્ત ન હોય તો.

ઉદા. (૧) महद्भूता कन्या = પૂજ્ય થયેલી કન્યા.
अमहती महती भूतेति।
कृ-भ्वस्तिभ्यां०७.२.१२६થી च्वि→**महती+०+भूता**
આ સૂત્રથી **पुंवत्भाव** થતાં,
अधातृद्०२.४.२.થી પ્રાપ્ત ङीની નિવૃત્તિ→**महद्भूता**
પ્રથમા સિ વગેરે→महद्भूता।

★ **क्वचिदिति किम्? गोमतीभूता** = ગાય વિનાની સ્ત્રી ગાયવાળી થઈ. अगोमती गोमती भूतेति।
આ સૂત્રમાં क्वचित् પદનું ગ્રહણ હોવાથી અહીં આ સૂત્રથી પુંવત્ભાવ થયો નહીં.

વિશેષતા :

(૧) અહીં સૂત્રગત क्वचित् પદ દ્વારા લક્ષ્યનાં અનુરોધ વડે અર્થાત્ 'યોગ્ય પ્રયોગને આશ્રયીને આ સૂત્રની પ્રવૃત્તિ

કરવી' એવો ભાવ છે. તેથી કેટલાંક સ્થાને પુંવત્ભાવ જ થતો નથી. જેમકે, ગોમતીભૂતા।
તથા, કેટલાંક પ્રયોગમાં વિકલ્પે થાય છે. જેમકે, પટ્વીભૂતા, પટુભૂતા।

(૨) અહીં કેટલાંક વ્યાકરણકારો નિત્ય પુંવત્ભાવ ઈચ્છતાં નથી. તેથી તેઓનાં મતે મહતીભૂતા એ પ્રમાણે પ્રયોગ પણ પ્રાપ્ત થાય છે.
યદ્યપિ પાણિની વ્યાકરણકારનાં મતે ઙ્ઙિ પ્રત્યય પર છતાં ક્યાંય પણ પુંવત્ભાવ થતો જ નથી.

सर्वादयोऽस्यादौ ३.२.६१

અ.અ.સૂ. : परतः स्त्री सर्वादयः पुंवत्, अस्यादौ।

અર્થ : વિશેષ્યનાં વશથી સ્ત્રીલિંગ થયેલ સર્વાદિ ગણ અંતર્ગત સર્વ વગેરે નામો પુંવત્ થાય છે. જો સ્યાદિ પ્રત્યય પરમાં ન હોય તો.

સ. (૧) **सर्वादयः** = सर्व आदिर्येषां ते इति।

(૨) **अस्यादौ** = न स्यादिरिति अस्यादिः, तस्मिन्निति।

ઉદા. (૧) **सर्वस्त्रियः** = સર્વ (નગરીઓ)ની સ્ત્રી.
सर्वासां स्त्रिय इति।
षष्ठ्यन्त्या०૩.૧.૭૬થી **સમાસ** તથા,
प्रथमोक्तं०૩.૧.૧૪૮થી સર્વનો પૂર્વનિપાત→**सर्वा**+स्त्री
આ સૂત્રથી સર્વનો **પુંવત્ભાવ** થતાં,
आत् ૨.૪.૧૮થી પ્રાપ્ત થયેલ આનો લોપ→**सर्व**स्त्री
પ્રથમા जस् વગેરે→सर्वस्त्रियः।

(૨) **भवत्पुत्रः** = આપ (સ્ત્રી)નો પુત્ર. भवत्याः पुत्र इति। આ ઉદા.ની સાધનિકા પૂર્વપ્રમાણે જાણવી.

પ્ર.ઉદા. **अस्यादाविति किम् ? सर्वस्यै** = સર્વ સ્ત્રીઓ માટે.
ચતુર્થી ङे→सर्वा+ङे
सर्वादे०१.४.१८थी ङेનો ङस्यै→सर्वा+**ङस्यै**
ङित्यन्त्य०२.१.११४थी આનો લોપ→सर्वस्यै।

★ આ સૂત્રમાં સ્યાદિ વિભક્તિનું વર્જન હોવાથી અહીં આ સૂત્રથી सर्वाનો પુંવત્ભાવ થયો નહીં.

વિશેષતા :

(૧) અહીં સૂત્રમાં सर्वादयः એ પ્રમાણે બ.વ. દ્વારા વ્યાપ્તિનો નિર્દેશ કર્યો છે. અને તે વ્યાપ્ત્યનુસારે ભૂતપૂર્વ सर्वादिનાં વિષયમાં પણ આ સૂત્રની પ્રવૃત્તિ થાય છે. दक्षिणा च उत्तरा च पूर्वा चेति दक्षिणोत्तरपूर्वाः એ પ્રમાણે દ્વન્દ્વ સમાસમાં न सर्वादिः १.४.१२ સૂત્રથી सर्वादि તરીકે નિષેધ પામેલાં दक्षिणा અને उत्तरा પદનો પણ આ સૂત્રથી પુંવત્ભાવ કરવામાં આવે છે.

(૨) આ સૂત્ર પર હોવાથી ना-ऽऽप्०३.२.५३ સૂત્રગત પ્રતિષેધનાં વિષયમાં પણ બળવાનતયા આ સૂત્રની પ્રવૃત્તિ થશે. તેથી सर्वाः प्रियाऽस्येति सर्वप्रियः ઇત્યાદિ પ્રયોગમાં પણ આ સૂત્રની પ્રવૃત્તિ થાય છે.

(૩) અહીં સૂત્રગત अस्यादौ એ પ્રમાણે પ્રસજ્ય નઞ્નો નિર્દેશ જાણવો. પણ પર્યુદાસ નઞ્નો નહીં. જો પર્યુદાસ

નઞ્નું ગ્રહણ કરવામાં આવે તો તદ્ભિન્ન તદ્સદૃશ-ગ્રાહીતયા સ્યાદિ સિવાયનાં અન્ય પ્રત્યયનું જ ગ્રહણ કરવું પડે. તેથી ઉત્તરપદ પર છતાં આ સૂત્રની પ્રવૃત્તિ થાય નહીં. જે ઈષ્ટ નથી.

मृगक्षीरादिषु वा ३.२.६२

અ.અ.સૂ. : मृगक्षीरादिषु पुंवत् वा।

અર્થ : મૃગક્ષીર વગેરે સમાસમાં વિશેષ્યનાં વશથી થયેલ સ્ત્રીલિંગ નામ ઉત્તરપદ પર છતાં પુંવત્ વિકલ્પે થાય છે.

સ. **मृगक्षीरादिषु** = मृगक्षीर आदिर्येषां ते इति मृगक्षीरादयः, तेष्विति।

ઉદા. (૧) **मृगक्षीरम्/मृगीक्षीरम्** = મૃગલી (હરણી)નું દૂધ.
मृग्याः क्षीरमिति।
षष्ठ्यत्ना०૩.૧.૭૬થી **સમાસ** તથા,
प्रथमोक्तं०૩.૧.૧૪૮થી મૃગીનો **પૂર્વનિપાત**→**मृगी**+क्षीर
આ સૂત્રથી **પુંવત્ભાવ** થતાં,
जातेरयान्त०૨.૪.૫૪થી પ્રાપ્ત ङીની નિવૃત્તિ→**मृग**क्षीर
પ્રથમા સિ વગેરે→मृगक्षीरम्।
વિકલ્પે : આ સૂત્રથી પુંવત્ભાવ ન થતાં मृगीक्षीरम्।

(૨) **काकशावः/काकीशावः** = કાગડીનું બચ્ચું.
काक्याः शाव इति। આ ઉદા.ની સાધનિકા પૂર્વપ્રમાણે જાણવી.

વિશેષતા :

(૧) **मृगक्षीरादि ગણ દ્વારા સિદ્ધ થતાં સમાસો :** मृगक्षीरम्/मृगीक्षीरम्, मृगपदम्/मृगीपदम्, मृगशावः/मृगीशावः, कुक्कुटाण्डम्/कुक्कुट्यण्डम्, मयूराण्डम्, मयूर्यण्डम्, काकाण्डम्/काक्यण्डम्, काकशावः/काकीशावः વગેરે. અન્ય मृगक्षीरादि સમાસો શિષ્ટપુરુષોનાં પ્રયોગોથી જાણવા.

(૨) અહીં ધ્યાનમાં લેવું કે, જો આ સૂત્રનો નિર્દેશ ન કર્યો હોય તો પુંલિંગ કે સ્ત્રીલિંગ કોઈપણ નામની સાથે मृगक्षीर પ્રયોગ સિદ્ધ થાત નહીં.
અહીં ભાવ એ છે કે, क्षीरની સાથે જન્ય-જનકભાવ વડે સ્ત્રીલિંગ પદનો જ સંબંધ થતો હોવાથી मृग्याः क्षीरम् એ પ્રમાણે જ વિગ્રહ થઈ શકે છે. અને क्षीरम् પદ સ્ત્રીલિંગ ન હોવાથી मृगी પદને પુંવત્ભાવની પ્રાપ્તિ રહેતી નથી. તેથી मृगीक्षीरम् આવો પ્રયોગ સિદ્ધ હોવા છતાં પણ मृगक्षीरम् પ્રયોગ કરવા માટે આ સૂત્રનો નિર્દેશ છે.

ऋदुदित् तर-तम-रुप-कल्प-ब्रुव-चेलड्-गोत्र-मत-हते वा ह्रस्वश्च ३.२.६३

અ.અ.સૂ. : ऋदुदित् परतः स्त्री तर-तम-रुप-कल्प-ब्रुव चेलड्-गोत्र-मत-हते स्त्र्येकार्थे उत्तरपदे ह्रस्वः च (पुंवत्) वा।

અર્થ : ऋ અને ઉ ઈત્‌વાળાં વિશેષ્યનાં વશથી સ્ત્રીલિંગ થયેલ નામ तरप्, तमप्, रुपप् અને कल्पप् પ્રત્યય તથા, ब्रुव, चेलट्, गोत्र, मत અને हत એ પ્રમાણે સ્ત્રીલિંગમાં વર્ત્તતાં ઉત્તરપદ પર છતાં હ્રસ્વ અને પુંવત્‌ભાવ વિકલ્પે પામે છે.

સ. (૧) **ऋदुदित्** = ऋच्च उच्चेति ऋदुतौ, ऋदुतौ इतौ यस्य स इति।

(૨) **तर-तम-रुप-कल्प-ब्रुव-चेलड्-गोत्र-मत-हते** = तरश्च तमश्च रुपश्च कल्पश्च ब्रुवश्च चेलट् च गोत्रं च मतश्च हतश्चेति तर-तम-रुप-कल्प-ब्रुव-चेलड्-गोत्र-मत-हतम्, तस्मिन्निति।

ઉદા. (૧) **तरप् प्रत्यय : पचन्नितरा** = બેમાં સારી રાંધનારી.
द्वयोः प्रकृष्टा पचन्तीति।
द्व्योर्विभज्ये०७.૩.૬થી तरप्→पचन्ती+**तर**
આ સૂત્રથી હ્રસ્વ→पच**न्नि**तर
आत् ૨.૪.૧૮થી आप्→पचन्ति+तर+**आ**
समानानां०૧.૨.૧થી દીર્ઘ→पचन्नित**रा**
प्रथमा सि વગેરે→पचन्नितरा।
તથા, આ સૂત્રથી **પુંવત્‌ભાવ** થતાં,
अधातूदृदितः ૨.૪.૨થી પ્રાપ્ત ङीની નિવૃત્તિ→पच**त्त**रा
વિકલ્પે : આ સૂત્રની પ્રવૃત્તિ ન થતાં पचन्तीतरा।

(૨) **श्रेयसितरा/श्रेयस्तरा/श्रेयसीतरा** = બેમાં વધારે કલ્યાણકારી. द्वयोः प्रकृष्टा श्रेयसीति।

(૩) **तमप् प्रत्यय : पचन्तितमा/पचत्तमा/पचन्तीतमा** = ઘણામાં સારી રાંધનારી. बहुवीषु प्रकृष्टा पचन्तीति। प्रकृष्टे तमप् ७.૩.૫થી तमप्→पचन्ती+**तम**

(૪) **श्रेयसितमा/श्रेयस्तमा/श्रेयसीतमा** = ઘણામાં શ્રેષ્ઠ કલ્યાણકારી. बहुवीषु प्रकृष्टा श्रेयसीति।

(૫) **रुपप् प्रत्ययः पचन्तिरुपा/पचद्रुपा/पचन्तीरुपा** = સારી રાંધનારી. प्रशस्ता पचन्तीति।
त्यादेश्च०७.૩.૧૦થી रुपप्→पचन्ती+**रुप**

(૬) **विदुषिरुपा/विद्वद्रुपा/विदुषीरुपा** = સારી હોંશિયાર સ્ત્રી. प्रशस्ता विदुषीति।

(૭) **कल्पप् प्रत्यय : पचन्तिकल्पा/पचत्कल्पा/पचन्ती-कल्पा** = કંઈક રાંધનારી. ईषदपरिसमाप्ता पचन्तीति।
अतमबादे०७.૩.૧૧થી कल्पप्→पचन्ती+**कल्प**

(૮) **विदुषिकल्पा/विद्वद्कल्पा/विदुषीकल्पा** = કંઈક વિદ્વાન. ईषदपरिसमाप्ता विदुषीति।
આ ઉદા.ની સાધનિકા પૂર્વ પ્રમાણે જાણવી. પરંતુ પ્રત્યયો તે-તે પ્રયોગમાં દર્શાવેલ સૂત્રથી કરવા.

(૯) **ब्रुव पद : पचन्तिब्रुवा/पचद्ब्रुवा/पचन्तीब्रुवा** = રાંધતાં-રાંધતાં બોલનારી. पचन्ती चासौ ब्रुवा चेति।
निन्द्यं०૩.૧.૧૦૦થી **समास** તથા,
प्रथमोक्तं०૩.૧.૧૪૮થી पचन्तीનો **पूर्वनिपात**→
पचन्ती+ब्रुवा

પૂર્વપ્રમાણે હ્રસ્વ વગેરે થતાં→पचन्तिब्रुवा/पचद्ब्रुवा/पचन्तीब्रुवा।

(૧૦) **श्रेयसिब्रुवा/श्रेयोब्रुवा/श्रेयसीब्रुवा** = કલ્યાણકારી બોલનારી. श्रेयसी चासौ ब्रुवा चेति।

(૧૧) **चेलट् પદ : पचन्तिचेली/पचच्चेली/पचन्तीचेली** = રાંધતી દાસી. पचन्ती चासौ चेली चेति।

(૧૨) **श्रेयसिचेली/श्रेयश्चेली/श्रेयसीचेली** = કલ્યાણકારી દાસી. श्रेयसी चासौ चेली चेति।

(૧૩) **गोत्र પદ : पचन्तिगोत्रा/पचद्गोत्रा/पचन्तीगोत्रा** = રાંધતાં કુળવાળી. पचन्ती चासौ गोत्रा चेति।

(૧૪) **श्रेयसिगोत्रा/श्रेयोगोत्रा/श्रेयसीगोत्रा** = કલ્યાણકારી ગોત્રવાળી. श्रेयसी चासौ गोत्रा चेति।

(૧૫) **मत પદ : पचन्तिमता/पचन्मता/पचन्तीमता** = રાંધતી એવી માનનારી. पचन्ती चासौ मता चेति।

(૧૬) **श्रेयसिमता/श्रेयोमता/श्रेयसीमता** = કલ્યાણકારી એ પ્રમાણે માનનારી. श्रेयसी चासौ मता चेति।

(૧૭) **हत પદ : पचन्तिहता/पचद्धता/पचन्तीहता** = રાંધતાં-રાંધતાં હણનારી. पचन्ती चासौ हता चेति।

(૧૮) **श्रेयसिहता/श्रेयोहता/श्रेयसीहता** = કલ્યાણકારી હણનારી. श्रेयसी चासौ हता चेति।
આ ઉદા.ની સાધનિકા પૂર્વપ્રમાણે જાણવી.

વિશેષતા :

(૧) અહીં ધ્યાનમાં લેવું કે, પચન્તી વગેરે પદો ઋ ઈત્વાળા કે ઉ ઈત્વાળા નથી. પણ તેને લાગેલ અત્ (શતૃ) પ્રત્યય ઋદિત્ છે. તેથી ઋદુદિત્ પદ દ્વારા 'ઋ ઈત્ અને ઉ ઈત્વાળાં શબ્દો' એવો અર્થ ન કરતાં 'ઋ ઈત્વાળા કે ઉ ઈત્વાળા પ્રત્યયાન્ત પ્રયોગો' એ પ્રમાણે અર્થ કરવો.

અહીં આશય એ છે કે, સૂત્રગત ઋદુદિત્ પદ શબ્દનું વિશેષણ હોવાથી વિશેષણમન્તઃ ૭.૪.૧૧૩ પરિભાષાનુસારે ઋ ઈત્ અને ઉ ઈત્વાળાં પ્રત્યયાન્તનું ગ્રહણ થાય છે.

(૨) યદ્યપિ અહીં ઋદુદિત્ પ્રત્યયની જેમ જ તરાદિ વગેરે પ્રત્યયનાં વિષયમાં તદન્તવિધિ વડે 'તરાદિ અન્ત ઉત્તરપદ પર છતાં' એ પ્રમાણે સૂત્રાર્થ થવાની આપત્તિ આવે. પરંતુ તેવો નિર્દેશ કરવો હોય તો સૂત્રાર્થમાં તરાદિ પ્રત્યયાન્ત શબ્દનો બ્રુવાદિ ઉત્તરપદ સાથે જ સમાનતયા અન્વય કર્યો હોત. પણ તેમ ન કરતાં તરાદિ પ્રત્યય અને બ્રુવાદિ ઉત્તરપદ એમ ભિન્ન-ભિન્ન નિર્દેશ કર્યો છે. કારણ કે અહીં ઉત્તરપદનો અધિકાર ચાલી રહ્યો છે. અને ઉત્તરપદનાં અધિકારમાં **संज्ञोत्तरपदाधिकारे प्रत्ययग्रहणे प्रत्ययमात्रस्यैव ग्रहणम् न तु तदन्तस्य ૨/૧૭** ન્યાયની પ્રવૃત્તિ થતાં તદન્તવિધિ થતી નથી.

જો કે ઋદુદિત્ પણ પ્રત્યય જ છે. પરંતુ તે ધાતુથી પરમાં લાગતાં હોવાથી તદન્તવિધિતયા તદન્તપ્રકૃતિનું ગ્રહણ કરવામાં આવ્યું છે.

(૩) અહીં ચેલ શબ્દનો ચેલટ્ એ પ્રમાણે ટ્ ઈત્વાળો નિર્દેશ ङी પ્રત્યયની પ્રાપ્તિ માટે છે. તેથી અણઞેયેકણ્૦ ૨.૪.૨૦થી ચેલી પ્રયોગ થાય છે.

(૪) અહીં ભાષ્યકાર આદિ કેટલાંક વ્યાકરણકારોનાં મતે માત્ર પુંવત્ભાવ જ વિકલ્પે ઈચ્છાય છે. અને હ્રસ્વત્વ નિત્ય થાય છે. તેથી તેઓનાં મતે પુંવત્ભાવનાં અભાવમાં પણ હ્રસ્વ જ થાય છે. જેમકે, વિદ્વત્તરા, વિદુષિતરા।

(૫) યદ્યપિ અહીં હ્રસ્વઃનો અધિકાર શરૂ થવાથી પુંવત્નો અધિકાર અટકી જાય છે. પણ **चकारो यस्मात्परस्तत्स-जातीयमेव समुच्चिनोति ૨/૬૧** ન્યાયાનુસારે સૂત્રમાં ગ્રહણ કરેલાં ચકાર દ્વારા ચકારની પૂર્વે રહેલ પ્રથમાન્ત હ્રસ્વઃથી પૂર્વસૂત્રગત તત્સજાતીય પ્રથમાન્ત પુંવત્નો અધિકાર ગ્રહણ થશે.

તથા, **चानुकृष्टं नाऽनुवर्त्तते ૨/૬૨** ન્યાયાનુસારે તે અધિકાર ઉત્તરસૂત્રમાં જશે નહીં.

પુંવત્‌ભાવનું કોષ્ટક

સૂત્ર	પૂર્વપદ	ઉત્તરપદ	અન્ય નિમિત્ત	વિકલ્પે/ નિત્ય	ઉદા.
परतः स्त्री०४९	પરતઃ સ્ત્રીલિંગ	એકાર્થક સ્ત્રીલિંગ ઉત્તરપદ	ऊङ् प्रत्ययान्त न होय	નિત્ય	दर्शनीयभार्यः।
क्यङ्-मानि०५०	પરતઃ સ્ત્રીલિંગ	क्यङ् पित् तद्धित प्रत्यय, मानिन् ઉત્તરપદ	ऊङ् प्रत्ययान्त न होय	નિત્ય	श्येतायते।
जातिश्च०५१	પરતઃ સ્ત્રીલિંગ જાતિ તથા અજાતિવાચી	णि, यકારાદિ, स्वરાદિ પ્રત્યય	ऊङ् प्रत्ययान्त न होय	નિત્ય	पटयति।
एयेऽग्नायी०५२	અગ્નાયી	एय પ્રત્યય	ऊङ् प्रत्ययान्त न होय	નિત્ય	आग्नेयः।
पुंवत् कर्म०५७	પરતઃ સ્ત્રીલિંગ	એકાર્થક સ્ત્રીલિંગ ઉત્તરપદ	ऊङ् प्रत्ययान्त न होय	નિત્ય	कल्याणप्रिया।
रिति ५८	પરતઃ સ્ત્રીલિંગ	र् ईत् વાળો પ્રત્યય	ऊङ् प्रत्ययान्त न होय	નિત્ય	पटुजातीया।
त्व-ते०५९	પરતઃ સ્ત્રીલિંગ ગુણવચનવાચી	त्व-तल	ऊङ् प्रत्ययान्त न होय	નિત્ય	पटुत्वम्।
च्वौ क्वचित्०६०	પરતઃ સ્ત્રીલિંગ	च्विનાં અર્થમાં	ऊङ् प्रत्ययान्त न होय	ક્વચિત્	महद्‌भूता कन्या।
सर्वादयो०६१	પરતઃ સ્ત્રીલિંગ સર્વાદિ		ऊङ् प्रत्ययान्त न होय	નિત્ય	सर्वस्त्रियः।
मृगक्षीरा०६२	પરતઃ સ્ત્રીલિંગ		નિપાતન	વિકલ્પે	मृगक्षीरम्।
ऋदुदित्०६३	ऋ ईत्, उ ईत् પરતઃ સ્ત્રીલિંગ	तर, तम, रुप, कल्प પ્રત્યય, ब्रुव, चेलट्, ગોત્ર, मत, हत નામ	સ્ત્રીએકાર્થક	વિકલ્પે	पचत्तरा / पचन्तीतरा।

ङ्यः ३.२.६४

અ.અ.સૂ. : **परतः स्त्रियः ङ्यः तर-तम-रुप-कल्प-ब्रुव-चेलट्-गोत्र-मत-हते स्त्र्येकार्थे उत्तरपदे ह्रस्वः।**

અર્થ : વિશેષ્યનાં વશથી સ્ત્રીલિંગ થયેલ ङी અન્તવાળાં નામનો અન્ત્ય સ્વર તરપ્, તમપ્, રુપપ્ અને કલ્પપ્ પ્રત્યય તેમજ બ્રુવ, ચેલ, ગોત્ર, મત અને હત એકાર્થક ઉત્તરપદ પર છતાં હ્રસ્વ થાય છે.

ઉદા. (૧) **गौरितरा** = બેમાં અધિક ગૌરવર્ણવાળી સ્ત્રી.
द्वयोः प्रकृष्टा गौरीति।
द्वयोर्विभज्ये०७.३.६થી तरप्→गौरी+**तर**
આ સૂત્રથી હ્રસ્વ→**गौरि**तर
आत् २.४.१८થી आप्→गौरितर+**आ**
समानानां०१.२.१થી દીર્ઘ→गौरित**रा**
પ્રથમા સિ વગેરે→गौरितरा।

(૨) **गौरितमा** = ઘણામાં વધારે ગૌરવર્ણવાળી સ્ત્રી.
प्रकृष्टा गौरीति। प्रकृष्टे०७.३.५થી तमप् પ્રત્યય.

(૩) **नर्त्तकिरुपा** = સારી નૃત્ય કરનારી.
प्रशस्ता नर्त्तकीति। त्यादेश्च०७.३.१०થી रुपप् પ્રત્યય.

(૪) **कुमारिकल्पा** = કંઈક કુમારી. ईषदपरिसमाप्ता कुमारीति।
अतमबादे०७.३.११થી कल्पप् પ્રત્યય.
ઉપરોક્ત ઉદા.માં આ સૂત્રથી હ્રસ્વ વગેરે કાર્યો પૂર્વ પ્રમાણે જાણવા.

(૫) **ब्राह्मणिब्रुवा** = બ્રાહ્મણી એ પ્રમાણે બોલનારી.
ब्राह्मणि चासौ ब्रुवा चेति।
निन्द्यं०૩.૧.૧૦૦થી **समास** તથા,
प्रथमोक्तं०૩.૧.૧૪૮થી બ્રાહ્મણીનો **पूर्वनिपात**→
ब्राह्मणी+ब्रुव
આ સૂત્રથી હ્રસ્વ→ब्राह्म**णि**+ब्रुव
आत् ૨.૪.૧૮થી आप्→ब्राह्मणिब्रुव+**आ**
समानानां०૧.૨.૧થી દીર્ઘ→ब्राह्मणिब्रुवा
प्रथमा सि વગેરે→ब्राह्मणिब्रुवा।

(૬) **गार्गिचेली** = ગાર્ગીની દાસી. गार्गी चासौ चेली चेति।

(૭) **ब्राह्मणिगोत्रा** = બ્રાહ્મણી એ પ્રમાણે ગોત્રવાળી.
ब्राह्मणी चासौ गोत्रा चेति।

(૮) **गार्गिमता** = ગાર્ગી એવી માનનારી.
गार्गी चासौ मता चेति।

(૯) **गौरिहता** = ગૌરી એવી હણનારી.
गौरी चासौ हता चेति।
ઉપરોક્ત ઉદા.ની સાધનિકા પૂર્વપ્રમાણે જાણવી. પરંતુ સમાસ विशेषणं०૩.૧.૯૬થી કરવો.

વિશેષતા :

(૧) અહીં ધ્યાનમાં લેવું કે, આ સૂત્રનો નિર્દેશ પર હોવાથી બળવાન છે. માટે જ્યાં આ સૂત્રની પ્રવૃત્તિ થતી હોય ત્યાં પૂર્વસૂત્રથી થતાં પુંવત્ભાવનો નિષેધ થાય છે. જેમકે, કુમારિતરા વગેરે પ્રયોગમાં जातिश्च णि०૩.૨.૫૨

સૂત્રથી પુંવત્‌ભાવની અને આ સૂત્રથી હ્રસ્વત્વની એમ બેની પ્રાપ્તિ છે. પરંતુ આ સૂત્ર પર હોવાથી પુંવત્‌ભાવનો નિષેધ થઈ, આ સૂત્રથી હ્રસ્વ જ થાય છે. તથા, આ સૂત્રની પ્રવૃત્તિ થયા પછી હ્રસ્વત્વવાળા કુમારિતરા વગેરે પ્રયોગમાં પુંવત્‌ભાવની પ્રાપ્તિ તો રહે જ છે. પરંતુ તેમ પુંવત્‌ભાવ કરતાં આ સૂત્રની પ્રવૃત્તિ વ્યર્થ જવાની આપત્તિ આવે. તેથી **सकृद्‌गते स्पर्धे यद्‌बाधितं तद्‌बाधितमेव** ૨/૨૩ ન્યાયાનુસારે પુનઃ પણ પુંવત્‌ભાવ થશે નહીં.

(૨) અહીં ધ્યાનમાં લેવું કે, नवैकस्वराणाम् ૩.૨.૬૬ એ પ્રમાણે પરસૂત્રમાં એકસ્વરી પૂર્વપદવાળાં પ્રયોગની વિધિ દર્શાવવામાં આવી છે. તેથી અહીં સૂત્રગત ઉદા.માં અનેકસ્વરી પૂર્વપદવાળો પ્રયોગ જ દર્શાવાય છે.

भोगवद्‌-गौरिमतोर्नाम्नि ૩.૨.૬૫

અ.અ.સૂ. : नाम्नि भोगवद्‌-गौरिमतोः ङ्यः तर-तम-रुप-कल्प-ब्रुव-चेलट्‌-गोत्र-मत-हते स्त्र्येकार्थे उत्तरपदे ह्रस्वः।

અર્થ : સંજ્ઞામાં વર્ત્તતાં ભોગવતી અને ગૌરમતી એ પ્રમાણે ङी પ્રત્યયાન્ત સ્ત્રીલિંગ નામનો અન્ત્ય સ્વર तरप्‌, तमप्‌, रुपप्‌ અને कल्पप्‌ પ્રત્યય તથા ब्रुव, चेल, गोत्र, मत અને हत એકાર્થક ઉત્તરપદ પર છતાં હ્રસ્વ થાય છે.

સ. **भोगवद्‌-गौरिमतोः** = भोगवच्च गौरिमच्चेति भोगवद्‌-गौरिमतौ, तयोरिति।

ઉદા. (૧) **भोगवतितरा** = બેમાં સારી ભોગવતી.
द्वयोः प्रकृष्टा भोगवतीति।

(૨) **गौरिमतितमा** = ઘણામાં સારી ગૌરિમતી.
प्रकृष्टा गौरिमतीति।

(૩) **भोगवतिरुपा** = પ્રશંસા યોગ્ય ભોગવતી.
प्रशस्ता भोगवतीति।

(૪) **गौरिमतिकल्पा** = ગૌરિમતી જેવી.
ईषदपरिसमाप्ता गौरिमतीति।

(૫) **भोगवतिब्रुवा** = ભોગવતી એ પ્રમાણે બોલનારી.
भोगवती चासौ ब्रुवा चेति।

(૬) **गौरिमतिचेली** = ગૌરિમતી એવી દાસી.
गौरिमती चासौ चेली चेति।

(૭) **भोगवतिगोत्रा** = ભોગવતી એ પ્રમાણે ગોત્રવાળી.
भोगवती चासौ गोत्रा चेति।

(૮) **गौरिमतिमता** = ગૌરીમતી એ પ્રમાણે માનનારી.
गौरिमती चासौ मता चेति।

(૯) **भोगवतिहता** = ભોગવતાં હણનારી.
भोगवती चासौ हता चेति।
ઉપરોક્ત ઉદા.ની સાધનિકા ૩.૨.૬૪ સૂત્ર પ્રમાણે જાણવી. પરંતુ હ્રસ્વ આ સૂત્રથી કરવું.

પ્ર.ઉદા. **नाम्नीति किम् ? भोगवतितरा/भोगवत्तरा/भोगवतीतरा** = બેમાં વધારે ભોગવનારી.
द्वयोः प्रकृष्टा भोगवतीति।

આ ઉદા.ની સાધનિકા ૩.૨.૬૩માં દર્શાવેલ પચન્તितरા પ્રમાણે જાણવી.

नवैकस्वराणाम् ३.२.६६

અ.અ.સૂ. : एकस्वराणां ङ्यां तर-तम-रुप-कल्प-ब्रुव-चेल-गोत्र-मत-हते-स्त्र्येकार्थे उत्तरपदे ह्रस्वः नवा।

અર્થ : એક સ્વરવાળાં ङी અન્તવાળાં સ્ત્રીલિંગ નામોનો અન્ત્ય સ્વર तरप्, तमप्, रुपप् અને कल्पप् પ્રત્યય તથા ब्रुव, चेल, गोत्र, मत અને हत એકાર્થક ઉત્તરપદ પર છતાં હ્રસ્વ વિકલ્પે થાય છે.

સ. **एकस्वराणाम्** = एकः स्वरो येषां ते इति एकस्वराः, तेषामिति।

ઉદા. (૧) **स्त्रितरा/स्त्रीतरा** = બેમાં સારી સ્ત્રી. द्वयोः प्रकृष्टा स्त्रीति।

(૨) **ज्ञितमा/ज्ञीतमा** = ઘણામાં પ્રકૃષ્ટ જ્ઞાની.
प्रकृष्टा ज्ञीति।

(૩) **ज्ञिब्रुवा/ज्ञीब्रुवा** = જ્ઞાની એ પ્રમાણે બોલનારી.
ज्ञी चासौ ब्रुवा चेति।
આ ઉદા.ની સાધનિકા ૩.૨.૬૪ પ્રમાણે જાણવી. પરંતુ આ સૂત્રથી વિકલ્પે હ્રસ્વાદેશ કરવો.

પ્ર.ઉદા. **एकस्वराणामिति किम् ? कुटीतरा** = બેમાં સારી ઝુંપડી.
द्वयोः प्रकृष्टा कुटीति।
આ ઉદા.ની સાધનિકા ૩.૨.૬૪માં દર્શાવેલ गौरितरा પ્રમાણે જાણવી. પરંતુ હ્રસ્વાદેશ કરવો નહીં.

★ આ સૂત્રની પ્રવૃત્તિ એકસ્વરી નામનાં વિષયમાં થાય છે. જ્યારે અહીં અનેકસ્વરી નામ હોવાથી આ સૂત્રથી વિકલ્પે હ્રસ્વ થયું નહીં.
તેમજ, કુટી સ્વતઃ સ્ત્રીલિંગ નામ હોવાથી પરતઃ૦ ૩.૨.૪૯થી પુંવત્ભાવ તેમજ, ङ्यः ૩.૨.૬૪થી હ્રસ્વ પણ થયું નહીં.

વિશેષતા :

(૧) અહીં સૂત્રગત બ.વ. વ્યાપ્તિને માટે છે. તે વ્યાપ્તિ દ્વારા પ્રકરણ લબ્ધ પરતઃ સ્ત્રી૦૩.૨.૪૯નો અધિકાર અટકાવવામાં આવે છે. તેથી, આ સૂત્રની પ્રવૃત્તિ માત્ર વિશેષ્યનાં વશથી સ્ત્રીલિંગ શબ્દમાં જ ન કરતાં પરતઃ અને સ્વતઃ એમ તમામ સ્ત્રીલિંગ શબ્દનાં વિષયમાં થાય છે.

(૨) અહીં કેટલાંક વ્યાકરણકારો સ્ત્રીદૂતઃ ૧.૪.૨૯ વગેરે સૂત્ર દ્વારા પ્રાપ્ત થતાં ङ्यन्त એવો પણ નિત્યદિત્ અનેકસ્વરી સ્ત્રીલિંગ નામોનાં વિષયમાં પણ આ સૂત્રની પ્રવૃત્તિ ઈચ્છે છે. તેથી તેમનાં મતે આમલકિતરા પ્રયોગો પણ સિદ્ધ થાય છે.

ऊङः ૩.૨.૬૭

અ.અ.સૂ. : ऊङः तर-तम-रुप-कल्प-ब्रुव-चेल-गोत्र-मत-हते स्त्र्येकार्थे उत्तरपदे ह्रस्वः नवा।

અર્થ : ऊङ् પ્રત્યયાન્ત સ્ત્રીલિંગ નામનો અન્ત્ય સ્વર तरप्, तमप्, रुपप् અને कल्पप् પ્રત્યય તેમજ ब्रुव, चेल,

ગોત્ર, મત અને હત એકાર્થક ઉત્તરપદ પર છતાં હ્રસ્વ વિકલ્પે થાય છે.

ઉદા. (૧) **ब्रह्मबन्धूतरा/ब्रह्मबन्धुतरा** = બેમાં શ્રેષ્ઠ બ્રહ્મબંધુ જાતિની સ્ત્રી. द्वयोः प्रकृष्टा ब्रह्मबन्धूरिति।
द्वयोर्विभज्ये ૭.૩.૬થી तरप्→ब्रह्मबन्धू+**तर**
આ સૂત્રથી હ્રસ્વ→ब्रह्मबन्धुतर
आत् ૨.૪.૧૮થી आप् વગેરે→ब्रह्मबन्धुतरा।
વિકલ્પે : આ સૂત્રથી હ્રસ્વ ન થાય ત્યારે, ब्रह्मबन्धूतरा।

(૨) **कद्रुब्रुवा/कद्रूब्रुवा** = કદ્રુ જાતિ છે એ પ્રમાણે બોલનારી. कद्रूश्चासौ ब्रुवा चेति।
विशेषणं०૩.૧.૯૬થી **समास** તથા,
प्रथमोक्तं०૩.૧.૧૪૮થી कद्रूનો **पूर्वनिपात**→कद्रूब्रुवा
આ સૂત્રથી હ્રસ્વ વગેરે→कद्रूब्रुवा/कद्रूब्रुवा।

महतः कर-घास-विशिष्टे डाः ३.२.६८

અ.અ.સૂ. : कर-घास-विशिष्टे उत्तरपदे महतः डाः नवा।

અર્થ : કર, ઘાસ અને વિશિષ્ટ ઉત્તરપદ પર છતાં महत्નાં અન્ત્યનો ડા આદેશ વિકલ્પે થાય છે.

સ. **कर-घास-विशिष्टे** = करश्च घासश्च विशिष्टश्चेति कर-घास-विशिष्टम्, तस्मिन्निति।

ઉદા. (૧) **महाकरः/महत्करः** = સજ્જનોનો હાથ. महतां कर इति।
षष्ठ्ययत्ना०૩.૧.૭૬થી **समास** તથા,

प्रथमोक्तं०३.१.१४८थी महत्नो **पूर्वनिपात**→महत्+कर
आ सूत्रथी त्नो डा→मह+**आ**+कर
डित्यन्त्य०२.१.११४थी अनो लोप→महाकर
प्रथमा सि वगेरे→महाकरः।
विकल्पे : अन्त्यनो डा न थाय त्यारे, महत्करः।

(२) **महाघासः/महद्घासः** = सज्जनोनुं खावुं.
महतां घास इति।

(३) **महाविशिष्टः/महद्विशिष्टः** = मोटाओनो विशिष्ट.
महतां विशिष्ट इति।
आ उदा.नी साधनिका पूर्वप्रमाणे जाणवी.

विशेषता :

(१) अहीं समानाधिकरण समासनां विषयमां आगामी जातीयैकार्थे०३.२.७० सूत्रनी प्रवृत्ति थती होवाथी आ सूत्रनी प्रवृत्ति व्यधिकरण समासनां विषयमां ज थाय छे. माटे उदा.गत महाकरः/महत्करः प्रयोगमां महतां करः एे प्रमाणे विग्रह जाणवा.
अन्यथा जो तेम न करवामां आवे तो आ सूत्रगत महत् शब्द द्वारा **लक्षण-प्रतिपदोक्तयोः प्रतिपदोक्तस्यैव १/१५** न्यायानुसारे महत् शब्दनां प्रतिपदथी उक्त सन्महत्परमो०३.१.१०७थी थतां समासनुं ज ग्रहण करवानी आपत्ति आवे. अने षष्ठ्यत्ना०३.१.७६थी थतां लाक्षणिक एवा व्यधिकरण समासनां विषयमां आ सूत्रनी प्रवृत्तिनो निषेध थई जाय जे ईष्ट

નથી. આ વાત આગામી સ્ત્રિયામ્ ૩.૨.૬૯ સૂત્ર માટે પણ જાણવી.

(૨) અહીં ડા આદેશમાં ડ્ ઈત્ ડિત્યન્ત્ય૦૨.૧.૧૧૪ સૂત્ર દ્વારા અન્ત્ય સ્વરાદિનાં લોપની પ્રાપ્તિ માટે છે. યદ્યપિ અન્ત્યનો જ ડા આદેશ થતો હોવાથી ડ્ ઈત્ વિના પણ સમાન દીર્ઘની પ્રવૃત્તિ દ્વારા महाकरः આદિ પ્રયોગો સિદ્ધ જ હતાં. પરંતુ ઉત્તરસૂત્રનાં વિષયમાં સ્ત્રીલિંગ મહતી પદનાં પણ અન્ત્યસ્વરાદિનો લોપ કરી महाकरः એ પ્રમાણે પ્રયોગની પ્રાપ્તિ માટે ડ્ ઈત્નો નિર્દેશ છે.

(૩) અહીં સૂત્રગત કર વગેરે શબ્દોનાં વિષયમાં **एकदेश-विकृतमनन्यवत् ૧/૭** ન્યાયની પ્રવૃત્તિ થાય છે. તેથી અણ્ પ્રત્યયાન્ત એવો કાર શબ્દ પણ આ સૂત્રની પ્રવૃત્તિનો વિષય થતાં महाकारः વગેરે પ્રયોગોની પ્રાપ્તિ થાય છે.

स्त्रियाम् ૩.૨.૬૯

અ.અ.સૂ. : स्त्रियां महतः कर-घास-विशिष्टे उत्तरपदे डाः।

અર્થ : સ્ત્રીલિંગમાં વર્ત્તતાં મહતી શબ્દનાં અન્ત્યનો કર, ઘાસ અને વિશિષ્ટ ઉત્તરપદ પર છતાં નિત્ય ડા આદેશ થાય છે.

ઉદા. (૧) महाकरः = સજ્જન સ્ત્રીનો હાથ. महत्याः कर इति।

(૨) **महाघासः** = મહાન સ્ત્રીનું ખાવું. महत्यां घास इति।

(૩) **महाविशिष्टः** = મહાન સ્ત્રીની વિશિષ્ટ.
महत्यां विशिष्ट इति।
આ ઉદા.ની સાધનિકા પૂર્વપ્રમાણે જાણવી.

વિશેષતા :

(૧) અહીં **नामग्रहणे लिङ्गविशिष्टस्याऽपि ग्रहणम् १/१६** ન્યાયાનુસારે પૂર્વનાં સૂત્રથી વિકલ્પે ડા આદેશ થવાની પ્રાપ્તિ હતી. પરંતુ સ્ત્રીલિંગમાં નિત્ય ડા આદેશ કરવા માટે આ સૂત્રનો નિર્દેશ છે.

जातीयैकार्थेऽच्वेः ३.२.७०

અ.અ.સૂ. : अच्वेः महतः जातीयैकार्थे उत्तरपदे डाः।

અર્થ : च्व्यन्त સિવાયનાં महत्નાં અન્ત્યનો जातीयर् પ્રત્યય અને એકાર્થક ઉત્તરપદ પર છતાં ડા આદેશ થાય છે.

સ. (૧) **जातीयैकार्थे** = जातीयश्च एकार्थं चेति जातीयैकार्थम्, तस्मिन्निति।

(૨) **अच्वेः** = न च्विरिति अच्विः, तस्येति।

ઉદા. (૧) **महाजातीयः** = મહાન પ્રકાર છે જેનો તે.
महान् प्रकारोऽस्येति।
प्रकारे०७.२.७५थी जातीयर्→महत्+**जातीय**
આ સૂત્રથી त्નો डा→मह+**आ**+जातीय
डित्यन्त्य०२.१.११४थी अनो लोप→**महा**जातीय
प्रथमा सि વગેરે→महाजातीयः।

(૨) **महावीरः** = મહાવીર. महांश्चासौ वीरश्चेति।
सन्महत्०૩.૧.૧૦૭થી **समास** તથા,
प्रथमोक्तं०૩.૧.૧૪૮થી महत्નો **पूर्वनिपात**→महत्+वीर
આ સૂત્રથી त्નો डा વગેરે કાર્યો પૂર્વપ્રમાણે જાણવા.

પ્ર.ઉદા.(૧) **जातीयैकार्थ इति किम्? महत्तरः** = બેમાં શ્રેષ્ઠ મહાન.
द्वयोः प्रकृष्टे महानिति।
द्वयोर्विभज्ये ૭.૩.૬થી तरप्→महत्+**तर**
પ્રથમા सि વગેરે→महत्तरः।

★ આ સૂત્રની પ્રવૃત્તિ जातीयर् પ્રત્યય અને એકાર્થક ઉત્તરપદ પર છતાં થાય છે. જ્યારે અહીં तरप् પ્રત્યય હોવાથી આ સૂત્રથી અન્ત્યનો डा આદેશ થયો નહીં.

(૨) **अच्वेरिति किम्? महद्भूता कन्या** = મોટી થયેલી કન્યા. अमहती महती भूता इति।
कृभ्वस्तिभ्यां०૭.૨.૧૨૬થી च्वि = महत्+**०**+भूता

★ આ સૂત્રની પ્રવૃત્તિ च्वि પ્રત્યયાન્ત સિવાયનાં महत्ને વિશે થાય છે. જ્યારે અહીં च्वि પ્રત્યયાન્ત महत् છે. માટે આ સૂત્રથી त्નો डा આદેશ થયો નહીં.

વિશેષતા :

(૧) અહીં પૂર્વસૂત્રથી આ સૂત્રનો પૃથક્ નિર્દેશ કર્યો હોવાથી स्त्रियाम्નો અધિકાર અટકી જાય છે.

(૨) અહીં સૂત્રગત એકાર્થે પદ દ્વારા ઉત્તરપદનાં સમાનાધિકરણ ભાવની જ અપેક્ષા છે. તેથી 'આ સૂત્ર સમાનાધિકરણનો વિષય હોવાથી **लक्षण-प्रतिपदोक्तयोः**

प्रतिपदोक्तस्यैव १/१५ ન્યાયાનુસારે પ્રતિપદોક્ત સમાસનું જ ગ્રહણ થશે.' તેવું જાણવું નહીં. તેવું જણાવવા માટે જ બૃ.વૃ.માં બહુવ્રીહિ સમાસનાં ઉદા. દર્શાવવામાં આવ્યા છે. જેમકે, महान् भागोऽस्येति महाभागः।

(૩) અહીં પણ **नामग्रहणे लिङ्गविशिष्टस्याऽपि ग्रहणम् १/१६** ન્યાયાનુસારે સ્ત્રીલિંગનાં વિષયમાં ડા આદેશ થાય છે. અને તેથી અન્ત્ય સ્વરાદિનો લોપ થતાં પુંવત્ભાવની આવશ્યકતા રહેતી નથી.

न पुंवन्निषेधे ३.२.७१

અ.અ.સૂ. : महतः पुंवन्निषेधे उत्तरपदे डा न।

અર્થ : મહત્નાં અન્ત્યનો પુંવત્નાં નિષેધનાં વિષયવાળું ઉત્તર-પદ પર છતાં ડા આદેશ થતો નથી.

સ. **पुंवन्निषेधे** = पुंवदित्येतस्य निषेध इति पुंवन्निषेधः, तस्मिन्निति।

ઉદા. (૧) **महतीप्रियः** = મહાન સ્ત્રી પ્રિય છે જેને એવો તે.
महती प्रिया यस्येति।
एकार्थं०૩.૧.૨૨થી **સમાસ** તથા,
विशेषण-सर्वादि०૩.૧.૧૫૦થી महतीનો **पूर्वनिपात**→
महती+प्रिय
नाऽप्प्रियादौ ૩.૨.૫૩થી **पुंवत्भावनो निषेध** હોવાથી,
जातीयैकार्थे०૩.૨.૭૦થી પ્રાપ્ત ડાનો આ સૂત્રથી **નિષેધ.**
પ્રથમા સિ વગેરે→महतीप्रियः।

વિશેષતા :

(૧) અહીં **नामग्रहणे लिङ्गविशिष्टस्याऽपि ग्रहणम् ૧/૧૬** ન્યાયાનુસારે સ્ત્રીલિંગનાં વિષયમાં પણ પૂર્વસૂત્રથી ડા આદેશ થવાની પ્રાપ્તિ છે. તેથી જ્યાં પુંવત્ભાવનો નિષેધ થતો હોય ત્યાં તે ડા આદેશનો નિષેધ કરવા માટે આ સૂત્રનો નિર્દેશ છે.

(૨) અહીં કેટલાંક વ્યાકરણકારોનાં મતે પુંવત્ભાવનાં વિષયમાં પણ महतः૦૩.૨.૬૮ સૂત્રમાં महत् પદનો પ્રયોગ હોય તો જ ડા સંભવે છે. પણ **नामग्रहणे० ૧/૧૬** ન્યાયાનુસારે महती પદ હોય તો નહીં. તેથી પુંવત્ભાવ વિનાનાં महतीकरः વગેરે પ્રયોગમાં ડા આદેશ ન થતાં નિષેધ પણ જણાવવામાં આવ્યો નથી.

इच्यस्वरे दीर्घ आच्च ૩.૨.૭૨

અ.અ.સૂ. : अस्वरे इचि उत्तरपदे दीर्घः आत् च।

અર્થ : સ્વરાદિ સિવાયનું इच् પ્રત્યયાન્ત ઉત્તરપદ પર છતાં પૂર્વપદનાં અન્ત્યનો દીર્ઘદિશ અને આ થાય છે.

સ. **अस्वरे** = न स्वर इति अस्वरः, तस्मिन्निति।

ઉદા. **मुष्टीमुष्टि/मुष्टामुष्टि** = પરસ્પર મુઠ્ઠીઓ વડે પ્રહાર કરીને કરેલું યુદ્ધ.

मुष्टिभिश्च मुष्टिभिश्च प्रहृत्य कृतं युद्धमिति।

तत्रादाय०૩.૧.૨૬થી અવ્યયીભાવ **સમાસ** તથા,

प्रथमोक्तं०૩.૧.૧૪૮થી મુષ્ટિનો **પૂર્વનિપાત**→મુષ્ટિ+મુષ્ટિ

इज् युद्धे ७.३.७४थी इच् समासान्त→मुष्टिमुष्टि+**इ**
अवर्णेवर्ण०७.४.६८थी इनो लोप→मुष्टिमुष्टि
आ सूत्रथी पूर्वपदनो दीर्घ अने आ→मु**ष्टी**मुष्टि/
मुष्टामुष्टि
प्रथमा सि अने तेनो लोप वगेरे→मुष्टीमुष्टि/मुष्टामुष्टि।

प्र.उदा. **अस्वर इति किम्? अस्यसि** = પરસ્પર તલવાર વડે પ્રહાર કરીને કરેલું યુદ્ધ.
असिभिश्च असिभिश्च प्रहृत्य कृतं युद्धमिति।
અહીં સમાસ વગેરે કાર્યો પૂર્વપ્રમાણે જાણવા.

★ આ સૂત્રમાં સ્વરાદિ ઉત્તરપદનું વર્જન હોવાથી અહીં આ સૂત્રથી પૂર્વપદનાં સ્વરનો દીર્ઘાદેશ અને આ થયો નહીં.

વિશેષતા :

(૧) સૂત્ર નિર્દિષ્ટ આત્ત્વ પણ દીર્ઘ સ્વરૂપે જ હોવાથી અ સિવાયનાં સ્વરાન્ત પૂર્વપદમાં જ બંનેની પ્રવૃત્તિ થશે. તથા, દીર્ઘનાં સાહચર્યથી **साहचर्यात् सदृशस्यैव २/६** ન્યાયાનુસારે આત્ત્વ પણ સ્વરાન્ત પૂર્વપદમાં જ થશે. પણ વ્યંજનાન્ત પૂર્વપદમાં નહીં. તેથી दोर्षि, धनुर्धनुंषि ઇત્યાદિ પ્રયોગોમાં આ સૂત્રની પ્રવૃત્તિ થશે નહીં.

हविष्यष्टनः कपाले ३.२.७३

અ.અ.સૂ. : हविषि कपाले उत्तरपदे अष्टनः दीर्घः।

અર્થ : હવિસ્ (ઘી) અર્થ જણાતે છતે કપાલ એવું ઉત્તરપદ પર છતાં અષ્ટન્નાં અન્ત્યનો દીર્ઘ આદેશ થાય છે.

ઉદા. **अष्टाकपालम्(हविः)** = આઠ કપાલમાં સંસ્કારિત કરેલું ઘી. अष्टसु कपालेषु संस्कृतमिति।
संख्या समाहारे०૩.૧.૯૯થી **समास** તથા,
प्रथमोक्तं०૩.૧.૧૪૮થી સંખ્યાવાચીનો **पूर्वनिपात**→ अष्टन्+कपाल
नाम्नो नो०૨.૧.૯૧થી न्નો લોપ→अष्ट+कपाल
આ સૂત્રથી અન્ત્યનો દીર્ઘ→अष्**टा**कपाल
પ્રથમા સિ વગેરે→अष्टाकपालम्।

પ્ર.ઉદા.(૧) **हविषीति किम् ? अष्टकपालम्** = આઠ કપાલનો સમૂહ. अष्टानां कपालानां समाहार इति।
संख्या०૩.૧.૯૯થી **समास** તથા,
प्रथमोक्तं०૩.૧.૧૪૮થી अष्टन्નો **पूर्वनिपात**→अष्टन्+कपाल
नाम्नो नो०૨.૧.૯૧થી न्નો લોપ→अष्टकपाल
પ્રથમા સિ વગેરે→अष्टकपालम्।

★ આ સૂત્રની પ્રવૃત્તિ ઘી અર્થ જણાતે છતે થાય છે. જ્યારે અહીં ઘીની વિવક્ષા નથી. માટે આ સૂત્રથી अष्टन्નાં અન્ત્યનો દીર્ઘ થયો નહીં.

(૨) **कपाल इति किम् ? अष्टपात्रं हविः** = આઠ પાત્રને વિશે સંસ્કારિત કરેલું ઘી. अष्टसु पात्रेषु संस्कृतमिति। આ ઉદા.ની साधनिका अष्टाकपालम् પ્રમાણે જાણવી. પરંતુ આ સૂત્રથી દીર્ઘદિશ કરવો નહીં.

★ આ સૂત્રથી પ્રવૃત્તિ कपाल ઉત્તરપદમાં હોય તો જ થાય છે. જ્યારે અહીં कपाल ઉત્તરપદ નથી. માટે આ સૂત્રથી अष्टन्નાં અન્ત્યનો દીર્ઘદિશ થયો નહીં.

વિશેષતા :

જિ. : આ સૂત્રથી નિર્દિષ્ટ દીર્ઘવિધિ પરવિધિ સ્વરૂપે છે. આ સૂત્રનાં વિષયમાં નામ્નો નો૦૨.૧.૯૧થી થતો ન્નો લોપ ણ-ષમસત્પરે૦૨.૧.૬૦ સૂત્ર દ્વારા અસત્ મનાય છે. તો અષ્ટન્ શબ્દ પુનઃ વ્યંજનાન્ત સ્વરૂપે જ મનાય છે. ત્યારે માત્ર સ્વરાન્તનાં જ વિષયભૂત આ સૂત્રની પ્રવૃત્તિ કેવી રીતે થશે?

સમા. : અહીં **अन्त्यबाधेऽन्त्यसदेशस्य** નિયમની પ્રવૃત્તિ થાય છે. તેથી અન્ત્ય વર્ણ દ્વારા કોઈપણ પ્રવૃત્તિનો બાધ થતો હોય ત્યારે તે પ્રવૃત્તિ ઉપાન્ત્યવર્ણથી થાય છે. તેથી અષ્ટન્ શબ્દનો ઉપાન્ત્ય અ આ સૂત્રથી દીર્ઘ થાય છે.

गवि युक्ते ३.२.७४

અ.અ.સૂ. : **युक्ते गवि उत्तरपदे अष्टनः दीर्घः।**

અર્થ : યુક્ત (જોડાયેલ) અર્થ જણાતે છતે ગો ઉત્તરપદ પર છતાં અષ્ટન્નો અન્ત્ય સ્વર દીર્ઘ થાય છે.

ઉદા. **अष्टागवं शकटम्** = આઠ ગાયો જોડેલી છે જેમાં તેવું ગાડું. अष्टौ गावः युक्ता यस्मिन् तदिति।
संख्या समाहारे૦૩.૧.૯૯થી અષ્ટન્ અને ગોનો યુક્ત પર છતાં **સમાસ** તથા,
प्रथमोक्तं૦૩.૧.૧૪૮થી અષ્ટન્નો **पूर्वनिपात**→અષ્ટન્+ગો
गोस्तत्पुरुषात्૦૭.૩.૧૦૫થી અટ્→અષ્ટન્+ગો+**અ**

अस्वयंभुवो०७.४.७०थी ओनो अव्→अष्टन्+**गव**
नाम्नो नो०२.१.९१थी न्नो लोप→अष्ट+गव
आ सूत्रथी अनो आ→अ**ष्टा**गव
प्रथमा सि वगेरे→अष्टागवम्।

प्र.उदा. **युक्त इति किम् ? अष्टगुश्चैत्रः** = આઠ ગાયવાળો ચૈત્ર.
अष्टौ गावः यस्य स इति।
एकार्थं०३.१.२२थी **समास** तथा,
विशेषण-सर्वादि०३.१.१५०थी अष्टन्नो **पूर्वनिपात**→
अष्टन्+गो
नाम्नो नो०२.१.९१थी न्नो लोप→अष्ट+गो
गोश्चान्ते०२.४.९६थी ओनो ह्रस्व→अष्ट**गु**
प्रथमा सि वगेरे→अष्टगुः।

★ આ સૂત્રની પ્રવૃત્તિ યુક્ત અર્થ જણાતે છતે થાય છે. જ્યારે અહીં યુક્ત અર્થની વિવક્ષા નથી. માટે આ સૂત્રથી અષ્ટન્નાં અન્ત્યનો દીર્ઘદિશ થયો નહીં.

विशेषता :

અહીં ઉદા.ગત अष्टागवं शकटम् પ્રયોગમાં अष्टौ गावः युक्ता अस्मिन्निति એ પ્રમાણે ત્રિપદ બહુવ્રીહિ સમાસ થયો છે. તથા, યુક્ત રૂપ ઉત્તરપદ પર છતાં અષ્ટન્ અને ગો વચ્ચે संख्या०३.१.९९थी द्विगु સમાસ થતાં गोस्तत्पु०७.३.१०५थी अट् સમાસાન્ત પ્રત્યય થાય છે. ત્યાં આ સૂત્ર દ્વારા યુક્ત અર્થમાં દીર્ઘદિશ જણાવાયેલો હોવાથી દીર્ઘદિશ દ્વારા યુક્ત અર્થ અભિહિત થતાં **उक्तार्थानामप्रयोगः १/२८** ન્યાયાનુસારે

તેનો પ્રયોગ થતો નથી. તેથી અષ્ટાગવં શકટમ્ એવો પ્રયોગ થાય છે.

અથવા તો અષ્ટાનાં ગવાનાં સમાહારઃ એ પ્રમાણે આવા સમાહાર દ્વિગુ સમાસ કરીને આ સૂત્રથી દીર્ઘ થતાં શકટ પોતે અષ્ટાગવમ્ રૂપે થઈ જાય છે. અને તેથી યુક્ત શબ્દનાં પ્રયોગ વિના પણ ઉપચારતયા યુક્તનું આરોપણ કરવું. અન્યથા ત્યાં અર્થની સંગતિ થશે નહીં.

नाम्नि ૩.૨.૭૫

અ.અ.સૂ. : अष्टनः उत्तरपदे नाम्नि दीर्घः।

અર્થ : અષ્ટન્નાં અન્ત્ય સ્વરનો ઉત્તરપદ પર છતાં સંજ્ઞાનાં વિષયમાં દીર્ઘાદેશ થાય છે.

ઉદા. **अष्टापदः कैलाशः** = કૈલાસ પર્વત.

अष्टौ पदानि यस्य स इति।

एकार्थं०૩.૧.૨૨થી **સમાસ** તથા,

विशेषण-सर्वादि०૩.૧.૧૫૦થી अष्टन्નો **पूर्वनिपात**→

अष्टन्+पद

नाम्नो नो०૨.૧.૯૧થી न्નો લોપ→अष्ट+पद

આ સૂત્રથી અન્ત્યનો દીર્ઘ→अष्टा**પદ**

પ્રથમા સિ વગેરે→अष्टापदः।

પ્ર.ઉદા. **नाम्नीति किम्? अष्टदंष्ट्रः** = આઠ દાંતવાળો.

अष्टौ दंष्ट्रा यस्य स इति।

આ ઉદા.માં સમાસ વગેરે કાર્યો પૂર્વપ્રમાણે જાણવા. પરંતુ આ સૂત્રથી અષ્ટન્નો અન્ત્ય સ્વર દીર્ઘ કરવો નહીં.

★ આ સૂત્રની પ્રવૃત્તિ સંજ્ઞાનાં વિષયમાં થાય છે. જ્યારે અહીં સંજ્ઞાનો વિષય નથી. માટે આ સૂત્રથી અષ્ટન્નો દીર્ઘદિશ થયો નહીં.

વિશેષતા :

અહીં કેટલાંક વ્યાકરણકારોનાં મતે સૃષ્ટિને કરનારાં તત્ત્વ સ્વરૂપ આઠ પદો છે. તેને અષ્ટાપદ કહેવાય છે. તે આઠ પદો ક્ષિતિ, જલ, અગ્નિ, વાયુ, આકાશ, જીવ, સોમ અને સૂર્ય સ્વરૂપે છે. જે અનુક્રમે શર્વ, ભવ, રુદ્ર, ઉગ્ર, ભીમ, પશુપતિ, મહાદેવ અને ઈશાન નામથી પ્રખ્યાત છે. તથા તે સર્વે તત્ત્વો શિવ સ્વરૂપે હોવાથી જ્યાં શિવાલય છે, એવા કૈલાસને અષ્ટાપદ કહેવાય છે.

તથા, આઠે લોહ ધાતુઓને વિશે જેનું સ્થાન મુખ્ય છે. તેવા સુવર્ણને પણ અષ્ટાપદ કહેવાય છે.

कोटर-मिश्रक-सिध्रक-पुरग-सारिकस्य वणे ३.२.७६

અ.અ.સૂ. : कोटर-मिश्रक-सिध्रक-पुरग-सारिकस्य वणे उत्तरपदे नाम्नि दीर्घः।

અર્થ : કોટર, મિશ્રક, સિધ્રક, પુરગ અને સારિકનો અન્ત્ય સ્વર, કરાયેલાં ણ્ વાળો વણ ઉત્તરપદ પર છતાં સંજ્ઞાનાં વિષયમાં દીર્ઘ થાય છે.

સ. **कोटर-मिश्रक-सिध्रक-पुरग-सारिकस्य** = कोटरश्च मिश्रकश्च सिध्रकश्च पुरगश्च सारिका चेति कोटर-मिश्रक-सिध्रक-पुरग-सारिकम्, तस्येति।

ઉદા. (૧) **कोटरावणम्** = वन विशेष. कोटराणां वनमिति।
षष्ठ्यर्थत्ना०૩.૧.૭૬થી **समास** तथा,
प्रथमोक्तं०૩.૧.૧૪૮થી कोटरनो **पूर्वनिपात**→कोटर+वन
पूर्वपदस्थाना०૨.૩.૬૪થી न्नो ण्→कोटर+**वण**
आ सूत्रथी कोटरनां अनो आ→कोट**रा**वण
प्रथमा सि वगेरे→कोटरावणम्।

(૨) **मिश्रकावणम्** = वन विशेष. मिश्रकाणां वनमिति।

(૩) **सिध्रकावणम्** = वन विशेष. सिध्रकाणां वनमिति।

(૪) **पुरगावणम्** = वन विशेष. पुरगाणां वनमिति।

(૫) **सारिकावणम्** = वन विशेष. सारिकाणां वनमिति।

आ ઉદા.नी साधनिका पूर्वप्रमाणे જાણવી.

વિશેષતા :

અહીં ધ્યાનમાં લેવું કે, સૂત્રગત वणे પદમાં निर्दिष्ट ण् पूर्वपदस्थाना०૨.૩.૬૪થી સિદ્ધ હોવાથી वने એ પ્રમાણે નિર્દેશ યોગ્ય હતો. પરંતુ કૃત ણ્વાળા નિર્દેશથી અહીં નિયમ કરવામાં આવે છે કે, જો वन પદ ઉત્તરપદમાં હશે તો આ સૂત્રની પ્રવૃત્તિ કરતાં જ पूर्वपदस्थाना०૨.૩.૬૪ સૂત્ર દ્વારા न्नो ण् થશે. અન્યથા નહીં. તેથી कुबेरवनम् વગેરે પ્રયોગોમાં न्नो ण् પણ થયો નથી.

अञ्जनादीनां गिरौ ३.२.७७

અ.અ.સૂ. : अञ्जनादीनां गिरौ उत्तरपदे नाम्नि दीर्घः।

અર્થ : અઞ્જન વગેરે શબ્દનો અન્ત્ય સ્વર ગિરિ ઉત્તરપદ પર છતાં સંજ્ઞાનાં વિષયમાં દીર્ઘ થાય છે.

સ. **अञ्जनादीनाम्** = अञ्जन आदिर्येषां ते इति अञ्जनादयः, तेषामिति।

ઉદા. (૧) **अञ्जनागिरिः** = પર્વત વિશેષ. अञ्जनानां गिरिरिति।
षष्ठ्यत्ना०૩.૧.૭૬થી **સમાસ** તથા,
प्रथमोक्तं०૩.૧.૧૪૮થી અઞ્જનનો **પૂર્વનિપાત**→अञ्जन+गिरि
આ સૂત્રથી અઞ્જનનો સ્વર દીર્ઘ→अञ्जनागिरि
પ્રથમા સિ વગેરે→अञ्जनागिरिः।

(૨) **कुक्कुटागिरिः** = પર્વત વિશેષ. कुक्कुटानां गिरिरिति।
આ ઉદા.ની સાધનિકા પૂર્વપ્રમાણે જાણવી.

વિશેષતા :

(૧) **अञ्जनादि ગણ :** अञ्जन, भाञ्जन, किंशुक, किंशुलक, साल्व, लोहित, कुक्कुट, खदून, नल, पिङ्गल.
સૂત્રમાં બ.વ. આકૃતિગણ માટે છે. તેથી તત્સદૃશ બીજા પણ પ્રયોગો આ ગણ દ્વારા સિદ્ધ થઈ શકે છે.

अनजिरादिबहुस्वर-शरादीनां मतौ ३.२.७८

અ.અ.સૂ. : अनजिरादिबहुस्वर-शरादीनां मतौ नाम्नि दीर्घः।

અર્થ : અજિર વગેરે સિવાયનાં બહુસ્વરવાળાં શબ્દો તથા શર વગેરે શબ્દોનો અન્ત્ય સ્વર મતુ પ્રત્યય પર છતાં સંજ્ઞાનાં વિષયમાં દીર્ઘ થાય છે.

સ. (૧) **अनजिरादि बहुस्वर-शरादीनाम्** = अजिर आदिर्येषां ते इति अजिरादयः, न अजिरादय इति अनजिरादयः, बहवः स्वरा येषां ते इति बहुस्वराः, शर आदिर्येषां ते इति शरादयः, अनजिरादयश्च ते बहुस्वराश्चेति अनजिरादि बहुस्वराः, अनजिरादिबहुस्वराश्च शरादयश्चेति अनजिरादि-बहुस्वरशरादयः, तेषामिति।

ઉદા. (૧) **उदुम्बरावती** = नदी विशेष. उदुम्बराणि सन्ति अस्यामिति।
नद्यां मतु०६.२.७२थी मतु→उदुम्बर+**मत्**
नाम्नि०२.१.९५थी म्नो व्→उदुम्बर**वत्**
अधातूदृदितः २.४.२थी ङी→उदुम्बरव**ती**
આ સૂત્રથી દીર્ઘ→उदुम्ब**रा**वती।

(૨) **शरावती** = नदी विशेष. शराः सन्ति अस्यामिति।

(૩) **वंशावती** = नदी विशेष. वंशाः सन्ति अस्यामिति।
આ ઉદા.ની સાધનિકા પૂર્વપ્રમાણે જાણવી.

પ્ર.ઉદા. **अनजिरादीति किम्?**

(૧) **अजिरवती** = नदी विशेष. अजिराणां सन्ति अस्यामिति।

(૨) **हिरण्यवती** = नदी विशेष. हिरण्यानां सन्ति अस्यामिति।
આ ઉદા.ની સાધનિકા પૂર્વપ્રમાણે જાણવી.

★ આ સૂત્રમાં અજિરાદિ ગણનું વર્જન હોવાથી અહીં આ સૂત્રથી દીર્ઘદિશ થયો નહીં.

વિશેષતા :

(૧) **अजिरादि ગણ દ્વારા સિદ્ધ થતાં પ્રયોગો :** अजिरवती, खदिरवती, खपुरवती, स्थविरवती, पुलिनवती, मलयवती, हंसकारण्डववती, चक्रवाकवती, अलंकारवती, शशाङ्कवती, हिरण्यवती સૂત્રમાં બ.વ. આકૃતિ ગણ માટે છે. તેથી તત્સદૃશ અન્ય પ્રયોગોમાં પણ આ સૂત્ર દ્વારા વર્જન થાય છે.

(૨) **शरादि ગણ :** शर, वंश, शुचि, कुश, धूम, अहि, कपि, मुनि, मणि, वार्द, वेट સૂત્રમાં બ.વ. આકૃતિગણ માટે છે. તેથી ऋषीवती, मृगावती, पद्मावती, वातावती, भोगावती જેવાં પ્રયોગો પણ સિદ્ધ થાય છે.

(૩) અહીં સૂત્રગત અનજિરાદિ પદ અર્થની સંગતિથી શરાદિનું વિશેષણ બનતું નથી. માત્ર બહુસ્વરનું જ વિશેષણ બને છે તે ધ્યાનમાં લેવું.

ऋषौ विश्वस्य मित्रे ३.२.७९

અ.અ.સૂ. : ऋषौ मित्रे उत्तरपदे विश्वस्य नाम्नि दीर्घः।

અર્થ : ઋષિ અર્થમાં સંજ્ઞા જણાતે છતે મિત્ર ઉત્તરપદ પર છતાં વિશ્વનો અન્ત્ય સ્વર સંજ્ઞાનાં વિષયમાં દીર્ઘ થાય છે.

ઉદા. **विश्वामित्रः** = ऋषि विशेष. विश्वं मित्रं यस्य स इति।
एकार्थं०૩.૧.૨૨થી **સમાસ** તથા,
प्रथमोक्तं०૩.૧.૧૪૮થી **पूर्वनिपात**→विश्व+मित्र

આ સૂત્રથી વિશ્વનો સ્વર દીર્ઘ→विश्वामित्र
પ્રથમા સિ વગેરે→विश्वामित्रः।

नरे ३.२.८०

અ.અ.સૂ. : नरे उत्तरपदे नाम्नि विश्वस्य दीर्घः।

અર્થ : નર ઉત્તરપદ પર છતાં સંજ્ઞાનાં વિષયમાં વિશ્વનો અન્ત્ય સ્વર દીર્ઘ થાય છે.

ઉદા. **विश्वानरः कश्चित्** = ઋષિ વિશેષ.
विश्वे नराः अस्येति।
આ ઉદા.ની સાધનિકા પૂર્વપ્રમાણે જાણવી. પરંતુ દીઘદિશ આ સૂત્રથી કરવો. અને સમાસ उष्ट्रमुखा० ૩.૧.૨૩થી કરવો.

વિશેષતા :

(૧) પૂર્વસૂત્રથી આ સૂત્રનો પૃથક્ નિર્દેશ કર્યો તેથી પૂર્વસૂત્રથી પ્રાપ્ત ઋષિ પદનો અહીં સંબંધ થતો નથી.

वसु-राटोः ३.२.८१

અ.અ.સૂ. : वसु-राटोः उत्तरपदयोः विश्वस्य दीर्घः।

અર્થ : વસુ અને રાટ્ ઉત્તરપદ પર છતાં વિશ્વનો અન્ત્ય સ્વર દીર્ઘ થાય છે.

સ. **वसु-राटोः** = वसुश्च राट् चेति वसुराटौ, तयोरिति।

ઉદા. (૧) **विश्वावसुः** = વિશ્વ જ જેની સંપત્તિ છે તે.

विश्वं एव वसुः यस्य स इति।
આ ઉદા.ની સાધનિકા પૂર્વ પ્રમાણે જાણવી. પરંતુ વિશ્વનાં સ્વરનો દીર્ઘદેશ કરવો.

(૨) **विश्वाराट्** = વિશ્વમાં શોભનાર. विश्वस्मिन् राजत इति।
ङस्युक्तं०૩.૧.૪૯થી **समास** તથા,
प्रथमोक्तं०૩.૧.૧૪૮થી વિશ્વનો **पूर्वनिपात**→विश्व+राज्
આ સૂત્રથી પૂર્વનો સ્વર દીર્ઘ→**विश्वा**+राज्
प्रथमा सि વગેરે→विश्वाराट्।

વિશેષતા :

જિ. : અહીં મૂળ શબ્દ राज् હોવાથી वसु-राजोः એ પ્રમાણે નિર્દેશ કરવો જોઈએ તો અહીં સૂત્રમાં वसुराटोः એ પ્રમાણે નિર્દેશ શા માટે કર્યો?

સમા. : આવા પ્રકારનો નિર્દેશ કરવા દ્વારા અહીં ગ્રંથકારશ્રી જણાવે છે કે, જ્યાં राज् શબ્દનો પણ સંધિ આદિ થઈને राट् પદ જ ઉત્તરપદમાં હોય ત્યાં જ આ સૂત્રની પ્રવૃત્તિ કરવી, અન્યથા નહીં. અર્થાત્ राज् શબ્દને यज-सृज०૨.૧.૮૭, धुटस्तृतीयः ૨.૧.૭૬ અને विरामे वा ૧.૩.૫૧થી અનુક્રમે ष्, ड् અને ट् આદેશ થઈને राट् શબ્દ બન્યો હોય ત્યાં જ આ સૂત્રની પ્રવૃત્તિ થશે. પણ राज् શબ્દનાં વિષયમાં નહીં. જેમકે, विश्वराजः।

वलच्यपित्रादेः ३.२.८२

અ.અ.સૂ. : **वलचि अपित्रादेः दीर्घः।**

અર્થ : વલચ્ પ્રત્યય પર છતાં પિતૃ વગેરે સિવાયનાં શબ્દનો અન્ત્ય સ્વર દીર્ઘ થાય છે.

સ. **अपित्रादेः** = पिता आदिर्यस्य स इति पित्रादिः, न पित्रादिरिति अपित्रादिः, तस्येति।

ઉદા. (૧) **आसुतीवलः** = મદિરાવાળો. आसुतिः अस्ति अस्येति।
कृष्यादि०७.२.२७થી वलच्→आसुति+**वल**
આ સૂત્રથી અન્ત્ય સ્વર દીર્ઘ→आ**सुती**वल
પ્રથમા સિ વગેરે→आसुतीवलः।

પ્ર.ઉદા. **अपित्रादेरिति किम्?**
पितृवलः = પિતાવાળો. पिता अस्ति अस्येति।
मातृवलः = માતાવાળો. माता अस्ति अस्येति।
આ ઉદા.ની સાધનિકા પૂર્વપ્રમાણે જાણવી. પરંતુ આ સૂત્રથી દીર્ઘદિશ કરવો નહીં.

★ આ સૂત્રમાં પિત્રાદિ શબ્દનું વર્જન હોવાથી અહીં આ સૂત્રથી દીર્ઘદિશ થયો નહીં.

વિશેષતા :

(૧) **પિત્રાદિ ગણ દ્વારા દીર્ઘાદેશનું વર્જન કરાતાં પ્રયોગો :** पितृवलः, भ्रातृवलः, मातृवलः, उत्साहवलः વગેરે.

(૨) અહીં ધ્યાનમાં લેવું કે, પૂર્વસૂત્રથી ઉત્તરપદેનો અધિકાર આવી રહ્યો છે. તેથી અહીં ધાતુ પારાયણ ગ્રંથ નિર્દિષ્ટ अच् પ્રત્યયાન્ત वल શબ્દનું ગ્રહણ થવાની પ્રાપ્તિ હતી. તથા, व् અને ब् અભિન્ન હોવાથી बल શબ્દ પણ ઉત્તરપદ સ્વરૂપે ગૃહીત થઈ શકે. તેવું ન થાય માટે અહીં ગ્રંથકારશ્રીએ वलच् એ પ્રમાણે च ઈત્નો નિર્દેશ કર્યો છે.

(૩) સૂત્રમાં अपित्रादेः એ પ્રમાણે પર્યુદાસ નઞ્નો આશ્રય કર્યો છે. તેથી तत्भिन्न तद्सदृशतया पितृ વગેરેથી ભિન્ન એવા સ્વરાન્ત શબ્દોનું જ ગ્રહણ થાય છે.

चितेः कचि ३.२.८३

અ.અ.સૂ. : चितेः कचि दीर्घः।

અર્થ : ચિતિનો અન્ત્ય સ્વર कच् પ્રત્યય પર છતાં દીર્ઘ થાય છે.

ઉદા. **एकचितीकः** = એક યજ્ઞીય ચિતી નામની જ્યોતવાળો.
एका चितिः यस्य स इति।
एकार्थं०૩.૧.૨૨થી **સમાસ** તથા,
વિશેષણ-सर्वादि०૩.૧.૧૫૦થી એકાનો **पूर्वनिपात**→
एका+चिति
सर्वादयो०૩.૨.૫૦થી એકાનો એક→**एक**चिति
शेषाद्०૭.૩.૧૧૫થી कच्→एकचिति+**क**
આ સૂત્રથી ચિતિનો સ્વર દીર્ઘ→एकचि**ती**क
પ્રથમા સિ વગેરે→एकचितीकः।

स्वामिचिह्नस्या-ऽविष्टा-ऽष्ट-पञ्च-भिन्न-च्छिन्न-च्छिद्र स्रुव-स्वस्तिकस्य कर्णे ३.२.८४

અ.અ.સૂ. : **अविष्टा-ऽष्ट-पञ्च-भिन्न-च्छिन्न-च्छिद्र-स्रुव-स्वस्तिकस्य स्वामिचिह्नस्य कर्णे उत्तरपदे दीर्घः।**

અર્થ : જેના વડે સ્વામી ઓળખાય તે સ્વામીચિહ્નવાચી. વિષ્ટા, અષ્ટન્, પઞ્ચન્, ભિન્ન, છિન્ન, છિદ્ર, સ્રુવ અને સ્વસ્તિક સિવાયનાં સ્વામી ચિહ્નવાચી નામનો અન્ત્ય સ્વર કર્ણ ઉત્તરપદ પર છતાં દીર્ઘ થાય છે.

સ. (૧) **स्वामिचिह्नस्य** = स्वामी चिह्न्यते येन तदिति स्वामि-चिह्नः, तस्येति।

(૨) **अविष्टा-ऽष्ट-पञ्च-भिन्न-छिन्न-छिद्र-स्रुव-स्वस्ति-काय** = विष्टश्च अष्टश्च पञ्च च भिन्नश्च छिन्नश्च छिद्रश्च स्रुवश्च स्वस्तिकश्चेति विष्टाऽष्टपञ्चभिन्नछिन्नछिद्रस्रुव स्वस्तिकम्, न विष्टाऽष्टपञ्चभिन्नछिन्नछिद्रस्रुवस्वस्तिकमिति अविष्टाष्टपञ्च-भिन्न-छिन्न-छिद्र-स्रुव-स्वस्तिकम्, तस्येति।

ઉદા. (૧) **दात्राकर्णः पशुः** = दात्र चिह्नરૂપે છે કાનમાં જેને તે. दात्रं चिह्नं कर्णे यस्य स इति।
उष्ट्रमुखा०૩.૧.૨૩થી **સમાસ** તથા,
તે સૂત્રથી જ दात्रનો **पूर्वनिपात**→दात्र+कर्ण
આ સૂત્રથી दात्रનો સ્વર દીર્ઘ→**दात्रा**कर्ण
પ્રથમા સિ વગેરે→दात्राकर्णः।

પ્ર.ઉદા.(૧) **स्वामिचिह्नस्येति किम् ? लम्बकर्णः** = લાંબા કાનવાળો.
लम्बौ कर्णौ यस्य स इति।
एकार्थं०૩.૧.૨૨થી **સમાસ** તથા,
વિશેષણ-सर्वादि०૩.૧.૧૫૦થી लम्बનો **पूर्वनिपात**→
लम्ब+कर्ण
પ્રથમા સિ વગેરે→लम्बकर्णः।
આ સૂત્રની પ્રવૃત્તિ સ્વામિચિહ્નવાચી નામનાં વિષયમાં થાય છે. જ્યારે અહીં સ્વામિચિહ્નવાચી નામ નથી. માટે આ સૂત્રથી દીર્ઘદિશ થયો નહીં.

(૨) **विष्टादिवर्जनं किम् ?**

(a) **विष्टकर्णः** = વિષ્ટ ચિહ્ન છે કાનમાં જેને તે.
विष्टं चिह्नं कर्णे यस्य स इति।

(b) **अष्टकर्णः** = આઠ ચિહ્નો છે કાનમાં જેને તે.
अष्टौ (चिह्नानि) कर्णे यस्य स इति।
આ ઉદા.ની સાધનિકા दात्राकर्णः પ્રમાણે જાણવી. પરંતુ આ સૂત્રથી દીર્ઘદિશ કરવો નહીં.

★ આ સૂત્રમાં વિષ્ટ વગેરેનું વર્જન હોવાથી અહીં આ સૂત્રથી વિષ્ટ વગેરેનો અન્ત્ય સ્વર દીર્ઘ થયો નહીં.

વિશેષતા :

(૧) અહીં દાત્રાદિ શબ્દ સ્વામીનાં ચિહ્ન તરીકે નિર્દેશ કરાયેલો છે. પરંતુ પશુનાં કાનમાં સાક્ષાત્ દાત્રાદિ મૂકવા દ્વારા કોઈ સ્વામી સ્વયંનું ચિહ્ન બનાવે તેવું સંભવતું જ નથી. તેથી અહીં સ્વામી ચિહ્નતયા દાત્રાદિ પદો દ્વારા સાક્ષાત્ તેવી વસ્તુઓનું ગ્રહણ ન કરતાં

પશુઓનાં કાનમાં દોરાયેલાં તેવા પ્રકારનો આકાર વિશેષ ગ્રહણ કરવો. તેવાં આકારવાળો હોવાથી લક્ષણા વડે તેનો પણ વ્યવહાર તે શબ્દ દ્વારા જ કરાય છે.

(૨) અહીં વિષ્ટાદિનું વર્જન કર્યું હોવાથી સૂત્રગત સ્વામિચિહ્ન પદનાં સાક્ષાત્ સ્વરૂપનું ગ્રહણ ન કરતાં સ્વામીને ઓળખાવનારાં સ્વામી ચિહ્નવાચી વિષ્ટાદિ નામોનું જ ગ્રહણ કરવું. તથા, અવિષ્ટાદિ એ પ્રમાણે પર્યુદાસ નઞનો આશ્રય કર્યો હોવાથી તત્ભિન્નતત્સદૃશતયા સૂત્રનાં વિષયભૂત વિષ્ટાદિ સિવાયનાં નામો પણ સ્વામીનાં ચિહ્ન તરીકે જ અભિપ્રેત છે.

(૩) દાત્રાકર્ણઃ પશુઃ વગેરે પ્રયોગમાં દાત્રં ચિહ્નં કર્ણે યસ્ય સ ઇતિ એવો વિગ્રહ થાય છે. તેમ દાત્રમિવ કર્ણૌ યસ્ય સ ઇતિ એવો પણ વિગ્રહ સંભવી શકે છે. જેનો અર્થ 'દાંતરડા જેવા કાનવાળો' એ પ્રમાણે થાય છે. પરંતુ જો વાસ્તવિક દૃષ્ટિએ વિચારવામાં આવે તો તેમાં સ્વામિચિહ્નત્વ જણાતું નથી. કારણ કે પ્રાકૃતિક રીતે જ દાત્રાદિનાં આકારવાળાં કર્ણનું ગ્રહણ અહીં થાય છે. જે તમામ પશુઓમાં નહીં. પણ એક પૂરતું જ હોય છે. તેથી તેનો ચિહ્ન તરીકે વ્યવહાર થઈ શકતો નથી. માટે બે વિગ્રહ પણ સંભાવના જણાવવા માટે છે. પણ પ્રયોગ તરીકે માનવા નહીં.

गति-कारकस्य नहि-वृति-वृषि-व्यधि-रुचि-सहि-तनौ क्वौ ३.२.८५

અ.અ.સૂ. : गति-कारकस्य क्वौ नहि-वृति-वृषि-व्यधि-रुचि-सहि-तनौ उत्तरपदे दीर्घः।

અર્થ : ગતિસંજ્ઞક અને કારકસંજ્ઞક નામોનો અન્ત્ય સ્વર ક્વિબન્ત એવા નહ્, વૃત્, વૃષ્, વ્યધ્, રુચ્, સહ્ અને તન્ ધાતુ સ્વરૂપ ઉત્તરપદ પર છતાં દીર્ઘ થાય છે.

સ. (૧) **गति-कारकस्य** = गतिश्च कारकं चेति गतिकारकम् तस्येति।

(૨) **नहि-वृति-वृषि-व्यधि-रुचि-सहि-तनौ** = नहिश्च वृतिश्च वृषिश्च व्यधिश्च रुचिश्च, सहिश्च तनश्चेति नहि-वृति-वृषि-व्यधि-रुचि-सहि-तनम्, तस्मिन्निति।

ઉદા. (૧) **उपानत्** = જોડાં. उपनह्यतीति। (णहींच् बन्धने०१२८५)
क्विप् ५.१.१४८थी क्विप्→नह्+०
ऊर्याद्यनु०३.१.२थी उपने **गतिसंज्ञा** थतां,
गतिक्वन्य०३.१.४२थी **समास** तथा,
प्रथमोक्तं०३.१.१४८थी उपनो **पूर्वनिपात**→उप+नह्
नहाहो०२.१.८५थी ह्नो ध्→उप+न**ध**
विरामे०१.३.५१थी ध्नो त्→उप+न**त्**
આ સૂત્રથી उपनो स्वर दीर्घ→उ**पा**नत्
प्रथमा सि वगेरे→उपानत्।

(૨) **नीवृत्** = રોકાયેલો. निवर्त्तत इति। (वृतूङ् वर्त्तने-९५५)

(૩) **प्रावृट्** = वर्षाऋतु. प्रावर्षतीति। (वृष् सेचने-५२७)

(૪) **श्वावित्** = કૂતરાને હણનાર. श्वानं विध्यतीति।
(व्यधंच् ताडने-११५७)

(૫) **नीरुक्** = નિરોગી. नितरां रोचत इति।
(रुचि अभिप्रीत्यां च-९३८)

(૬) **ऋतीषट्** = પીડાને સહન કરનાર. ऋतिं षहत इति।
(षहि मर्षणे-९९०)

(૭) **जलासट्** = પાણીને સહન કરનાર. जलं सहत इति।

(૮) **परीतत्** = સર્વત્ર વિસ્તરેલ. परि तनोतीति।
(तनूयी विस्तारे-१४९९)
આ ઉદા.ની સાધનિકા પૂર્વપ્રમાણે જાણવી.

વિશેષતા :

(૧) અહીં કેટલાંક વ્યાકરણકારોનાં મતે સૂત્રગત रुच् ધાતુનાં સ્થાને रुज् ધાતુ પણ ઇચ્છાય છે. તેથી સ્વમતે અને અન્યનાં મતે અહીં અનુક્રમે रुच् અને रुज् ધાતુમાં આ સૂત્રની પ્રવૃત્તિ થાય છે. તથા रुज् અને रुच् ધાતુમાં સૂત્રની પ્રવૃત્તિ થતી નથી. માટે જો બંને મતનો સંગ્રહ કરવામાં આવે તો સામાન્યથી વિકલ્પ પ્રયોગની પ્રાપ્તિ થાય છે. તેથી निरुक् અને नीरुक् એમ બે પ્રયોગ બંને ધાતુ માટે વાપરી શકાય છે.
યદ્યપિ અહીં ધ્યાનમાં લેવું કે, અપદાન્તમાં તો नीरुजौ અને नीरुचौ એ પ્રમાણે અસમાન પ્રયોગ જ પ્રાપ્ત થાય છે. જ્યારે પદાન્તમાં સમાન પ્રયોગ પ્રાપ્ત થતાં હોવાથી ઉપરોક્ત વિકલ્પની સંભાવના વર્ત્તે છે.

(૨) યદ્યપિ અહીં પૂર્વસૂત્રથી ઉત્તરપદેની અનુવૃત્તિ આવી રહી છે. અને ઉત્તરપદ પર છતાં સૂત્રમાં દર્શાવેલ ધાતુનું સ્વરૂપ માત્ર ક્વિપ્ પ્રત્યય પર છતાં જ સંભવે છે. તેથી સૂત્રમાં ક્વૌ પદ ગ્રહણ કરવાની આવશ્યકતા ન હતી. પરંતુ તેનાં ગ્રહણ દ્વારા ગ્રંથકારશ્રી જણાવે છે કે, અહીં વ્યાકરણમાં મૂળસૂત્રમાં નિર્દેશ કરેલું ધાતુનું સ્વરૂપ આમ તો ક્વિપ્ પ્રત્યય પર છતાં સંભવે છે. છતાં પણ તેને સામાન્ય ધાતુ સ્વરૂપે ગણી તે-તે સૂત્રમાં દર્શાવેલ વિધિ તમામ પ્રત્યય પર છતાં અથવા સૂત્ર નિર્દિષ્ટ પ્રત્યય પર છતાં નિર્દેશ થઈ શકે છે. પણ માત્ર ક્વિપ્ પ્રત્યય પર છતાં જ થાય તેવું નહીં.

घञ्युपसर्गस्य बहुलम् ३.२.८६

અ.અ.સૂ. : घञि उत्तरपदे उपसर्गस्य दीर्घः बहुलम्।

અર્થ : ઘઞ્ પ્રત્યયાન્ત ઉત્તરપદ પર છતાં ઉપસર્ગનો અન્ત્ય સ્વર બહુલતાએ દીર્ઘ થાય છે.

ઉદા. (૧) **नीक्लेदः** = ભીનું કરવું તે. नितरां क्लिद्यतेऽनेनेति।
(क्लिदौंच् आर्द्रभावे-११७९)
भावा-ऽकर्त्रोः ५.३.१८थी घञ्→नि+क्लिद्+**अ**
लघोरुपा०४.३.४थी गुण→नि+**क्ले**द
આ સૂત્રથી ઉપસર્ગનો સ્વર દીર્ઘ→**नी**क्लेद
પ્રથમા સિ વગેરે→नीक्लेदः।

(૨) **नीवारः** = પશુઓનો ભક્ષ્ય વિશેષ. निव्रियत इति। (वृगृंट् वरणे-१२९४)
આ ઉદા.ની સાધનિકા પૂર્વપ્રમાણે જાણવી.

વિશેષતા :

(૧) **बाहुलकात् क्वचिद् वा-प्रतीवेशः, प्रतिवेशः क्व-चिन्न-विषादः, निषादः**→સૂત્રમાં બહુલમ્નો અધિકાર હોવાથી ક્યારેક નિત્ય પ્રવૃત્તિ થાય છે - नीक्लेदः, नीवारः વગેરે.

(a) ક્યારેક વિકલ્પે પ્રવૃત્તિ થાય છે. જેમકે, प्रतिवेशः, प्रतीवेशः વગેરે.

(b) ક્યારેક પ્રવૃત્તિ થતી નથી. જેમકે, निषादः, विषादः વગેરે.

(c) ક્યારેક અન્ય તરીકે વિષયભેદ થાય છે. જેમકે, प्रासादः = ઘર, प्रसादः = કૃપા.

(૨) અહીં બહુલમ્નાં અધિકાર દ્વારા જ્યારે કંઈક અન્ય જ પ્રવૃત્તિ થાય છે. પ્રયોગોમાં વિષયભેદ પણ સંભવે છે. અર્થાત્ તે જ્યારે દીર્ઘ થાય ત્યારે તે પ્રયોગ અન્ય વિષયનો વાચક બનતો નથી. અને જ્યારે દીર્ઘ ન થાય ત્યારે તે જ પ્રયોગ અન્ય વિષયનો વાચક બને છે. જેમકે, प्रासादः = ઘર અને प्रसादः = કૃપા. प्राकारः = કિલ્લો અને प्रकारः = ભેદ, अपामार्गः = ઓષધિ, अपमार्गः = અનુચિત માર્ગ.

(૩) અહીં બહુલમ્નાં અધિકારથી ઉપસર્ગ સિવાયનાં નામનો સ્વર પણ घञ् અને घञ् સિવાયનાં પ્રત્યય પર છતાં

પણ આ સૂત્રથી દીર્ઘ થાય છે. જેમકે, दक्षिणापथः, उत्तरापथः ક્યારેક એવા જ પ્રયોગમાં વિકલ્પ પણ થાય છે. જેમકે, अन्धतमः, अन्धातमः, ક્યારેક વિષયભેદ વડે પણ પ્રવર્ત્તે છે. જેમકે, अधीदन्तः = હાથી, अधिदन्तः = હાથીથી અન્ય. તથા, કેટલાંક સ્થાને ઉત્તરપદ વિના પણ વિકલ્પે દીર્ઘ થાય છે. पूरुषः, पुरुषः।

(૪) યદ્યપિ અહીં ઉત્તરપદનો અધિકાર ચાલતો હોવાથી **संज्ञोत्तरपदाधिकारे प्रत्ययग्रहणे प्रत्ययमात्रस्यैव ग्रहणम्, न तु तदन्तस्य ૨/૧૭** ન્યાયાનુસારે घञ્નાં ગ્રહણથી घञन्तનું ગ્રહણ થતું નથી. પરંતુ માત્ર घञ् પ્રત્યય ઉત્તરપદ તરીકે સંભવતો ન હોવાથી તથા ઉપસર્ગની સાથે घञ् પ્રત્યયનું અનન્તર પૂર્વાપરત્વ સંભવતું ન હોવાથી અહીં घञ् પ્રત્યયાન્ત પદનું ગ્રહણ કરવું.

नामिनः काशे ૩.૨.૮૭

અ.અ.સૂ. : नामिनः उपसर्गस्य काशे उत्तरपदे दीर्घः।

અર્થ : નામ્યન્ત ઉપસર્ગોનો અન્ત્ય સ્વર काश ઉત્તરપદ પર છતાં દીર્ઘ થાય છે.

ઉદા. (૧) **नीकाशः** = સુંદર. निकाशते इति। (काशृङ् दीप्तौ-૮૩૦)
अच् ૫.૧.૪૮થી अच्→काश्+**अ**
गतिक्वन्य०૩.૧.૪૨થી સમાસ→नि+काश
આ સૂત્રથી ઉપસર્ગનો સ્વર દીર્ઘ→**नी**काश
પ્રથમા सि વગેરે→नीकाशः।

(૨) **वीकाशः** = શોભા પામનાર. विकाशते इति।
આ ઉદા.ની સાધનિકા પૂર્વપ્રમાણે જાણવી.

પ્ર.ઉદા.(૧) **नामिन इति किम्? प्रकाशः** = પ્રકાશ.
प्रकाशते इति।
આ ઉદા.ની સાધનિકા પૂર્વપ્રમાણે જાણવી. પરંતુ આ સૂત્રથી દીર્ઘદિશ કરવો નહીં.

★ આ સૂત્રની પ્રવૃત્તિ નામ્યન્ત ઉપસર્ગનાં વિષયમાં જ થાય છે. જ્યારે અહીં નામ્યન્ત ઉપસર્ગ ન હોવાથી આ સૂત્રથી દીર્ઘ થયું નહીં.

વિશેષતા :

(૧) અહીં ધ્યાનમાં લેવું કે, घञ् પ્રત્યયાન્ત काश ધાતુ પર છતાં પૂર્વસૂત્રની પ્રવૃત્તિ થતી હોવાથી આ સૂત્રનાં વિષય તરીકે अच् પ્રત્યયાન્ત काश् ધાતુ જ ગ્રહણ કરવો.

(૨) અહીં બહુલમ્નો અધિકાર હોવાથી निकाशः વગેરે સૂત્રપ્રવૃત્તિ રહિત પણ પ્રયોગ પ્રાપ્ત થાય છે.

(૩) અહીં સૂત્રમાં नामिनः નો નિર્દેશ કર્યો છે. અને अनवर्णा० ૧.૧.૬ સૂત્રમાં અવર્ણનું વર્જન કર્યું હોવાથી इ વગેરે સ્વરોમાં જ આ વિધિ સંભવે છે. તથા, તેમાં પણ ए, ऐ, ओ અને औ દીર્ઘ જ છે. અને ऋ અને ऌ અંતવાળા ઉપસર્ગ સંભળાતાં નથી. માટે પારિ-શેષભાવથી इકાર અને उકારનાં વિષયમાં જ આ સૂત્રથી પ્રવૃત્તિ થાય છે.

दस्ति ३.२.८८

અ.અ.સૂ. : दस्ति उत्तरपदे नामिनः उपसर्गस्य दीर्घः।

અર્થ : दा ધાતુનાં સ્થાને त्कारादि આદેશવાળું નામ રૂપ ઉત્તરપદ પર છતાં નામ્યન્ત ઉપસર્ગનો અન્ત્ય સ્વર દીર્ઘ થાય છે.

ઉદા. (૧) नीत्तम् = આપ્યું. निदीयते स्मेति। (डुदांगक् दाने-११३८)
क्त-क्तवतू ५.१.१७४થી क्त→नि+दा+**त**
नि-वि-स्व०४.४.८થી दानो त्त् આદેશ→नि+**त्त्**+त
धुटो धुटि०१.३.४८થી त्नो લોપ→नि+त्त
આ સૂત્રથી निનો સ્વર દીર્ઘ→**नीत्त**
પ્રથમા સિ વગેરે→नीत्त**म्**।

(૨) वीत्तम् = આપ્યું. विदीयते स्मेति।
આ ઉદા.ની સાધનિકા પૂર્વપ્રમાણે જાણવી.

પ્ર.ઉદા.(૧) द इति किम्? वितीर्णम् = આપ્યું.
वितीर्यते स्मेति। (तॄ प्लवन-तरणयोः-२७)
क्त-क्त०५.१.१७४થી क्त→वि+तॄ+**त**
ऋतां क्ङि०४.४.११६થી इर→वि+**तिर्**+त
भ्वादेर्नामिनो०२.१.६३થી इ દીર્ઘ→वि+**तीर्**+त
ऋल्वादे०४.२.६८થી त्नो न्→वि+तीर्+**न**
र-षृवर्णान्नो०२.३.६३થી न्नो ण्→वितीर्**ण**
પ્રથમા સિ વગેરે→वितीर्**णम्**।

★ આ સૂત્રની પ્રવૃત્તિ दा ધાતુનાં વિષયમાં થાય છે. જ્યારે અહીં दा ધાતુ નથી. માટે આ સૂત્રથી ઉપસર્ગનો સ્વર દીર્ઘ થયો નહીં.

(૨) **तीति किम्? सुदत्तम्** = આપ્યું.
क्त-क्तवतू ५.१.१७४थी क्त→सु+दा+**त**
दत् ४.४.१०थी दत् આદેશ→सु+**दत्त**
પ્રથમા सि વગેરે→सुदत्तम्।

★ આ સૂત્રના પ્રવૃત્તિ त्कारादि આદેશવાળાં दा ધાતુ પર છતાં થાય છે. જ્યારે અહીં दत् એ પ્રમાણે આદેશ હોવાથી त्कारादि दत् નથી. માટે આ સૂત્રથી ઉપસર્ગનો સ્વર દીર્ઘ થયો નહીં.

अपील्वादेर्वहे ३.२.८९

અ.અ.સૂ. : अपील्वादेः नामिनः वहे उत्तरपदे दीर्घः।

અર્થ : પીલુ સિવાયનાં નામ્યન્ત નામોનો સ્વર वह् ઉત્તરપદ પર છતાં દીર્ઘ થાય છે.

સ. **अपील्वादेः** = पीलुः आदिर्यस्य स इति पील्वादिः, न पील्वादिरिति अपील्वादिः तस्येति।

ઉદા. (૧) **ऋषीवहम्** = નગર વિશેષનું નામ. ऋषेः वहमिति।
कृति ३.१.७७थી **સમાસ** તથા,
प्रथमोक्तं०३.१.१४८थી ऋषिનો **पूर्वनिपात**→ऋषि+वह
આ સૂત્રથી ऋषिનો સ્વર દીર્ઘ→ऋ**षी**वह
પ્રથમા सि વગેરે→ऋषीवहम्।

(૨) **मुनीवहम्** = નગર વિશેષનું નામ. मुनेः वहमिति।
આ ઉદા.ની સાધનિકા પૂર્વપ્રમાણે જાણવી.

પ્ર.ઉદા.(૧) **अपील्वादेरिति किम् ?**

(a) **पीलुवहम्** = નગર વિશેષનું નામ. पीलुनां वहमिति।

(b) **दारुवहम्** = નગર વિશેષનું નામ. दारुणां वहिमिति। આ ઉદા.ની સાધનિકા પૂર્વપ્રમાણે જાણવી. પરંતુ આ સૂત્રથી સ્વરનો દીર્ઘદિશ કરવો નહીં.

★ આ સૂત્રમાં પીલુ આદિ શબ્દનું વર્જન હોવાથી અહીં આ સૂત્રથી પીલુ વગેરેનો નામી સ્વર દીર્ઘ થયો નહીં.

વિશેષતા :

(૧) અહીં પૂર્વસૂત્રથી उपसर्गस्यની અનુવૃત્તિ આવી રહી છે. તેથી 'પીલુ વગેરે સિવાયનાં નામ્યન્ત ઉપસર્ગનો સ્વર દીર્ઘ થાય છે.' એ પ્રમાણે અર્થ પ્રાપ્તિ થાય છે. પરંતુ પીલ્વાદિ શબ્દ નામ છે. ઉપસર્ગ નહીં અને સૂત્રમાં अपील्वादेः એ પ્રમાણે પર્યુદાસ નઞ્નો નિર્દેશ હોવાથી तत्भिन्न तत्सदृशतया તે સિવાયનાં પણ નામોનું જ ગ્રહણ થશે પણ ઉપસર્ગનું નહીં.

(૨) અહીં वह શબ્દ બે પ્રકારે સિદ્ધ થાય છે. अच् પ્રત્યયાન્ત સ્વરૂપે અને घ પ્રત્યયાન્ત સ્વરૂપે. અહીં ઉદા.માં નિર્દિષ્ટ ऋषीवहम् વગેરે નપુંસકલિંગ પ્રયોગો अच् પ્રત્યયાન્ત છે. અને घ પ્રત્યયાન્ત પુંલિંગ ऋषीवहःમાં પણ આ સૂત્રની પ્રવૃત્તિ થાય છે.

(૩) **पील्वादि ગણ દ્વારા વર્જિત થતાં પ્રયોગો :** पीलुवहम्, चारुवहम्, दारुवहम् વગેરે.

शुनः ३.२.९०

अ.अ.सू. : शुनः उत्तरपदे दीर्घः।

अर्थ : श्वन् शब्दनो अन्त्य स्वर उत्तरपद पर छतां दीर्घ थाय छे.

उदा. (१) श्वादन्तः = कूतरांनो दांत. शुनो दन्त इति।
षष्ठ्यत्ला०३.१.७६थी **समास** तथा,
प्रथमोक्तं०३.१.१४८थी श्वन्नो **पूर्वनिपात**→श्वन्+दन्त
नाम्नो नो०२.१.९१थी न्नो लोप→श्व+दन्त
आ सूत्रथी श्वन्नो स्वर दीर्घ→**श्वा**दन्त
प्रथमा सि वगेरे→श्वादन्तः।

(२) श्वावराहम् = कूतरो अने भुंडनो समूह.
श्वा च वराहश्च एतयोः समाहार इति।
नित्यवैरस्य ३.१.१४१थी समाहार द्वन्द्व **समास** तथा,
लघ्वक्षरा०३.१.१६०थी अल्पस्वरी श्वन्नो **पूर्वनिपात**→
श्वन्+वराह
न्नो लोप वगेरे पूर्वप्रमाणे→श्वावराहम्।

विशेषता :

(१) अहीं सूत्रमां **बहुलम्**नो अधिकार होवाथी,
क्यांक नित्य प्रवृत्ति थाय छे. जेमके, श्वाकर्दः वगेरे.
क्यांक प्रवृत्ति थती नथी. जेमके, श्वकल्पः वगेरे.
क्यांक विकल्पे प्रवृत्ति थाय छे. जेमके, श्वापुच्छम्/
श्वपुच्छम् वगेरे.

ક્યાંક વિષયભેદ સ્વરૂપે અન્ય પ્રવૃત્તિ થાય છે. જેમકે, श्वापदम् = વાઘ વગેરે અને श्वपदम् = કૂતરાનાં પગલાં.

(૨) અહીં પાણિની વ્યાકરણકારોનાં મતે દન્ત, દંષ્ટ્રા, કર્ણ, કુન્દ, વરાહ, પુચ્છ અને પદ શબ્દો જ ઉત્તરપદમાં હોય તો આ સૂત્રની પ્રવૃત્તિ થાય છે, અન્યથા નહીં. તેથી તેઓનાં મતે श्वाकर्दः જેવા પ્રયોગો સિદ્ધ થશે નહીં.

एकादश-षोडश-षोडन्-षोढा-षड्ढा ૩.૨.૯૧

અ.અ.સૂ. : एकादश-षोडश-षोडन्-षोढा-षड्ढा (निपात्यन्ते)।

અર્થ : દશન્ વગેરે ઉત્તરપદ પર છતાં એક વગેરે નામનો અન્ત્ય સ્વરનો દીર્ઘ આદિ આદેશ નિપાતન કરાય છે.

સ. **एकादश-षोडश-षोडन्-षोढा-षड्ढा** = एकादशा च षोडशा च षोडन् च षोढा च षड्ढा चेति (प्रथमा जस्, सूत्रत्वात् लोपः ।)

ઉદા. (૧) **एकादश** = અગ્યાર. एकेन उत्तरा दश।
मयूरव्यंसके० ૩.૧.૧૧૬થી **समास** અને,
एकનો **पूर्वनिपात**→एक+दशन्
આ સૂત્રથી અનું દીર્ઘદિશ નિપાતન→**एका**दशन्
પ્રથમા સિ વગેરે→एकादश।

(૨) **षोडश** = સોળ. षडुत्तरा दश इति।
સમાસ વગેરે પૂર્વપ્રમાણે→षष्+दशन्

આ સૂત્રથી ष् નો उ અને द् નો ड्→**षोडश**न्
પ્રથમા સિ વગેરે→षोडश।

(૩) **षोडन्** = બાળક. षड् दन्ता यस्य स इति।
एकार्थं०૩.૧.૨૨થી **समास** તથા,
विशेषण-सर्वादि०૩.૧.૧૫૦થી षष्નો **पूर्वनिपात**→
षष्+दन्त
वयसि दन्तः०૭.૩.૧૫૧થી दतृ આદેશ→षष्+**दत्**
આ સૂત્રથી द्નો ड् અને ष्નો उ→**षो**डत्
પ્રથમા સિ વગેરે→षोडन्।

(૪) **षोढा** = ૬ પ્રકાર. षड्भिः प्रकारैरिति।
संख्याया०૭.૨.૧૦૪થી धा→षष्+**धा**
આ સૂત્રથી ष्નો उ અને धાનો ढा નિપાતન→**षउ**+ढा
अवर्णस्ये०૧.૨.૬થી ओ→**षो**ढा
પ્રથમા સિ વગેરે→षोढा।

(૫) **षड्ढा** = ૬ પ્રકાર. षड्भिः प्रकारैरिति।
संख्याया०૭.૨.૧૦૪થી धा→षष्+**धा**
આ સૂત્રથી धાનો ढा→षष्+**ढा**
धुटस्तृतीयः ૨.૧.૭૬થી ष्નો ड्→**षड्ढा**
પ્રથમા સિ વગેરે→षड्ढा।

વિશેષતા :

(૧) અહીં दशादि ૫૬માં આદિ ૫૬ દ્વારા दन्तનાં दत् આદેશ અને धा પ્રત્યયનું ગ્રહણ કર્યું છે. તેથી, षड्

દન્તા અસ્યેતિ એ પ્રમાણે બહુવ્રીહિ સમાસમાં દન્તનો દત્ આદેશ થતાં આ સૂત્ર દ્વારા દ્નો ડ્ અને ષષ્નાં અન્ત્યનો ઉ નિપાતન થાય છે. જેથી ષોડન્ પ્રયોગ સિદ્ધ થાય છે.

તથા ધા પ્રત્યય પર છતાં પણ ષોઢા અને ષડ્ઢા પ્રયોગ પ્રાપ્ત થાય છે.

(૨) અહીં કેટલાંક વ્યાકરણકારો ષોડન્ શબ્દ પણ રાજન્ વગેરેની જેમ ન્કારાન્ત નિપાતન માને છે. તેથી તેઓનાં મતે ષોડા, ષોડાનૌ ષોડાનઃ એ પ્રમાણે રૂપો થાય છે. જ્યારે સ્વમતે ષોડન્, ષોડન્તૌ, ષોડન્તઃ એ પ્રમાણે રૂપો થાય છે.

(૩) સૂત્રમાં ષોઢા, ષડ્ઢા એ પ્રમાણે ધા પ્રત્યયાન્ત પ્રયોગોનો નિર્દેશ કર્યો છે. તે સિવાયનો જે ષડ્ધા પ્રયોગ દેખાય છે. તે ધા પ્રત્યય પર છતાં નહીં. પણ ષડ્ દધાતિ ધયતિ વા ક્વિપ્ પ્રત્યયાન્ત પ્રયોગ જાણવો.

પૂર્વપદનાં અન્ત્ય સ્વરમાં હ્રસ્વત્વ-દીર્ઘત્વ વિધિનું કોષ્ટક

સૂત્ર	પૂર્વપદ	ઉત્તરપદ	અન્ય નિમિત્ત	વિકલ્પે/ નિત્ય	હ્રસ્વ/ દીર્ઘ	ઉદા.
ऋदुदित्०६७	ऋ ईत् उ ईत् प्रत्ययान्त પરતઃ સ્ત્રીલિંગ	तर, तम, रुप, कल्प प्रत्यय तथा, ब्रुव, चेलट्, गोत्र, मत, हत	સ્ત્યેકાર્થક ઉત્તરપદ હોય તો	વિકલ્પે	હ્રસ્વ	पचन्तितरा/ पचत्तरा।
ङ्यः ६४	પરતઃ સ્ત્રીલિંગ ङी પ્રત્યયાન્ત	तरादि	સ્ત્યેકાર્થક ઉત્તરપદ હોય તો	નિત્ય	હ્રસ્વ	गौरितरा।
भोगवद्०६५	ङी પ્રત્યયાન્ત भोगवत्, गौरिमत्	तरादि	સ્ત્યેકાર્થક ઉત્તરપદ હોય તો	નિત્ય	હ્રસ્વ	भोगवतितरा।
नवैकस्वरा०६६	ङी પ્રત્યયાન્ત એકસ્વરી સ્ત્રીલિંગ	तरादि	સ્ત્યેકાર્થક ઉત્તરપદ હોય તો	વિકલ્પે	હ્રસ્વ	स्त्रितरा, स्त्रीतरा।
ऊङः ६७	ऊङ् પ્રત્યયાન્ત સ્ત્રીલિંગ	तरादि	સ્ત્યેકાર્થક ઉત્તરપદ હોય તો	વિકલ્પે	હ્રસ્વ	ब्रह्मबन्धुतरा/ ब्रह्मबन्धूतरा।
इच्यस्वरे०७२	-	इजन्त अस्वरादि	-	નિત્ય	દીર્ઘ	मुष्टीमुष्टि।
हविष्यष्ट०७३	अष्टन्	कपाल	घी અર્થ	નિત્ય	દીર્ઘ	अष्टाकपालं हविः।
गवियुक्ते०७४	अष्टन्	गो	યુક્ત અર્થ	નિત્ય	દીર્ઘ	अष्टागवं शकटम्।

સૂત્ર	પૂર્વપદ	ઉત્તરપદ	અન્ય નિમિત્ત	વિકલ્પે/ નિત્ય	હ્રસ્વ/ દીર્ઘ	ઉદા.
नाम्नि७५	अष्टन्	-	संज्ञानो विषय	नित्य	दीर्घ	अष्टापदः कैलाशः।
कोठर०७६	कोटर, मिश्रक, सिध्रक, पुरग, सारिक	वण	संज्ञानो विषय	नित्य	दीर्घ	कोटरावणम्।
अञ्जना०७७	अञ्जनादि	गिरि	संज्ञानो विषय	नित्य	दीर्घ	अञ्जनागिरिः।
अनजिरादि०७८	अजिर वगेरे सिवायनां बहुस्वरवाळां तथा शर वगेरे	मतु प्रत्यय	संज्ञानो विषय	नित्य	दीर्घ	उदुम्बरावती।
ऋषौ०७९	विश्व	-	ऋषिनी संज्ञा	नित्य	दीर्घ	विश्वामित्रः।
नरे ८०	विश्व	नरे	-	नित्य	दीर्घ	विश्वानरः।
वसु-राटोः ८१	विश्व	वसु, राट्	-	नित्य	दीर्घ	विश्वावसुः।
वलच्य०८२	पितृ वगेरे	वलच् प्रत्यय	-	नित्य	दीर्घ	आसुतीवलः।
चितेः कचि ८३	चिति	कच् प्रत्यय	-	नित्य	दीर्घ	एकचितीकः।
स्वामिचिह्न०८४	विष्ट वगेरे सिवायनां स्वामी चिह्नवाची	कर्ण	-	नित्य	दीर्घ	दात्राकर्णः पशुः।

સૂત્ર	પૂર્વપદ	ઉત્તરપદ	અન્ય નિમિત્ત	વિકલ્પે/ નિત્ય	હ્રસ્વ/ દીર્ઘ	ઉદા.
गतिकारक०८५	ગતિસંજ્ઞક, કારકસંજ્ઞક	क्विबन्त, नह्, वृत्, वृष्, व्यध, रुच्, सह्, तन्	–	નિત્ય	દીર્ઘ	उपानत्।
घञ्युप०८६	ઉપસર્ગસંજ્ઞક	घञ् प्रत्ययान्त	–	બહુલતા	દીર્ઘ	नीक्लेदः।
नामिनः०८७	નામ્યન્ત ઉપસર્ગ	अच् प्रत्ययान्त काश	–	નિત્ય	દીર્ઘ	नीकाशः।
दस्ति ८८	નામ્યન્ત ઉપસર્ગ	तकारादि दा धातु	–	નિત્ય	દીર્ઘ	नीत्तम्।
अपील्वा०८९	पीलु સિવાયનાં નામ્યન્ત	वह	–	નિત્ય	દીર્ઘ	ऋषीवहम्।
शुनः ९०	श्वन्	–	–	નિત્ય	દીર્ઘ	श्वादन्तः।
एकादश०९१	एक, षड्	दश, धा, दन्त	નિપાતન	નિત્ય	દીર્ઘ	एकादश।

द्वित्र्यष्टानां द्वा-त्रयो-ऽष्टाः प्राक् शतादनशीति-बहुव्रीहौ ३.२.९२

अ.अ.सू. : द्वित्र्यष्टानां प्राक् शतात् उत्तरपदे द्वा-त्रयोऽष्टाः, अनशीति-बहुव्रीहौ ।

अर्थ : द्वि, त्रि अने अष्टन्नो अनुक्रमे शत पहेलांनी संख्या રૂપ उत्तरपद પર छतां द्वा, त्रयस् अने अष्टा आदेश थाय छे. જો अशिती उत्तरपद अने बहुव्रीहिनो विषय न होय तो.

स. (१) **द्वित्र्यष्टानाम्** = द्वौ च त्रयश्च अष्टौ चेति द्वित्र्यष्टानः, तेषामिति।

(२) **द्वा-त्रयो-ऽष्टाः** = द्वा च त्रयश्च अष्टाश्चेति।

(३) **अनशीति-बहुव्रीहौ** = अशीतिश्च बहुव्रीहिश्चेति अशीति-बहुव्रीहिः, न अशीतिबहुव्रीहिरिति अनशीतिबहुव्रीहिः, तस्मिन्निति।

उदा. (१) **द्वादश** = બા२. द्वाभ्यामधिका दश इति।
આ उदा.नी साधनिका ३.२.९०માં दर्शावेल एकादश प्रमाणे જાણવી. પરંતુ આ सूत्रथी द्विनो द्वा आदेश ક२वो.

(२) **त्रयोविंशति** = त्रेवीश. त्रिभिरधिका विंशतिरिति।

(३) **अष्टात्रिंशत्** = आऽत्रीश. अष्टाभिरधिका त्रिंशदिति।
આ उदा.नी साधनिका पूर्वप्रमाणे જાણવી. પરંતુ આ सूत्रथी त्रिनो त्रयस् अने अष्टन्नो अष्टा आदेश ક२वो.

પ્ર.ઉદા.(૧) **प्राक्शतादिति किम् ?**

(a) **द्विशतम्** = બસો द्वयोः शतयोः समाहार इति અથવા એકસો બે. द्व्यधिकं शतमिति।
संख्या०૩.૧.૯૯/मयूरव्यंसके०૩.૧.૧૧૬થી **समास** तथा, संख्या०૩.૧.૧૬૩થી द्विनो **पूर्वनिपात**→द्वि+शत प्रथमा सि वगेरे→द्विशतम्।

(b) **त्रिशतम्** = ત્રણસો/એકસો ત્રણ.
त्रयाणां शतानां समाहार इति/त्रिभिरधिकं शतमिति।
આ ઉદા.ની साधनिका પૂર્વપ્રમાણે જાણવી.

(c) **अष्टसहस्रम्** = આઠ હજાર/એક હજાર આઠ.
अष्टानां सहस्राणां समाहार इति।
अष्टाभिरधिकं सहस्रमिति।
આ ઉદા.ની साधनिका પૂર્વપ્રમાણે જાણવી.

★ આ સૂત્રની પ્રવૃત્તિ शतની પૂર્વની સંખ્યા ઉત્તરપદમાં હોય તો થાય છે. જ્યારે અહીં शत પછીની સંખ્યા હોવાથી આ સૂત્રથી द्वि વગેરેનો અનુક્રમે द्वा વગેરે આદેશ થયો નહીં.

(૨) **अनशीतिबहुव्रीहाविति किम् ?**

(a) **द्व्यशीतिः** = બ્યાશી. द्वाभ्यामधिका अशीतिरिति।
આ ઉદા.ની साधनिका द्वादश પ્રમાણે જાણવી. પરંતુ આ સૂત્રથી द्विનો द्वा આદેશ કરવો નહીં.

(b) **द्वित्राः** = બે કે ત્રણ. द्वौ वा त्रयो वा इति।
सुज्वार्थे०૩.૧.૧૯થી સમાસ તથા,
संख्या समासे ૩.૧.૧૬૩થી द्विनो **पूर्वनिपात**→**द्वि**+त्रि प्रमाणी संख्या०૭.૩.૧૨૮થી ङ→द्वित्रि+**अ**

डित्यन्त्य०२.१.११४थी इनो लोप→द्वित्र
प्रथमा जस् वगेरे→द्वित्राः।

★ आ सूत्रमां अशीति उत्तरपद अने बहुव्रीहि विषयनुं वर्जन होवाथी आ सूत्रथी द्विनो द्वा आदेश थयो नहीं.

विशेषता :

(१) सूत्रमां द्वि-त्र्यष्टानां पद अने द्वा-त्रयोऽष्टाःमां वचन अने संख्या समान होवाथी **यथासङ्ख्यमनुदेशः समानाम् १/१०** न्यायानुसारे आदेश अने आदेशी वच्चे अनुक्रमनी प्राप्ति थाय छे.

चत्वारिंशदादौ वा ३.२.९३

अ.अ.सू. : द्वित्र्यष्टानां प्राक् शतात् चत्वारिंशदादौ उत्तरपदे द्वा-त्रयोऽष्टाः, अनशीतिबहुव्रीहौ।

अर्थ : द्वि, त्रि अने अष्टन्नो अनुक्रमे शत पहेलांनी चत्वारिंशत् वगेरे संख्या रूप उत्तरपद पर छतां द्वा, त्रयस् अने अष्टा आदेश थाय छे. जो ते उत्तरपद अशीति न होय तो तेमज बहुव्रीहि समासनो विषय न होय तो.

स. **चत्वारिंशदादौ** = चत्वारिंशत् आदिर्यस्य स इति चत्वा-रिंशदादिः, तस्मिन्निति।

उदा. (१) **द्वाचत्वारिंशत्/द्विचत्वारिंशत्** = बेंतालीश.
द्वाभ्यामधिका चत्वारिंशदिति।

(२) **त्रयश्चत्वारिंशत्/त्रिचत्वारिंशत्** = तेंतालीश.
त्रिभिरधिका चत्वारिंशदिति।

(૩) **अष्टाचत्वारिंशत्/अष्टचत्वारिंशत्** = અડતાલીશ.
अष्टाभिरधिका चत्वारिंशदिति।
આ ઉદા.ની સાધનિકા પૂર્વસૂત્ર નિર્દિષ્ટ દ્વાદશ પ્રમાણે જાણવી. પરંતુ દ્વિ વગેરેનાં દ્વા વગેરે આદેશ આ સૂત્રથી વિકલ્પે કરવા.

વિશેષતા :

યદ્યપિ અહીં પૂર્વસૂત્રથી નિત્ય પ્રાપ્તિ હતી. પરંતુ चत्वारिंशत् વગેરે ઉત્તરપદ પર છતાં વિકલ્પે પ્રવૃત્તિ કરવા આ સૂત્રનો નિર્દેશ છે.

हृदयस्य हृल्लास-लेखा-ऽण्-ये ३.२.९४

અ.અ.સૂ. : हृदयस्य लास-लेखा-ऽण्-ये उत्तरपदे हृत्।

અર્થ : હૃદયનો લાસ અને લેખ ઉત્તરપદ તથા अण् અને य પ્રત્યય પર છતાં हृत् આદેશ થાય છે.

સ. (૧) **लास-लेखा-ऽण्-ये** = लासश्च लेखश्च अण् च यश्चेति।
लास-लेखा-ऽण्यम्, तस्मिन्निति।

ઉદા. (૧) **हृल्लासः** = હૃદયનો ઉલ્લાસ. हृदयस्य लास इति।
षष्ठ्यया०૩.૧.૭૬થી **સમાસ** તથા,
प्रथमोक्तं०૩.૧.૧૪૮થી હૃદયનો **પૂર્વનિપાત**→हृदय+लास
આ સૂત્રથી हृत् આદેશ→**हृत्**+लास
लि लौ ૧.૩.૬૫થી त्નો ल्→**हृल्लास**
પ્રથમા સિ વગેરે→हृल्लासः।

(૨) **हृल्लेखः** = હૃદયનો લેખ. हृदयस्य लेख इति।
આ ઉદા.ની સાધનિકા પૂર્વપ્રમાણે જાણવી.

(૩) **हार्द्दम्** = હૃદયનો ભાવ. हृदयस्य भाव इति।
पुरुष-हृद०७.१.७०थी अण्→हृदय+**अ**
આ સૂત્રથી हृत् આદેશ→**हृत्**+अ
वृद्धि स्वरेष्वा०७.४.१थी वृद्धि→हार्द्
र्हादर्ह०१.३.३१थी द्नुं द्वित्व→**हार्द्द**
પ્રથમા સિ વગેરે→हार्द्दम्।

(૪) **हृद्यः** = હૃદયને હિતકર. हृदयाय हितमिति।
प्राण्यङ्०७.१.३७थी य→हृदय+**य**
આ સૂત્રથી हृत् આદેશ→**हृत्**+य
धुटस्तृतीयः २.१.७९थी त्नो द्→**हृद्य**
પ્રથમા સિ વગેરે→हृद्यः।

વિશેષતા :

(૧) અહીં સૂત્રગત લેખ શબ્દ अण्નાં સંનિધાનથી अणन्त જ જાણવો. તેથી हृदयं लिखतीति हृल्लेखः એ પ્રયોગ થાય છે. તેમ हृदयस्य लेखः એ પ્રમાણે घञ् પ્રત્યયાન્ત लेख પર છતાં हृदयलेखः પ્રયોગ થાય છે.

(૨) અહીં સૂત્રમાં अण् પ્રત્યયનો નિર્દેશ હોવાથી प्रत्ययः प्रकृत्यादेः ७.४.११५ અને विशेषणमन्तः ७.४.११३ પરિભાષાનુસારે अण् પ્રત્યયાન્ત लेखનાં ગ્રહણની પણ પ્રાપ્તિ હતી. પરંતુ પુનઃ लेखનાં ગ્રહણ દ્વારા જ **संज्ञोत्तरपदाधिकारे० २/१७** ન્યાયનું જ્ઞાપન થાય છે. તેથી लेख પદ તેનું જ્ઞાપક છે.

(૩) અહીં ધ્યાનમાં લેવું કે, હૃદય શબ્દનાં અર્થમાં સ્વતંત્ર હૃત્ શબ્દ પણ વિદ્યમાન છે. તેથી તે શબ્દ વડે જ હૃત્ આદેશનું પ્રયોજન સરી જવાની પ્રાપ્તિ હતી. પરંતુ લાસ આદિ ઉત્તરપદ પર છતાં હૃદય શબ્દનો પ્રયોગ ન થઈ શકે તે માટે આ સૂત્રનો નિર્દેશ છે. તેથી લાસાદિ પર છતાં માત્ર હૃત્નો પ્રયોગ થશે. પણ અન્ય સ્થાને તો બંને શબ્દનો પ્રયોગ થશે. જેમકે, हृच्छोकः, हृदयशोकः।

पदः पादस्याऽऽज्याति-गोपहते ३.२.९५

અ.અ.સૂ. : पादस्य आज्यातिगोपहते उत्तरपदे पदः।

અર્થ : પાદ શબ્દનો આજિ, આતિ, ગ અને ઉપહત રૂપ ઉત્તરપદ પર છતાં પદ આદેશ થાય છે.

સ. **आज्यातिगोपहते** = आजिश्च आतिश्च गश्च उपहतश्चेति आज्यातिगोपहतम्, तस्मिन्निति।

ઉદા. (૧) **पदाजिः** = પગથી યુદ્ધ કરનાર. पादाभ्यामजतीति।
ङस्युक्तं०૩.૧.૪૯થી **સમાસ** તથા,
प्रथमोक्तं०૩.૧.૧૪૮થી પાદનો **પૂર્વનિપાત**→પાદ+આજિ
આ સૂત્રથી પાદનો પદ→**પદા**જિ
પ્રથમા સિ વગેરે→પદાજિः।

(૨) **पदातिः** = પાયદળ. पादाभ्यामततीति।

(૩) **पदगः** = પગથી ચાલનાર. पादाभ्यां गच्छतीति।

(૪) **पदोपहतः** = પગથી હણાયેલ. पादाभ्यामुपहत इति।

આ ઉદા.ની સાધનિકા પૂર્વપ્રમાણે જાણવી. પરંતુ ઉદા. ૪માં સમાસ કારકં કૃતા ૩.૧.૬૮થી કરવો.

વિશેષતા :

(૧) અહીં સૂત્રમાં આજિ એ પ્રમાણે નિર્દેશ હોવાથી અઘઞક્ય૦૪.૪.૩થી આ સૂત્રનાં વિષયમાં અજ્ ધાતુનો વી આદેશ થશે નહીં.

(૨) અહીં ધ્યાનમાં લેવું કે, પાદ શબ્દનાં અર્થમાં સ્વતંત્ર પદ શબ્દ પણ વિદ્યમાન છે. તેથી તે શબ્દ વડે જ પદ આદેશનું પ્રયોજન સરી જવાની પ્રાપ્તિ હતી. પરંતુ આજિ આદિ ઉત્તરપદ પર છતાં પાદ શબ્દનો પ્રયોગ થઈ ન શકે તે માટે આ સૂત્રનો નિર્દેશ છે. તેથી આજિ આદિ ઉત્તરપદ પર છતાં માત્ર પદનો પ્રયોગ થશે. પણ અન્ય સ્થાને તો બંને શબ્દનો પ્રયોગ થાય છે.

જિ. : સાહિત્યમાં दिग्धपादोपहतः વગેરે પ્રયોગ પણ જણાય છે તો તે પ્રયોગમાં उपहत રૂપ ઉત્તરપદ પરમાં હોતે છતે પણ આ સૂત્રની પ્રવૃત્તિ શા માટે થઈ નહીં?

સમા. : સૂત્રમાં ઉત્તરપદેનાં નિર્દેશ દ્વારા પૂર્વપદ સ્વરૂપે પદ શબ્દ જ નિર્દિષ્ટ કરાયો છે. જ્યારે दिग्धपादोपहतः પ્રયોગમાં दिग्धपाद શબ્દ પૂર્વપદમાં રહેલ છે. પણ પાદ શબ્દ નહીં. તેથી આ સૂત્રની પ્રવૃત્તિ થઈ નહીં.

हिम-हति-काषि-ये पद् ३.२.९६

अ.अ.सू. : पादस्य हिम-हति-काषि-ये उत्तरपदे पद्।

અર્થ : પાદ શબ્દનો હિમ, હતિ, કાષી ઉત્તરપદ તેમજ ય્ પ્રત્યય પર છતાં પદ્ આદેશ થાય છે.

સ. **हिम-हति-काषि-ये** = हिमं च हतिश्च काषी च यश्चेति हिमहतिकाषियम्, तस्मिन्निति ।

ઉદા. (૧) **पद्धिमम्** = પગનો બરફ. पादयोः हिममिति।
षष्ठ्यत्ना०૩.૧.૭૬થી **સમાસ** તથા,
प्रथमोक्तं०૩.૧.૧૪૮થી પાદનો **પૂર્વનિપાત**→પાદ+હિમ
આ સૂત્રથી પાદનો પદ્→**पद्**+હિમ
પ્રથમા સિ વગેરે→**पद्धिमम्**।

(૨) **पद्धतिः** = પગ વડે હણાયેલ. पादाभ्यां हतिरिति।
આ ઉદા.ની સાધનિકા પૂર્વપ્રમાણે જાણવી. પરંતુ સમાસ कारकं०૩.૧.૬૮થી કરવો.

(૩) **पत्काषी** = પગથી સારી રીતે ઘસનાર.
पादाभ्यां साधु कषतीति।
આ ઉદા.ની સાધનિકા પૂર્વપ્રમાણે જાણવી. પરંતુ સમાસ ङस्युक्तं०૩.૧.૪૯થી કરવો.

(૪) **पद्याः शर्कराः** = પગને વીંધે તે. पादौ विन्ध्यन्तीति।
विध्यत्य०૭.૧.૮થી ય→પાદ+**ય**
આ સૂત્રથી પદ્ આદેશ→**पद्**+ય
आत् ૨.૪.૧૮થી આપ્→પદ્ય+**આ**

समानानां०१.२.१थी दीर्घ→पद्या
प्रथमा जस् वगेरे→पद्याः।

विशेषता :

(१) अहीं ध्यानमां लेवुं के, हिमादि उत्तरपदनो निर्देश होवाथी पूर्वपद स्वरूपे पाद शब्द ज निर्दिष्ट करायो छे. तेथी ज्यारे परमौ च तौ पादौ चेति परमपादौ परमपादाभ्यां साधु कषतीति એ प्रमाणे विग्रह करवामां आवशे त्यारे काष उत्तरपद पर छतां पण परमपाद शब्द होवाथी आ सूत्रनी प्रवृत्ति थशे नहीं. माटे परमपादकाषी એ प्रमाणे प्रयोग थशे.

(२) अहीं पादार्घ्ये ७.१.२७थी पादार्थमुदकमिति पाद्यः प्रयोग. तथा, कौपिञ्जल०६.३.१७१ सूत्रमां निर्देशथी अण् प्रत्यय पर छतां पण हास्तिपदः तेमज, पदिकः ६.४.१७ सूत्रथी पादाभ्यां चरतीति तेवा पण प्रयोगो सिद्ध थाय छे. तेनी नोंध लेवी.

(३) अहीं सूत्रमां मात्र य प्रत्ययनो ज निर्देश छे. पण पाद रूप पूर्वपदनां विषयमां सूत्रनी प्रवृत्ति होवाथी प्रत्यासत्ति न्याय द्वारा य प्रत्यय पण मात्र पाद शब्द संबंधी ज ग्रहण करवो. पण तदन्य नहीं. तेथी द्वाभ्यां पादाभ्यां क्रीत इति प्रयोगमां द्विगु समास संबंधी समासान्त य प्रत्यय पर छतां आ सूत्रनी प्रवृत्ति थशे नहीं.
अथवा पूर्वसूत्रमां आजि वगेरे उत्तरपदनो निर्देश होवाथी पूर्वपद रूप पाद शब्द प्राणीनां अंगवाची ज विवक्षित

છે. અને તેથી અહીં પણ પાદ શબ્દ પ્રાણ્યાંગવાચી જ જાણવો. પણ પરિમાણ અર્થવાળો નહીં. આમ, વિવક્ષા કરતાં પરિમાણ અર્થમાં લાગતાં દ્વિગુ સમાસ સંબંધી ય પ્રત્યયનો નિષેધ થાય છે. અને તદન્ય ય પ્રત્યય પાદ શબ્દ સંબંધી જ શેષ રહે છે.

(૪) કેટલાંક વ્યાકરણકારો ગ અને ઉપહત પદ પર છતાં પણ આ સૂત્રની પ્રવૃત્તિ ઇચ્છે છે. તેથી તેઓનાં મતે पादाभ्यां गच्छतीति पद्गः, पादाभ्यामुपहत इति पदुपहतः પ્રયોગો પણ સિદ્ધ થાય છે.

ऋचः शसि ३.२.९७

અ.અ.સૂ. : ऋचः पादस्य शसि पद्।

અર્થ : ઋચા અર્થવાળાં પાદ શબ્દનો શકારાદિ शस् પ્રત્યય પર છતાં पद् આદેશ થાય છે.

ઉદા. (૧) **पच्छो गायत्रीं शंसति** = ગાયત્રીનાં દરેક ચરણને કહે છે.
पादं पादं गायत्र्याः शंसतीति।
संख्यैकार्थात्०७.२.१५१थी शस्→पाद+**शस्**
આ સૂત્રથી पद् આદેશ→**पद्**+शस्
પ્રથમા સિ વગેરે→पच्छः।

પ્ર.ઉદા. **ऋच इति किम्? पादशः श्लोकं वक्ति** = શ્લોકનો દરેક પાદ ભણે છે.
संख्यैका०७.२.१५१थी शस्→पाद **शस्**
પ્રથમા સિ વગેરે→पादशः।

★ આ સૂત્રની પ્રવૃત્તિ ઋચા અર્થવાળાં પાદ શબ્દને વિશે થાય છે. જ્યારે અહીં ઋચાર્થક વેદની પંક્તિ સ્વરૂપ અર્થ વિવક્ષિત ન હોવાથી ઋચા અર્થવાળો પાદ શબ્દ નથી. માટે આ સૂત્રથી તેનો पद् આદેશ થયો નહીં.

વિશેષતા :

(૧) **द्विशपाठात् स्यादिशसि न स्यात् - ऋचः पादात् पश्य** = અહીં સૂત્રમાં श्शसि એ પ્રમાણે બે श्કારનો પાઠ હોવાથી श्કારાદિ शस् પ્રત્યય પર છતાં જ પાદનો પદ આદેશ થાય છે. પણ સ્યાદિ સંબંધી शस् પ્રત્યય પર છતાં નહીં. તેથી ઉપરોક્ત પ્રયોગમાં ઋચાનો વિષય હોવા છતાં પણ આ સૂત્રની પ્રવૃત્તિ થશે નહીં.

(૨) અહીં पादं पादं गायत्र्याः शंसति એ પ્રમાણે વિગ્રહ વાક્યમાં ગાયત્રીનો પાદની સાથે સંબંધ હોવાથી ષષ્ઠી વિભક્તિનો નિર્દેશ કર્યો છે. પરંતુ તે જ સંબંધ પચ્છો गायत्रीं शंसति એ પ્રમાણે વૃત્તિમાં રહેતો નથી. અને ત્યારે શંસનરૂપ ક્રિયાની અપેક્ષાએ સ્વાભાવિક રૂપે કર્મ બનતાં ગાયત્રીને દ્વિતીયા વિભક્તિ થાય છે.

(૩) અહીં પૂર્વસૂત્રથી ગ્રહણ થતાં પાદ શબ્દમાં પ્રાણ્યાંગવાચી હોવાથી પ્રાપ્તિ છે. પરંતુ સૂત્રમાં ऋचः પદનો નિર્દેશ કર્યો હોવાથી તદન્ય એવો વેદ પંકિત અર્થ ગ્રહણ કરવામાં આવ્યો છે. તથા, પૂર્વસૂત્રથી ગ્રહણ કરાયેલા પાદ શબ્દથી ભિન્નાર્થક પાદ શબ્દનાં ગ્રહણ માટે આ સૂત્રનો પૃથક્ નિર્દેશ જાણવો.

(૪) ऋचा = अर्थवान् नियताक्षरपादो वेदभागो ऋक् = અર્થ-વાળો ચોક્કસ અક્ષરથી બનેલો ચરણવાળો વેદનો ભાગ ऋचा કહેવાય છે. અર્થાત્ વેદોની પંકિતઓ.

(૫) સૂત્રમાં વીપ્સાર્થક शस् પ્રત્યયનો નિર્દેશ કર્યો હોવાથી पादं पादं गायत्र्याः शंसति વિગ્રહાનુસારે ગાયત્રી મંત્રનો એક એક કરીને પ્રત્યેક પાદ કહે છે. તે પ્રમાણે અર્થ થાય છે, જે જ્યારે જનોઈ સંસ્કાર કરવામાં આવે ત્યારે આચાર્ય તે બાળકનાં કાનમાં પહેલાં પ્રથમ ચરણ પછી પ્રથમ-દ્વિતીય પછી પ્રથમ-દ્વિતીય-તૃતીય ચરણ એમ સંપૂર્ણ ગાયત્રી મંત્ર સંભળાવે છે.
અથવા તો એકે-એક ચરણ કરીને આખો મંત્ર સંભળાવતાં હોય છે. ત્યારે આવા પ્રકારનો પ્રયોગ થાય છે.

शब्द-निष्क-घोष-मिश्रे वा ३.२.९८

અ.અ.સૂ. : शब्द-निष्क-घोष-मिश्रे पादस्य पद् वा।

અર્થ : શબ્દ, નિષ્ક, ઘોષ અને મિશ્ર ઉત્તરપદ પર છતાં પાદ શબ્દનો पद् આદેશ વિકલ્પે થાય છે.

સ. **शब्द-निष्क-घोष-मिश्रे** = शब्दश्च निष्कश्च घोषश्च मिश्रश्चेति शब्दनिष्कघोषमिश्रम्, तस्मिन्निति।

ઉદા. (૧) **पच्छब्दः/पादशब्दः** = પગનો શબ્દ. पादयोः शब्द इति।
षष्ठ्यत्नात्०૩.૧.૭૬થી **સમાસ** તથા,
प्रथमोक्तं०૩.૧.૧૪૮થી પાદનો **પૂર્વનિપાત**→पाद+शब्द

આ સૂત્રથી પાદનો પદ્ વિકલ્પે→**पद्**+શબ્દ/પાદ+શબ્દ
પ્રથમા સિ વગેરે→पच्छब्दः/पादशब्दः।

(૨) **पन्निष्कः/पादनिष्कः** = પગનું આભૂષણ.
पादयोः निष्क इति।

(૩) **पद्घोषः/पादघोषः** = પગનો અવાજ. पादयोः घोष इति।

(૪) **पन्मिश्रः/पादमिश्रः** = બે પા ભાગથી મળેલો.
पादाभ्यां मिश्र इति।
આ ઉદા.ની સાધનિકા પૂર્વપ્રમાણે જાણવી. પરંતુ ઉદા. ૪માં સમાસ कारकं कृता उ.१.६८थी કરવો.

नस् नासिकायास्तः-क्षुद्रे ३.२.९९

અ.અ.સૂ. : नासिकायाः तः-क्षुद्रे नस्।

અર્થ : નાસિકા શબ્દનો तस् પ્રત્યય અને ક્ષુદ્ર ઉત્તરપદ પર છતાં नस् આદેશ થાય છે.

ઉદા. (૧) **नस्तः** = નાકથી. नस इति।
अहीयरुहो०७.२.८८थी तस्→नासिका+**तस्**
આ સૂત્રથી नस् આદેશ→**नस्**+तस्
પ્રથમા સિ વગેરે→नस्तः।

(૨) **नःक्षुद्रः** = નાકમાં રહેલ ક્ષુદ્ર. नासिकायां क्षुद्र इति।
सप्तमी शौ०उ.१.८८थी **समास** તથા,
प्रथमोक्तं०उ.१.१४८थी નાસિકાનો **पूर्वनिपात**→
नासिका+क्षुद्र
આ સૂત્રથી નાસિકાનો नस् આદેશ→**नस्**+क्षुद्र
પ્રથમા સિ વગેરે→नःक्षुद्रः।

येऽवर्णे ३.२.१००

અ.અ.સૂ. : नासिकायाः ये अवर्णे नस्।

અર્થ : નાસિકા શબ્દનો ય પ્રત્યય પર છતાં વર્ણ સિવાયનાં અર્થમાં नस् આદેશ થાય છે.

સ. **अवर्णे** = न विद्यते वर्णो यत्र तदिति अवर्णम्, तस्मिन्निति।

ઉદા. (૧) **नस्यम्** = નાસિકા વડે ગ્રહણ કરવા યોગ્ય ઔષધિ.
नासिकायै हितमिति।
प्राण्यङ्ग०७.३.३७થી य→नासिका+**य**
આ સૂત્રથી नस् આદેશ→**नस्य**
પ્રથમા સિ વગેરે→नस्**यम्**।

પ્ર.ઉદા.(૧) **य इति किम्? नासिक्यं पुरम्** = નાસિકાથી નજીક નગર.
नासिकायारदूरभवमिति।
सुपन्थ्या०६.२.८४થી ञ्य→नासिका+**य**
अवर्णेवर्ण०७.४.६८થી આનો લોપ→नासिक्य
પ્રથમા સિ વગેરે→नासिक**्यम्**।

★ આ સૂત્રની પ્રવૃત્તિ ય પ્રત્યય પર છતાં જ થાય છે. જ્યારે અહીં ञ्य પ્રત્યય છે. માટે આ સૂત્રથી તેનો नस् આદેશ થયો નહીં.

(૨) **अवर्ण इति किम्? नासिक्यो वर्णः** = નાકમાંથી ઉત્પન્ન થતો વર્ણ. नासिकायां भव इति।
दिगादिदेहा०६.३.१२४થી य→नासिका+**य**
अवर्णेवर्ण०७.४.६८થી આનો લોપ→नासिक्य
પ્રથમા સિ વગેરે→नासिक्यः।

★ આ સૂત્રની પ્રવૃત્તિ વર્ણ સિવાયનાં અર્થનાં વિષયમાં થાય છે. જ્યારે અહીં વર્ણ અર્થ જણાય છે. માટે આ સૂત્રથી નસ્ આદેશ થયો નહીં.

વિશેષતા :

यद्यपि नासिक्यं पुरम् प्रयोगगत प्रत्यय तो य જ છે. પણ અન્ય વર્ણ ઈત્ તરીકે છે. તેથી **निरनुबन्धग्रहणे न साऽनुबन्धकस्य १/३२** ન્યાયાનુસારે ત્યાં પણ આ સૂત્રની પ્રવૃત્તિ થતી નથી.

शिरसः शीर्षन् ३.२.१०१

અ.અ.સૂ. : शिरसः ये शीर्षन्।

અર્થ : शिरस्નો य પ્રત્યય પર છતાં शीर्षन् આદેશ થાય છે.

ઉદા. (૧) **शीर्षण्यः स्वरः** = મસ્તકમાં ઉત્પન્ન થયેલ સ્વર.
शिरसि भव इति।
दिगादिदेहा०६.३.१२४थी य→शिरस्+**य**
આ સૂત્રથી शिरस्નો शीर्षन्→**शीर्षन्**+य
र-षृवर्णान्नो०२.३.६३थी न्નો ण्→शी**र्ष**ण्य
પ્રથમા सि વગેરે→शीर्षण्यः।

(૨) **शीर्षण्यं तैलम्** = મસ્તક માટે હિતકારી તેલ.
शिरसे हितमिति। આ ઉદા.ની સાધનિકા પૂર્વપ્રમાણે જાણવી. પરંતુ प्राण्यङ्ग०७.१.३७थी य પ્રત્યય કરવો.

પ્ર.ઉદા.(૧) य इत्येव→शिरस्तः = મસ્તકથી. शिरसरिति।
अहीयरुहो०७.२.८८थी तस्→शिरस्+**तस्**
પ્રથમા सि વગેરે→शिरस्तः।

(૨) **शिरस्यति** = મસ્તકને ઇચ્છે છે. शिरसमिच्छतीति।
अमाव्ययात्०૩.૪.૨૩થી क्यन्→शिरस्+**य**
तिव् વગેરે→शिरस्यति।

★ આ સૂત્રની પ્રવૃત્તિ य પ્રત્યય પર છતાં થાય છે. જ્યારે અહીં ઉદા.(૧)માં तस् અને ઉદા.(૨)માં क्यन् પ્રત્યય છે. માટે આ સૂત્રથી शीर्षन् આદેશ થયો નહીં.

વિશેષતા :

(૧) અહીં પણ **निरनुबन्धग्रहणे न सानुबन्धकस्य** ૧/૩૨ ન્યાયાનુસારે સાનુબંધ य પ્રત્યયનું ગ્રહણ થશે નહીં. તેથી हास्तिशीर्ष्या જેવા પ્રયોગમાં આ સૂત્રની પ્રવૃત્તિ થતી નથી. જેની સાધનિકા આ પ્રમાણે છે.
हस्तिनः शिर इव शिरोऽस्या इति हस्तिशिराः तस्य अपत्यमिति।
बाह्वादिभ्यो०६.૧.૩૨થી इञ्→हस्तिशिरस्+**इ**
शीर्षः स्वरे०૩.૨.૧૦૩થી शिरस्નો शीर्ष→हस्ति**शीर्ष**+इ
वृद्धिः स्वरेष्वा०૭.૪.૧થી वृद्धि→**हा**स्तिशीर्षि
आत् ૨.૪.૧૮થી आप्→हास्तिशीर्षि+**आ**
अनार्षे वृद्धे०૨.૪.૭૮થી ष्य આદેશ→हास्ति**शीर्ष्या**
પ્રથમા सि વગેરે→हास्तिशीर्ष्या।
અહીં ष्य અને शीर्ष આદેશનો स्थानीवाऽऽवर्ण० ૭.૪.૧૦૯ પરિભાષાનુસારે स्थानीवत्भाव થવાથી આ સૂત્રથી शिरस्નાં शीर्षનો शीर्षन् થવાની પ્રાપ્તિ હતી.

(૨) આ સૂત્રમાં शिरसः એ પ્રમાણે ષષ્ઠી વિભક્તિ હોવાથી 'शिरस्નો शीर्ष આદેશ' અને 'शिरस् સંબંધી य પ્રત્યય પર છતાં' એમ બે અર્થ પ્રાપ્ત થાય છે. પરંતુ અહીં

'शिरस् संबंधी य प्रत्यय' એવો અર્થ ગ્રહણ ન કરતાં 'शिरस्नो शीर्ष आदेश थाय छे' એવો અર્થ ગ્રહણ કરવો. તેથી આ સૂત્રમાં માત્ર शिरस् संबंधी य नहीं, પણ સમાસ સંબંધી તદ્ધિત પ્રત્યય પર છતાં પણ शीर्ष आदेश थाय छे. જેમકે, हास्तिशीर्षिः જેની સાધનિકા ઉત્તરસૂત્રમાં દર્શાવેલ છે.

केशे वा ३.२.१०२

अ.अ.सू. : शिरसः केशे ये शीर्षन् वा।

અર્થ : शिरस् શબ્દનો કેશનાં વિષયમાં य પ્રત્યય પર છતાં शीर्षन् આદેશ વિકલ્પે થાય છે.

ઉદા. (૧) **शीर्षण्याः/शिरस्याः केशाः** = મસ્તકમાં ઉત્પન્ન થયેલાં વાળ. शिरसि भवा इति।
दिगादिदेहा०६.३.१२४थी य→शिरस्+**य**
આ સૂત્રથી शिरस्नो વિકલ્પે शीर्षन्→**शीर्षन्**+य
र-षृवर्णान्नो०२.३.६३थी न्नो ण्→शीर्ष**ण्य**
પ્રથમા जस् વગેરે→शीर्षण्याः।
વિકલ્પે : આ સૂત્રથી शीर्षन् ન થાય ત્યારે **शिरस्याः**।

વિશેષતા :

(૧) **इल्वला मृगशीर्षस्य शिरस्यातारकाः स्मृताः** એ પંક્તિમાં કેશથી અન્યત્ર પણ शीर्षन् આદેશ દેખાતો હોવાથી કેટલાંક વ્યાકરણકારો આ સૂત્રની પ્રવૃત્તિ ત્યાં પણ વિકલ્પે ઇચ્છે છે. પણ शाखादि પ્રત્યય પર છતાં ઇચ્છતાં નથી. જેમકે, शिरसस्तुल्यः इति शिरस्यः।

शीर्षः स्वरे तद्धिते ३.२.१०३

અ.અ.સૂ. : शिरसः स्वरे तद्धिते शीर्षः।

અર્થ : शिरस् શબ્દનો સ્વરાદિ તદ્ધિત પ્રત્યય પર છતાં शीर्ष આદેશ થાય છે.

ઉદા. (૧) **हास्तिशीर्षिः** = હસ્તિશિરસ્નો પુત્ર.
हस्ति शिरसोऽपत्यमिति।
बाह्वादिभ्यो०६.१.३२थी इञ्→हस्तिशिरस्+**इ**
આ સૂત્રથી शिरस्નો शीर्ष→हस्ति**शीर्ष**+इ
वृद्धिः स्वरेष्वा०७.४.१थी वृद्धि→**हा**स्तिशीर्ष+इ
अवर्णेवर्ण०७.४.६८थी અનો લોપ→हास्तिशीर्षि
પ્રથમા સિ વગેરે→हास्तिशीर्षिः।

(૨) **शीर्षिकः** = મસ્તક વડે તરનાર. शिरसा तरतीति।
नौ द्वि०६.४.१०थी इकण्→शिरस्+**इक**
આ સૂત્રથી शीर्ष આદેશ→**शीर्ष**+इक
अवर्णेवर्ण०७.४.७८थी અનો લોપ→शीर्षिक
પ્રથમા સિ વગેરે→शीर्षिकः।

વિશેષતા :

(૧) અહીં ધ્યાનમાં લેવું કે, शिरस् શબ્દનાં અર્થમાં સ્વતંત્ર शीर्ष શબ્દ પણ વિદ્યમાન છે. તેથી તે શબ્દ વડે જ शीर्ष આદેશનું પ્રયોજન સરી જવાની પ્રાપ્તિ હતી. પરંતુ સ્વરાદિ તદ્ધિત પ્રત્યય પર છતાં शिरस् શબ્દનો

પ્રયોગ ન થઈ શકે. તે માટે આ સૂત્રનો નિર્દેશ છે. તેથી સ્વરાદિ તદ્ધિત પ્રત્યય પર છતાં માત્ર શીર્ષનો પ્રયોગ થશે. પણ અન્ય સ્થાને તો બંને શબ્દનો પ્રયોગ થશે. જેમકે, शिरस्कल्पः, शीर्षकल्पः।

उदकस्योदः पेषं-धि-वास-वाहने ३.२.१०४

અ.અ.સૂ. : उदकस्य पेषं-धि-वास-वाहने उत्तरपदे उदः।

અર્થ : ઉદકનો પેષં, ધિ, વાસ અને વાહન ઉત્તરપદ પર છતાં ઉદ આદેશ થાય છે.

સ. **पेषं-धि-वास-वाहने** = पेषं च धिश्च वासश्च वाहनं चेति पेषंधिवासवाहनम्, तस्मिन्निति।

ઉદા. (૧) **उदपेषं (पिनष्टि)** = પાણીની સાથે પીસવું.
उदकेन पिनष्टीति। (पिष्लृंप् संचूर्णने-१४९३)
स्वस्नेहनार्थात्०५.४.६५थी णम् વગેરે→पेषम्+सि
ङस्युक्तं०३.१.४९थी **समास** તથા,
प्रथमोक्तं०३.१.१४८थी उदकनो **पूर्वनिपात**→उदक+पेषम्
આ સૂત્રથી उदकनो उद→**उद**+पेषम्
પ્રથમા सि વગેરે→उदपेषम्।

(૨) **उदधिर्घटः** = પાણી જેમાં ધારણ કરાય છે તે.
उदकं धीयतेऽस्मिन्निति। (डुधांगक् धारणे च-११३९)
व्याप्यादा०५.३.८८थी कि વગેરે→धि
ङस्युक्तं०३.१.४९थी **समास** તથા,
प्रथमोक्तं०३.१.१४८थी **पूर्वनिपात**→**उदक**+धि

આ સૂત્રથી ઉદકનો ઉદ આદેશ→**उद**+धि
પ્રથમા સિ વગેરે→उदधिः।

(૩) **उदवासः** = પાણીનું રહેવું તે. उदकस्य वास इति।
આ ઉદા.ની સાધનિકા પૂર્વપ્રમાણે જાણવી. પરંતુ સમાસ षष्ठ्ययत्ना०૩.૧.૭૬થી કરવો.

(૪) **उदवाहनः** = પાણીવાળું વાહન છે જેની પાસે તે.
उदकं वाहनं यस्य स इति।
આ ઉદા.ની સાધનિકા પૂર્વપ્રમાણે જાણવી. પરંતુ સમાસ एकार्थं०૩.૧.૨૨થી કરવો.

વિશેષતા :

(૧) અહીં ધ્યાનમાં લેવું કે, સંજ્ઞાનાં વિષયમાં આગામી नाम्न्युत्तर०૩.૨.૧૦૭થી સૂત્રની પ્રવૃત્તિ દર્શાવી હોવાથી અહીં આ સૂત્રની પ્રવૃત્તિ અસંજ્ઞાનાં વિષયમાં જાણવી.

वैकव्यञ्जने पूर्ये ૩.૨.૧૦૫

અ.અ.સૂ. : उदकस्य एकव्यञ्जने पूर्ये उत्तरपदे उदः वा।

અર્થ : ઉદક શબ્દનો અસંયુક્તવ્યંજનાદિવાળું પૂર્ય (પૂરવા-યોગ્ય) વાચી નામરૂપ ઉત્તરપદ પર છતાં ઉદ આદેશ વિકલ્પે થાય છે.

સ. **एकव्यञ्जने** = एकं च तद् व्यञ्जनं चेति एकव्यञ्जनम्, तस्मिन्निति।

ઉદા. (૧) **उदकुम्भः/उदककुम्भः** = પાણી વડે પૂરવા યોગ્ય કુંભ.
उदकेन पूरणीयः कुम्भ इति।

कारकं कृता ૩.૧.૬૮થી **સમાસ** તથા,
પ્રથમોક્તં૦૩.૧.૧૪૮થી उदकनो **पूर्वनिपात**→उदक+कुम्भ
આ સૂત્રથી उदकनो વિકલ્પે उद આદેશ→**उद**कुम्भ/**उदक**कुम्भ
પ્રથમા સિ વગેરે→उदकुम्भः/उदककुम्भः।

પ્ર.ઉદા.(૧) **व्यञ्जन इति किम्? उदकामत्रम्** = પાણી વડે પૂરવા-યોગ્ય પાત્ર. उदकेन पूरणाभ्याम् अमत्रमिति।
कारकं૦૩.૧.૬૮થી **સમાસ** તથા,
પ્રથમોક્તં૦૩.૧.૧૪૮થી **पूर्वनिपात**→उदक+अमत्र
પ્રથમા સિ વગેરે→उदकामत्रम्।

★ આ સૂત્રની પ્રવૃત્તિ વ્યંજનાદિ ઉત્તરપદ પર છતાં થાય છે. જ્યારે અહીં વ્યંજનાદિ ઉત્તરપદ નથી. માટે આ સૂત્રથી उदकनो उद આદેશ થતો નથી.

(૨) **एकेति किम्? उदकस्थालम्** = પાણી વડે પૂરવા યોગ્ય થાળ. उदकेन पूरणीयः स्थालमिति।
આ ઉદા.ની સાધનિકા પૂર્વપ્રમાણે જાણવી.

★ આ સૂત્રની પ્રવૃત્તિ असंयुक्त व्यंजनादि ઉત્તરપદ પર છતાં થાય છે. જ્યારે અહીં संयुक्त व्यंजनादि ઉત્તરપદ છે. માટે આ સૂત્રથી उदकनो उद આદેશ થતો નથી.

(૩) **पूर्व इति किम्? उदकदेशः** = પાણીની બહુલતાવાળો દેશ. उदकं बहुलं यस्मिन् स इति उदकबहुलः; उदक-बहुलः देश इति।
मयूरव्यंसके૦૩.૧.૧૧૬થી **સમાસ** તથા,

નિપાતનસામર્થ્યથી જ उदकनो **पूर्वनिपात**→उदकदेश
પ્રથમા સિ વગેરે→उदकदेशः।

★ આ સૂત્રની પ્રવૃત્તિ પૂરવા યોગ્યવાચી નામ ઉત્તરપદમાં હોય તો થાય છે. જ્યારે અહીં પૂરવા યોગ્યવાચી નામ ઉત્તરપદમાં નથી. માટે આ સૂત્રથી उदकनो उद આદેશ થયો નહીં.

मन्थौदन-सक्तु-बिन्दु-वज्र-भार-हार-वीवध-गाहे वा ३.२.१०६

અ.અ.સૂ. : उदकस्य मन्थौदन-सक्तु-बिन्दु-वज्र-भार-हार-वीवध-गाहे उदः वा।

અર્થ : उदक શબ્દનો मन्थ, ओदन, सक्तु, बिन्दु, वज्र, भार, हार, वीवध, અને गाह ઉત્તરપદ પર છતાં उद આદેશ વિકલ્પે થાય છે.

સ. **मन्थौदन-सक्तु-बिन्दु-वज्र-भार-हार-वीवध-गाहे** = मन्थश्च ओदनश्च सक्तुश्च बिन्दुश्च वज्रं च भारश्च हारश्च वीवधश्च गाहश्चेति मन्थौदनसक्तुबिन्दुवज्रभारहारवीवध-गाहम्, तस्मिन्निति।

ઉદા. (૧) **उदमन्थः/उदकमन्थः** = પાણી વડે મંથન. उदकेन मन्थ इति।
कारकं०૩.૧.૬૮થી **समास** તથા,
प्रथमोक्तं०૩.૧.૧૪૮થી उदकनो **पूर्वनिपात**→उदक+मन्थ
આ સૂત્રથી उदकनो વિકલ્પે उद→**उद**मन्थ/उदकमन्थ
પ્રથમા સિ વગેરે→उदमन्थः/उदकमन्थः।

(૨) **उदौदनः/उदकौदनः** = પાણી વડે સીંચાયેલ ભાત.
उदकेन उपसिक्त इति उदकोपसिक्तः।
उदकोपसिक्तः ओदन इति।

(૩) **उदसक्तुः/उदकसक्तुः** = પાણી વડે સીંચાયેલ લોટ.
उदकेन उपसिक्त इति उदकोपसिक्तः उदकोपसिक्तः **सक्तुरिति**।
આ ઉદા.ની સાધનિકા પૂર્વપ્રમાણે જાણવી. પરંતુ સમાસ मयूरव्यंसके०૩.૧.૧૧૬થી કરવો.

(૪) **उदबिन्दुः/उदकबिन्दुः** = પાણીનું બિંદુ. उदकस्य बिन्दुरिति।

(૫) **उदवज्रः/उदकवज्रः** = પાણીનું વજ્ર. उदकस्य वज्र इति।

(૬) **उदभारः/उदकभारः** = પાણીનો ભાર. उदकस्य भार इति।
આ ઉદા.ની સાધનિકા પૂર્વપ્રમાણે જાણવી. પરંતુ સમાસ षष्ठ्यत्ना०૩.૧.૭૬થી કરવો.

(૭) **उदहारः/उदकहारः** = પાણીને વહન કરનાર.
उदकं हरतीति।
આ ઉદા.ની સાધનિકા પૂર્વપ્રમાણે જાણવી. પરંતુ સમાસ ङस्युक्तं०૩.૧.૪૯થી કરવો.

(૮) **उदवीवधः/उदकवीवधः** = પાણીનો માર્ગ. उदकस्य वीवध इति।

(૯) **उदगाहः/उदकगाहः** = પાણીમાં પેસનાર.
उदकस्य गाह इति।
આ ઉદા.ની સાધનિકા પૂર્વપ્રમાણે જાણવી. પરંતુ સમાસ षष्ठ्यत्ना०૩.૧.૭૬થી કરવો.

વિશેષતા :

પૂર્યવાચી નામનાં વિષયમાં ઉત્તર સૂત્રનો નિર્દેશ હોવાથી અપૂર્યવાચી નામનાં વિષયમાં આ સૂત્રનો નિર્દેશ જાણવો.

नाम्न्युत्तरपदस्य च ३.२.१०७

અ.અ.સૂ. : उत्तरपदस्य च उदकस्य नाम्नि उदः।

અર્થ : પૂર્વપદ અને ઉત્તરપદમાં રહેલાં उदक શબ્દનો સંજ્ઞાનાં વિષયમાં उद આદેશ થાય છે.

ઉદા. (૧) **उदमेघः** = પાણીથી ભરેલો મેઘ. उदकेन पूर्ण इति उदकपूर्णः उदकपूर्णो मेघ इति।
मयूरव्यंसके०૩.૧.૧૧૬થી **સમાસ** તથા,
प्रथमोक्तं०૩.૧.૧૪૮થી **पूर्वनिपात**→उदक+मेघ
આ સૂત્રથી उदकનો उद આદેશ→**उदमे**घ
પ્રથમા સિ વગેરે→उदमेघः।

(૨) **उदवाहः** = વાદળ. उदकं वहतीति।
कर्मणोऽ०५.१.७२થી अण् વગેરે→**वाह**
ङस्युक्तं०૩.૧.૪૯થી **સમાસ** તથા,
प्रथमोक्तं०૩.૧.૧૪૮થી **पूर्वनिपात**→उदक+वाह
આ સૂત્રથી उद આદેશ→**उद**वाह
પ્રથમા સિ વગેરે→उदवाहः।

(૩) **उदपानम्** = પાણીનું પીવું તે. उदकस्य पानमिति।
આ ઉદા.ની સાધનિકા પૂર્વપ્રમાણે જાણવી. પરંતુ સમાસ षष्ठ्य०૩.૧.૭૬ સૂત્રથી કરવો.

(૪) **उदधिः** = સમુદ્ર. उदकं धीयतेऽस्मिन्निति।
આ ઉદા.ની સાધનિકા પૂર્વપ્રમાણે જાણવી. પરંતુ સમાસ ङस्युक्तं ૩.૧.૪૯થી કરવો.

(૫) **लवणोदः** = લવણ સમુદ્ર. लवणम् उदकं यस्य स इति।

(૬) **कालोदः** = કાલોદધિ સમુદ્ર. कालम् उदकं यस्य स इति।
આ ઉદા.ની સાધનિકા પૂર્વપ્રમાણે જાણવી. પરંતુ સમાસ एकार्थं०૩.૧.૨૨થી કરવો.

ते लुग्वा ૩.૨.૧૦૮

અ.અ.સૂ. : नाम्नि ते लुक् वा।

અર્થ : સંજ્ઞાનાં વિષયમાં પૂર્વપદ અને ઉત્તરપદનો લોપ વિકલ્પે થાય છે.

ઉદા. (૧) **देवदत्तः** = વ્યક્તિ વિશેષ.
આ સૂત્રથી ઉત્તરપદ દત્તનો લોપ→**देवः**
તથા પૂર્વપદ દેવનો લોપ→**दत्तः**।
વિકલ્પે : લોપ ન થાય ત્યારે देवदत्तः।

વિશેષતા :

યદ્યપિ દેવદત્તનો દેવ આદેશ કરવામાં આવે ત્યારે તત્સમાન માત્ર દેવ શબ્દનો જ બોધ થવાની પ્રાપ્તિ છે. પરંતુ પ્રસ્તુત પ્રકરણમાં અર્થબોધથી દેવ શબ્દ દ્વારા પણ દેવદત્ત એ પ્રમાણે નિશ્ચય કરી શકાય છે. તથા, આ સૂત્રની પ્રવૃત્તિને વ્યવહારમાં 'भीमो भीमसेनः' ન્યાય પણ જણાવવામાં આવ્યો છે.

द्व्यन्तरनवर्णोपसर्गादप ईप् ३.२.१०९

અ.અ.સૂ. : द्व्यन्तरनवर्णोपसर्गात् उत्तरपदस्य अपः ईप्।

અર્થ : દ્વિ, અન્તર્ તેમજ અ વર્ણાન્ત સિવાયનાં ઉપસર્ગથી પર રહેલાં ઉત્તરપદ રૂપ અપ્નો ઈપ્ આદેશ થાય છે.

સ. **द्व्यन्तरनवर्णोपसर्गात्** = न अवर्ण इति अनवर्णः, अनवर्णश्चासौ उपसर्गश्चेति अनवर्णोपसर्गः, द्विश्च अन्तश्च अनवर्णोपसर्गश्चेति द्व्यन्तरनवर्णोपसर्गम्, तस्मादिति।

ઉદા. (૧) **द्वीपम्** = બે બાજુ પાણી છે જેને એવું (સ્થાન).
द्विधा गता आपोऽस्मिन्निति।
उष्ट्रमुखा०૩.૧.૨૩થી **समास** તથા,
विशेषण०૩.૧.૧૫૦થી દ્વિનો **पूर्वनिपात**→द्वि+अप्
આ સૂત્રથી અપ્નો ઈપ્→द्वि+**ईप्**
ऋक्-पू०૭.૩.૭૬થી अत् समासान्त→द्विप्+**अ**
समानानां०૧.૨.૧થી દીર્ઘ→**द्वीप्**
પ્રથમા સિ વગેરે→द्वीपम्।

(૨) **अन्तरीपम्** = અંદર છે પાણી જેને તે.
अन्तर्गता आपो यस्मिन्निति।

(૩) **नीपम्** = પાછું વળ્યું છે પાણી જેમાં તે સ્થાન.
निर्गता आपो यस्मिन्निति।

(૪) **समीपम्** = મળ્યું છે પાણી જેમાં તે.
संगता आपो यस्मिन्निति।
આ ઉદા.ની સાધનિકા પૂર્વપ્રમાણે જાણવી.

પ્ર.ઉદા.(૧) **उपसर्गादिति किम् ? स्वापः** = સારા પાણીવાળો દેશ.
शोभना आपो यस्मिन् स इति।
एकार्थं०૩.૧.૨૨થી **સમાસ** તથા,
विशेषण०૩.૧.૧૫૦થી સુનો **पूर्वनिपात**→सु+अप्
પ્રથમા जस् વગેરે→स्वापः।

★ આ સૂત્રની પ્રવૃત્તિ ઉપસર્ગથી પર રહેલ આપ્ને વિશે થાય છે. જ્યારે धातोः०૩.૧.૧.માં પૂજ્યર્થક સુનું વર્જન કર્યું હોવાથી અહીં સુને ઉપસર્ગસંજ્ઞા નથી. માટે આ સૂત્રથી અપ્નો ઈપ્ આદેશ થયો નહીં.

(૨) **अनवर्णेति किम् ? प्रापम्** = પ્રાપ્ત થયું છે પાણી જેમાં.
प्रगता आपो यस्मिन्निति।

परापम् = પાછું વળ્યું છે પાણી જેમાં તે સ્થાન.
परागता आपो यस्मिन्निति।
આ ઉદા.ની સાધનિકા પૂર્વપ્રમાણે જાણવી.

★ આ સૂત્રમાં અવર્ણાન્ત ઉપસર્ગનું વર્જન હોવાથી અહીં આ સૂત્રથી ઈપ્ આદેશ થયો નહીં.

વિશેષતા :

(૧) અહીં ઉદા.ગત द्वीपम् વગેરે સમાસો સંજ્ઞાવિષયક હોવાથી उष्ट्रमुखा०૩.૧.૨૩થી નિત્ય સમાસ પામેલાં છે. તેથી द्विधा गता आपो यस्मिन्निति એ પ્રમાણે તેનું વિગ્રહવાક્ય અસ્વપદ વિગ્રહવાક્ય જાણવું.

अनोर्देशे उप् ३.२.११०

અ.અ.સૂ. : अनोः अपः देशे उप्।

અર્થ : અનુથી પર રહેલ અપ્ શબ્દનો દેશ અર્થમાં उप् આદેશ થાય છે.

ઉદા. (૧) **अनूपो देशः** = દેશ વિશેષ. अनुगता आपो यस्मिन्निति। આ ઉદા.ની સાધનિકા પૂર્વસૂત્ર નિર્દિષ્ટ द्वीपम् પ્રમાણે જાણવી. પરંતુ અહીં તે સૂત્રથી अप्નો ईप् ન કરતાં આ સૂત્રથી उप् કરવો.

પ્ર.ઉદા.(૧) **देश इति किम्? अन्वीपं वनम्** = વન વિશેષ.
अनुगता आपो यस्मिन्निति।
આ ઉદા.ની સાધનિકા પૂર્વસૂત્ર નિર્દિષ્ટ द्वीपम् પ્રમાણે જાણવી.

★ આ સૂત્રની પ્રવૃત્તિ દેશ અર્થ જણાતે છતે થાય છે. જ્યારે અહીં દેશ અર્થ જણાતો નથી. માટે આ સૂત્રથી उप् આદેશ થયો નહીં.

વિશેષતા :

યદ્યપિ અનુ ઉપસર્ગ વિના પણ उप् અન્તવાળાં कूप, सूप વગેરે પ્રયોગો સાહિત્યમાં દેખાય છે. પણ તે पृषोदरादि ગણ અંતર્ગત હોવાથી અવ્યુત્પન્ન જાણવા.

खित्यनव्यया-ऽरुषो मोऽन्तो ह्रस्वश्च ३.२.१११

અ.અ.સૂ. : अनव्यया-ऽरुषः खिति उत्तरपदे मः अन्तः, ह्रस्वः च।

અર્થ : અવ્યય સિવાયનાં સ્વરાન્ત નામ તથા અરુષ્ શબ્દને અન્તે खित् પ્રત્યયાન્ત ઉત્તરપદ પર છતાં म् આગમ થાય છે. અને યથાયોગ્ય હ્રસ્વ થાય છે.

સ. **अनव्यया-ऽरुषः** = न अव्यय इति अनव्ययम्, अनव्ययश्च अरुस् चेति अनव्यया-ऽरुष्, तस्येति।

ઉદા. (૧) **ज्ञंमन्यः** = પોતાને જ્ઞાની માનનાર.
आत्मानं ज्ञं मन्यते इति।
कर्तुः खश् ५.१.११७થી खश् વગેરે→**मन्य**
ङस्युक्तं०૩.१.४९થી **સમાસ** તથા,
प्रथमोक्तं०૩.१.१४८થી જ્ઞાનો **પૂર્વનિપાત**→ज्ञ+मन्य
આ સૂત્રથી म् આગમ અને અન્તે હ્રસ્વ→**ज्ञंम**न्य
પ્રથમા सि વગેરે→ज्ञंमन्यः।

(૨) **कालिंमन्या** = પોતાને કાળી માનનારી.
आत्मानं कालिं मन्यत इति।

(૩) **अरुन्तुदः** = મર્મસ્થાનને પીડનાર. अरुः तुदतीति।
આ ઉદા.ની સાધનિકા પૂર્વપ્રમાણે જાણવી.

પ્ર.ઉદા.(૧) **खितीति किम्? ज्ञमानी** = બીજાને જ્ઞાની માનનાર.
ज्ञं मन्यते इति।
मन्यात्०५.१.११९થી णिन्→**मानिन्**
અહીં સાધનિકાનાં સમાસ વગેરે કાર્યો પૂર્વ પ્રમાણે જાણવા. પરંતુ આ સૂત્રથી म् આગમ કે હ્રસ્વ કરવો નહીં.

★ આ સૂત્રની પ્રવૃત્તિ खित् પ્રત્યયાન્ત ઉત્તરપદ પર છતાં થાય છે. જ્યારે અહીં णिन् પ્રત્યયાન્ત ઉત્તરપદ છે. માટે આ સૂત્રથી म् આગમ અને હ્રસ્વ આદેશ થયો નહીં.

(૨) **अनव्ययस्येति किम्? दोषामन्यम् अहः** = પોતાને રાત્રિ માનનાર (દિવસ). आत्मानं दोषा मन्यत इति। સમાસ વગેરે કાર્યો પૂર્વપ્રમાણે જાણવા. પરંતુ અહીં આ સૂત્રથી म् આગમ કે હ્રસ્વ કરવું નહીં.

★ આ સૂત્રમાં અવ્યયનું વર્જન હોવાથી અહીં આ સૂત્રથી म् આગમ અને હ્રસ્વ થયું નથી.

વિશેષતા :

(૧) અહીં कालिमन्या વગેરે ઉદા.માં परतः स्त्री०૩.૨.૪૯ સૂત્રથી પૂર્વપદમાં પુંવત્ભાવની પ્રાપ્તિ છે. પરંતુ આ સૂત્રમાં હ્રસ્વવિધિ જણાવેલી હોવાથી પૂર્વસૂત્રતયા તે સૂત્રનો બાધ થાય છે. અને આ સૂત્ર દ્વારા હ્રસ્વવિધિ જ કરવાની છે.

(૨) યદ્યપિ સૂત્રમાં માત્ર खिति એ પ્રમાણે પદનો જ નિર્દેશ કર્યો છે. **संज्ञोत्तरपदाधिकारे प्रत्ययग्रहणे प्रत्ययमात्रस्यैव ग्रहणम् न तु तदन्तस्य ૨/૧૭** ન્યાયાનુસારે તદન્તનું ગ્રહણ થવાનું જ ન હતું. પરંતુ અહીં સૂત્રમાં અનવ્યયથી પરે खित् પ્રત્યય સંભવતો જ નથી. તેથી તે નિર્દેશ દ્વારા જ खित् પ્રત્યયાન્તનું ગ્રહણ થાય છે.

(૩) અહીં સૂત્રમાં અરુષ્ એ પ્રમાણે વ્યંજનાન્ત નિર્દેશ કર્યો છે. પરંતુ **स्वरस्य ह्रस्व-दीर्घ-प्लुताः १/५** ન્યાયાનુસારે હ્રસ્વ સંજ્ઞા તો સ્વરની જ થાય છે. તેથી ત્યાં ઉપાન્ત્ય ઉનો હ્રસ્વાદેશ કરવો.

(૪) અહીં સૂત્રમાં ખિતિ એ પ્રમાણે નિર્દેશ હોવાથી ખિત્ પ્રત્યયાન્ત વિવક્ષિત છે. અને ખિત્ પ્રત્યય માત્ર કૃત્ હોવાથી માત્ર કૃત્ સંબંધી ખિત્નું જ અહીં ગ્રહણ થાય છે. માટે कृत् सगति०७.४.११७ પરિભાષાનુસારે 'कृत्'નાં ગ્રહણથી ગતિ અને કારક પૂર્વકનાં કૃદન્તનું પણ ગ્રહણ થાય છે. તેથી कुलमुद्गुजः, कुलमुद्वहः વગેરે પ્રયોગોમાં ગતિસંજ્ઞક એવા उद् ઉપસર્ગથી પર खश् પ્રત્યયાન્ત रुज् અને वह्નાં વિષયમાં પણ આ સૂત્રની પ્રવૃત્તિ થાય છે.

જિ. : અહીં સૂત્રમાં अनव्ययस्य પદનું ગ્રહણ કર્યું છે. તેથી અવ્યય સિવાયનાં તમામ નામોનું ગ્રહણ થઈ જાય છે. તો અનવ્યય એવા અરુષ્ પદનું પૃથક્ ગ્રહણ શા માટે કર્યું?

સમા. : તમારી વાત સાચી છે. પરંતુ અરુષ્ શબ્દ અનવ્યયની સાથે-સાથે વ્યંજનાન્ત પણ છે. માટે તેનાં ગ્રહણ દ્વારા અહીં સૂત્રાર્થમાં 'अनव्ययस्य' પદથી માત્ર અવ્યય સિવાયનાં સ્વરાન્ત શબ્દોનું જ ગ્રહણ કરવું. તેથી વ્યંજનાન્ત અનવ્યય પદમાં આ સૂત્રથી પ્રવૃત્તિ થશે નહીં. જેમ કે, गीर्मन्यः।

सत्या-ऽगदा-ऽस्तोः कारे ३.२.११२

અ.અ.સૂ. : सत्या-ऽगदा-ऽस्तोः कारे उत्तरपदे मः अन्तः।

અર્થ : સત્ય, અગદ અને અસ્તુને અંતે કાર ઉત્તરપદ પર છતાં મ્ આગમ થાય છે.

સ. **सत्या-ऽगदा-ऽस्तोः** = सत्यश्च अगदश्च अस्तुश्चेति सत्याऽगदाऽस्तु, तस्येति।

ઉદા. (૧) **सत्यङ्कारः** = સાચું કરનાર. सत्यं करोतीति।
कर्मणो०५.१.७२ વગેરેથી अण् વગેરે→**कार**
ऽस्युक्तं०३.१.४९થી **સમાસ** તથા,
प्रथमोक्तं०३.१.१४८થી सत्यનો **पूर्वनिपात**→सत्य+कार
આ સૂત્રથી म આગમ→सत्य**म्**+कार
तौ मु-मो०१.३.१४થી म्નો ङ्→सत्यङ्कार
પ્રથમા સિ વગેરે→सत्यङ्कारः।

(૨) **अगदङ्कारः** = નિરોગી કરનાર (વૈદ્ય). अगदं करोतीति।

(૩) **अस्तुङ्कारः** = હા એ પ્રમાણે કરનાર. अस्तु करोतीति।
આ ઉદા.ની સાધનિકા પૂર્વપ્રમાણે જાણવી.

વિશેષતા :

(૧) અહીં સૂત્રગત अस्तु પદ તે अस् ધાતુનાં આજ્ઞાર્થ ત્રી.પુ.એ.વ.નાં अस्तु પ્રયોગનો પ્રતિરૂપક અવ્યય જાણવો. તે अभ्युपगम અર્થમાં વર્તે છે.

लोकम्पृण-मध्यन्दिना-ऽनभ्याशमित्यम् ३.२.११३

અ.અ.સૂ. : लोकम्पृण-मध्यन्दिना-ऽनभ्याशमित्यं (निपात्यन्ते)।

અર્થ : પૂર્વપદને અંતે કરાયેલ મ્ આગમવાળાં लोकम्पृण, मध्यन्दिन અને अनभ्याशमित्यम् આ સમાસો નિપાતન પામે છે.

સ. **लोकम्पृण-मध्यन्दिना-ऽनभ्याशमित्यम्** = लोकम्पृणश्च, मध्यन्दिनं च अनभ्याशमित्यं चेति।

ઉદા. (૧) **लोकम्पृणः** = લોકોને આનંદ આપનાર. लोकं पृणातीति।
આ સૂત્રનાં સામર્થ્યથી જ સમાસ તથા लोकને અન્તે મ્ આગમ→लो**कम्**पृण
પ્રથમા સિ વગેરે→लोकम्पृणः।

(૨) **मध्यन्दिनम्** = દિવસનો મધ્યભાગ. दिनस्य मध्यमिति।
सायाह्ना०૩.૧.૫૩થી **સમાસ** તથા,
તે સૂત્રનાં સામર્થ્યથી જ મધ્યનો **પૂર્વનિપાત**→मध्य+दिन
આ સૂત્રથી મ્ આગમ નિપાતન→मध्य**म्**+दिन
તૌ મુ-મો૦૧.૩.૧૪થી મ્નો ન્→मध्य**न्दि**न
પ્રથમા સિ વગેરે→मध्यन्दिनम्।

(૩) **अनभ्याशमित्यः** = દૂરથી ત્યાગ કરવા યોગ્ય.
अनभ्याशम् इत्ययमस्येति।
एकार्थं०૩.૧.૨૨થી **સમાસ** તથા,
प्रथमोक्तं०૩.૧.૧૪૮થી अनभ्याशનો **पूर्वनिपात**→ **अनभ्याश**मित्य
પ્રથમા સિ વગેરે→अनभ्याशमित्यः।

વિશેષતા :

(૧) અહીં કેટલાંક વ્યાકરણકારો लोकम्प्रीणः એ પ્રમાણે णिगन्त એવા प्री ધાતુને अच् પ્રત્યય પર છતાં હ્રસ્વાદિનું નિપાતન કરીને આ સૂત્રનાં વિષયભૂત માને છે.

भ्राष्टा-ऽग्नेरिन्धे ३.२.११४

અ.અ.સૂ. : भ्राष्टा-ऽग्नेः इन्धे उत्तरपदे मः अन्तः।

અર્થ : ભ્રાષ્ટ્ર અને અગ્નિ શબ્દથી પર इन्ध ઉત્તરપદ પર છતાં અન્તે म् આગમ થાય છે.

સ. **भ्राष्ट्रा-ऽग्नेः** = भ्राष्ट्रश्च अग्निश्चेति भ्राष्टा-ऽग्निः, तस्मादिति।

ઉદા. (૧) **भ्राष्ट्रमिन्धः** = ભ્રાષ્ટ્રને તપાવનાર. भ्राष्ट्रस्य इन्ध इति।
षष्ठ्यया०૩.૧.૭૬થી **સમાસ** તથા,
प्रथमोक्तं०૩.૧.૧૪૮થી ભ્રાષ્ટ્રનો **પૂર્વનિપાત**→भ्राष्ट्र+इन्ध
આ સૂત્રથી म् આગમ→भ्राष्ट्रमिन्ध
प्रथमा सि વગેરે→भ्राष्ट्रमिन्धः।

(૨) **अग्निमिन्धः** = અગ્નિને પ્રજ્વલિત કરનાર.
अग्नेरिन्ध इति।
આ ઉદા.ની સાધનિકા પૂર્વપ્રમાણે જાણવી.

अगिलाद् गिल-गिलगिलयोः ३.२.११५

અ.અ.સૂ. : अगिलात् गिल-गिलगिलयोः उत्तरपदयोः मः अन्तः।

અર્થ : ગિલ અન્ત સિવાયનાં પૂર્વપદથી પર ગિલ અને ગિલગિલ ઉત્તરપદ પર છતાં અન્તે म् આગમ થાય છે.

સ. (૧) **अगिलात्** = न गिल इति अगिलः, तस्मादिति।

(૨) **गिल-गिलगिलयोः** = गिलश्च गिल-गिलश्चेति गिल-गिल-गिलौ, तयोरिति।

ઉદા. (૧) **तिमिङ्गिलः** = મત્સ્ય વિશેષનું ભક્ષણ કરનાર.
तिमिं गिलतीति।
नाम्न्युपान्त्य०५.१.५४थी क વગેરે→गिलः
ङस्युक्तं०३.१.४९थी **समास** તથા,
प्रथमोक्तं०३.१.१४८थी तिमिनो **पूर्वनिपात**→तिमि+गिल
આ સૂત્રથી म् આગમ→ति**मिम्**+गिल
म्नां धुड्वर्गे०१.३.३९थी म्नो ङ्→तिमि**ङ्गिल**
પ્રથમા સિ વગેરે→तिमिङ्गिलः।

(૨) **तिमिङ्गिलगिलः** = तिमिमत्स्य વિશેષનું ભક્ષણ કરનારનું ભક્ષણ કરનાર. तिमिनां गिलगिल इति।
આ ઉદા.ની સાધનિકા પૂર્વપ્રમાણે જાણવી.

પ્ર.ઉદા. **अगिलादिति किम् ? तिमिङ्गिलगिलः** = तिमिंगिल-મત્સ્ય વિશેષનું ભક્ષણ કરનાર.
तिमिंगिलं गिलतीति।
આ ઉદા.ની સાધનિકા પૂર્વપ્રમાણે જાણવી.

★ આ સૂત્રમાં गिलान्त પૂર્વપદનું વર્જન હોવાથી અહીં આ સૂત્રથી म् આગમ થયો નહીં.

વિશેષતા :

(૧) અહીં गिलगिल શબ્દ જ્યારે ઉત્તરપદમાં હોય ત્યારે તો गिल સ્વરૂપે કહેવાતો નથી. તેથી गिलगिलનું પૃથક્ ગ્રહણ કર્યું છે.

(૨) અહીં સૂત્રમાં 'अगिलात्' એ પ્રમાણે પર્યુદાસ નઞ્નું ગ્રહણ કર્યું હોવાથી गिलान्त શબ્દથી અન્ય શબ્દ તરીકે પણ तद्भिन्नतत्सदृशतया સ્વરાન્ત નામોનું જ ગ્રહણ થશે. પણ વ્યંજનાન્ત નામોનું નહીં. તેથી વ્યંજનાન્ત નામનાં વિષયમાં આ સૂત્રની પ્રવૃત્તિ કરવી નહીં. જેમકે, धूर्गिलः।

(૩) અહીં ધ્યાનમાં લેવું કે, યદ્યપિ गिलगिल શબ્દમાં પણ गिलं गिलतीति गिलगिल એ પ્રમાણે गिल પદ ઉત્તર-પદમાં છે. અને પૂર્વપદમાં गिलान्त સિવાયનો માત્ર गिल શબ્દ જ છે. તેથી ત્યાં પણ આ સૂત્રની પ્રવૃત્તિ થવાની પ્રાપ્તિ છે. પરંતુ गिलगिल એ પ્રમાણે સૂત્રગત નિર્દેશથી જ આ સૂત્રની પ્રવૃત્તિ ન થતાં म्નો આગમ થતો નથી.

ખરેખર તો, અહીં अगिलाद् પદ દ્વારા गिल અને गिलान्त બંનેનું જ વર્જન થવાનું હતું. પરંતુ સૂત્રગત गिलगिलનાં નિર્દેશથી ઉપરોક્ત કથનાનુસારે માત્ર गिलान्तનું જ વર્જન થશે.

भद्रोष्णात् करणे ३.२.११६

અ.અ.સૂ. : भद्रोष्णात् करणे उत्तरपदे अन्तः मः।

અર્થ : ભદ્ર અને ઉષ્ણથી પર करण ઉત્તરપદ પર છતાં અન્તે म् આગમ થાય છે.

સ. **भद्रोष्णात्** = भद्रश्च उष्णश्चेति भद्रोष्णम्, तस्मादिति।

ઉદા. (૧) **भद्रंकरणम्** = સારું કરવું. भद्रस्य करणमिति।
कृति ૩.૧.૭૭થી **સમાસ** તથા,
પ્રથમોક્તં૦૩.૧.૧૪૮થી भद्रનો **પૂર્વનિપાત**→**भद्र**+करण
આ સૂત્રથી म् આગમ→भद्र**म्**+करण
તૌ મુ-મો૦૧.૩.૧૪થી म्નો અનુસ્વાર→भद्रं**करण**
પ્રથમા સિ વગેરે→भद्रंकरण**म्**।

(૨) **उष्णंकरणम्** = ગરમ કરવું. उष्णस्य करणमिति।
આ ઉદા.ની સાધનિકા પૂર્વપ્રમાણે જાણવી.

नवाऽखित्कृदन्ते रात्रेः ३.२.११७

અ.અ.સૂ. : अखित्कृदन्ते उत्तरपदे रात्रेः मः अन्तः नवा।

અર્થ : खित् પ્રત્યયાન્ત સિવાયનું કૃદન્ત એવું ઉત્તરપદ પર છતાં રાત્રિથી પર અન્તે म् આગમ વિકલ્પે થાય છે.

સ. **अखित्कृदन्ते** = ख् इत् यस्य स इति खित्, अखिच्चासौ कृच्चेति अखित्कृत् अखित्कृत् अन्ते यस्य स इति अखित्कृतः, तस्मिन्निति।

ઉદા. (૧) **रात्रिञ्चरः/रात्रिचरः** = રાત્રે ફરનાર. रात्रौ चरतीति।
(चर भक्षणे च-૪૧૦)
चरेष्टः ૫.૧.૩૮થી ट વગેરે→चरः
ङस्युक्तं૦૩.૧.૪૯થી **સમાસ** તથા,
પ્રથમોક્તં૦૩.૧.૧૪૮થી **પૂર્વનિપાત**→रात्रि+चर
આ સૂત્રથી વિકલ્પે म् આગમ→रात्रि**म्**+चर
તૌ મુ-મો૦૧.૩.૧૪થી ञ्→रात्रि**ञ्चर**
પ્રથમા સિ વગેરે→रात्रिञ्चरः।

વિકલ્પે : આ સૂત્રથી म् આગમ ન થાય ત્યારે, रात्रिचरः।

પ્ર.ઉદા.(૧) **खिद्वर्जनं किम् ? रात्रिंमन्यमहः** = પોતાને રાત્રિ માનનાર દિવસ. रात्रिमात्मनं मन्यत इति।
આ ઉદા.ની સાધનિકા ૩.૨.૧૧૧ નિર્દિષ્ટ ज्ञंमन्यः પ્રમાણે જાણવી.

★ આ સૂત્રમાં खित् પ્રત્યયનું વર્જન હોવાથી અહીં આ સૂત્રથી વિકલ્પે म् આગમ થયો નહીં.

(૨) **कृदन्त इति किम् ? रात्रिसुखम्** = રાત્રિનું સુખ.
रात्र्याः सुखमिति।
षष्ठ्यत्ना०૩.૧.૭૬થી **સમાસ** તથા,
प्रथमोक्तं०૩.૧.૧૪૮થી **पूर्वनिपात**→रात्रि+सुख
प्रथमा सि વગેરે→रात्रिसुखम्।

★ આ સૂત્રની પ્રવૃત્તિ ઉત્તરપદ કૃદન્ત હોય તો થાય છે. જ્યારે અહીં ઉત્તરપદ કૃદન્ત નથી. માટે આ સૂત્રથી म् આગમ થયો નહીં.

(૩) **अन्तग्रहणं किम् ? रात्रयिता** = રાત્રિ જેવું આચરણ કરનાર.
रात्रिरिवाचरतीति क्विप्।
कर्तुः क्विप् ૩.૪.૨૫થી क्विप्→रात्रि+०
क्विबन्ता धातुत्वं नोज्झन्ति शब्दत्वं च प्रतिपद्यन्ते ૨/૪૮
ન્યાયાનુસારે રાત્રિ ધાતુ સ્વરૂપે મનાતાં
णक-तृचौ०૫.૧.૪૮થી तृच्→रात्रि+**तृ**
स्ताद्यशितो०૪.૪.૩૨થી इद्→रात्रि+**इ**+तृ
नामिनो०૪.૩.૧થી ગુણ→**रात्रे**+इ+तृ

एदैतोऽ०१.२.२उथी अय्→**रात्रयितृ**
प्रथमा सि वगेरे→रात्रयिता।

★ આ સૂત્રની પ્રવૃત્તિ કૃત્પ્રત્યયાન્ત નામ ઉત્તરપદમાં હોય તો થાય છે. જ્યારે અહીં तृ તે કૃત્પ્રત્યય છે. તદન્ત નથી. માટે આ સૂત્રથી म् આગમ થયો નહીં.

વિશેષતા :

(૧) આ સૂત્રમાં અખિત્કૃદન્તે એ પ્રમાણે અન્ત પદનું ગ્રહણ **संज्ञोत्तरपदाधिकारे प्रत्ययग्रहणे प्रत्ययमात्रस्यैव ग्रहणम् न तदन्तस्य ૨/૧૭** ન્યાયનું જ્ઞાપક જ છે. તેથી એ ન્યાયાનુસારે અન્ત પદ વિના खित् પ્રત્યયાન્તનું ગ્રહણ થતું ન હતું. અને માટે જ कालात् तन०૩.૨.૨૪ વગેરે સૂત્રમાં પણ પ્રત્યયમાત્રનું જ ગ્રહણ કરવામાં આવ્યું છે. यद्यपि न नाम्येकस्वरात् ૩.૨.૯ સૂત્રમાં તદન્તનું પણ ગ્રહણ કરવામાં આવ્યું છે. પરંતુ ત્યાં સૂત્રગત સ્થાની આદિને આશ્રયીને તદન્તનું ગ્રહણ ન કરતાં તે-તે પ્રત્યયનું જ ગ્રહણ કરવું સંભવ નથી. માટે તદન્તનું ગ્રહણ કર્યું છે.

(૨) અહીં કેટલાંક વ્યાકરણકારો तीर्थंकरः, तीर्थकरः જેવા કેટલાંક પ્રયોગનાં વિકલ્પને ઇચ્છે છે. તો તેમનાં મતનો સંગ્રહ કરવા માટે નવા खित्कृदन्ते અને रात्रेः એ પ્રમાણે બે સૂત્રનો પૃથક્ નિર્દેશ જાણવો. ત્યાં પૂર્વસૂત્ર દ્વારા કોઈપણ પૂર્વપદનાં યોગમાં खित् ભિન્ન કૃદન્ત રૂપ ઉત્તરપદ પર છતાં म् આગમ વિકલ્પે થવાથી तीर्थंकरः, तीर्थकरः એ પ્રમાણે પ્રયોગ સિદ્ધ થાય છે.

અને પર સૂત્ર દ્વારા રાત્રિञ्चरः, रात्रिचरः પ્રયોગ પણ સિદ્ધ થાય છે. યદ્યપિ આ રીતે તો પૂર્વસૂત્રથી कुम्भकारः આદિ તમામ खित् ભિન્ન કૃદન્ત ઉત્તરપદવાળાં પ્રયોગોમાં પણ म् આગમ થવાની આપત્તિ આવે. પરંતુ रात्रेः એ પ્રમાણે પર સૂત્રનાં નિર્દેશથી પૂર્વ-સૂત્રની પ્રવૃત્તિ અનિત્ય થતાં तीर्थंकरः વગેરેમાં म् આગમ થાય પણ कुम्भकारः વગેરેમાં નહીં. અન્યથા પૂર્વસૂત્રથી જ જો તમામ સ્થાને म् આગમ ઈષ્ટ હોય તો रात्रेः એ પ્રમાણે પર સૂત્રનો નિર્દેશ વ્યર્થ જવાની આપત્તિ આવે.

ખરેખર, તો ઉપરોક્ત તમામ વિચારણા પરમતનાં સંગ્રહરૂપે છે. તેથી, સ્વમતે તો આવી દોષોત્પત્તિ થતી નથી.

धेनोर्भव्यायाम् ३.२.११८

અ.અ.સૂ. : धेनोः भव्यायाम् उत्तरपदे मः अन्तः नवा।

અર્થ : ધેનુ નામથી પર भव्या ઉત્તરપદ પર છતાં અન્તે म् આગમ વિકલ્પે થાય છે.

ઉદા. **धेनुम्भव्या/धेनुभव्या** = સારી ગાય. भव्या चासौ धेनुश्चेति। मयूरव्यंसके० उ.१.११७थी **समास** તથા,
તે સૂત્રનાં નિપાતન સામર્થ્યથી જ ધેનુનો **पूर्वनिपात**→ धेनु+भव्या
આ સૂત્રથી વિકલ્પે म् આગમ→धेनु**म्**+भव्या
પ્રથમા સિ વગેરે→धेनुम्भव्या।

विकल्पे : આ સૂત્રથી મ્ આગમ ન થાય ત્યારે, धेनुभव्या।

વિશેષતા :

અહીં કેટલાંક પાણિની વગેરે વ્યાકરણકારો નિત્ય મ્ આગમ ઇચ્છે છે. તેથી તેઓનાં મતે માત્ર धेनुम्भव्या એ જ પ્રયોગ થશે.

अषष्ठी-तृतीयादन्याद् दोऽर्थे ३.२.११९

અ.અ.સૂ. : अषष्ठी-तृतीयात् अन्यात् अर्थे उत्तरपदे दः अन्तः नवा।

અર્થ : ષષ્ઠી અને તૃતીયાન્ત વિભક્તિ સિવાયની વિભક્ત્યન્ત અન્ય પદથી પર અર્થ ઉત્તરપદ પર છતાં અન્તે द् આગમ વિકલ્પે થાય છે.

સ. **अषष्ठी-तृतीयात्** = षष्ठी च तृतीया चेति षष्ठीतृतीयम्, न षष्ठीतृतीयमिति अषष्ठी-तृतीयम्, तस्मादिति।

ઉદા. (૧) **अन्यदर्थः/अन्यार्थः** = બીજો અર્થ. अन्यश्चासौ अर्थश्चेति।
विशेषणं-विशेष्ये०૩.૧.૯૬થી **સમાસ**
प्रथमोक्तं०૩.૧.૧૪૮થી अन्यનો **पूर्वनिपात**→अन्य+अर्थ
આ સૂત્રથી द् આગમ→**अन्यदर्थ**
પ્રથમા સિ વગેરે→अन्यदर्थः।
विकल्पे : આ સૂત્રથી द् આગમ ન થાય ત્યારે अन्यार्थः।

પ્ર.ઉદા. **षष्ठ्यादिवर्जनं किम्? अन्यार्थः** = અન્યનું/અન્ય વડે પ્રયોજન. अन्यस्य अर्थ इति।

षष्ठ्यत्ना०૩.૧.૭૬થી **समास** तथा,
प्रथमोक्तं०૩.૧.૧૪૮થી **पूर्वनिपात**→अन्य+अर्थ
प्रथमा सि वगेरे→अन्यार्थः।

★ આ સૂત્રમાં ષષ્ઠી અને તૃતીયા વિભક્ત્યન્ત અન્યનું વર્જન હોવાથી આ સૂત્રથી द् આગમ થયો નહીં.

વિશેષતા :

(૧) સૂત્રગત द् આગમમાં અકાર ઉચ્ચારણ માટે છે.

(૨) અહીં સૂત્રમાં અષષ્ઠી એ પ્રમાણે પદોનો 'ષષ્ઠી અને તૃતીયા વિભક્ત્યન્તથી અન્ય' એવો तदन्त પરક અર્થ કરવામાં આવ્યો છે. અહીં ધ્યાનમાં લેવું કે, ઉત્તરપદનાં અધિકારમાં **संज्ञोत्तरपदाधिकारे० ૨/૧૭** ન્યાયાનુસારે પ્રત્યયનાં વિષયમાં જ तदन्तविधिનો નિષેધ કરવામાં આવે છે. પણ विशेषणमन्तः ૭.૪.૧૧૩ પરિભાષાનુસારે तदन्त પ્રકૃતિ અર્થનો નહીં.

आशीराशा-ऽऽस्थिता-ऽऽस्थात्सुकोति-रागे ૩.૨.૧૨૦

અ.અ.સૂ. : आशीराशा-ऽऽस्थिता-ऽऽस्थोत्सुकोति-रागे उत्तरपदे अषष्ठी-तृतीयात् अन्यात् दः अन्तः।

અર્થ : આશિષ્, આશા, આસ્થિત, આસ્થા, ઉત્સુક, ઊતિ અને રાગ ઉત્તરપદ પર છતાં ષષ્ઠી અને તૃતીયા વિભક્ત્યન્ત સિવાયનાં વિભક્ત્યન્ત અન્ય શબ્દથી પર અન્તે द् આગમ થાય છે.

સ. **आशीराशा-ऽऽस्थिता-ऽऽस्थोत्सुकोति-रागे** = आशीश्च आशा च आस्थितश्च आस्था च उत्सुकश्च ऊतिश्च रागश्च आशीराशाऽऽस्थिताऽस्थोत्सुकोतिरागम् तस्मिन्निति।

ઉદા. (૧) **अन्यदाशी:** = અન્ય માટે આશીર્વાદ. अन्यस्मै आशीरिति।
हितादिभि: ૩.૧.૭૧થી **સમાસ** તથા,
प्रथमोक्तं०૩.૧.૧૪૮થી અન્યનો **पूर्वनिपात**→अन्य+ आशीस्
આ સૂત્રથી द् આગમ→**अन्यदा**शीस्
પ્રથમા સિ વગેરે→अन्यदाशी:।

(૨) **अन्यदाशा:** = અન્ય આશા. अन्या च आशा चेति।
विशेषणं-विशेष्ये०૩.૧.૯૬થી સમાસ.

(૩) **अन्यदास्थित:** = બીજા ઉપર વિશ્વાસ. अन्यमास्थित इति।
श्रितादिभि: ૩.૧.૬૨થી સમાસ.

(૪) **अन्यदास्था** = બીજાને વિશે વિશ્વાસ.
अन्यस्मिन् आस्था इति।
सप्तमी शौण्डा०૩.૧.૮૮થી સમાસ.

(૫) **अन्यदुत्सुक:** = અન્ય વિશે ઉત્સુક. अन्यस्मिन् उत्सुक इति।
सप्तमी शौण्डा०૩.૧.૮૮થી સમાસ.

(૬) **अन्यदूति:** = બીજું વીણવું. अन्या ऊतिरिति।
विशेषणं-विशेष्ये०૩.૧.૯૬થી સમાસ.

(૭) **अन्यद्राग:** = બીજામાં રાગ. अन्यत्र राग इति।
सप्तमी०૩.૧.૮૮થી સમાસ.
આ ઉદા.ની સાધનિકા પૂર્વનિપાત વગેરે કાર્યો પૂર્વ-પ્રમાણે જાણવા.

પ્ર.ઉદા. **अषष्ठी-तृतीयादित्येव→अन्याशीः** = બીજાનો/બીજા દ્વારા આશીર્વાદ. अन्यस्य/अन्येन आशीरिति।
षष्ठ्यर्थात्ना०૩.૧.૭૬ तथा, ऊनार्थ०૩.૧.૬૭થી **समास**.
प्रथमोक्तं०૩.૧.૧૪૮થી **पूर्वनिपात→अन्य**+अर्थ
प्रथमा सि वगेरे→अन्यार्थः।

★ આ સૂત્રમાં ષષ્ઠી અને તૃતીયા વિભક્ત્યન્ત અન્યનું વર્જન ન હોવાથી અહીં આ સૂત્રથી द् આગમ થયો નહીં.

વિશેષતા :

(૧) પૂર્વસૂત્રથી આ સૂત્રનો પૃથક્ નિર્દેશ કર્યો તેથી નવાનો અધિકાર અટકી ગયો.

ईय-कारके ૩.૨.૧૨૧

અ.અ.સૂ. : अन्यात् ईय-कारके उत्तरपदे दः अन्तः।

અર્થ : અન્ય નામથી પર ईय પ્રત્યય અને कारक ઉત્તરપદ પર છતાં અન્તે द् આગમ થાય છે.

સ. **ईय-कारके** = ईयश्च कारकश्चेति ईय-कारकम्, तस्मिन्निति।

ઉદા. (૧) **अन्यदीयः** = બીજાનું આ. अन्यस्येयम् इति।
गहादिभ्यः ૫.૩.૫૩થી ईय→अन्य+**ईय**
આ સૂત્રથી द् आगम→अन्य**दीय**
प्रथमा सि वगेरे→अन्यदीयः।

(૨) **अन्यत्कारकः** = અન્યનાં કારક. अन्यस्य कारक इति।
षष्ठ्यर्थात्ना०૩.૧.૭૬થી **समास** तथा,
प्रथमोक्तं०૩.૧.૧૪૮થી અન્યનો **पूर्वनिपात**→अन्य+कारक

આ સૂત્રથી द् આગમ→अन्यद्+कारक
પ્રથમા સિ વગેરે→अन्यत्कारकः।

વિશેષતા :

(૧) પૂર્વસૂત્રથી આ સૂત્રનો પૃથક્ નિર્દેશ કરવાથી અષષ્ઠી-તૃતીયાત્નાં અધિકારની નિવૃત્તિ થઈ છે.

(૨) સૂત્રમાં કારક શબ્દનું ગ્રહણ કરવામાં આવ્યું છે. તેથી **नामग्रहणे लिङ्गविशिष्टस्याऽपि ग्रहणम् १/१६** ન્યાયાનુસારે કારિકા શબ્દનું પણ ગ્રહણ થાય છે. તેથી અન્યસ્ય કારિકા इति અન્યત્કારિકા આવો પણ પ્રયોગ સિદ્ધ થાય છે.

सर्वादि-विष्वग्-देवाड्डद्रि क्व्यञ्चौ ३.२.१२२

અ.અ.સૂ. : सर्वादि-विश्वग्-देवात् क्व्यञ्चौ उत्तरपदे डद्रिः अन्तः।

અર્થ : સર્વ વગેરે વિશ્વગ્ અને દેવ નામથી પર ક્વિબન્ત અઞ્ચ્ રૂપ ઉત્તરપદ પર છતાં અન્તે डद्रि આગમ થાય છે.

સ. **सर्वादि-विश्वग्-देवात्** = सर्व आदिर्यस्य स इति सर्वादिः, सर्वादिश्च विश्वग् च देवश्चेति सर्वादि-विश्वग्-देवम्, तस्मादिति।

ઉદા. (૧) **सर्वद्रीचः** = બધે જનારાઓને. सर्वं अञ्चतीति क्विप् तानिति।
क्विप् ५.१.१४८થી क्विप्→अञ्च्+०
अञ्चोऽनर्चा०४.२.४६થી न्નો લોપ→अच्

ङस्युक्तं०૩.૧.૪૯થી **સમાસ** તથા,
પ્રથમોક્તં०૩.૧.૧૪૮થી **પૂર્વનિપાત**→સર્વ+અચ્
આ સૂત્રથી ડદ્રિ આગમ→સર્વ+**અદ્રિ**+અચ્
ડિત્યન્ત્ય०૨.૧.૧૧૪થી અનો લોપ→સર્વદ્રિ+અચ્
અચ્ચ પ્રાગ્०૨.૧.૧૦૪થી ચ્→સર્વ**દ્રીચ્**
દ્વિતીયા શસ્ વગેરે→સર્વદ્રીચઃ।

(૨) **દ્વદ્ર્યઙ્** = બે સ્થાને જનાર. દ્વૌ અઞ્ચતીતિ ક્વિપ્।
સમાસ વગેરે પૂર્વપ્રમાણે થતાં→દ્વદ્રિ+અચ્
પ્રથમા સિ વગેરે→દ્વદ્ર્યઙ્।

(૩) **વિષ્વદ્ર્યઙ્** = સર્વત્ર જનાર. વિષ્વગ્ અઞ્ચતીતિ ક્વિપ્।

(૪) **દેવદ્ર્યઙ્** = દેવને પૂજનાર. દેવમઞ્ચતીતિ ક્વિપ્।
આ ઉદા.ની સાધનિકા પૂર્વપ્રમાણે જાણવી. પરંતુ દેવદ્ર્યઙ્માં અઞ્ચ્ પૂજાર્થક હોવાથી અઞ્ચોઽ०૪.૨.૪૬થી ન્નો લોપ કરવો નહીં.

પ્ર.ઉદા. **ક્વીતિ કિમ્ ? વિષ્વગઞ્ચનમ્** = ચારે બાજુથી જવું.
વિશ્વગ્ અઞ્ચનમિતિ।

★ આ સૂત્રથી પ્રવૃત્તિ ક્વિપ્ પ્રત્યયાન્ત અઞ્ચ્ હોય તો થાય છે. જ્યારે અહીં ક્વિપ્ પ્રત્યયાન્ત અઞ્ચ્ નથી. માટે આ સૂત્રથી ડદ્રિ આગમ થયો નથી.

પૂર્વપદનાં અન્તે આગમ વિધિનું કોષ્ટક

सूत्र	પૂર્વપદ	ઉત્તરપદ	અન્ય નિમિત્ત	આગમ	વિકલ્પે/ નિત્ય	ઉદા.
खित्यनव्ययया०१११	स्वरान्त अनव्यय, अरुष्	खित् प्रत्ययान्त	-	म्	नित्य	ज्ञंमन्यः।
सत्या-ऽगदा०११२	सत्य, अगद, अस्तु	कार	-	म्	नित्य	सत्यङ्कारः।
लोकम्पृण०११३	लोक वगेरे	-	निपातन	म्	नित्य	लोकम्पृणः।
भ्राष्ट्राऽग्ने०११४	भ्राष्ट्र, अग्नि	इन्ध	-	म्	नित्य	भ्राष्ट्रमिन्धः।
अगिलाद्०११५	गिल अन्त सिवायनां	गिल, गिलगिल	-	म्	नित्य	तिमिङ्गिलः।
भद्रोष्णात्०११६	भद्र, उष्ण	करण	-	म्	नित्य	भद्रंकरणम्।
नवाऽखित्०११७	रात्रि	खित् वर्जित कृदन्त	-	म्	विकल्पे	रात्रिञ्चरः/रात्रिचरः।
धेनोर्भव्या०११८	धेनु	भव्या	-	म्	विकल्पे	धेनुंभव्या, धेनुभव्याः।
अषष्ठीतृ०११९	षष्ठ्यन्त, तृतीयान्त सिवाय अन्य	अर्थ	-	द्	नित्य	अन्यदार्थः।
आशीराशा०१२०	षष्ठ्यन्त, तृतीयान्त सिवाय अन्य	आशीः, आशा, आस्थित, आस्था, उत्सुक, ऊति, राग	-	द्	नित्य	अन्यदाशीः।
ईय-कारके०१२१	अन्य	ईय प्रत्यय, कारक	-	द्	नित्य	अन्यदीयः।
सर्वादि०१२२	सर्वादि, विश्वक्, देव	क्विबन्त अञ्च्	-	डद्रि	नित्य	सर्वद्रीचः।

सह-समः सध्रि-समि ३.२.१२३

અ.અ.સૂ. : सह-समः क्व्यञ्चौ उत्तरपदे सध्रि-समि।

અર્થ : सह અને सम् નામનો क्विबन्त अञ्च् उत्तरપદ પર છતાં અનુક્રમે सध्रि અને समि આદેશ થાય છે.

સ. (૧) **सह-समः** = सहश्च सम् चेति सहसम्, तस्येति।

(૨) **सध्रि-समि** = सध्रिश्च समिश्चेति (प्रथमा औ, सूत्रत्वात् लोपः।)

ઉદા. (૧) **सध्यङ्** = સાથે જનાર. सह अञ्चतीति क्विप्।
क्विप् ५.१.१४८थी क्विप्→अञ्च्+०
अञ्चोऽनर्चा०४.२.४६थी न्नो लोप→अच्
ङस्युक्तं०३.१.४९थी **સમાસ** તથા,
प्रथमोक्तं०३.१.१४८थी **पूर्वनिपात**→सह+अच्
આ સૂત્રથી સધ્રિ આદેશ→**सध्रच्**
પ્રથમા સિ વગેરે→सध्र्यङ्।

(૨) **सम्यङ्** = સારી રીતે જનાર. सममञ्चतीति क्विप्।
આ ઉદા.ની સાધનિકા પૂર્વપ્રમાણે જાણવી.

પ્ર.ઉદા.(૧) क्व्यञ्चावित्येव→सहाञ्चनम् = સાથે જવું તે.
सह अञ्चनमिति।

★ આ સૂત્રની પ્રવૃત્તિ क्विप् પ્રત્યયાન્ત अञ्च् હોય તો થાય છે. જ્યારે અહીં क्विप् પ્રત્યયાન્ત अञ्च् નથી. માટે આ સૂત્રથી સધ્રિ આદેશ થયો નહીં.

વિશેષતા :

આ સૂત્રથી 'सह-समः' સ્થાની અને 'सध्रि-समि' આદેશ બંનેનાં વચન અને સંખ્યા સમાન હોવાથી **यथासङ्ख्यमनुदेशः समानाम् १/१०** ન્યાયાનુસારે તે બંને વચ્ચે અનુક્રમની પ્રાપ્તિ થાય છે.

तिरसस्तिर्यति ३.२.१२४

અ.અ.સૂ. : **अति क्वव्यञ्चौ उत्तरपदे तिरसः तिरि।**

અર્થ : ક્વિપ્ પ્રત્યયાન્ત અકારાદિ અञ્ચ્ ઉત્તરપદ પર છતાં तिरस्નો तिरि આદેશ થાય છે.

ઉદા. **तिर्यङ्** = તિર્છું ચાલનાર. तिरः अञ्चतीति क्विप्।
આ ઉદા.ની સાધનિકા પૂર્વસૂત્ર નિર્દિષ્ટ सध्र्यङ् પ્રમાણે જાણવી. પરંતુ આ સૂત્રથી तिरि આદેશ થાય છે.

પ્ર.ઉદા. **अतीति किम्? तिरश्चः** = તિર્છું ચાલનારાઓને.
तिरः अञ्चतीति क्विप् तानिति।
પૂર્વપ્રમાણે ક્વિપ્ વગેરે→तिरस्+अच्
अच्च् प्राग्०२.१.१०४થી च्→तिरस्+**च्**
चटते०१.३.६થી र्નો **श्**→तिर**श्च्**
દ્વિતીયા शस् વગેરે→तिरश्चः।

★ આ સૂત્રની પ્રવૃત્તિ અકારાદિ અञ્ચ્ પર છતાં થાય છે. જ્યારે અહીં અકારાદિ અञ્ચ્ નથી. માટે આ સૂત્રથી तिरि આદેશ થયો નહીં.

नञत् ३.२.१२५

अ.अ.सू. : उत्तरपदे नञ् अत्।

अर्थ : ઉત્તરપદ પર છતાં નञ્નો अ આદેશ થાય છે.

ઉદા. **अचौरः पन्थाः** = નથી ચોરો જેમાં તે માર્ગ.
न विद्यन्ते चौरा यस्मिन् स इति।
एकार्थं०૩.૧.૨૨થી **समास** તથા,
विशेषण-सर्वादि०૩.૧.૧૫૦થી **पूर्वनिपात**→न+चौर
આ સૂત્રથી નञ્નો अत्→**अ**चौर
પ્રથમા सि વગેરે→अचौरः।

પ્ર.ઉદા. **उत्तरपद इत्येव→न भुङ्क्ते** = તે ભોગવતો નથી.

★ આ સૂત્રની પ્રવૃત્તિ ઉત્તરપદ પર છતાં થાય છે. જ્યારે અહીં ક્રિયાપદ હોવાથી પરમાં ઉત્તરપદ નથી. માટે આ સૂત્રથી નञ્નો अ થયો નહીં.

વિશેષતા :

અહીં ધ્યાનમાં લેવું કે, न चौरः વગેરે પ્રયોગોમાં अव्ययस्य ૭.૩.૩૧ સૂત્રથી જ્યારે अक् પ્રત્યય થાય છે. ત્યારે પણ नकः चौर इति ઇત્યાદિ પ્રયોગમાં **तन्मध्ये पतितस्तद्ग्रणेन गृह्यते ૨/૧** ન્યાયાનુસારે अक् સહિતનાં નञ્નો આ સૂત્રથી अ આદેશ થતાં ત્યાં પણ अचौरः એ પ્રમાણે પ્રયોગ પ્રાપ્ત થાય. પરંતુ તે ઇષ્ટ નથી. તેથી અહીં જે નञ્નો નિર્દેશ કર્યો છે તે લાક્ષણિક હોવાથી नकः चौरः વગેરે સ્થાને પણ નञ્ સંબંધી માત્ર ન્ અને અનાં સ્થાને જ अ આદેશ થયો. અને તે

ઉત્તરપદની અનંતર પૂર્વે મૂકાતાં अकचौरः એવો જ પ્રયોગ પ્રાપ્ત થશે.

त्यादौ क्षेपे ३.२.१२६

અ.અ.સૂ. : त्यादौ उत्तरपदे क्षेपे नञ् अत्।

અર્થ : ત્યાદ્યન્ત ઉત્તરપદ પર છતાં નિંદા અર્થ જણાતે છતે નञ્નો अ આદેશ થાય છે.

ઉદા. **अपचसि त्वं जाल्मः** = હે લુચ્ચા ! તું રાંધતો નથી.

★ અહીં નિંદા અર્થ હોવાથી पचसि ની પૂર્વે રહેલાં નञ્નો अ આદેશ થયો.

પ્ર.ઉદા. **क्षेप इति किम् ? न पचति चैत्रः** = ચૈત્ર રાંધતો નથી. આ સૂત્રની પ્રવૃત્તિ નિંદા અર્થની ગમ્યમાનતામાં થાય છે. જ્યારે અહીં નિંદા અર્થ જણાતો નથી. માટે આ સૂત્રથી નञ્નો अत् થયો નહીં.

વિશેષતા :

જિ. : **अ-मा-नो नाः प्रतिषेधः** એ પ્રમાણે પ્રતિષેધનાં અર્થમાં જેમ નञ् અવ્યય છે તેમ अ અવ્યય પણ છે. તો તેનાંથી જ अपचति વગેરે પ્રયોગ સિદ્ધ થઈ શકે છે. તો આ સૂત્રનો નિર્દેશ શા માટે કર્યો ?

સમા. : વસ્તુતઃ આ સૂત્રનાં નિર્દેશ દ્વારા ગ્રંથકાર શ્રી નિષેધ-મુખી પ્રક્રિયા જણાવી રહ્યા છે. તેથી જ્યારે ક્ષેપ અર્થ જણાતો હોય ત્યારે નञ્નો નિષેધ કરવા માટે આ સૂત્રનો નિર્દેશ છે. તેમજ, કેટલાંક સ્થાને ઉત્તરપદ

વિના માત્ર સામાન્ય પદ પર છતાં પણ નञ્નો અ આદેશ ઈષ્ટ છે. તેથી તેનું નિપાતન કરવા માટે પણ આ સૂત્રનો નિર્દેશ છે.

नगोऽप्राणिनि वा ३.२.१२७

અ.અ.સૂ. : **अप्राणिनि नगः वा।**

અર્થ : પ્રાણી સિવાયનાં અર્થમાં નગ વિકલ્પે નિપાતન કરાય છે.

સ. **अप्राणिनि** = न प्राणी इति अप्राणी, तस्मिन्निति।

ઉદા. **नगः/अगो गिरिः** = પર્વત. न गच्छतीति।
नञ् ૩.૧.૫૧થી **સમાસ** તથા,
प्रथमोक्तं०૩.૧.૧૪૮થી **पूर्वनिपात**→न+ग
આ સૂત્રથી નગનો વિકલ્પે નિપાતન→નગ
વિકલ્પે : જ્યારે નગ ન થાય ત્યારે, **अग**
પ્રથમા સિ વગેરે→नगः/अगः।

પ્ર.ઉદા. **अप्राणिनीति किम्? अगोऽयं शीतेन** = ઠંડીનાં કારણે નહીં ચાલનારો જીવ.

★ આ સૂત્રમાં પ્રાણી અર્થનું વર્જન હોવાથી અહીં આ સૂત્રથી નગ નિપાતન થયું નહીં.

नखादयः ३.२.१२८

અ.અ.સૂ. : **नखादयः निपात्यन्ते।**

અર્થ : નહીં કરાયેલ અ આદેશવાળાં નખ વગેરે નામો નિપાતન કરાય છે.

સ. **नखादयः** = नख आदिर्येषां ते इति।

ઉદા. (૧) **नखः** = નખ. नास्ति खं यस्य स इति।
उष्ट्रमुखा०૩.૧.૨૩થી **સમાસ** તથા,
प्रथमोक्तं०૩.૧.૧૪૮થી **पूर्वनिपात**→न+ख
प्रथमा सि વગેરે→नखः।

(૨) **नासत्यः** = અસત્ય નહીં. न असत्य इति।
नञ् ૩.૧.૫૧થી સમાસ→न+असत्य
अन् स्वरे ૩.૨.૧૨૯થી अन्નો **निषेध.** અને આ સૂત્રથી **નિપાતન.**

વિશેષતા :

(૧) **नखादि ગણ :** नख, नभ्राट्, नपात्, नवेदा, असत्य, नासत्य, नमुचि, नकुल, नपुंसक, नक्षत्र, नक्र, नाक, नग्न, नाग, नभाग, नाराच, नापित, नमेरु, ननान्दा, नान्तरीयकम्, नाचिकेत વગેરે.
સૂત્રમાં બ.વ. આકૃતિગણ માટે છે. તેથી नास्तिक, नभ, नारङ्ग એ પ્રમાણે પ્રયોગો સિદ્ધ થાય છે.

(૨) અહીં ધ્યાનમાં લેવું કે, न न भ्राजते इति नभ्राट्, न न पाति इति नपात्, न न वेत्ति इति नवेदाः, न न मुञ्चति इति नमुचिः, न न कुलमस्त्यस्य इति नकुलः, न न खमस्त्यस्य इति नखः, પ્રયોગોમાં પૃષાદિતયા માત્ર એક નનો જ લોપ થાય છે. તથા એ જ પ્રમાણે न पुमान् न स्त्रीति नपुंसकम् પ્રયોગમાં સ્ત્રી અને પુમ્સ્ શબ્દનો નિપાતનબલાત્ પુંસક આદેશ જ થાય છે.

(૩) न न चिकेति इति नाचिकेतः એ પ્રમાણે નિપાતનનાં બળથી જ્ઞાનાર્થક कित् ધાતુ પણ જુહોત્યાદિ ગણમાં સમાવેશ પામે છે. અને બે નञ્નાં ઉપાદાનથી સંજ્ઞામાં शव् પ્રત્યય થાય છે.

अन् स्वरे ३.२.१२९

અ.અ.સૂ. : स्वरादौ उत्तरपदे नञः अन्।

અર્થ : સ્વરાદિ ઉત્તરપદ પર છતાં નञ્નો अन् આદેશ થાય છે.

ઉદા. **अनन्तः** = નથી અંત જેનો તે.
न विद्यते अन्तो यस्य स इति।
उष्ट्रमुखा०૩.૧.૨૩થી **समास** તથા,
નિપાતન સામર્થ્યથી **पूर्वनिपात**→न+अन्त
આ સૂત્રથી નञ્નો अन्→**अन्**+अन्त
પ્રથમા सि વગેરે→अनन्तः।

વિશેષતા :

(૧) અહીં સૂત્રમાં अन् એ પ્રમાણે સ્વરૂપનો નિર્દેશ હોવાથી ઉદા.ગત न अश्व इति अनश्वः પ્રયોગમાં नाम्नो नो० ૨.૧.૯૧થી न्નો લોપ અને ह्रस्वान्ङ० ૧.૩.૨૭થી न्નું દ્વિત્વ થતું નથી. જો તેવું કરવામાં આવે તો न्નો લોપ થતાં માત્ર અ જ આદેશ રહેતાં સૂત્ર વ્યર્થ જવાની આપત્તિ આવે. અને દ્વિત્વ થતાં અનિષ્ટ પ્રયોગની આપત્તિ આવે.

कोः कद् तत्पुरुषे ३.२.१३०

અ.અ.સૂ. : स्वरादौ उत्तरपदे तत्पुरुषे कोः कद्।

અર્થ : સ્વરાદિ ઉત્તરપદ પર છતાં તત્પુરુષ સમાસમાં કુનો કદ્ આદેશ થાય છે.

ઉદા. **कदश्वः** = ખરાબ ઘોડો. कुत्सितोऽश्व इति।
गतिक्वन्य०૩.૧.૪૨થી **સમાસ** તથા,
प्रथमोक्तं०૩.૧.૧૪૮થી **पूर्वनिपात**→कु+अश्व
આ સૂત્રથી કુનો કદ્ આદેશ→**कदश्व**
પ્રથમા સિ વગેરે→कदश्वः।

પ્ર.ઉદા.(૧) **तत्पुरुष इति किम् ? कूष्ट्रो देशः** = ખરાબ ઊંટવાળો દેશ.
कुत्सिताः उष्ट्राः यस्मिन् स इति।
एकार्थं०૩.૧.૨૨થી **સમાસ** તથા,
प्रथमोक्तं०૩.૧.૧૪૮થી **पूर्वनिपात**→**कु**+उष्ट्र
પ્રથમા સિ વગેરે→कूष्ट्रः।

★ આ સૂત્રની પ્રવૃત્તિ તત્પુરુષ સમાસનાં વિષયમાં થાય છે. જ્યારે અહીં તત્પુરુષ સમાસ નથી. માટે આ સૂત્રથી કદ્ આદેશ થયો નહીં.

(૨) **स्वर इत्येव→कुब्राह्मणः** = ખરાબ બ્રાહ્મણ.
कुत्सितो ब्राह्मण इति।
આ ઉદા.ની સાધનિકા कदश्वः પ્રમાણે કરવી. પરંતુ આ સૂત્રથી કદ્ આદેશ કરવો નહીં.

★ આ સૂત્રની પ્રવૃત્તિ સ્વરાદિ ઉત્તરપદ પર છતાં થાય છે. જ્યારે અહીં સ્વરાદિ ઉત્તરપદ નથી. માટે આ સૂત્રથી કુ નો કદ્ આદેશ થયો નહીં.

रथ-वदे ३.२.१३१

अ.अ.सू. : रथ-वदे उत्तरपदे कोः कत्।

अर्थ : रथ अने वद उत्तरपद पर छतां कुनो कद् आदेश थाय छे.

स. **रथ-वदे** = रथश्च वदश्चेति रथ-वदम्, तस्मिन्निति।

उदा. (१) **कद्रथः** = खराब रथ. कुत्सिता रथ इति।
गतिक्वन्य०३.१.४२थी **समास** तथा,
प्रथमोक्तं०३.१.१४८थी **पूर्वनिपात**→कु+रथ
आ सूत्रथी कद् आदेश→**कद्**+रथ
प्रथमा सि वगेरे→कद्रथः।

(२) **कद्वदः** = खराब बोलनार. कुत्सितो वद इति।
आ उदा.नी साधनिका पूर्वप्रमाणे जाणवी.

विशेषता :

अहीं केटलांक व्याकरणकारो मात्र तत्पुरुष समासमां ज आ सूत्रनी प्रवृत्ति ईच्छे छे. तेथी तेओनां मते बहुव्रीहि समासमां कद् आदेश न थतां कुरथो राजा, कुवदो मूर्खः एवा प्रयोगो प्राप्त थाय छे.

तृणे जातौ ३.२.१३२

अ.अ.सू. : जातौ तृणे उत्तरपदे कोः कद्।

अर्थ : जाति अभिधेय होते छते तृण उत्तरपद पर छतां कु शब्दनो कद् आदेश थाय छे.

उदा. (१) **कत्तृणा (रौहिषाख्या तृणजातिः)** = खराब घास.

कुत्सितं तृणमस्या इति।
एकार्थं०३.१.२२थी **समास** तथा,
विशेषण-सर्वादि०३.१.१५०थी **पूर्वनिपात**→कु+तृण
आ सूत्रथी कुनो कद्→**कद्**+तृण
प्रथमा सि वगेरे→कत्तृणा।

विशेषता :

(१) अहीं ध्यानमां लेवुं के, समस्त पद द्वारा ज जातिनो बोध होवाथी विग्रह-वाक्यमां जातिनी प्रतीति थती नथी. तेथी कत्तृणा वगेरे प्रयोग नित्य समास तरीके जाणवा. यद्यपि जातितया रूढ होवानां कारणे समस्त पदमां रहेलां अवयवनां अर्थ जणातां नथी. तेथी तेनुं विग्रह वाक्य पण संभवतुं नथी. परंतु पूर्वपद अने उत्तरपदनां बोध माटे ज अहीं विग्रहवाक्य दर्शाववामां आव्युं छे.

कत्रिः ३.२.१३३

अ.अ.सू. : कत्रिः निपात्यते।

अर्थ : कु अने किम् पदनो त्रि उत्तरपद पर छतां निपातन कराय छे.

उदा. **कत्रिः** = खराब त्रण. कुत्सिताः त्रय इति।
गतिक्वन्य०३.१.४२थी **समास** तथा,
प्रथमोक्तं०३.१.१४८थी कुनो **पूर्वनिपात**→कु+त्रि
आ सूत्रथी कुनो कद् निपातन→**कद्**+त्रि
प्रथमा सि वगेरे→कत्रिः।

વિશેષતા :

(૧) અહીં પૂર્વસૂત્રથી કુ શબ્દનો અધિકાર આવતો હતો. તેથી માત્ર 'त्रौ च' આટલાં સૂત્ર દ્વારા જ કુનો कद् આદેશ થતાં कत्रिः પ્રયોગ સિદ્ધ હતો. પરંતુ અહીં ગ્રંથકારશ્રીને અન્ય સ્થાનીનું પણ ગ્રહણ કરવું છે. તે માટે कत्रिः એ પ્રમાણે નિપાતન દર્શાવવામાં આવ્યું છે. તથા, કુ પદ તે કુત્સિત અર્થમાં વપરાય છે. અને किं क्षेपे ૩.૧.૧૦૨ સૂત્રથી किम् સર્વનામનાં વિષયમાં क्षेप એટલે કે કુત્સિત અર્થમાં સમાસની પ્રાપ્તિ છે. માટે અન્ય સ્થાની તરીકે પણ किम् સર્વ-નામનું ગ્રહણ થશે.

(૨) અહીં કેટલાંક વ્યાકરણકારો किम् સર્વનામનાં વિષયમાં આ સૂત્રની પ્રવૃત્તિ ઈચ્છતાં નથી. તેથી તેઓનાં મતે किंत्रयः પ્રયોગ થાય છે.

काऽक्ष-पथोः ૩.૨.૧૩૪

અ.અ.સૂ. : अक्ष-पथोः उत्तरपदयोः कोः का।

અર્થ : અક્ષ અને પથિન્ ઉત્તરપદ પર છતાં કુ પદનો का આદેશ થાય છે.

સ. **अक्ष-पथोः** = अक्षश्च पन्थाश्चेति अक्ष-पथी।

ઉદા. (૧) **काऽक्षः** = ખરાબ પાસો. कुत्सितोऽक्ष इति।
गतिक्वन्य०૩.૧.૪૨થી **સમાસ** તથા,
प्रथमोक्तं०૩.૧.૧૪૮થી કુનો **પૂર્વનિપાત**→कु+अक्ष

આ સૂત્રથી કુનો કા→**કા**ऽક્ષ
પ્રથમા સિ વગેરે→કાऽક્ષઃ।

(૨) **કાપથમ્** = ખરાબ માર્ગ. કુત્સિતઃ પન્થા ઇતિ।
ગતિક્વન્ય૦૩.૧.૪૨થી **સમાસ** તથા,
પ્રથમોક્તં૦૩.૧.૧૪૮થી **પૂર્વનિપાત**→કુ+પથિન્
ઋક્-પૂ૦૭.૩.૭૬થી અત્ સમાસાન્ત→કુ+પથિન્+**અ**
નો પદ૦૭.૪.૬૧થી અન્નો લોપ→કુ+પથ
આ સૂત્રથી કુનો કા→**કા**પથ
પ્રથમા સિ વગેરે→કાપ**થમ્**।

વિશેષતા :

(૧) સૂત્રમાં પથિન્ શબ્દનો નિર્દેશ કર્યો હોવાથી તેનાં જ પર્યાયભૂત પથ શબ્દનાં વિષયમાં આ સૂત્રની પ્રવૃત્તિ કરવી નહીં. તેથી કુત્સિતઃ પથ ઇતિ કુપથઃ પ્રયોગ સિદ્ધ થાય છે.

(૨) અહીં સૂત્રમાં અક્ષ પદનું ગ્રહણ કર્યું હોવાથી અકારાન્ત એવો અક્ષ શબ્દ અને સમાસાન્તથી બનેલો અક્ષ પદ બંનેનું સામાન્યતયા ગ્રહણ થાય છે. તેથી કુત્સિતોऽક્ષ ઇતિ કાऽક્ષઃ એવું પણ વિગ્રહ વાક્ય થાય છે. અને કુત્સિતોऽક્ષિ યસ્ય સ ઇતિ એ પ્રમાણે અક્ષિન્ શબ્દ વિષયક બહુવ્રીહિ સમાસમાં સક્થ્ય૦૭.૩.૧૨૬ સૂત્રથી ટ સમાસાન્ત પ્રત્યય આદિ પ્રક્રિયા થતાં પણ કાऽક્ષઃ પ્રયોગની પ્રાપ્તિ થાય છે.

(૩) અહીં સૂત્રમાં પૂર્વસૂત્રથી અનુવૃત્તતયા માત્ર કુ પદનું ગ્રહણ છે. પરંતુ **तन्मध्यपतितस्तद्ग्रहणेन गृह्यते ૨/૯** ન્યાયાનુસારે અક્ પ્રત્યય સહિત કુ પદનું ગ્રહણ થાય છે. અને તેથી ककु=कुत्सितः अक्ष इति काऽक्षः એ પ્રમાણે જ પ્રયોગ સિદ્ધ થાય છે.

(૪) અહીં ધ્યાનમાં લેવું કે, આગામી અલ્પે ૩.૨.૧૩૬ સૂત્ર દ્વારા ઈષત્ અર્થમાં રહેલ કુ શબ્દનો का આદેશ થાય છે. તેથી આ સૂત્રની અને ઉત્તરસૂત્રની પ્રવૃત્તિ માત્ર અનીષદર્થ એટલે કે અલ્પ સિવાયનાં અર્થમાં થાય છે.

(૫) અહીં પૂર્વસૂત્રમાં સ્થાનીતયા કુ અને किम् એમ બે પદનું ગ્રહણ કર્યું છે. પરંતુ कोः कत् तत्पुरुषे ૩.૨.૧૩૦ એ પ્રમાણે નિર્દેશ કર્યો હોવાથી આ સૂત્રમાં અક્ષરાનુગુણ્ય દ્વારા માત્ર કુ પદનું જ ગ્રહણ થાય છે. પણ किम्નું નહીં. જો કે પૂર્વસૂત્રમાં તો નિપાતન સામર્થ્યનો આશ્રય કરવા દ્વારા જ किम् પદનું ગ્રહણ કર્યું છે.

पुरुषे वा ૩.૨.૧૩૫

અ.અ.સૂ. : पुरुषे उत्तरपदे कोः का वा।

અર્થ : પુરુષ ઉત્તરપદ પર છતાં કુનો का આદેશ વિકલ્પે થાય છે.

ઉદા. (૧) **कापुरुषः/कुपुरुषः** = ખરાબ પુરુષ. कुत्सितः पुरुष इति। गतिक्वन्य०૩.૧.૪૨થી **સમાસ** તથા,

प्रथमोक्तं०३.१.१४८थी **पूर्वनिपात**→कु+पुरुष
आ सूत्रथी कुनो का आदेश→**का**पुरुष
प्रथमा सि वगेरे→कापुरुषः।
विकल्पे : का आदेश न थाय त्यारे, **कु**पुरुषः।

विशेषता :

(१) अहीं पण पूर्वसूत्रनी जेम ज अल्प अर्थमां आगामी सूत्रथी नित्य प्रवृत्ति थाय छे. जो के केटलांक व्याकरणकारो पुरुष उत्तरपद पर छतां अल्प अर्थमां पण आ सूत्र द्वारा ज विकल्पे प्रवृत्ति करे छे. तेथी तेओनां मते कापुरुषः, कुपुरुषः प्रयोग सिद्ध थाय छे.

अल्पे ३.२.१३६

अ.अ.सू. : अल्पे कोः उत्तरपदे का।

